કૂબીઓલા

IBGF2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2102

ફબીઓલા

(હૈયાંને હચમચાવી નાખતી રોમન તરૂણીની અદભુત
જીવન–કથા)

કાર્ડિનોનલ વાઈજમૈનના જગવિખ્યાત પુસ્તકના આધારે
હિન્દીમાં રૂપાન્તરકાર
કુમાર સોહન
અને
હિન્દીમાંથી ગુજરાતીમાં રૂપાન્તરકાર
રામજીભાઈ ખીમજીભાઈ પાન્થ

બલિદાનની વેદી પર
સર્વસ્વ સમર્પણ કરનારાં
પ્રભુ – ભકતોની
માર્મિક જીવન–કથા

પ્રકાશક :

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
ટેલિફોન નં. ૪૪ ૫૨ ૮૧

પહેલી આવૃત્તિ : ઈ.સ. ૧૯૬૨ પ્રત : ૫૦૦૦
પુનઃમુદ્રણ : ઈ.સ. ૧૯૯૬ પ્રત : ૧૧૦૦

મુદ્રક :

સુર–ડેન કોમ્પ્યુટર્સ,
૨૫, સોનલકુંજ સોસાયટી,
ન્યુ મ્યુનિસીપલ માર્કેટ પાસે, મણિનગર પૂર્વ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૮.

☎ ૩૬ ૮૫ ૨૫

અર્પણ

જીવન–પથની કૂચ કરતાં
કોટિ–કોટિ માનવોની જીવન–કેડીએ–કેડીએ
આ અમૂલ્ય ગ્રંથ–પુષ્પ સુવાસ ફેલાવે
અને
જીવન–પથનો થાક ભુલાવે;
વળી
જીવન–માર્ગ ચીંધવા
આ પુસ્તકનાં તેજ–કિરણો દીવાદાંડીરૂપ બની રહે
એવી અંતરની ભાવના સાથે
જીવન–પંથના યાત્રીઓને જ
સપ્રેમ અર્પણ.

પરિચય

આ પુસ્તકના હિન્દી અનુવાદક મહાશય શ્રી કુમાર સોહનનું લખેલું નીચેનું કથન સત્ય હકીકત પર પ્રકાશ પાડનારું છે.

''અત્યારે એક એવા સમયમાંથી સંસાર પસાર થઈ રહ્યો છે, કે જે આત્મા અને પરમાત્મા બંનેને ભૂલીને જગતના મોહક વિષયોનાં ભ્રામક આકર્ષણોમાં અટવાઈ પડયો છે. તેમની સામે હું કેટલાંક એવાં માનવોનાં જીવન–ચરિત્રોને મૂકું છું કે જેઓએ ભર્યા–ભર્યા યૌવનમાં પણ સુખ–ઐશ્વર્યનો મોહ તજીને કાંટાળો માર્ગ સ્વીકારી લીધો હતો, પોતાના પ્યારા પ્રભુને માટે મોટી–મોટી મુસીબતો ઉઠાવી હતી, અને ભૂખ્યા–તરસ્યા રહીને પણ પ્રેમનો દીપક જલતો રાખ્યો હતો. છેવટે તેઓએ પ્રભુ–પ્રેમની પવિત્ર વેદી પર પોતાના સર્વસ્વની કુરબાની કરી જીવનની આહુતિ પણ દઈ દીધી હતી.

જીવનના ડગમગતા દિવસોમાં, ભાંગી ગયેલા દેહના તૂટતા જતા તારોની વચ્ચે, અવિશ્રાંત પરિશ્રમે આ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ થવા પામ્યો છે.

હું આશા રાખું છું કે જગતની જૂઠી કીર્તિ, જીવનને ભુલાવામાં નાખનાર ચલિત સૌન્દર્યને અને સુખના આભાસી ઓળાની પાછળ ભટકનારા અસંખ્ય માનવ–આત્માઓને આ રોમાંચક કથામાંથી દિવ્ય આદર્શ, ધૈર્ય, ત્યાગ અને ન ચીમળાનાર પ્રેમનું દર્શન થશે.

ગુણગ્રાહક ધર્મપિતા ડૉ. જે. એચ. ડેવી સાહેબની આંતરિક સહાનુભૂતિ અને અફર નિશ્ચયના પ્રભાવે જીવનનો મર્મ સમજાવનારી આ અમૂલ્ય વાર્તા ઝડપથી લખાઈ ગઈ છે. તેમની નિખાલસ પ્રેમ–ભક્તિ પ્રત્યે મને અપાર મમતા છે. આમાંથી જો કાંઈ અલ્પ પણ પ્રેમ–દર્શન વાચકોને થાય, તો તે એમની ઉજળી પ્રેમ–ભક્તિનું જ પરિણામ છે.

વળી જેમણે મને આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરવા પ્રેર્યો એવા મારા પરમ સ્નેહી પ્રોફેસર ધનજીભાઈ ફકીરભાઈનો પણ હું પૂરેપૂરો ઋણી છું. તેમની જ ઉત્તેજનાથી આ શ્રેષ્ઠ સત્ય કથા ગુજરાતી ભાષામાં જન્મવા પામી છે.

આ અગાધ પ્રેમના ગ્રંથ–પુષ્પને ગુજરાતીમાં ઉઘાડવામાં મારાં ધર્મપત્ની શ્રીમતી હીરાબાઈની સેવાનો
ફાળો પણ ભુલાય એમ નથી. જો તેમનાં અંતરની પ્રાર્થના, સેવા અને પ્રોત્સાહન મને ન મળ્યાં હોત, તો આ પુસ્તકને હું ટૂંક સમયમાં ગૂંથી શકયો ન હોત.

તા. ૨૯–૩–૧૯૫૭ રૂપાન્તરકાર
અમદાવાદ–૯ –પાન્થ

પ્રસ્તાવના

ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીની શરૂઆત આજથી લગભગ બે સદીથી થઈ છે. અને આ ૨૦મી સદીના અંતમાં પણ પ્રભુના લોકો તરીકે આપણા રાજયમાં તથા આપણા દેશમાં સલામતીનો અને શાંતિનો જે અનુભવ કરી રહ્યાં છીએ આથી પ્રભુનું નામ મોટું મનાઓ.

" ફબીઓલા પુસ્તકમાં લગભગ ૩જી ૪થી સદીની વાત આવે છે કે જેમાં સમ્રાટ કોન્સટનટાઈન (ઈ.સ. ૩૧૧) વધસ્તંભના ચિહ્નને જોઈને તેના પર વિશ્વાસ મૂકીને યુદ્ધમાં વિજય પામે છે. પરિણામે રાજા ખ્રિસ્તી થવાથી તે સદીના ખ્રિસ્તીઓની સતાવણી બંધ થાય છે. અને ત્યાર પછીથી રોમન સામ્રાજયમાં પ્રભુના લોકો સતાવણીમાંથી રાહત મેળવે છે.

સતાવણીના સમયમાં પ્રભુ પરના વિશ્વાસમાં ખ્રિસ્તને ખાતર સહન કરવાની જે કૃપા તથા શકિત મળે છે તે આ પુસ્તક વાંચવાથી જાણી શકાય છે.

બરાબર ૩૪ વર્ષ પછીથી ફરીથી આ પુસ્તકને ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી છપાવે છે ત્યારે ખરેખર આ પુસ્તક છપાવવા માટે દાન આપનાર ડૉ.રવિકાન્ત જે. પરમાર (યુ.એસ.એ.)નો હૃદયના ઊંડાણથી આભાર માનું છું.

આ પુસ્તકના વાંચનથી આ સમયે હજુ પણ પ્રભુના લોકો જેઓ હમણાં જ પ્રભુમાં મેળવાયાં છે તેમને વધારે દિલાસો મળશે અને પ્રભુ પરના વિશ્વાસમાં તેઓનાં મૂળ ઊંડા ઊતરશે એ જ પ્રાર્થના સાથે.

તા. ૨૮–૮–૧૯૯૬ ઈમાનુએલ સી. ક્રિસ્ટી
અમદાવાદ સેક્રેટરી
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી



શિક્ષક દંપતી જેમણે જીવનભર સ્નેહ,
સંસ્કાર અને શિક્ષણનું સિંચન કર્યું,
એવા બાપૂજી, જેકબભાઈ એસ. પરમાર
(જન્મ : ૧–૭–૧૯૧૧ અને સ્વર્ગવાસ
૨૬–૧૨–૧૯૯૪) તથા માતુશ્રી રાહેલબહેન
(જન્મ : ૭–૧–૧૯૨૨ અને સ્વર્ગવાસ ૩–૧૨–૧૯૮૬)
ની સ્નેહભરી યાદમાં, આ છે એક સંભારણું.

આ પુસ્તકના પ્રકાશન માટે સ્વ. જેકબભાઇ એસ. પરમાર તથા સ્વ. રાહેલબહેનની સ્નેહસ્મૃતિમાં રૂ.૧૦,૦૦૦/– નું ઉમદા દાન તેમના પુત્ર ડૉ. રવિકાન્ત જે. પરમાર તરફથી આપવામાં આવ્યું છે. આ દાન માટે ડૉ. રવિકાન્ત જે. પરમારનો આભાર માનવામાં આવે છે.

વિષયાનુક્રમ

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧	શહીદ પિતાની પુનિત યાદગીરીમાં	૧
૨	સેવા અને સરળતાના બદલામાં	૧૧
૩	દયામય આગ્નેસના સમજાવ્યા પછી	૨૦
૪	પ્રાણધન સેબસ્તિયનના પક્ષમાં	૨૮
૫	વિજય–સ્તંભની મધુર કલ્પનામાં	૩૯
૬	પ્રેમના મહાન વિજય પર	૫૩
૭	સુવર્ણ–મુદ્રાઓના લોભમાં	૭૦
૮	ગેટા તળાવના હરિયાળા કિનારા પર	૮૨
૯	'વિજય–નિકેતન ની બદલાઈ ગયેલી દુનિયામાં	૯૧
૧૦	મૃત્યુ ! ... મૃત્યુ ! ... કે ... વિશ્વાસઘાત ?	૧૦૩
૧૧	સાધનાના કઠિન માર્ગ પર	૧૧૨
૧૨	ગુફાઓની અંધારી દુનિયામાં	૧૧૯
૧૩	પ્રભુના ચરણ–કમળોમાં	૧૨૮
૧૪	પ્રેમ–પરીક્ષાના આગમન પહેલાં	૧૩૨
૧૫	બયેનો દુઃખદાયક સંદેશો મળ્યા પછી	૧૩૮
૧૬	મહાન ધર્માધ્યાક્ષ અને ભકતોને ઓળખીને	૧૪૫
૧૭	સમ્રાટનો વટ–હુકમ બહાર પડયો	૧૪૮
૧૮	ઘોષણા–પત્ર મેળવ્યો	૧૪૯
૧૯	નોટિસ–બોર્ડ ખાલી જોઈને	૧૫૨
૨૦	આક્રમણની વાતો સાંભળીને	૧૫૬

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૨૧	બલિદાનની વેદી પર પહેલું ફૂલ	૧૬૨
૨૨	ધર્મ–સંકટના ઊંડા વમળમાં	૧૮૦
૨૩	પાપોનો પશ્ચાત્તાપ કર્યા પછી	૧૮૯
૨૪	સેબસ્તિયનનો આદેશ મેળવીને	૧૯૪
૨૫	પોતાની નિષ્ફળતા પર આંસુ સારીને	૧૯૯
૨૬	હાથોમાં ગૌરવી બેડીઓ પહેરીને	૨૦૬
૨૭	બલિદાનની વેદી પર બીજું ફૂલ	૨૧૨
૨૮	પોતાના પરમ સૌભાગ્ય પર	૨૩૩
૨૯	પોતાના અંતર–પ્રેમીના દુઃખભર્યા વિયોગમાં	૨૪૨
૩૦	સ્વપ્નોની ઉજડેલી દુનિયામાં	૨૫૨
૩૧	બલિદાનની વેદી પર ત્રીજું ફૂલ	૨૫૯
૩૨	તેરતુલિયન જેલની અંધારી કોટડીમાં	૨૬૧
૩૩	પિતાની ખલ–નીતિમાં વિશ્વાસ મૂકીને	૨૭૦
૩૪	ભક્ત–તરુણીનો સૂકો જવાબ સાંભળીને	૨૭૬
૩૫	બલિદાનની વેદી પર ચોથું ફૂલ	૨૮૩
૩૬	ફુલભીઉસથી નિર્દય આઘાત પામીને	૨૯૬
૩૭	આશાનાં સોનેરી કિરણો મેળવીને	૩૦૬
૩૮	દાસીની માર્મિક જીવન'ગાથા સાંભળીને	૩૧૮
૩૯	વિદાયનો સંદેશ લઈને	૩૨૭
૪૦	સંન્યાસીના વેશમાં	૩૩૪
૪૧	પોતાનાં જ પાપોની આગમા	૩૩૯
૪૨	સ્વર્ગની તરફ	૩૪૨

— — — — — — —

શહીદ પિતાની પુનિત યાદગીરીમાં .....

સંધ્યારાણીના પગના ઘૂઘરા ધીરે ધીરે સંભળાવા લાગ્યા. કિરણદાતા સૂર્યનાં છેલ્લાં કિરણો પણ આંગણાંમાંથી વિદાય થઈ ગયાં. માએ બારીમાંથી જોયું તો આનંદમાં કલરવ કરતાં પક્ષીઓ પોતપોતાના માળા તરફ પાછાં ફરી રહ્યાં હતાં. તે વખતે સાધ્વી લૂસીનાના કરમાઈ ગયેલા હોઠોમાંથી એક ઠંડો નિઃશ્વાસ નીકળ્યો અને સંધ્યાના શીતળ વાયુના પ્રવાહમાં જઈને સમાઈ ગયો.

જેમ જેમ સમય વીતતો જતો હતો તેમ તેમ માની બેચેની વધતી જતી હતી. તેની રાહ જોતી આંખો વારંવાર જળ–ઘડિયાળ તરફ મંડાતી અને ફરી પાછી સૂના આંગણા પર પડીને નિરાશ થઈ જતી. માની છાતીમાંથી નીકળેલો ઠંડો નિઃશ્વાસ હવેલીના સંગેમરમરના થાંભલાઓની સાથે અથડાઈને પાછો વળી આવતો.

પંક્રાસિઉસ તો તડકો જતો રહેતાં જ પાછો ઘેર આવી જતો. તે તો કોઈ દિવસ મોડું કરતો નહિ. તો પછી આજે શું થયું ? શું મારો બાળક ..., એવા વિચાર આવતાં જ કોણ જાણે કેવા કેવા ભયની વાતો માના ગભરાયેલા હૃદયમાં ડોલવા લાગતી. ગભરાઈને તે ફરીથી ઊઠતી અને આંગણાના દરવાજા પર ઊભી રહીને દૂર સુધી, જેટલે છેટે બિચારીની નજર પહોંચતી ત્યાં સુધી જોયા કરતી. પણ પંક્રાસિઉસના પગોનો અવાજ ન સંભળાવાથી બિચારી લૂસીના પાછી ફરતી અને પાસે પડેલી નાની ખુરશી પર બેસીને ફરીથી પોતાનું બદન ગૂંથવા લાગતી. કદાચને તે બદન ગૂંથવામાં મન પરોવીને પોતાની બેચેની ભૂલી જવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહેતી.

એકાએક તેને ભાઈનાં પરિચિત પગલાંનો અવાજ સંભળાયો

અને ક્ષણભરને માટે તેના ઉદાસ ચહેરા પર નવીન આશાની લાલિમા ફેલાઈ ગઈ. ઊઠીને આંગણા તરફ જવાની વાત તે વિચારી રહી હતી તેટલામાં જ એક અતિ સુંદર તરુણે દોડતાં દોડતાં ખંડમાં પ્રવેશ કર્યો અને પ્રેમભરી ચંચળતાથી માનાં ચરણોની સાથે લપેટાઈને બેસી ગયો. તેનું તેજભર્યું સુંદર મુખ માના ઘૂંટણો પર ટેકેલું હતું, અને ગભરાટથી થરથરતી માની આંગળીઓ તરુણ બાળકના ભરાવદાર વાંકડિયા વાળ પર ફરી રહી હતી. એ પુત્ર–માતાનું જોડું કેટલું સુંદર હતું ! એ તો પેલી સુભાગી શ્યામ સંધ્યા જ બતાવી શકે કે જેણે બારીમાં થઈને મા અને બાળકનું તે મધુર પ્રેમ–મિલન જોયું હતું.

લાંબા સમય સુધી શાંતિ છવાઈ રહી. મા પોતાના બાળકનું મુખ નિહાળી નિહાળીને તેના મનની તરસ છિપાવતી રહી. ઘૂંટણોથી નીચે સુધી પથરાયેલો તેનો લાલ કોટ, ઉપરનાં ખૂલી ગયેલાં બટન અને તેનું લાલાશભર્યું તંદુરસ્ત શરીર આજે લૂસીનાને કોણ જાણે કેમ એટલું અધિક સુંદર, એટલું અધિક પ્રિય લાગી રહ્યું હતું ! કપાળને ચુંબન કરતાં સ્નેહભર્યા સ્વરમાં તે બોલી, ''બેટા પંક્રાસિઉસ! આજે આટલું બધું મોડું કેમ ? મારો તો જીવ સૂકાઈ જતો હતો. રસ્તામાં કોઈ ખરાબ બનાવ તો નથી બન્યો ?

પ્રેમભર્યું હાસ્ય કરતાં પંક્રાસિઉસે ઉત્તર દીધો, ''મા, તું બહુ જ ભોળી મા છે એમ કહીને તે પોતાના કોમળ હાથોથી માની પીઠ થપથપાવવા લાગ્યો.

''પણ બેટા, તું તો ઘણો તાપ રહેતો ત્યારે જ ઘેર આવી જતો હતો અને આજે તો તારે એથી પણ વહેલા આવવું જોઈતું હતું. તું જ કહી ગયો હતો ને, કે આજે તને તારી શાળામાંથી હંમેશને માટે છુટ્ટી મળી જશે ! ઠીક બેટા, પંક્રાસિઉસ ! એ તો કહે, કે તારા વિદ્યાર્થીજીવનનો આજનો છેલ્લો દિવસ સારી રીતે વીત્યોને ?

માતાનો પ્રશ્ન સાંભળતાં જ પંક્રાસિઉસ વિચારમાં ડૂબી ગયો. આજે તેનું હૃદય માને કોણ જાણે કેટ–કેટલી મધુર વાતો સંભળાવવાને અધીરું થઈ રહ્યું હતું. પણ બિચારો કેવી રીતે સંભળાવી શકે ? તેની ઈચ્છા હોવા છતાં પણ તે કાંઈ બોલી ન શકયો. તેથી માએ અતિ આતુરતા સાથે ફરીથી પૂછયું, '' બેટા ! તું મૂંગો કેમ થઈ ગયો ? શું કોઈ ખરાબ બનાવ બની ગયો છે ?

શાંત પણ દઢ અવાજે પંક્રાસિઉસે ઉત્તર દીધો, '' મા ! જેની સાથે ઈશ્વર પળેપળ રહેતા હોય, ભલા ! તેની સાથે ખરાબ બનાવ કેવી રીતે બની શકવાનો છે ?

'' નહિ, પંક્રાસિઉસ ! તું તારી માતાથી કાંઈ છુપાવવા ચાહે છે ?

'' છુપાવવા ? ભલા, એવી કઈ વાત બની હોય કે જેને પંક્રાસિઉસ, પોતાની સાધ્વી માતાજીથી છુપાવી રાખવાનો પ્રયત્ન કરે ?

'' તો પછી આજનો દિવસ સારી રીતે પસાર થયો ?

'' હા મા, ! મારા વિદ્યાર્થીજીવનનો આ છેલ્લો દિવસ ઘણા જ આનંદનો દિવસ હતો. એવા આનંદભર્યા દિવસ જીવનમાં વારંવાર નથી આવતા. એટલું બોલીને પંક્રાસિઉસ ફરીથી મૌન થઈ ગયો.

એ વાત સાંભળીને માની જિજ્ઞાસા વળી વધારે તીવ્ર બની ગઈ. બાળકના બન્ને ખભા જોરથી હલાવીને બોલી, '' પંક્રાસિઉસ ! મારું હૃદય કહી રહ્યું છે, કે આજે તારા જીવનમાં કોઈ બનાવ બન્યો છે અને તેને તું તારી માની નજરથી સંતાડવા ચાહે છે ! પણ એમ શા માટે ? બેટા ! હું તો મારા જીવનની કોઈ પણ વાત તારાથી છાની રાખતી નથી, તો પછી તું તારી માથી કેમ સંતાડે છે ? સાફ સાફ કહી દેને ? આજે શાળામાં શું શું બન્યું અને આજના દિવસ, તારા વિદ્યાર્થીજીવનનો આ છેલ્લો દિવસ એટલો બધો સૌભાગ્યભર્યો કેવી રીતે બની ગયો ?

માનો આગ્રહ જોઈને પંક્રાસિઉસ મૌન ન રહી શક્યો. ઘણા જ મમતાભર્યા મધુર અવાજે બોલ્યો, " મા ! આજનો દિવસ, મારા વિદ્યાર્થીજીવનનો છેલ્લો દિવસ હતો, તેથી આજે હું આ લાલ કોટ પહેરીને શાળામાં ગયો હતો. તમને યાદ છે ને મા, ઘણી જ કાળજી રાખીને તમે એ સીવ્યો હતો ! મારી ઘણી ઈચ્છા હતી કે વિખૂટા પડતી વખતે હું ઘણા પ્રેમસહિત મારા સંગી–સાથીઓની વિદાય લઉં.

ભારે આતુરતા સહિત વાતને વચમાંથી કાપતાં મા બોલી, " તો શું તારી એ ઈચ્છા પૂરી ન થઈ શકી ? શું તું તારા સંગી–સાથીઓથી પ્રેમ ભરેલા હૃદયે વિદાય ન લઈ શક્યો ?

" નહિ, મા ! કરુણ સ્વરમાં તરુણ બાળકે ઉત્તર દીધો. માએ ધ્યાનથી જોયું તો પંક્રાસિઉસની પાંપણો ભરાઈ આવેલી હતી.

સાંજની કાળાશ ધીરે ધીરે ચારે બાજુએ જામતી જતી હતી. પોતાના હિમ જેવા શ્વેત પાલવથી બાળકની આંખો લૂછતાં લૂછતાં મા બોલી, "પંક્રાસિઉસ ! તું મને શંકાના સાગરમાં ફેંકી ન દે. સાફ સાફ કહી દે, આજે શું શું થયું ?

માના ઘૂંટણો પર હાથ ફેરવતાં પંક્રાસિઉસ બોલ્યો, " મા ! આજે જ્યારે હું શાળાએ ગયો ત્યારે માનવંત ગુરુજીએ અમો બધાને એક લેખ લખવાને દીધો અને સૌથી સારો લેખ લખી લાવનારને ઈનામ આપવાની જાહેરાત કરી. લેખનો વિષય એવો હતો, કે 'સાચો પ્રેમી એ છે કે જે પોતાના પ્રેમીને માટે પોતાના પ્રાણનું બલિદાન દઈ દેવામાં પણ પાછી પાની કરતો નથી. વારાફરતી દરેકે પોતપોતાનો લેખ ગુરુજીને વાંચી સંભળાવ્યો. મારા વર્ગના વિદ્યાર્થીઓને માટે લેખનો વિષય ઘણો જ ગહન હતો, તેથી તેઓ તે વિષય પર સારી રીતે લખી ન શક્યા. પણ મા ! હું તો પ્રભુ–પ્રેમી ઠર્યો. મારો તો ધર્મ જ પ્રેમને માટે પ્રાણ અર્પી દેવાનું શીખવે છે. પ્રેમ–પંથમાં આવતા કાંટાઓને ફૂલ સમજીને ચૂમવાનું

શીખવે છે. ' બલિદાનની વેદી પર પોતાનું છેલ્લામાં છેલ્લું રકતબિંદુ પણ હસતાં હસતાં વહાવી દેવાનું શીખવે છે. તેથી, મા ! મારે માટે તો લેખનો વિષય ઘણો જ સુગમતા ભરેલો અને પ્રિય હતો. થોડા જ સમયમાં મેં કેટલાંય પૃષ્ઠો લખી નાખ્યાં. ખરું માનજો મા ! લખતી વખતે મારા હૃદય સાગરમાં તોફાન ઉછાળા મારી રહ્યું હતું. મારી ઈચ્છા થતી હતી કે આજે મારા લેખની દરેકે દરેક લીટીમાં હું મારું આખું હૃદય ભરી ભરીને ઠાલવી દઉં. પણ મા ! ભાવનાના અતિરેકને કારણે હું મારી પૂરેપૂરી વાતો લખી ન શકયો. કોણ જાણે કેમ પણ લખતાં લખતાં મારી કલમ અટકી જતી.

" જયારે બધા વિદ્યાર્થીઓ પોતપોતાના લેખો સંભળાવી રહ્યા, ત્યારે માનવંત ગુરુ કસ્સિયાનુસજીએ મને મારો લેખ વાંચવાને આજ્ઞા કરી. મા ! હું મારો લેખ વાંચવા લાગ્યો ત્યારે મારી આંખો ભરાઈ આવી. હજુ તો મેં મારો લેખ વાંચવાની શરૂઆત કરી હતી ત્યાં તો બાબા કસ્સિયાનુસ મારા તરફ એકાગ્ર દષ્ટિ કરીને મને સાવચેત કરતાં કહેવા લાગ્યા, ' પંક્રાસિઉસ! ... સાવધાન ... ! તારા બીજા સાથી ... એમ કહીને તેમણે મને આંખોથી સંકેત કરીને સમજાવ્યું કે હું લેખ વાંચવાનું બંધ કરી દઉં. તેમની આજ્ઞાનું પાલન કરીને હું તરત જ બેસી ગયો. હું લેખ પૂરેપૂરો સંભળાવી પણ શકયો ન હતો, તોપણ માનવંત કસ્સિયાનુસજીએ ઈનામ મને જ દીધું. મારા મિત્રોએ આનંદમાં આવી જઈને તાલીઓ વગાડી, પણ કોરભીનુસ ક્રોધથી લાલચોળ થઈ ગયો અને મારા તરફ આંખો ફાડી–ફાડીને જોવા લાગ્યો.

" એ કોરભીનુસ કોણ છે ? અને તને ઈનામ મળતું જોઈને એ એકલો જ શા માટે ક્રોધિત થઈ ઊઠયો ?

માના મુખ પર ચિંતાની ઝાંખી રેખાઓ ઊઠી આવી હતી. પંક્રાસિઉસે ઉત્તર દીધો, " એ તો હું નથી જાણતો, મા ! કોણ જાણે કેમ

પણ તે તો હંમેશાં મારી સાથે નારાજ રહે છે. કાંઈ પણ વાંક–ગુના વિના તે મને ધાક–ધમકી આપતો રહે છે. મા ! મેં એને આજ સુધી એવી કોઈ વાત નથી કહી કે જેથી કરીને તેનું દિલ દુઃખાય અથવા તેને કોઈ પણ જાતનું કષ્ટ થાય. ઊલટાનો હું તો હંમેશાં તેને આદર અને પ્રેમની નજરથી જોઉં છું.

" તો પછી તે તારા પર ગુસ્સો કેમ કર્યા કરે છે ? એ કોનો છોકરો છે ?

" અધ્યક્ષ તેરતુલુસનો એ એકનોએક પુત્ર. મા, એ ઘણો બળવાન છે. અમારી શાળામાં એની ઉંમર સૌથી મોટી છે. જોવામાં અમ બધાથી બમણો જાડો દેખાય છે, પણ બિચારો સાવ મૂઢ છે. લખતાં–વાંચતાં એને બિલકુલ આવડતું નથી. ત્રણ–ત્રણ વર્ષ સુધી એક જ ધોરણમાં ગબડયા કરે છે. નિશાળમાં નાનાં નાનાં નબળાં બાળકોની સાથે લડવું–ઝઘડવું અને તેઓને વિવિધ રીતે સતાવવાં એ જ તેનું મોટામાં મોટું કામ છે.

માએ ગભરાઈને કહ્યું, " મારા લાલ ! શું આજે તેણે તને સતાવ્યો તો નથી ?

પંક્રાસિઉસ છાનો રહી ગયો. ઉત્તર ન મળવાથી માએ ફરીથી ચિંતાતુર થઈને પૂછયું, " જલદી કહેને, પંક્રાસિઉસ ! તારી માતામાં હવે ધીરજ રહી નથી. કોરભીનુસે તને સતાવ્યો તો નથીને ? કહી દેને મારા બાળ !

પંક્રાસિઉસ પાછો પણ મૌન જ રહ્યો. પોતાની વાત કહીને તે તેની ભલી માતાને કષ્ટ દેવા ચાહતો ન હતો. માની આતુર જિજ્ઞાસા તેની છેલ્લી સીમા સુધી પહોંચી ગઈ હતી. પોતાના હાથોમાં પંક્રાસિઉસનું મુખ ધરી રાખી, આંખોમાં આંખો માંડી ઘણા દર્દભર્યા સ્વરમાં તે બોલી, " બેટા ! તું માના હૃદયને ઓળખતો નથી. પોતાના બાળકને માટે એની

છાતીમાં કેટલો થડકાટ હોય છે તે કદાપિ તું સમજી પણ નહિ શકે. પંક્રાસિઉસ ! ઈશ્વરને ખાતર, બધી વાતો મને કહી સંભળાવ. તને તારા શહીદ પિતાની આણ છે

'સ્વર્ગવાસી શહીદ પિતા નું નામ સાંભળતાં જ પંક્રાસિઉસની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેણે ભિંજાયેલે હૈયે વાત આગળ કહેવાની શરૂઆત કરી, '' મા ! આપણા પર્વના મોટા દિવસોમાં જ કોરભીનુસ મારી સાથે ઝઘડો કરવા ચાહતા હતા, પણ મેં તેને કદી એવો મોકો મળવા જ ન દીધો. આજે મને ગુરુજીએ ઈનામ દીધું ત્યારે તેનો ક્રોધ ખૂબ જ વધી ગયો. શાળામાંથી છૂટ્યા પછી જયારે હું ઘેર પાછો આવતો હતો ત્યારે ઝરણની બાજુએ આવેલા પેલા મોટા ખેતરમાં તેણે મને ઘેરી લીધો. તેની સાથે તેના કેટલાક મિત્રો પણ હતા.

એક ઠંડો નિસાસો નાખતાં મા બોલી, '' પછી શું થયું ?

'' થવાનું શું હતું ? કોરભીનુસ મને માર મારીને પોતાની તરસ મટાડવા ઈચ્છતો હતો, તે તેણે મટાડી દીધી. ખેતરની કેડી પર પછાડી નાખીને તેણે મને પેટ ભરીને માર્યો.

'' અને તું ?

''હું મૂંગો મૂંગો બધું સહી રહ્યો. મા ! મારે માટે આ એક મહાન પરીક્ષા હતી, અને તને એ જાણીને ઘણી ખુશી થશે કે તારો પ્યારો પંક્રાસિઉસ તેની પ્રેમ–પરીક્ષામાં સફળ થયો. તેણે હસતે મોઢે પોતાના પ્યારા પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું. પ્રેમને માટે હસતાં હસતાં દુઃખડાઓ સહેવાં એ જ તો આપણા પ્યારા પ્રભુ ઈસુનો સૌથી મહાન આદેશ છે.

માની આંખોમાં પ્યાર અને આનંદના આંસુ છલકાઈ આવ્યા. પંક્રાસિઉસને છાતી સરસો ચાંપીને બોલી, '' બેટા ! તું કેટલો મહાન અને આપણા પ્રભુ ઈસુનો કેટલો પ્યારો છે ! એમ કહીને તેણે પંક્રાસિઉસના

ગળામાં લટકતું માદળિયું ઉતારી લીધું.

" કેમ, મા ! મારું બાળપણનું માદળિયું તેં આજ કેમ ઉતારી લીધું ?

"કેમ કે હવે તું બાળક નથી રહ્યો. પોતાના પરમ કર્તવ્યને સમજવાવાળો એક ઉચિત તરુણ થઈ ગયો છે.

હસીને પંક્રાસિઉસ બોલ્યો, "પણ મારું ગળું વરવું લાગશે તેનું કેમ ?

" નહિ, બેટા ! તારું ગળું કદી જ વરવું લાગશે નહિ. હું હવે તને એક એવી ચીજ દઈશ, જેને પહેરીને તારા ગળાની શોભા પહેલાં કરતાં હજારો ગણી વધી જશે ; પણ પહેલાં તું તારી બધી હકીકત કહી સંભળાવ.

ઘણા પ્રેમથી પંક્રાસિઉસે માતાનો હાથ ચૂમી લીધો અને બોલ્યો, "કાંઈ પણ અપરાધ વિના કોરભીનુસ મને મારતો જ રહ્યો. એટલામાં ક્યાંકથી ગુરુજી ત્યાં આવી લાગ્યા અને છોકરાઓનું એક મોટું ટોળું જોઈને અમારી તરફ વેગથી ધસી આવ્યા. તેમને આવતા જોઈને કોરભીનુસ અને તેના બધા સાથીઓ નાસી ગયા અને હું એકલો રહી ગયો. પાસે આવીને ગુરુજીએ મને બધી હકીકત પૂછી. તેમને બધી વાતો જણાવીને મેં કહ્યું, 'ગુરુજી, મારી એક વિનંતી આપે માનવી જ પડશે, માનો તો કહું. ગુરુજી મારા પર કેટલો બધો પ્રેમ રાખે છે ; એ તો મા, તું જાણે જ છે. મારી વાત સાંભળીને તેમને અતિશય દુઃખ થયું. તેઓ બોલ્યા, ' બેટા, પંક્રાસિઉસ ! કાંઈપણ વાંક વિના તારે માર ખાવો પડયો તેથી મને બહુ દુઃખ થાય છે, પરંતુ સાથે સાથે એક વાતનો આનંદ પણ થાય છે, કે તેં આપણા પ્યારા પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું. તું મહાન છે. બોલ, તું શું ચાહે છે હું તારી ઈચ્છા બની શકશે ત્યાં સુધી જરૂર પૂરી કરીશ, ત્યારે મેં હાથ જોડીને ગુરુજીને કહ્યું, 'ગુરુજી! મારી માફક આપ પણ

કોરભીનુસને ક્ષમા કરી દેશો. કાલે જયારે તે ભણવા આવે ત્યારે આપ તેને કાંઈ ન કહેશો. જો કદાપિ આજના અપરાધને માટે આપ કાલે તેને શિક્ષા કરશો તો આપના પંક્રાસિઉસને ઘણો જ ધકકો લાગશે.

તરુણ પુત્રની નિષ્કલંક મહાનતાની સામે સાધ્વી લૂસીનાનું શિર નમી ગયું. તે પંક્રાસિઉસના મસ્તકને ચૂમીને બોલી, " આજનો દિવસ તારા વિદ્યાર્થીજીવનનો આ અંતિમ દિવસ, ખરેખર ઘણો જ ભાગ્યવાન દિવસ છે. વર્ષોથી હું એ દિવસની રાહ જોઈ રહી હતી. તને ધૈર્યવાન જોતી હતી ત્યારે આપણા પ્યારા પ્રભુને લાખો વાર પ્રાર્થનાઓ કરતી હતી, કે મારી 'કલ્પના સત્ય નીવડે. પંક્રાસિઉસ ! કૃપાવાન પ્રભુએ આખરે મારી એ 'કલ્પના પૂરી કરી દીધી. તારા ચારિત્ર્યમાં દયા, પ્રેમ અને ક્ષમાના જે ત્રણ ઉજ્જવળ ગુણો હું જોવા ચાહતી હતી, તે મેં આજે તારામાં સ્પષ્ટ રૂપથી જોઈ લીધા અને આજે મને એ વાતનો વિશ્વાસ થઈ ગયો છે કે તું વધ્સ્તંભને તારા ખભા પર રાખીને તારા પરમ લક્ષ્યની તરફ અવિરલ ગતિથી વધી શકીશ. માર્ગમાં તીક્ષ્ણ કાંટા, જગતની તરફથી થતું ઘોર અપમાન અને પથ્થરોની અવિરત વૃષ્ટિ તને આગળ વધવામાં હવે રોકી નહિ શકે. બેટા ! મારી કલ્પનાની સાથે સાથે આજે મારું આ પાગલ જીવન સફળ થઈ ગયું .

એમ કહેતાંની સાથે માએ પ્રેમના અતિ ઉમળકાભેર બાળકનું મુખ ફરીથી એક વાર ચૂમી લીધું. અને પંક્રાસિઉસ બોલ્યો, " મા ! તારો આ આનંદ જોઈને મને ઘણી જ ખુશી થાય છે. પણ, મા ! મેં કોઈ મહાભારત કામ તો નથી કર્યું. મેં તો કેવળ મારા કર્તવ્યનું પાલન કર્યું છે. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ દરેક પ્રભુ–પ્રેમીનું કર્તવ્ય છે. જો કોઈ માણસ પોતાના કર્તવ્યની બેદરકારી કરે છે તો તે માણસ પોતાને હાથે જ પોતાનું ભવિષ્ય બરબાદ કરે છે. બાળકની વાત સાંભળીને માએ ધીરેથી હસી દીધું અને ચૂપચાપ ઊઠીને સામેના ખંડમાં ચાલી ગઈ.

બત્તીના પ્રકાશમાં આ ખંડની સોનેરી ચીજો ચમકી રહી હતી. સંગેમરમરના બાજઠ પર રાખેલી સોનાની થાળીઓ પર તો નજર પણ મંડાતી ન હતી. રેશમની ફૂલ–ગૂંથણીવાળા રૂમાલ પર પડેલા હીરા, એ પરિવારના વૈભવશાળી જમાનાનો પૂરેપૂરો ખ્યાલ આપતા હતા. સાધ્વી લૂસીનાએ એક અતિ સુંદર કબાટની સામે જઈને પ્રેમભાવથી પોતાનું શિર નમાવ્યું, અને તેનું ખાનું ખોલીને એક નાની સરખી ડબ્બી કાઢી. ડબ્બી ઘણી જ સુંદર હતી, અને તેના પર સોનેરી તારોથી ફૂલ બનાવેલાં હતાં. ડબ્બીને ખાનામાંથી બહાર કાઢતાં જ સાધ્વી લૂસીનાએ પોતાના હોઠો પર એ લગાડી અને તેને લઈને બહાર નીકળી. પંક્રાસિઉસની પાસે બેસીને ઘણા પ્રેમથી બોલી, ''બેટા ! કદાચ તને પૂરેપૂરી ખબર નહિ હોય કે તારા પિતાજી પણ એક મહાન પ્રભુ–પ્રેમી હતા. આ ભયંકર અંધકાર–ભર્યા સમયમાં જયારે માણસોનો, પ્રભુ–પ્રેમ તરફ બિલકુલ અભાવ થઈ ગયો હતો.તેવે વખતે તેમણે પ્રભુ–પ્રેમનો દીપક જલતો રાખવાનો પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નના અપરાધને માટે તેમને પોતાના પ્રાણની આહુતિ આપવી પડી. તું જાણે છે કે રોમ પર સમ્રાટ મકસીમિયનનું સામ્રાજય છવાઈ ગયું છે. તે પ્રભુ અને પ્રભુ–પ્રેમીઓનો ક+ટ્ટો શત્રુ છે. આ દેશમાં ખ્રિસ્ત–પ્રેમીઓનાં નામનિશાન પણ તે જોવા ચાહતો નથી. કોઈ પણ વ્યકિત એ પુનિત ઈસુનામનો પ્રચાર કરે છે, તેને ફાંસીને લાકડે લટકાવી દે છે. તારા પિતાજી પણ સમ્રાટ મકસીમિયનની કોપ–દષ્ટિના શિકાર બન્યા. પ્રભુનામનો પ્રચાર કરતાં કરતાં તેઓ પકડાઈ ગયા. સમ્રાટે કોઈ પણ જાતના અપરાધ વિના એમને મૃત્યુદંડ દીધો. બેટા ! જે વખતે એમની ગરદન પર તલવાર ચાલી રહી હતી., તે વખતે હું વેશ બદલીને ત્યાં જ ઊભી હતી. એક જ ઝટકે તેમનો પ્રાણ નીકળી ગયો અને રુધિરની ધારાઓ વહી નીકળી. મેં આંખ મીંચી લઈને મારા પાલવમાં તેમનું એ પરમ પુનિત રકત લગાડી દીધું. એમ કહીને

માએ ડબ્બી ખોલી અને તેમાંથી કપડાનો એક નાનો સરખો ટુકડો કાઢ યો. કપડા પર રકતના ડાધા હજુ સુધી જોવામાં આવતા હતા. તે ટુકડો પંકાસિઉસના હાથમાં આપીને બોલી, '' લે, બેટા ! તારા મહાન પિતાની આ છેલ્લી નિશાની – વર્ષોથી મેં એને સંભાળીને રાખી મૂકી હતી, એ માટે કે જે દિવસે તું મારી 'કલ્પનાનો પંકાસિઉસ બની જાય ત્યારે હું એ તને દ+ઉં. આજે મારી આશાઓને પૂર્ણ કરનારો તે દિવસ આવી પહોંચ્યો છે. તારા પિતાની આ અમર યાદગીરી લે. મારા બાળક ! યાદ રાખજે કે તું એક મહાન પિતાનો પુત્ર છે. મરતી વખતે તારા પિતા તને અધિક ધન–સંપત્તિ નથી દઈ શકયા, પરંતુ આ એક નિશાની જે તેઓ આપી ગયા છે, તે જીવનભર તને રસ્તો દેખાડતી રહેશે. લે, આને તારા ગળામાં પહેરી લે.

એક અસીમ શ્રદ્ધા અને પ્યાર સહિત પંકાસિઉસે ડબ્બીને પોતાના મસ્તક પર લગાડી અને પછી છાતી સાથે લગાડીને એક શાંત નિઃશ્વાસ લીધો, ''મારાં સ્વર્ગવાસી શહીદ પિતા !

માદળિયું પહેરતાં જ ભકત–બાળકની પાંપણોમાંથી મૌન અશ્રુધારા ગળવા લાગી. જાણે કે આજે લાંબા વિયોગ પછી તે પોતાના પ્રેમી પિતાને
ગળે બાઝી પડયો હોય!

પ્રકરણ રજું

સેવા અને સરળતાના બદલામાં .....'

પ્રભુ–પ્રેમ અથવા પવિત્રતાની સાકાર પ્રતિમા લૂસીના પામ્પુસમાર્ટિનજમાં બેસીને જયારે તેના પ્યારા પંકાસિઉસની રાહ જોઈ

રહી હતી, ત્યારે રોમની વિખ્યાત સુંદરી તરુણી ફબીઓલા પોતાના વૈભવશાળી નિકેતનના ઊંચા સંગેમરમરી કઠેરા પર ચડીને દૂર દૂર સુધી વિખરાયેલી પર્વત–માળાઓના વિમોહક સૌન્દર્યનો આનંદ લૂંટી રહી હતી. કવીરીનલ પહાડનું સૌન્દર્ય લચી પડતું મેદાન, દ્રાક્ષની હરિયાળી લતાઓથી ભરપૂર બની ગયું હતું અને હવાની મંદ મંદ લહરીઓ તેમાં ક્રીડા–કલ્લોલ કરવામાં ગૂંથાઈ ગઈ હતી. સરુનાં ઊંચાં ઊંચા ઝાડોના છાંયડામાં ખેડૂતોની સૂમસામ ઝૂંપડીઓ અહીંતહીં વિખરાયેલી હતી, તેના પર પક્ષીઓનો કલરવ હવે શરૂ થવાનો જ હતો.

ફબીઓલાનું બાળપણ ઘણા લાડકોડમાં વીત્યું હતું. માની છાયા તેની દેખભાળ લેવા પહેલાં જ ઊઠી ગઈ હતી. તેથી ફબિઉસે પોતાની એકનીએક પુત્રીને અતિશય વૈભવ–વિલાસમાં ઉછેરી હતી. વૈભવમાં કેમ ન ઉછેરે ? ઘરમાં ધન–ધાન્યનો વરસાદ થયા કરતો હતો. સોના અને ચાંદીના ઢગના ઢગ જામી ગયા હતા. એશિયા માઈનરની તેની કેટલીયે પેઢીઓમાંથી હિસાબ વિનાની કમાણી આવતી હતી. તેની એકનીએક પુત્રી સિવાય ઘરમાં બીજું હતું પણ કોણ કે જેને માટે બિચારો ફબિઉસ ધન ખરચે? ડઝનબંધ ગુલામ દાસીઓ પુત્રીની સેવા અને સંભાળને માટે રોકવામાં આવેલી હતી. દેશ–પરદેશથી મંગાવેલાં રેશમી વસ્ત્રો તે પોંતાની ફબીઓલાને પહેરાવતો અને તેને જોઈ જોઈને ખુશી થતો. ઘણું કરીને હવે તેના જીવનમાં આનંદનું એક જ સાધન બાકી રહી ગયું હતું અને તે હતી ફબીઓલા.

હેત–પ્રેમમાં ઉછરીને ફબીઓલા જયારે થોડી ઘણી મોટી થઈ ત્યારે તેને ઉચ્ચ કોટિનું શિક્ષણ આપવાને માટે ફબિઉસે રોમના સૌથી ઉત્તમ શિક્ષકોને રોકી લીધા. તેઓ દરરોજ ' ફબિઉસ–નિકેતન પર આવી જતા અને પોતપોતાના વિષયનું શિક્ષણ આપીને પાછા ઘેર જતા. ફબીઓલાની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. કોઈપણ બાબતને તે ઘણી જ

સરળતાથી સમજી લેતી, અને અભ્યાસ પાછળ મહેનત પણ ખૂબ કરતી. પરિણામે થોડાં જ વર્ષોમાં તે સાહિત્ય, ઈતિહાસ અને મૂર્તિ વિષેના તત્ત્વજ્ઞાનમાં એક ઉચ્ચ કક્ષાની જાણકાર બની ગઈ.

શિક્ષણનું જીવન સમાપ્ત કર્યા પછી પણ ફબીઓલા પોતાનો ઘણો સમય લખવા–વાંચવામાં જ વ્યતીત કરતી. સમારંભો, મેળા અને નાચ–મુજરામાં તે બહુ જ ઓછું જતી. આખો દિવસ ઘરમાં જ રહેતી. નોકર–ચાકર અને ગુલામ દાસીઓ કામ કર્યા કરતી ત્યારે એકાંતમાં બેસીને તે લેટિન અને ગ્રીક તત્ત્વજ્ઞાનીઓનાં પુસ્તકોનું અધ્યયન કરતી. એવી રીતે ધીરે ધીરે તે પોતાને મૂર્તિ–દર્શન વિષેના જ્ઞાનની પૂર્ણ અધિકારી સમજવા લાગી હતી.

પણ ખ્રિસ્ત ઈતિહાસ અને ખ્રિસ્ત દર્શનનું તેને કંઈપણ જ્ઞાન ન હતું. તે પ્રત્યે તેની અભિરુચિ જ ન હતી. શરૂઆતથી જ તેને નાસ્તિકતાભર્યું અને જડવાદનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. તેથી તે કેવળ સુખોપભોગ અને વિલાસ–વૈભવમાં જ મશગૂલ રહેતી અને તેને જ જીવનનો એકમાત્ર પ્રધાન હેતુ સમજતી હતી. પરમાત્મા, આત્મા અને આત્માના સંબંધની વાતો પર તેની રજમાત્ર આસ્થા ન હતી. ઉપરાંત વખતોવખત તે આ સિદ્ધાંતોની અવગણના પણ કરતી. સેવા, ત્યાગ અને કષ્ટ સહનની ભાવનાઓને તે નરી મૂર્ખતા સિવાય કાંઈ વિશેષ મહત્વ આપતી નહિ. તેથી જ ઘણું કરીને તેનામાં ઘણા સદ્‌ગુણો હોવા છતાં તેના ચારિત્ર્યમાં એક મોટો દોષ આવી ગયો હતો અને તે હતો અભિમાન. જુવાનીએ અભિમાનને વળી વધારે અંધ બનાવી દીધો હતો. તેના અનુપમ સૌન્દર્ય અને અપાર ધનના નશામાં ફબીઓલા સદા ચકચૂર રહેતી. તેના પર રોમના કોણ જાણે કેટલાય આશાભર્યા નવલોહિયા યુવકો મરી ફીટવાને હંમેશાં તૈયાર રહેતા. તેને વારંવાર એ જ ઈચ્છા થતી કે કોઈ આવે અને તેની સામે લળી–લળીને પ્રણામ કરે. તે એટલે

સુધી વિચારતી કે એ પ્રેમી યુવકોમાંથી કોઈ આવે અને તેનાં રૂપ, યૌવન અને ધન પર પોતાનો પ્રાણ સુદ્ધાં વારી નાખવાને તૈયાર રહે. ફબીઓલા એવી આશા રાખતી હતી. આવું બધું હોવા છતાં એટલું તો કહેવું જ પડશે કે તેનું ચારિત્ર્ય બિલકુલ વિશુદ્ધ ચારિત્ર્ય હતું. ખરેખર શારીરિક વાસનાઓની કાળાશના તુચ્છ ડાઘ પણ હજુ સુધી આ રોમન તરૂણીના પવિત્ર પાલવને સ્પર્શવા પામ્યા ન હતા.

આજે પોતાનો શ્યામ સાળુ ઓઢીને જયારે પશ્ચિમના ક્ષિતિજ પર પથરાયેલાં ગિરિ–શિખરો પર નવીન લગ્ન–કન્યા રકતવર્ણી રસનો પ્યાલો ઉડાડવા લાગી અને વિદાય લેતા રશ્મિરાજ સૂર્યે કઠેરા પર ઊભેલી રોમન તરુણીને નમી નમીને પ્રણામ કર્યા ત્યારે તે પુલકિત થઈ ઊઠી. આનંદના આવેશમાં આવી જઈને તેણે સામેના વિશાળ શૃંગારગૃહમાં પ્રવેશ કર્યો અને મખમલી ગાદીવાળી ખુરશી પર બેસતાં જ આજ્ઞા કરી, ''શૃગાંરનો સાજ હાજર કરો.

આજ્ઞા મળતાં જ રાહ જોઈને ઊભી રહેલી દાસીઓ પોતપોતાનો સામાન લઈને આગળ દોડી આવી અને પોતાની સ્વામિનીના ચરણોમાં નમસ્કાર કરીને બેસી ગઈ.

આ ત્રણ દાસીઓમાં એકનું નામ આફરા હતું. આફરા ન્યૂ મીડિયા દેશની રહેવાસી, પ્રચંડ કાળાશની મૂર્તિ–તેનું અંતર પણ તેવું જ કાળાશભર્યું હતું. તેની સિકલ જોઈને જ બીક લાગતી હતી, તોપણ ફબીઓલા તેને સૌથી વિશેષ માન આપતી. તેનું મુખ્ય કારણ એ હતું કે તે સૌન્દર્ય વધારનારી દવાઓ અને યુવક–યુવતીઓને વશ કરનારાં વશીકરણ–યંત્ર બનાવવાનું જાણતી હતી ; તેની સાથે તે ઘણી ચબાવલી પણ હતી. સાચી–જૂઠી વાતો બનાવીને ફબીઓલાને તે હંમેશા પ્રસન્ન રાખતી. તેના પર જાન કુરબાન કરનારા, ઉપર વર્ણવેલા પ્રેમીઓના જૂઠા–સાચા સમાચાર સંભળાવી–સંભળાવીને તે પોતાની અવિવાહિત

સ્વામિનીને હાથમાં રાખતી. જમીન પર બેસતાં જ ફબીઓલાના મુખ પર કોઈ પ્રકારનો સુગંધિત અળતો લગાડવા લાગી. સાથે સાથે તે પોતાની કળા–કુશળતાનાં ગીત પણ ગાતી જતી હતી.

બીજી દાસી હતી ગ્રૈયા. ગ્રૈયા ગ્રીસ દેશની વતની હતી. એ દિવસોમાં ગ્રીસની સભ્યતા, ઉન્નતિ અને યશના શિખર પર પહોંચી ગઈ હતી. આખી દુનિયા ગ્રીક સભ્યતા અથવા ગ્રીક શૃંગાર–કલાને સર્વોત્તમ માનતી હતી. તે કારણથી ફબિઉસ ગ્રૈયાને ગ્રીસથી ખરીદી લાવ્યા હતા, કે જેથી કરીને તે ફબીઓલાનો શૃંગાર અધિક સુંદર રીતે સજાવી શકે. ગ્રૈયા પણ વાતો બનાવી કાઢવામાં ઓછી ઊતરે એવી ન હતી. તે રેશમનો એક નવો પોશાક પહેરાવતાં પહેરાવતાં બોલી, " સ્વામિની ! આજે જોજોને, ભોજન પર પધારેલા મહેમાનો આપને આ પોશાકમાં જોઈને નાચી ઊઠશે. બરાબર એવી રીતે : જેવી રીતે ચન્દ્રને જોઈને ચકોર નાચી ઊઠે છે.

ત્રીજી હતી બિચારી સીરા. તે ચૂપચાપ બેસીને પોતાનું કામ કર્યા કરતી હતી. તેના બંને હાથ પોતાની પ્રિય સ્વામિનીની સેવામાં ગુંથાયેલા હતા. અને તેનું મન ઘણું કરીને રકતબિંદુઓથી શણગારાયેલા પોતાના પ્યારા પ્રભુના ચરણો પર લાગેલું હતું.

કોણ જાણે શા માટે તેનો મૌન ભાવ ફબીઓલાને ન ગમ્યો ! આફરા અને ગ્રૈયાની માફક કદાપિ તે સીરાની તરફથી પણ જૂઠા–સાચા શબ્દો સાંભળવાની આશા રાખતી હતી. પોતાની એ આશામાં નિરાશ થવાથી કાંઈક તિરસ્કારભર્યા સ્વરે તે બોલી, "અલી સીરા ! તું મોઢું બંધ કરીને કેમ બેઠી છે ? જીભ નથી શું ?

ઘણા જ મધુર સ્વરમાં દાસીએ આદરપૂર્વક ઉત્તર દીધો, " પ્રિય સ્વામિની ! એ જ તો વિચારું છું કે હું શું બોલું ?

" કેમ, તને વાત કરવાનું કાંઈપણ નથી મળતું +? આ પણ તારા

જેવી જ દાસીઓ છે. પોતાની સ્વામિનીના ગુણગાન ગાય છે, પોતપોતાના કામની સ્તુતિ કરે છે, અને તું ?

"માનવંત સ્વામિની ! હું કઈ વસ્તુને યોગ્ય છું કે મારા કામનાં વખાણ કરું ? હવે રહ્યો આપના પોતા વિષેનો પ્રશ્ન. તેને માટે તો હું સૂતાં–જાગતાં, ઊઠતાં–બેસતાં પ્રાર્થના કરતી જ રહું છું કે આપનું જીવન સુખી બને, આપને સાચો યશ પ્રાપ્ત થાય અને જેવી રીતે હું આપને માન આપું છું તેવી રીતે એક દિવસ આખી દુનિયા આપને માન આપે.

ઉત્તર ઘણો જ સુંદર, ઘણો જ આદરભર્યો અને પ્રેમમય હતો. પણ અભિમાનમાં ડૂબેલી ફબીઓલા એ સાંભળીને પ્રસન્ન ન થઈ. કાંઈક ગૂઢાર્થભર્યા સ્વરમાં તે બોલી, " હું એ બધું જ સમજું છું. તારું હૃદય ઘણું કાળું છે. બીકને લીધે તું ઉપર–ઉપરથી એવી વાતો કહે છે. તારા મનમાં કોણ જાણે શું નું શું ય ચાલતું હશે, તેથી જ તું કદી પણ મારી પ્રશંસા નથી કરતી.

સ્વામિનીના પગ દબાવતાં સીરાએ ઘણા જ શાંત સ્વરમાં ઉત્તર દીધો, " પ્રિય, સ્વામિની ! આપની ગરીબ ગુલામ દાસીના સંબંધમાં આપ એવું કદી પણ ન વિચારશો. તે તો આપને હૃદયથી ચાહે છે અને આપની કીર્તિ–ઈજજતની દિન–રાત શુભ ઈચ્છાઓ કરતી રહે છે. હવે આપની પ્રશંસાની વાત બાકી રહી. માનવંત સ્વામિની ! મારા જેવી ગરીબ દાસીના મોઢામાંથી વખાણના બે શબ્દો નીકળી પણ જાય તોયે તેનું મહત્ત્વ શું હોઈ શકે ? આખું રોમ આપની પ્રશંસાનાં ગીત ગાય છે. મોટા મોટા ખાનદાન નવજુવાન આપનાં ગુણગાન કરે છે. આવી હાલતમાં આપ જ બતાવો કે મારા જેવી એક ગરીબ ગુલામ દાસીના શબ્દો, ભલે તે હૃદયના ઊંડાણમાંથી કેમ ન નીકળ્યા હોય, છતાં પણ આપની નજરમાં તેનું સ્થાંન જ શું હોઈ શકે છે ? સિવાય એટલું જ કે આપ હસી નાખીને એ સાચા પ્રેમભાવોનું અપમાન કરી દો.

તેથી જ ... વાત સત્ય હતી પણ ફબીઓલા સહી ન શકી. આંખોમાં ક્રોધ ભરીને કડવા શબ્દોમાં તે બોલી, " ગુલામ દાસી ! બસ કર. હું તારો બકવાટ સાંભળવા નથી ચાહતી.

આફ્રા અને ગ્રૈયા પણ સીરાની તરફ આંખો ફાડી–ફાડીને જોવા લાગી. સીરા પ્રથમની માફક જ શાંતપણે પોતાની સ્વામિનીના ચરણો દબાવી રહી હતી. અતિ નમ્ર સ્વરમાં તે બોલી, " પણ માનવંત સ્વામિની ! મેં તો આપને કોઈ ખરાબ વાત નથી કહી. એક સાધારણ સાચી વાત કહી છે.

"દાસી, તું ભૂલી રહી છે, તું એક ગુલામ દાસી છે. મેં કિંમત દઈને તને ખરીદી છે, અને હવે તારા પર મારો પૂરેપૂરો અધિકાર છે. જો હું ચાહું તો તારી આ કાતર જેવી જીભ, વડે તું સત્ય ફેલાવવા બેઠી છે તેને કપાવી નાખીને ફેંકાવી દઉં. તું ગુલામ છે અને હવે તારી આ જીભ પર, તારા આ શરીર પર, તારો નહિ પણ તારા સ્વામિનીનો અધિકાર છે. તે ચાહે તો એક ઈસારા માત્રથી તારો પ્રાણ ખેંચાવી લે.

એમ બોલતાં જ ફબીઓલાએ ઘણી જ કઠોરતાથી સીરાને પગની એક ઠોકર મારી. પણ શાંતિ અને પ્રેમની પ્રતિમા સીરા, જેનું હૃદય–કમળ શાંતિના તે અમર પ્રભુ, ખ્રિસ્ત ઈસુના પવિત્ર ચરણોમાં સદા લાગેલું રહેતું હતું ; તે ઘણી નિષ્કપટ વાણીમાં બોલી, " માનવંત સ્વામિની ! આપને કાંઈ લાગ્યું તો નથી ? હું કેટલી ખરાબ છું કે આપને મેં આ કષ્ટ દીધું.

" કષ્ટ ! કાંઈક તોછડાઈભર્યા હાસ્ય સાથે ફબીઓલા બોલી, " આવાં કષ્ટ દીધા સિવાય તારા સમજવામાં નહિ આવે કે તારા પર તારી સ્વામિનીનો પૂર્ણ અધિકાર છે.

ઘણા જ પ્રેમ સાથે સીરા બોલી, " પણ સ્વામિની ! મેં એવું ક્યારે કહ્યું, કે મારા પર આપનો પૂર્ણ અધિકાર નથી ? એટલું કહીને

સીરાએ એક શીતળ નિશ્વાસ મૂકયો અને ફરીથી બોલી, ''વહાલાં સ્વામિની ! હું એક ગુલામ દાસી છું અને આપ મારાં સ્વામિની છો. મારાં તન, મન, ધન ત્રણે પર આપનો પૂરેપૂરો અધિકાર છે અને મારા પ્રાણ પર પણ આપનો જ અધિકાર છે. મારો તો માત્ર એક જ વસ્તુ પર અધિકાર છે ... અને ...

અગ્નિના ભડકા જેવી બનીને ફબીઓલા ખુરશી પર કૂદવા લાગી અને તીરથી પણ કાતિલ શબ્દોમાં બૂમ પાડીને બોલવા લાગી, '' અને તે છે ?

સીરાના સુંદર મુખ પર દિવ્ય ભાવનાની નિર્મળ ઝલક ઊતરી આવી હતી. તે ઘણા જ દઢ પણ પ્રેમ–પૂર્ણ સ્વરમાં બોલી, '' અને તે તો મારો આત્મા છે.

''તારો આત્મા ? દાંત પીસતાં ફબીઓલા બોલી.

''હા, સ્વામિની ! મારો આત્મા. માત્ર એ એક જ વસ્તુ બાકી છે કે જેના પર આ ગરીબ ગુલામ દાસીનો અધિકાર છે.

'' તારી મતલબ ?

'' મારી મતલબ એ છે, સ્વામિની ! કે મૃત્યુ સુધી સાથે રહેનારી પ્રત્યેક વસ્તુ પર, અથવા મારું શરીર, મારું ધન અને છેવટમાં છેવટ મારા પ્રાણ પર પણ આપનો પૂરેપૂરો અધિકાર છે. કેવળ પેલી એક વસ્તુ, કે જેને શસ્ત્રો છેદી શકતાં નથી, જેને અગ્નિ બાળી શકતો નથી તેના પર મારો અધિકાર છે.

'' અને તે વસ્તુ છે ? ફબીઓલાના હોઠ કંપી રહ્યા હતા. પણ સીરાએ અમૃતભર્યા સ્વરમાં ઉત્તર દીધો, '' તે તો મારો આત્મા છે.

'' તો શું એ આત્મા પર મારો અધિકાર નથી ?

'' નહિ, સ્વામિની ! તેના પર તો કોઈ બીજાનો જ અધિકાર છે.

ગુલામ દાસીના મુખમાંથી એવો અશુભ ઉત્તર સાંભળીને ફબીઓલાને એવું લાગ્યું કે જાણે કોઈએ તેના મુખ પર જોરથી થપ્પડ મારી દીધી હોય. અપમાનની ભાવનાથી તેનાં રોમેરોમ સળગી ઊઠયાં. તેની આંખોમાં લોહીની રેખાઓ ઊઠી આવી. જીવનમાં ઘણું કરીને આજે પહેલી જ વાર તેને અપમાનનો આવો ભયંકર અનુભવ થયો હતો. ગાંડાની માફક માથું ધુણાવીને પાસેના એક બાજઠ પર પડેલી ધારદાર ચળકતી કટાર ઉપાડી અને સીરાની તરફ જોરથી ફેંકી.

કટાર સીધી સીરાના જમણા હાથ પર લાગી અને રકતની જોરદાર ધારા રોમન તરુણીના શૃંગાર–ગૃહમાં વહેવા લાગી.

પણ સીરાના હોઠોમાંથી 'હાશ જેવો એક શબ્દ પણ ન નીકળ્યો. હાથમાં ખૂંચી ગયેલી કટાર પકડીને તે ચૂપચાપ બેસી રહી.

પણ થોડીક જ ક્ષણો પછી ફબીઓલાની નજર જેવી દાસીની એ કરુણામય દશા પર પડી ત્યાં તો તેનું ગાંડપણ તરત ઓગળી ગયું. પાસે જઈને તેણે જોયું તો ઘા ઘણો ઊંડો પડી ગયો હતો અને રકતની ધારાઓ વેગથી વહેતી હતી. ફબીઓલાને તરત એ વાતનો અનુભવ થયો કે પાગલપણામાં આવીને તેણે એક ઘોર પાપ કરી નાખ્યું હતું.

શરમથી તેની આંખો દાસીની સામે નમી ગઈ. પોતાના હાથમાંથી હીરાની એક વીંટી કાઢીને સીરાને આપતાં તે બોલી, '' સીરા ! મારાથી ભૂલ થઈ ! તું વિશ્વાસ કરજે, હું તને આટલો મોટો ઘાવ કરવા ચાહતી ન હતી.

સીરાના હોઠોમાંથી કેવળ આ બે શબ્દો નીકળી શકયા, '' પ્રિય સ્વામિની ! અને તે જમીન પર ઢળી પડી. ફબીઓલા ગભરાઈને આફરાની તરફ ફરી અને બોલી, '' આફરા ! સીરાને ઊંડો ઘા થઈ ગયો છે. તેને જલદી યુફોસીનની પાસે લઈ જા, અને કટાર કઢાવીને બિચારીને ઘેર પહોંચાડી દેજે. હાય ! મેં આ શું કર્યું ?

આગલે દિવસે રવિવાર હતો. સંત પીતરની મંડળીના અધ્યક્ષ, પ્રભુ–ભકત પોલીકાર્પજીએ સંધ્યા સમયે પોતાની ભિક્ષા–ઝોળી ખોલી તો તેમાંથી તેમને હીરાની એક અતિ મૂલ્યવાન વીંટી મળી. પહેલાં તો તેમને આશ્ચર્ય થયું, પણ પછીથી મનમાં ને મનમાં બોલ્યા, '' કોઈ અમીરે અર્પણ કરી હશે.

અરે ! પણ બિચારા પોલીકાર્પ, પ્રભુ–ભકતોની સ્થિતિ વિષે શું જાણે ? પોતાનાં વહાલાંઓની હાલત તો બસ તે કરુણાસાગર પ્રભુ જ સમજી શકે છે. યરૂશાલેમની એ ભિક્ષાની ઝોળી પર પોતાની કરૂણાભરી નજર રાખનાર પ્રભુ ખ્રિસ્ત સિવાય વીંટીનું એ રહસ્ય બીજા કોઈ સમજી ન શકયા.

પ્રકરણ ૩જું

દયામય આગ્નેસના સમજાવ્યા પછી .....

સેવા અને સરળતાની પ્રતિમા સાધ્વી આગ્નેસે તેનું સર્વસ્વ પોતાના પ્યારા પ્રભુના ચરણો પર સમર્પણ કરી દીધું હતું. દુઃખીઓની સેવા કરવી, ભૂખ્યાં–તરસ્યાંને ભોજન કરાવવું અને ફરીફરીને પોતાના પ્રેમી ઈસુના નામનો પ્રચાર કરવો, નવ તરુણીના જીવનો એકમાત્ર એ જ 'ઉદ્ધેશ હતો.

તેના સાહસની કોઇ સીમા ન હતી. 'પ્રેમની વેદી પર પોતાના પ્રાણની આહુતી સુદ્ધાં દેવાને તે સદા તૈયાર રહેતી. પ્રભુ–પ્રેમીઓની વિરુદ્ધ રોમમાં ચાલતાં તોફાન અને ચાલી રહેલી આંધીમાં પણ તેની સેવાનો દીપક જલતો રહ્યો હતો.

પોતાના પ્યારા પ્રભુની માફક આગ્નેસ પણ ત્યાગ અને કષ્ટો સહેવામાં જ જીવનનો ઉપયોગ કરવા ચાહતી હતી. રોમના એક પ્રખ્યાત ધન–પતિના પરિવારની પુત્રી હોવા છતાં પણ તેનું બાહ્ય જીવન ઘણું કરીને તે જ કારણથી ગરીબોની પેઠે વીતી રહ્યું હતું. સાવ સાદાં દૂધ સમાન વસ્ત્રો ઉપર તેની અનન્ય પ્રીતિ હતી.શૃંગાર અને યૌવન સાથે જોડાયેલા વૈભવ–વિલાસ તેના પુનીત પાલવ સુદ્ધાંને પણ સ્પર્શવા પામતા નહિ.

તેના પવિત્ર સૌન્દર્યની ઉપમા કેવળ ઉષા–કિરણોની સાથે જ વર્ણવી શકાય .ગુલાબની સુકોમળ પાંખડીઓ સમાન તેના સુંદર કપાળ પર બ્રહ્મચર્યનું પુનિત તેજ જોઇને મંડળીના ભક્ત–જનો મુગ્ધ થઈ જતા. માત્ર ચૌદ વર્ષની તે નવ તરુણીની સામે શ્રધ્ધાથી તેમની આંખો નમી જતી.

તેની પિતરાઈ બહેન ફબીઓલાનું આમંત્રણ મળતાં જ આગ્નેસ 'ફબીઉસ નિકેતન પર આવી પહોંચી. રાતનો અંધકાર ખાંઉ ખાંઉ કરી રહ્યો હતો. આનંદમાં હસતી કૂદતી કૂદતી તરુણ બાલિકા સીડીને માર્ગે ઉપર ગઈ. પણ જેવી જ....પણ જેવી જ તે પેલા પડદાની પાસે પહોંચી કે એકાએક ત્યાં અટકી ગઈ અને પડદાની આડમાં ઊભી રહીને ખૂબ ધ્યાનથી ફબીઓલા અને સીરાની વચ્ચે થતી વાતો સાંભળવા લાગી. દાસી સીરાની અચળ પ્રભુ–ભકિત અને તેનો અડગ વિશ્વાસ જોઈને આગ્નેસ મનમાં ને મનમાં અતિશય પ્રસન્ન થઇ રહી હતી. પણ ફબીઓલાએ જયારે ક્રૂરતાભરી રીતે કટારથી નિર્દોષ દાસી પર પ્રહાર કર્યો ત્યારે તેની આંખો અ શ્રુથી ભરાઈ આવી.

નવ–તરુણીની આંખોમાંથી દયા, દર્દ અને પ્રેમના આંસુ ઢળી રહ્યાં હતાં અને તે પડદાની આડમાં ચૂપચાપ ઊભી હતી. બીજી દાસીઓનો ટેકો લઈ ને સીરા જેવી ખંડમાંથી બહાર નીકળી કે આગ્નેસે

તેને રોકી લીધી. પૂર્ણભકિત અને અગાધ પ્રેમથી દાસીના બંન્ને હાથ ચૂમીને બોલી, '+'દેવ–દૂત સીરા ! તું ખરેખર વંદનીય છે.

સીરાની ફીક્કી પડી ગયેલી આંખો એકાએક ખીલી ઊઠી, અને તેના હોઠોમાંથી શાંત શ્વાસ નીકળી પડયો, ' સાધ્વી આગ્નેસ ! એમ બોલીને સીરા આગળ ચાલવા લાગી કે આગ્નેસે તેને છાનાંમાનાં કાનમાં કહ્યું '' થોડીવાર પછી બહારના દરવાજા પર મને મળજો, ભૂલશો નહી.

ફબીઓલાનું રૂંવેરૂવું આ વખતે ભયંકર આત્મપીડાની જવાળામાં જલી રહ્યું હતું. શરમની મારી તેની આંખો નમી ગઈ હતી. ઘણું કરીને આજ સુધીના તેના જીવનમાં કોઇ દિવસ પોતાના કાર્યની પાછળ જેટલો પ્રશ્યાતાપ તેને આજે થયો તેટલો કદી પણ થયો નહી હોય. રહી રહીને તે પાગલની માફક ધણધણી ઊઠતી. જાણે રાતના અંધકારમાં કોઈ તિરસ્કારભર્યા અવાજે તેને વારંવાર કહી રહ્યું હોય, '' ફબીઓલા ! તેં એક નિર્દોષ દાસી પર બધી ક્રૂરતાથી પ્રહાર કર્યો ? તું ઘૃણાને પાત્ર છે....ઘૃણાને ઘૃણાને.... અને એ અપમાનભર્યા શબ્દો, માનો રોમન તરુણીના કાનોમાં પીગળેલા સીસાની માફક રેડાઈ રહ્યા હોય !

આંખો લૂછીને આગ્નેસે ધીરેથી પડદો હટાવ્યો અને ખંડમાં પ્રવેશ કર્યો. દીપકના આછા–ધૂંધળા ઉજાસમાં કોઈને પોતાની તરફ આવતું જોઇને ફબીઓલા ચમકી ગઇ. આગ્નેસ માથાથી પગ સુધી દૂધસમાન ઉજળાં વસ્ત્રો પહેરેલી હતી. જેવી તે આગળ ગઈ કે ફબીઓલાએ તેને ઓળખી લીધી અને ગભરાટ ભરેલા અવાજે બોલી, '' ઓ આગ્નેસ ! તું આવી ? પણ આવી બિહામણી રાતના સમયે ?

પાસે જઇને આગ્નેસ બોલી,'' બહેન ! તું આટલી બધી

ગભરાઈ કેમ રહી છે ? હજુ તો આઠ પણ નથી વાગ્યા. કાકા++જી પણ પાછા નથી ફર્યા.

પોતાની મુશ્કેલીને સંતાડવાનો પ્રયત્ન કરતાં ફબીઓલા બોલી, " હા, હા ! તું ઠીક કહે છે. હું તો ભૂલી ગઈ હતી. સારું થયું કે તું આવી ગઈ. પિતાજીએ કેટલાક મોટા મોટા માણસોને આજ રાતના ભોજન પર આમંત્ર્યા છે. પણ આગ્નેસ ! તેં આ શું કર્યું ? વળી પાછાં એ જ ફકીરોના જેવા સફેદ કપડાં ! મેં તો આફરાની સાથે કહાવી મોકલ્યું હતું, કે સારાં સારાં કપડાં પહેરીને આવજે. લોકો શું કહેશે ? તારી આ નવી ખીલતી જુવાની અને આ ઊભરાઈ જતું સૌન્દર્ય ! આગ્નેસ તું તારી જૂની ટેવો ક્યારે છોડશે ? અને આ શું ? તારા સફેદ કપડા પર આ લાલ ડાઘ ક્યાંથી ?

ફબીઓલા ચમકી જઈને ખુરશી પરથી 'ઊઠી ઊભી થઈ ગઈ, અને આગ્નેસનાં કપડાં પર પડેલા ડાઘને સ્પર્શ કરી બોલી, " આગ્નેસ આ તો રકતના ડાઘ છે, ક્યાંક રસ્તામાં ઠોકર તો નથી લાગી ?

" નહીં બહેન ! તમે ચિંતા ન કરો.

ઉત્તર સાંભળીને ફબીઓલા થોડું થોડું સમજી તો ગઈ, પણ વાત છુપાવતાં બોલી, " પણ આ ડાઘ તો બહુ ખરાબ લાગે છે. ચાલ તારાં કપડાં બદલાવી દઉં.

"નહીં, બહેન ! હું તો આજે આ કપડાં જ પહેરીશ. મને આ બહુ જ પ્રિય લાગે છે. તમે જ જુઓને એક ગરીબ ભકત–દાસીનાં પવિત્ર રકત બિંદુઓથી મારાં વસ્ત્રો કેટલાં પવિત્ર અને કેટલા સુંદર લાગે છે !

આગ્નેસની વાત સાંભળતાં જ ફબીઓલાનું શિર શરમથી નીચું નમી ગયું, પણ એક નાની સરખી છોકરી કે જેને તેણે પોતાના હાથથી ખવડાવ્યું હોય તેની સામે ફબીઓલા પોતાના દોષનો કેવી રીતે સ્વીકાર

કરી લે ? પોતાની દ્રષ્ટિએ તો તે હલકી બની ચૂકી હતી, પણ પોતાની નાની સરખી બહેનની આગળ તે પોતાના આત્મસ્વમાનને કેવી રીતે નીચે પડવા દે ? 'હૃદયનું ક્ષીણ થઈ ગયેલું બળ ભેગું કરીને બોલી, '' આગ્નેસ તારું આ ગાંડપણ મને ગમતું નથી.

ફબીઓલાની આંખો તરફ તીક્ષ્ણ નજરે જોઈ રહીને ઘણા જ શાંત અને જિજ્ઞાસાભર્યા સ્વરમાં બોલી, '' મારું ગાંડપણ ?

'' તો વળી બીજું શું ? ગુલામોને એટલું બધું મહ+ત્ત્વ આપવું એ નર્યું ગાંડપણ નહિ તો બીજું શું કહેવાય ? આપણે તેને નાણાંથી ખરીદીએ છીએ તેથી આપણો તેના પર પૂરો અધિકાર છે. આપણે જેવી રીતે ચાહીએ તેવી રીતે તેની સાથે વર્તી શકીએ.

એક ઠંડો નિઃશ્વાસ મૂકતાં આગ્નેસે ઉત્તર દીધો, '' હા, બહેન! પૈસા દઈને ખરીદેલી ગુલામ દાસી પર તમારો પૂરો અધિકાર છે. તમે ચાહો તો તેના શરીરનું છેલ્લું રકતબિંદુ પણ ખેંચી લો. પણ ... એમ કહીને આગ્નેસ અટકી ગઈ. ફબીઓલાની સામે પોતાના મનના ભાવોને પૂરેપૂરા ખુલ્લા કરવામાં તે સંકોચ અનુભવતી હતી.

'' પણ શું ?

'' પણ, પૈસા દઈને તમે ગુલામ દાસીનું શરીર ખરીદી શકો છો, તેનો આત્મા નહિ. આત્મા પર વિજય મેળવવાનું એકમાત્ર સાધન તે પ્રેમ છે.

ફબીઓલાના મૂર્ખાઈ ભરેલા અભિમાનને ઠોકર જેવું લાગ્યું, તેથી તે ગુસ્સે થઈને બોલી, '' પ્રેમ ! એક ગુલામ દાસી ઉપર હું પ્રેમ કરું ? તું ગાંડી તો નથી થઈ ગઈને ?

દેવબાલાએ ઘણા જ ધૈર્યભર્યા સ્વરે ઉત્તર દીધો, '' નહિ, બહેન! હું ગાંડી નથી. સંભવ છે કે મારી વાતો તમને ગાંડપણથી ભરેલી લાગતી હોય, પણ તે તો બિલકુલ ખરી છે.

" પણ આગ્નેસ ! એ કેમ સંભવી શકે કે હું મારી પોતાની જ ગુલામ દાસી ઉપર પ્રેમ કરું ?

" કેમ નહિ ? અંતે તો તે તેનું જ સંતાન છે, કે જેનાં સંતાનો હું અને તમે પણ છીએ. તેથી આપણે તો તેમના પર પોતાની બહેનોની માફક પ્રેમ કરવો જોઈએ.

" છી ! છી ! એક ગુલામ દાસી, જેને મેં ચાંદીના સિકકા દઈને ખરીદી છે ; તે મારી બહેન બને ! ફબીઓલા તો મરીને પણ એવું ભયંકર અપમાન સહી નહિ શકે એવું બોલીને ફબીઓલા ખુરશી પર બેસી ગઈ.

તેના પર એક કરુણાભરી દષ્ટિ નાખીને આગ્નેસ બોલી, " ઈશ્વર તમને સદ્‌બુદ્ધિ દો કે તમે સત્યને પારખી શકો.

થોડી વાર સુધી પૂરેપૂરી શાંતિ છવાઈ રહી. ફબીઓલા આંખો પર હાથ મૂકીને કોણ જાણે શું નું શું વિચારતી બેસી રહી. ત્યારે આગ્નેસે તેની પાસે જઈને કહ્યું " ફબીઓલા ! આજે હું તમારી પાસે કાંઈક માગવા ચાહું છું, આપશોને ?

" દેવબાલા આગ્નેસ, જે પોતાના જીવનમાં કેવળ દેવાનું જ શીખી છે, તે આજ મારી પાસે કાંઈક માગવા ચાહે છે ? ફબીઓલાને ઘણી નવાઈ લાગી. આગ્નેસને ધ્યાનથી નિહાળતાં તે બોલી, " આગ્નેસ! તેં આ કેવો અદ્‌ભુત પ્રશ્ન કર્યો ?

" એ જ કે હું આજે તમારી પાસે કાંઈક માગવા ચાહું છું તે આપશોને ?

ઘણા પ્રેમ સાથે આગ્નેસના ખભા થપથપાવીને ફબીઓલાએ ઉત્તર આપ્યો, " આગ્નેસ ! તું હજુ સુધી મારા પ્રેમને નથી સમજી શકી ?

" નહિ નહિ, બહેન ! એવી વાત નથી. હું એ જાણું છું કે તમે

મારા પર તમારા જીવ કરતાં પણ વિશેષ પ્રેમ કરો છો, અને મને આનંદ આપવા તમારું સર્વસ્વ લુટાવી દઈ શકો છો. પણ આજ ...

" પણ આજ, તને એવો સંદેહ કેમ થઈ રહ્યો છે ? શું આજ હું એટલી બધી હલકા સ્વભાવની થઈ ગઈ છું, કે ... ફબીઓલાનો કંઠ ભરાઈ આવ્યો હતો તેથી આગ્નેસે વાતને વચમાંથી અટકાવીને કહ્યું, એવું ન બોલો ફબીઓલા ! મારા હૃદયમાં તો તમારું પહેલાં હતું એવું જ સન્માન છે.

" તો પછી, આગ્નેસ ! માગી લે, શું માગવા ચાહતી હતી ? આ તારી ફબીઓલા પ્રાણ દઈને પણ તારી ઈચ્છા પૂરી કરશે.

" સીરા મને દઈ દો. પ્રભુની ઈચ્છા, તો હું એને અધિક પ્યારથી રાખી શકીશ ; અને તે તો તમારે યોગ્ય પણ નથી.

આગ્નેસની વાત ફબીઓલાના અભ્યંતરમાં જઈને ખૂંચી ગઈ. તેના બંને હાથ પકડીને તે ઘણા જ દર્દભર્યા અવાજે કહેવા લાગી, " એવું ન કહીશ આગ્નેસ ! મને એ વાતથી ઘણું દુઃખ થાય છે. તું કદાચને વિશ્વાસ નહિ કરે, કે હવેથી હું સીરાનું ખરા હૃદયથી સન્માન કરું છું. તેની નિષ્કપટ સ્વામીભક્તિ અને અપાર સહનશીલતાની મારા હૃદય પર છાપ લાગી ગઈ છે. એવી આદર્શ દાસી પ્રત્યે મેં આજે જે કઠોર અન્યાય કર્યો છે, તેનું મને પોતાને ઘણું દુઃખ થાય છે. હું હવે તેને મારાથી અળગી કરવાનું કદી પણ પસંદ કરીશ નહિ.

" એ બધી વાત ઠીક છે, બહેન ! હું તમારા બોલવા પર વિશ્વાસ પણ કરું છું. છતાં પણ હું ચાહું છું કે સીરા મારી સાથે રહે તો સારુ, કે હું તેની પાસેથી કાંઈક શીખી શકું. સેવા, ક્ષમા અને પ્રેમ. આ ત્રણ સદ્‌ગુણ નારીને ખરા અર્થમાં દૈવી નારી બનાવી શકે છે. અને એ ત્રણ સદ્‌ગુણ સીરાના ચારિત્ર્યમાં ઈશ્વરે દાબીને ભરેલા છે. તેના પવિત્ર સહવાસના સૌભાગ્યનું દાન તમારે મને દેવું જ પડશે. તમે ભરોસો રાખજો, બહેન!

હું તેને ઘણા પ્યારની સાથે રાખીશ.

" એ તો હું સારી પેઠે જાણું છું, આગ્નેસ ! કે કોઈપણ વ્યકિત તારી સાથે રહેશે, તે સુખી જ રહેશે. તારો પ્રેમ જ એવો છે. પરાયા લોકોને તું ક્ષણભરમાં પોતાના બનાવી લે છે. દુઃખીમાં દુઃખી માણસ પણ તારી પાસે રહીને સુખી બની જાય છે.

અને એમ કહીને ફબીઓલાએ આગ્નેસનું મસ્તક ચૂમી લીધું. તેની જાદુભરી આંખોમાં આંખો પરોવીને બોલી, " ખરેખર, પ્રેમની સાકાર પ્રતિમા સમી તું આદર્શ દેવપુત્રી છે ! તારા પ્રેમના પ્રભાવથી પથ્થર સમાન માનવીને પણ તું પીગળાવી શકે છે. અને મારો તો વિશ્વાસ છે કે જો કદાપિ તને એમ્ફીથિયેટરના અખાડામાં ખૂની જાનવરોની આગળ નાખી દેવામાં આવે તો તેઓ પણ તને ચાહવા લાગશે. તને મારી ન નાખતાં કદાપિ તેઓ તારા ચરણોમાં શિર ઝુકાવી દેશે.

ઘણા લાડ સાથે ફબીઓલાના હાથોમાંથી પોતાના હાથ છોડાવીને આગ્નેસ બોલી, " પ્રશંસાનો પૂલ બાંધીને મને ભુલાવવાની ચેષ્ટા ન કરો. મને સીરા જોઈએ અને તે પણ આજે જ. બોલો કેટલી કિંમત ચાહો છો ?

આગ્નેસના પ્રેમપૂર્ણ આગ્રહની પાસે ફબીઓલાનાં એક વાત પણ ન ચાલી. આખરે હારીને તે બોલી, " તો તું એને છોડીશ નહિ ?

" નહિ, હું એને લઈને જ જઇશ. તમારી કિંમત બોલો.

" આગ્નેસ! હું તને નિરાશ કરીને દુઃખી કરવા નથી ચાહતી, તેથી મારી ઈચ્છા ન હોવા છતાં પણ હું તારી માંગણીનો સ્વીકાર કરું છું. કાલે આવજે અને મારા મેનેજરની સાથે વાત કરી લેજે. પણ એટલું તો તું નકકી માનજે કે સીરાના ગયા પછી મને બહુ જ દુઃખ થશે.

પ્રકરણ ૪થું

પ્રાણધન સેબસ્તિયનના પક્ષમાં .....

પ્રભુ–ભકતોનું જીવન, જીવન–મરણના ઝુલામાં ઝૂલી રહ્યું હતું. રોમના અત્યાચારી સમ્રાટ મકસીમિયને પોતાના વિશાળ સામ્રાજયમાંથી ખ્રિસ્ત–પ્રેમીઓનાં નામ–નિશાન સુધ્ધાં ભૂંસી નાખવાનો દઢ નિશ્ચય કરી લીધો હતો. વિધર્મી રોમન સરકારની નજરમાં ' પ્રભુ–પ્રેમ એ એક ઘોર અપરાધ બની ચૂકયો હતો.

બિચારા ભલાભોળા પ્રભુ–પ્રેમીઓ પર જાતજાતની મુસીબતો પથરાયે જતી હતી. રોજરોજ બિચારાઓનાં ઘરો સળગાવી મૂકવામાં આવતાં. નિરપરાધ ખ્રિસ્તી નાગરિકોને પ્રભુ–પ્રેમના અપરાધમાં ફાંસીના તખ્તા પર લટકાવી દેવાતા અને જો કોઈ વ્યકિત અધિક ઉત્સાહથી પોતાના પ્યારા ઈસુનામનો પ્રચાર કરતાં પકડાઈ જતી તો તેને વગર પૂછયે એમ્ફીથિયેટરનાં પાંજરામાં નાખી દેવામાં આવતી એ માટે કે લોહી તરસ્યા સિંહ અને ચિત્તા તેઓના રકતથી પોતાના તરસ્યા હોઠોની તરસ છિપાવી શકે.

આટલું બધું દુઃખ સહેવા છતાં પણ એ બિચારા પ્રભુ–પ્રેમી એક શબ્દ પણ બોલતા નહિ. હાયકારાનો પણ અવાજ કરતા નહિ. કેવી કઠણ પરીક્ષાનો એ ભયંકર સમય હતો ! ઈ.સ. ૩૦૨ના એ દિવસો રોમને પણ સદાને માટે યાદ રહેશે.

એક બાજુએ વિનાશની આ વીણા વાગી રહી હતી જયારે બીજી બાજુએ મૂર્તિ–પૂજકોની દુનિયામાં રંગ–વિલાસનું બજાર ગરમ હતું. છકેલી તરુણીઓનાં માદક નૃત્યોથી તેમનાં આંગણાં ભરચક રહ્યાં જ કરતાં હતાં. સમ્રાટને ભગવાન માનનારા આ મૂર્તિ–પૂજકોને

મદિરા–પાનની સાથે સાથે સર્વ પ્રકારની સગવડતા પણ મળતી હતી. સ્નાન–ગૃહોના દરવાજા અને એમ્ફીથિયેટરના રંગમંચ તેઓને માટે ખુલ્લા રહેતા હતા, એટલું જ નહિ પણ બિચારા પ્રભુ–ભકતોનાં ધન લૂટી–લૂટીને સરકાર તેઓનાં ઘર ભરી રહી હતી.

એ ઉપરાંત અમીરોના સંબંધમાં તો કહેવાનું જ શું હોય ! તેમની હવેલીઓ વૈભવ–વિલાસ અને આનંદોપભોગનું કેન્દ્ર થઈ પડી હતી. પ્રતિદિન તેઓ વાર્તાલાપમાં મશગૂલ રહેતા. બાગ–બગીચાઓમાં અપ્સરાઓનાં ખુલ્લાં નાચગાન થતાં, અને ત્યાં જીવ ભરી–ભરીને પ્યાલીઓની મજા લૂટતા. ઈશ્વરને ભૂલી જઈને તેઓ સર્વ પ્રકારે નીડર થઈ ગયા હતા. ભયંકર પાપાચારમાં તેઓનાં જીવન વ્યતિત થઈ રહ્યાં હતાં. પવિત્રતા તેમની પડખે પણ ચડતી ન હતી. રોમના વિધર્મીઓનું એ સમયે ઘોર પતન થઈ ચૂકયું હતું.

વિખ્યાત રોમન સુંદરી ફબીઓલાના પિતા શ્રી ફબિઉસ પણ રોમના એક સુપ્રસિદ્ધ શ્રીમંત હતા. કવીરીનલ પહાડના મેદાનમાં, દ્રાક્ષોનાં હર્યાં–ભર્યાં ખેતરોથી ઘેરાયેલો તેમનો સુમનોહર ' ફબિઉસ–મહેલ એ સમયે સુખેશ્વર્યના ઉચ્ચ શિખરે પહોંચ્યો હતો. દેશ–વિદેશથી વિવિધ પ્રકારની કિંમતી ચીજો લાવી–લાવીને ફબિઉસે તેમના નિવાસ–નિકેતનને રાજમહેલ જેવો સુંદર બનાવી દીધો હતો. દરવાજા પર અતિ કિંમતી પડદાઓ લટકાવી દેવામાં આવ્યા હતાં. સંગેમરમરની ફરસબંધી પર એશિયામાં બનેલા સુંદર ગાલીચા બિછાવી રાખવામાં આવતા. આવનારાઓના સ્વાગતમાં સવારથી જ નિકેતનનો એકેએક ખંડ રંગ–રંગનાં ફૂલોથી સજાવી દેવામાં આવતો.

શહેરના મોટા મોટા લોકોને પોતાને ઘરે બોલાવવા, અને તેમને જાતજાતનાં સ્વાદિષ્ટ ભોજન કરાવવાં, એ જ શ્રીમંત અને અમીરોની એ દિવસોમાં સૌથી મોટી ઓળખ હતી. જે વ્યક્તિ શહેરના

મોટા મોટા લોકોને, પોતાની મિત્રમંડળીના બંધુઓને અને સરકારના ઉચ્ચ પદવીધારીઓને જેટલા વિશેષ ખવડાવતા પીવડાવતા તેટલા જ તેઓ મહાન શ્રીમંત સમજયા જતાં. ઘણું કરીને તે જ કારણથી કોઈ પણ દિવસ એવો કોરો ન જતો કે જે દિવસે ' ફબિઉસ–નિકેતન પર મિત્રમંડળીના ઓછામાં ઓછા બે–ચાર મહેમાનો ભોજન પર આવીને જમી ન ગયા હોય. ખાસ કરીને રાત્રીના ભોજનનું ટેબલ તો તરેહ–તરેહની સ્વાદિષ્ટ વાનગીઓથી સજાવવામાં આવતું અને બરાબર જમવાને વખતે શ્રી ફબિઉસ પોતાના બે–ચાર મિત્રોની સાથે આવી જ પહોંચતા. જો એવું ન કરે તો તો તેમની શ્રીમંતાઈમાં કલંક લાગી જાય ને !

આજે પણ તેઓ પોતાના થોડાએક મિત્રોને રાતના ભોજન પર બોલાવી લાવ્યા હતા. આવનાર મહેમાનોમાં રોમન સરકારના કેટલાક મોટા મોટા અધિકારીઓ પણ હતા. તે કારણથી ટેબલને બહુ જ ચીવટથી સજાવવામાં આવ્યું હતું. પચાસ જેટલી જાતજાતની મીઠાઈઓ અને બાર પ્રકારનાં માંસ તૈયાર કરવામાં આવ્યાં હતાં. સાથોસાથ રંગ–બેરંગી બાટલીઓ પણ ગોઠવી દેવામાં આવી હતી.

દેવપુત્રી આગ્નેસ અને ફબીઓલા હજુ સુધી સીરાના સંબંધમાં જ વાતો કરી રહી હતી, ત્યાં તો દાસીએ અંદર પ્રવેશ કર્યો અને નમીને પ્રણામ કરતાં બોલી, " માનવંત સ્વામિની ! બધા અતિથિઓ આવી પહોંચ્યા છે, તેથી બાબુજી આપને બોલાવે છે. આપ કૃપા કરીને જલદી ચાલો.

" આગ્નેસ ! ચાલ જલદી જઈએ. પિતાજી આપણી રાહ જોઈ રહ્યા હશે. રોમન સરકારના મોટા મોટા અધિકારીઓની સાથે તેઓ મારી ઓળખાણ કરાવવા ચાહે છે.

" પણ બહેન ! તમે હજુ ઘરેણાં તો નથી પહેર્યાં !

" ઘરેણાંની શી જરૂર છે ?

" નહિ, નહિ તમે પહેરી જ લો.

" નહિ, આગ્નેસ ! આજ મારું મન બહુ દુઃખિત છે. ઘરેણાંની વાત તો બાજુએ રહી, હું તો ભોજન પર જ જવા ચાહતી ન હતી. પણ શું કરું ? પિતાજીના પ્રખ્યાત મિત્રો આવેલા છે. જો હું ત્યાં ન જાઉં તો તેમને બહુ જ દુઃખ થશે.

* * * * * *

ડઝનબંધ મોટી મોટી ગેસ–બત્તીઓ ભોજન–ગૃહને શોભાવી રહી હતી. સંગેમરમરના બાજઠ અને મેજો પર મૂકેલી સોનાની થાળીઓ પર નજર પણ ઠેરતી ન હતી. ચારે બાજુની બારીઓ ખોલી નાખવામાં આવી હતી, તેથી હવાનાં મદમસ્ત મોજાં આ ખંડમાં પ્રવેશ કરી રહ્યાં હતાં. તેના વડે સેંટ (અત્તર)ની મધુર સૌરભથી મગજ પ્રફુલ્લિત બની રહેતું હતું. ભોજન–ગૃહની બરાબર મધ્યમાં એક મોટું ગોળ ટેબલ ગોઠવેલું હતું અને તેની આજુબાજુ જુદા જુદા માણસોએ બેઠક લીધી હતી. એક–બેને બાદ કરતાં ટેબલ પર રાખેલી નાના પ્રકારની મીઠાઈઓ પર બીજા બધાની લલચામણી આંખો ચોંટી રહી હતી, અને તેઓ ઘણી અકળામણ સાથે ભોજનની ઘંટડી વાગવાની રાહ જોઈ રહ્યા હતા.

અત્યંત પ્રેમ અને ઉત્સાહ સહિત ફબિઉસે પોતાની ફબીઓલાનું સ્વાગત કર્યું. જેવી તે પાસે આવી કે તરત પ્રેમના ઉમળકાથી તેઓ બોલ્યા, " મારી લાડકી ! તું આવી ગઈ ? પણ તને આટલી બધી વાર કેમ લાગી ? અને આ શું ? તારા અલંકાર ક્યાં ગયા ?

પિતાનો પ્રશ્ન સાંભળતાં જ ફબીઓલા ગભરાઈ ગઈ, પણ આગ્નેસે વાત ઉપાડી લઈને કહ્યું, " અલંકારો તો તેઓ પહેરવા ચાહતાં હતાં પણ મેં જ તેમને રોકી લીધાં. નોકરાણીએ આવીને કહ્યું, કે

બાબુજીએ એકદમ બોલાવ્યાં છે તેથી અમે બંને દોડી આવી. કાકાજીની બીક પણ લાગે છે ને?

આગ્નેસના ભોળા બાળપણ પર ફબિઉસજીને હસવું આવી ગયું. તેઓ તેના ગાલો પર પ્યારભરી એક હલકી ચમાટ અડકાવતાં બોલ્યા, " તું ભારે નટખટ છે. બીજાંઓને પણ પોતાના જેવાં જ બનાવી લેવા ચાહે છે.

" તો શું, કાકા ! હું ખોટી છું ?

" નહિ, નહિ. તને ખોટી કોણ કહી શકે એમ છે ? મારી મતલબ તું ન સમજી. મારી તો એવી મતલબ હતી કે જેવી રીતે તું ફકીરોના જેવાં સાવ સાદાં કપડાં પહેર્યાં કરે છે, એવી જ રીતની ફબીઓલાને પણ બનાવી દેવા ચાહે છે.

" તો શું, કાકા ! મારાં આ સાધારણ–સાદાં કપડાં મને શોભા નથી દેતાં ?

" શોભા તો દે છે, પણ આગ્નેસ ! સમાજના લોકો શું કહેશે ? આવડા મોટા ઘરની દીકરી અને આવાં સાધારણ–સાદાં કપડાં ! અને મારી દીકરી! હવે તો તું સમજણી થતી જાય છે. વિવાહની ઉંમર પણ થવા આવી. સારો વર પણ શોધવાનો તો છેને ?

" સારો વર ! આગ્નેસના અભ્યંતરમાંથી એક શીતળ નિઃશ્વાસ નીકળ્યો અને તેની કમળ સમાન સુંદર આંખો આકાશની તરફ મંડાઈ.

બિચારા ભલા–ભોળા ફબિઉસ, તરુણ બાલિકાની અંતર–કથાને સમજી ન શકયા. તેઓ બોલ્યા, " આકાશની તરફ શું જોઈ રહી છે ? પ્રીતમની યાદ આવી ગઈ છે શું ? તેમાં તારો દોષ નથી, દીકરી ! આ ઉંમર જ એવી છે.

" હા, કાકા. દર્દ–ભીના કંઠમાંથી બે શબ્દ નીકળ્યા અને

રાતના અંધકારમાં ખોવાઈ ગયા. પણ આગ્નેસની અંતર–વ્યથાને ખોવાઈ ગયેલાં એ વિયોગી પરમાત્મા સિવાય બીજા કોઈ ન સમજી શકયા.

ત્યાર પછી ફબીઓલાની તરફ ફરીને શ્રી ફબિઉસે કહ્યું, '' આવ, દીકરી ! હું મારા મિત્રોની સાથે તારો પરિચય કરાવી દઉં. રોમના મોટા મોટા લોકો આજ આપણે ઘેર પધાર્યા છે. તેઓને મળવાથી તને ઘણો આનંદ પ્રાપ્ત થશે. એવું કહીને શ્રી ફબિઉસ એક મહાકાય પુરુષની તરફ વળ્યા અને બોલ્યા, '' આ શ્રીમાન કલ્પુરનિઉસ, રોમના વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞ છે. તેમની બૌદ્ધિક શકિતઓને આખો દેશ સોના–મહોરના સિકકા સમાન માને છે. તેઓશ્રી મૂર્તિ–દર્શનના મહાન વિદ્વાન હોવા સાથે તે જ વિષયના એક પ્રતિભાશાળી વકતા પણ છે.

'' અને આમને તો તું ઓળખે જ છે. મારા પરમ મિત્ર શ્રી પ્રોકુલુસ–ભોજનભટ્ટ.

ફબીઓલા પોતાના પિતાની મીઠી મશ્કરીઓ સાંભળીને હસી પડી. ત્યાર પછી એક સુંદર યુવકની તરફ ફરીને શ્રી ફબિઉસે પરિચય કરાવ્યો, '' આ માનવંત મહાશય સેબસ્તિયન, સમ્રાટ મકસીમિયનના ખાસ–રક્ષાદળના સેનાપતિ છે. દેવાધિદેવ સમ્રાટની તેઓ પર ઘણી કૃપા છે. પૂર્વના સમ્રાટ ડાઓકલેશિયન પણ તેઓ પર બહુ જ પ્રેમ કરે છે. પરંતુ ફબીઓલા; એ જાણીને તને ઘણું આશ્ચર્ય થશે કે તેઓશ્રી એવડા મહાન સરકારી હોદા પર હોવા છતાં પણ તેમનો સ્વભાવ ઘણો જ સરળ છે. એમના જીવનમાં અભિમાનનું નામ સુદ્ધાં નથી. નકામા દેખાવ અને વ્યર્થ ભપકાથી તેઓ દૂરના દૂર રહે છે. તેમની વાણીમાં એ રસ ઝરે છે કે જે શત્રુને પણ મિત્ર બનાવી લે. ફબીઓલા ! ખચીત માનજે કે સમસ્ત રોમમાં તને સેબસ્તિયન સમાન એક પણ સન્માન્ય, સાહસિક અને ઉદાર દિલની વ્યકિત નહિ મળી શકે

સેબસ્તિયન પર દષ્ટિ પડતાં જ, ફબીઓલા મુગ્ધ થઈ ગઈ. બ્રહ્મચર્યના તેજથી યુવકનું સુંદર મુખમંડળ ઝગમગી રહ્યું હતું. તેની આંખોમાં કોઈકના મધુર પ્યારની તેજ–રેખા ફૂટી રહી હતી, જેને પ્રયત્ન કરવા છતાં પણ બિચારી ફબીઓલા સમજી ન શકી. તેનાં વસ્ત્ર એવાં સાદાં હતાં કે દેખતાં જ શ્રદ્ધા પેદા થઈ જતી હતી. અને સૌથી વિશેષ તો સ્વર્ગમાંના દેવદૂતો જેવું તેનું નિષ્કપટ હાસ્ય જે પ્રથમ દષ્ટિએ જ ફબીઓલાના હૃદયમાં ચોંટી ગયું. તે ત્યાં અટકીને પોતાના પ્રેમી અતિથિની સાથે કાંઈક બોલવા ઈચ્છતી હતી, પણ ફબિઉસે આગળ વધીને એક બીજી વ્યકિતનો પરિચય કરાવવાનો આરંભ કર્યો તેથી નિરુપાયે ફબીઓલાને પોતાનું ધ્યાન યુવક સેનાપતિની તરફથી હટાવી લેવું પડયું.

" અને હવે આપણા છેલ્લા અતિથિ, પરમ આદરણીય આ ફુલભીઉસજી છે, તેને જોઈ લે. તેઓશ્રી હમણાં થોડું થયાં જ રોમમાં આવ્યા છે. અને દેવાધિદેવ સમ્રાટના ખાસ અંગત પરિચયમાં રહે છે. તેઓ રાજનીતિના સર્વશ્રેષ્ઠ વિદ્વાન છે, અને દેશના રાજવહીવટના કાર્યમાં દેવાધિદેવ સમ્રાટને પોતાનાં કિમંતી સલાહસૂચનો દેતા રહે છે.

ફુલભીઉસની છટા જોઈને ફબીઓલા દિંગ થઈ ગઈ. ઘણા જ કિંમતી શાહી પોશાક પર ડઝનબંધ મોતી જડેલાં હતાં. છાતી પર જમણી બાજુએ પાંચ–સાત ચંદ્રકો લટકી રહ્યા હતા. આંગળીઓમાં આઠ–દસ વીંટીઓ પહેરેલી હતી, જેમાં જડેલા બહુ મૂલ્યવાન હીરા બત્તીના પ્રકાશમાં ચમકી રહ્યા હતા. પણ આ બધી ચીજોને મુકાબલે ફુલભીઉસની સ્ત્રી–સુલભ કોમળતા અને સાથોસાથ તેની વિચિત્ર લાગતી આંખો, કે જેમાં કોઈ ગૂઢ રહસ્ય છુપાયેલું હતું તે તરફ ફબીઓલાનું ધ્યાન આકર્ષિત થયું. આ અતિથિના હોઠો પર એક પ્રકારનું બનાવટી હાસ્ય ફરકતું હતું

કે જેને બહુ પ્રયત્ન કરવા છતાં ચતુર ફબીઓલા સમજી શકી નહિ. ભલે બીજું કંઈપણ સમજવા ન પામી હોય તથાપિ ફુલભીઉસને દેખતાં જ ફબીઓલા એટલું તો સમજી જ ગઈ કે ફુલભીઉસ મનનો સાફ અને ચારિત્રનો સુંદર પુરુષ નથી.

ફબીઓલાની પછી ફબિઉસે આગ્નેસનો પણ બધાંની સાથે પરિચય કરાવ્યો, અને ત્યાર બાદ ભેગાં બેસીને ભોજન કરવા લાગ્યા.

ભોજનની સાથે સાથે વાતો પણ ચાલવા લાગી. વાત છેડતાં જ ફુલભીઉસ બોલ્યો, '' કહો, પ્રોકુલુસજી ! આજ કોઈ નવા સમાચાર મળ્યા ?

પ્રોકુલુસ આખું ને આખું ઈંડું ગળાની નીચે ઉતારતાં બોલ્યો, '' કેમ નહિ, આજના સમાચાર તો ઘણા જ મહત્ત્વવાળા છે.

'' તો પછી અમને પણ સંભળાવો.

'' આપ તો દિવસ–રાત દેવાધિદેવ સમ્રાટની સાથે જ રહો છો. આપને હું શું સંભળાવું ?

'' કેમ નહિ, મેં જ કાંઈ અપરાધ કર્યો છે શું ? એક કૃત્રિમ હાસ્યની સાથે શ્રી ફુલભીઉસે ઉત્તર દીધો.

શરાબનો પ્યાલો ચઢાવતાં પ્રસિધ્ધ દાર્શનિક મહોદય બોલી ઊઠયા. '' અરે યાર પ્રોકુલુસ ! શું નખરાં કરી રહ્યા છો, તમારી ખબર સંભળાવી દોને.

'' ખબર એ છે કે દેવાધિદેવ સમ્રાટનું નવું સ્નાનઅગૃહ હવે પછીના ત્રણ મહિનાની અંદર–અંદર તૈયાર થવાનું છે.

'' અસંભવ–સર્વથા અસંભવ ! ટેબલ પર મુકકીઓ મારતાં ફબિઉસ બોલી ઊઠયા.

'' સંભવ–અસંભવ તો હું નથી જાણતો. મને તો વિશ્વાસપાત્ર વ્યકિતઓથી માલૂમ થયું છે કે સમ્રાટની સખ્ત આજ્ઞા થઈ ગઈ છે.

સ્નાન–ગૃહ ત્રણ મહિનાની અંદર–અંદર તૈયાર થઈ જવું જ જોઈએ.

" પણ એ કેવી રીતે સંભવી શકે ? હજુ તો તમામ સ્નાન–ગૃહમાં સંગેમરમર જડવાના બાકી છે, પછી થાંભલાઓનું ખોદકામ થવાનું છે અને તે સિવાય બીજાં પણ કેટલાંય નાનાં નાનાં કામ હજુ તો બાકી છે. તો પછી આટલું બધું કામ કરશે કોણ ?

પ્રોકુલુસે ઉત્તર દીધો, " મેં સાંભળ્યું છે કે દેશની સમસ્ત જેલોમાંથી ખ્રિસ્તી બંદીવાનોને લાવવામાં આવનાર છે ; જેથી કરીને થોડા જ સમયમાં કામ પૂરું થઈ શકે.

ફબીઓલાએ જિજ્ઞાસાભર્યા સ્વરમાં પ્રશ્ન કર્યો, " શું એ ખ્રિસ્તી બંદીવાનો જાદુ જાણે છે કે આટલું બધું કામ થોડા જ સમયમાં સમાપ્ત કરી દેશે ?

એક તીરછા હાસ્યની સાથે ફુલભીઉસે ઉત્તર દીધો, " ખ્રિસ્તીઓ જાદુ તો નથી જાણતા પણ તેઓ મહેનતુ ઘણા જ હોય છે. જે જે કામ કરે છે તે દેહ અને પ્રાણ એક કરીને કરે છે. તેઓ ઘણા જ લાગણી–પ્રધાન હોય છે. મેં તેઓને એશિયા માઈનરમાં કામ કરતા જોયા છે. જેલના ઉપરીઓ અપરાધ વિના પણ તેઓને કોરડા મારતા તોપણ તેઓ પ્રસન્ન રહેતા અને મન–પ્રાણ એક કરીને કામ કર્યા કરતા. મહિનાઓનું કામ તેઓએ થોડા જ દિવસોમાં પૂરું કરી દેખાડયું હતું. બીજા સાધારણ બંદીવાનો એવું કદી નથી કરતા. તેઓ ઘણા આળસુ અને ઝઘડાખોર હોય છે. જેવી ઉપરી–અધિકારીની નજર ફરી કે તેમના હાથ ચાલતા બંધ થયા.

ફબીઓલા ઘણા ધ્યાનથી ફુલભીઉસની વાત સાંભળતી હતી, તે બોલી, " પણ ફુલભીઉસજી ! આ વાત મારા સમજવામાં નથી આવતી કે જેલના ઉપરી–અધિકારીઓ, બંદીવાનોને અપરાધ વિના કોરડા

મારતા હતા તોપણ તેઓ પ્રસન્ન રહેતા.

" ઘણું કરીને આપે વાંચ્યું હશે કે ખ્રિસ્તીઓના પેગંબરનું નામ ઈસુ હતું. ઈસુ ત્યાગ અને કષ્ટ સહન કરવામાં જ વિશ્વાસ રાખતા હતા. તેમનો ઉપદેશ છે, કે જે મનુષ્ય જેટલું વિશેષ કષ્ટ સહન કરશે તો તેમની દ્રષ્ટિમાં એટલા વિશેષ માનપાત્ર ઠરશે. તેથી તેઓ કોરડાઓનો માર ખાઈને પણ પ્રસન્ન રહેતા હતા.

ફબીઓલાને ઘણું જ આશ્ચર્ય થયું. તે બોલી, " ઘણો વિચિત્ર ઉપદેશ છે. એ પેગંબર કેટલો મૂર્ખ હશે કે જે પોતાના શિષ્યોને એવો ઉપદેશ દઈ ગયો !

ફબીઓલાની વાત સાંભળીને તમામ અતિથિ જોરથી અટ્ટહાસ્ય કરી ઊઠયા. કેવળ બે જ મનુષ્ય મૌન હતાં. એક તો સેનાપતિ સેબસ્તિયન અને બીજી આગ્નેસ.

કૂટનીતિજ્ઞ ફુલભીઉસની આંખો તેમના એ વિચિત્ર મૌનભાવ તરત પારખી ગઈ. થોડી વાર પછી સેબસ્તિયનની તરફ ફરીને તે બોલ્યો, " કહો, સેબસ્તિયનજી ! આપ આટલા બધા મૌન કેમ છો ? આપે તો પ્રસન્ન થવું જોઈએ, કે આપના શહેરમાં આવું એક મહાન સ્નાન–ગૃહ બની રહ્યું છે. સ્નાન–ગૃહમાં એક અતિ સુંદર એમ્ફીથિયેટર પણ બનશે અને પછી આપને એમ્ફીથિયેટરના ખેલો જોવા મળશે.

ફુલભીઉસ પર ગંભીર દષ્ટિ કરીને સેબસ્તિયને ઉત્તર દીધો, " હું પ્રસન્ન છું અથવા અપ્રસન્ન એ આપને શું માલૂમ ? હવે રહી એમ્ફીથિયેટરની વાત. તે વિષે હું આપને દર્શાવવા ચાહું છું કે કેવળ કાયર લોકો જ એમ્ફીથિયેટરના ખેલો જોવા જાય છે–વીર પુરુષ નહિ.

" કેમ ? આશ્ચર્યપૂર્ણ મુદ્રા કરીને ફુલભીઉસે પ્રશ્ન કર્યો.

" કેમ કે એમ્ફીથિયેટરમાં અન્યાય સિવાય બીજું કાંઈ થતું નથી. ત્યાં તો ભૂખ્યા જંગલી સિંહની આગળ નાનાં નાનાં નિરપરાધ અને

હથિયાર–વિહીન બાળકોને ફેંકી દેવામાં આવે છે, અને સિંહો ક્ષણભરમાં બાળકોનાં ટુકડે ટુકડા કરી નાખે છે. શું એ કાયરતા નથી ? શું સંસારનો કોઈ વીરમનુષ્ય એ અત્યાચાર લીલાને જોઈ પણ શકશે ?

સેબસ્તિયનના શબ્દોમાં વીજળી ભભૂકી રહી હતી. એકેએક અતિથિ, ફબીઓલા, આગ્નેસ અને ફબિઉસ એ સૌની આંખો વીર સેનાપતિ પર મંડાઈ રહી. તેઓ ધ્યાન દઈને તેની વાતો સાંભળવા લાગ્યાં. થોડી વાર શાંતિ છવાયા બાદ સેનાપતિ સેબસ્તિયન ફરીથી બોલ્યા, '' હું વીર છું અને અન્યાયની વિરુદ્ધ મારી તલવાર ઉપાડવી એ મારું પ્રથમ કર્તવ્ય છે. જો આજે કોઈ વિદશી રાજય મારા સમ્રાટની વિરુધ્ધ યુદ્વની ઘોષણા કરી દે તો સેબસ્તિયનની તલવાર રણક્ષેત્રમાં સૌથી પહેલાં ચમકશે. તે તેનું છેવટનું રકતબિંદુ દઈને પણ પોતાના સમ્રાટની રક્ષા કરશે. એવી રીતે જો રોમમાં પણ કોઈ અન્યાય અથવા અત્યાચાર થશે તો સેબસ્તિયનની તલવાર સૌથી પહેલાં તેનો સામનો કરશે.

વ્યંગભર્યા ભાવમાં ફુલભીઉસ બોલ્યો, '' તો એનો અર્થ એ થયો કે આપ સ્નાન–ગૃહમાં કદી નહિ જાઓ, અને કદાપિ જાઓ તોપણ ખાસ કરીને એમ્ફીથિયેટરના ખેલો તો કદી પણ નહિ જુઓ.

'' જો કદાપિ જોઈશ તોપણ આપ નકકી માનજો કે મારી તલવાર દુર્બળ પર થતા અત્યાચાર જોઈએ મ્યાનમાં મૌન પડી રહેવાનું કદી જ પસંદ કરશે નહિ.

સેબસ્તિયનની વાતો ફબીઓલાને બહુ જ પ્રિય લાગી. તેની મનોહર મુખાકૃતિ તો તેના તરુણ હૃદયમાં પહેલેથી જ જડાઈ ગઈ હતી. તે ઊભી થઈને બોલી, '' સેબસ્તિયનજી ખરું જ કહે છે. અત્યાચારની વિરુદ્ધ તલવાર ઉપાડવી એ પ્રત્યેક વીર પુરુષનું કર્તવ્ય છે. તે ખરેખર

કાયર છે કે જે આંખોની સામે અન્યાય થતો જોઈને પણ મૌન રહે છે.

પ્રકરણ પમું

વિજય–સ્તંભની મધુર કલ્પનામાં .....

ચન્દ્ર–જયોત્સ્નામાં નાહી રહેલી રજની, દૂર દૂર સુધી વિખરાયેલ અંગૂરોનાં ખેતરોની વિમોહક હરિયાળી, રાત્રી–વાયુની મંદ મંદ લહરીઓની રમઝટમાં ડોલી રહેલી ડાળીઓ, રહી રહીને કોઈ અજાણ વનપક્ષીના ગીતોનો આલાપ સંભળાવી રહી હતી, અને વળાંક લેતી કેડી પર બંને વાર્તાલાપ કરતા ધીર–ગંભીર પગલે ચાલ્યા જતા હતા, ત્યારે પંક્રાસિઉસ એક મધુર ગીત ગાઈ રહ્યો હતો –" येशु तेरा सहारा" –"ઈસુ તારો આશરો.

સેબસ્તિયન એકાએક રોકાયો અને પંક્રાસિઉસનો હાથ પકડીને બોલ્યો, " પેલું જુઓ છો, શું ચમકી રહ્યું છે ?

" તીતસનો વિજય–સ્તંભ જ તો !

" હા, પંક્રાસિઉસ ! ચાંદનીની રાતોમાં, જયારે કોઈ વાર હું એને જોઈ લઉં છું ત્યારે મારાં રુંવાંટાં ઊભાં થઈ જાય છે. મને તે અમર વિજયની યાદ થઈ આવે છે. કદાચિત્ તમે જાણતા હશો કે આપણી પુણ્ય–ભૂમિ યરૂશાલેમ પર પણ એક દિવસ મુસીબત આવી હતી. તેના પર પણ વિધર્મીઓનું રાજય છવાઈ ગયું હતું. ખ્રિસ્ત–ભકતો જાત જાતનાં દુઃખોથી સતાવાઈ રહ્યા હતા. આખરે તમારા જેવા એક વીર પ્રભુ–ભકતે જ તેનો ઉદ્ધાર કર્યો. તેની પુનિત યાદગીરીમાં એ વિજયસ્તંભ બનાવવામાં આવ્યો હતો. ચાંદનીની રાતોમાં એ એવી રીતે જ ચમકે છે,

અને મારા પ્રાણમાં ભારે તોફાન મચાવતો રહે છે.

" પણ તમારા હૃદયમાં તોફાન ?

" હા, ભાઈ ! હું પણ એ જ દિવસની રાહ જોઈ રહ્યો છું, કે કોઈક વાર એ જ સ્થાન પર એક બીજો વિજયસ્તંભ બનાવવામાં આવ્યો હશે.

" પણ કોની સ્મૃતિમાં ?

" આ હૃદયહીન રોમન સામ્રાજયના મહાન પરાજયની સ્મૃતિમાં. પંક્રાસિઉસ ! હવે આ અત્યાચારી શાસન ઘણા દિવસો સુધી ચાલી શકશે નહિ.

" તમારી મતલબ ? આશ્ચર્ય સહિત પંક્રાસિઉસે પ્રશ્ન કર્યો.

" એ જ કે હવે આ નિષ્ઠુર સામ્રાજય પર વિનાશનાં કાળાં વાદળો ઘેરાયેલાં જ રહેશે. તમે નથી જોતા, અત્યાચારની શરૂઆત થઈ ચૂકી છે ! નિરપરાધ બાળકો એમ્ફીથિયેટરનાં ખૂની જાનવરો આગળ નાખી દેવામાં આવે છે. રોમમાં પ્રભુ–ભકતોનાં જીવન બળ–બળતો મહાતાપ બની ગયા છે. સમ્રાટ મકસીમિયનનો અત્યાચાર હવે વધારે સહ્યો જાય એમ નથી.

સેબસ્તિયનના વ્યથિત અંતરમાંથી નીકળતો અવાજ કંપી રહ્યો હતો. પંક્રાસિઉસ તે સાંભળીને ગંભીર થઈ ગયો અને વિજય–સ્તંભની તરફ આગળ ચીંધતાં ઘણા જ શાંત ભાવથી બોલ્યો, " તો તમારી મતલબ ? ... ...

" મતલબ એ જ છે કે હવે અત્યાચારી સમ્રાટ મકસીમિયનનું રાજય ટકી નહિ શકે. તેનો સર્વનાશ અવશ્ય થઈ જ જશે.

" પણ શું એ સંભવિત છે ?

" કેમ નહિ ?

" તો શું તમે સમ્રાટની વિરુદ્ધ યુદ્ધની ઘોષણા કરશો ? શું તમે

રકતપાતનાં દશ્યો જોવાનું પસંદ કરશો ?

" તમે નિશ્ચિંત રહો, પંક્રાસિઉસ ! રકતપાતની જરૂર જ નહિ પડે.

" પણ રકતપાત વિના આટલા શકિતશાળી સમ્રાટ મકસીમિયનનો પરાજય કેવી રીતે થશે ?

" પ્રશ્ન ઘણો ગંભીર હતો. સેબસ્તિયન થોડી વાર સુધી વિચારમાં પડી ગયો, પણ પછી પંક્રાસિઉસની આંખોમાં આંખો માંડીને બોલ્યો,

" ઈશ્વરના માર્ગ બહુ ગહન હોય છે. ઈશ્વર સર્વશકિતમાન છે. અસંભવિતને ક્ષણમાત્રમાં સંભવિત બનાવી શકે છે. જે વાતની તમે કલ્પના પણ ન કરી શકો, તે તમને પ્રકાશી રહેલા સત્ય સ્વરૂપમાં દેખાડી શકે છે. અને હું તો કહું છું કે જો કદાપિ ધર્મ અને ન્યાયની રક્ષાને માટે તલવાર પણ ઉપાડવી પડે તો અવશ્ય ઉપાડી લેવી જોઈએ.

સેબસ્તિયન જોશમાં આવી ગયો હતો. તેના બંને ખભા પકડીને અત્યંત પ્યાર સહિત પંક્રાસિઉસ બોલ્યો, "તમે ખ્રિસ્ત–ભકત છો. શાંતિ અને ધૈર્ય જ તમને શોભા આપી શકે છે.

" ધીરજ તો બહુ જ હતી, પણ હવે ધીરજ ખૂટી રહી છે. સેબસ્તિયનની આંખો હવે આ નીચતાપૂર્ણ અત્યાચાર જોઈ શકતી નથી. સેનાપતિના અવાજમાં હૃદયનો ઉગ્ર તરફડાટ સ્પષ્ટ રૂપમાં જણાઈ રહ્યો હતો. એક ધીમો શીતળ નિઃશ્વાસ મૂકતાં અતિશય ગંભીર સ્વરમાં પંક્રાસિઉસ બોલ્યો, " તો તમે યુદ્ધ કરશો ?

" નહિ, પંક્રાસિઉસ ! તમે ઉદાસ કેમ થાઓ છો ? મેં તમને કહી તો દીધું, કે યુદ્ધની જરૂર જ નહિ પડે.

" પણ, સેબસ્તિયન યુદ્ધના સિવાય ... ... ?

વચમાં જ વાત અટકાવીને સેબસ્તિયને ઉત્તર દીધો, " હા, યુદ્ધ

કર્યા સિવાય જ આપણો વિજય થશે. રકતપાત કર્યા સિવાય જ આપણે આ અત્યાચારી સમ્રાટને હરાવી દઈશું. અને એક દિવસ આ સ્થાન પર એક બીજો કીર્તિ-સ્તંભ, ધર્મના મહાવિજયની યાદ અપાવતો રહી હવામાં લહેરાયા કરશે.

" પણ તે કેવી રીતે ?

" એ હમણાં ન પૂછો, પંક્રાસિઉસ ! સમય તમને બધું જ બતાવી દેશે. હું તો તમને એટલું જ કહી શકું છું કે હવે થોડી વારમાં જ રોમનું ભાગ્ય બદલાવાનું છે. ધર્મનો જય થવાનો જ છે. એમ બોલીને સેબસ્તિયન પાછો પોતાના મહેલની તરફ ચાલવા લાગ્યો. બંને મગ્ન દશામાં મૂંગા મૂંગા ચાલ્યા જતા હતા.

મહેલના મુખ્ય દરવાજા પર આવીને સેબસ્તિયન અટકી ગયો અને પંક્રાસિઉસના ખભા પર હાથ રાખીને ઘણા જ વહાલભર્યા ભાવે બોલ્યો,

" હું જાણું છું, પંક્રાસિઉસ ! સૌ સાંભળનારા મારી વાતને હસી નાખશે. કદાચ તમે પણ મને પાગલ જ સમજશો.

એટલું કહીને સેબસ્તિયન અટકી ગયો અને કવીરીનલ ગિરિમાળાની તરફ ફરીને બોલ્યો, " ત્યાં જુઓ, પેલા કરાકલ્લા (રોમનું એક રાજકીય સ્નાનગૃહ) ના ઊંચા મિનારા કેવા મનોહર જણાય છે ! અત્યાચારી રોમન સત્તા વૈભવને કેટલે ઊંચે શિખરે પહોંચી છે ? અને હું એક એવો છું કે યુદ્ધ કર્યા સિવાય તેના વિનાશની કલ્પના કરી રહ્યો છું. મારા પ્રભુ-પ્રેમી ભાઈઓ મને પાગલ ન કહે તો બીજું શું કહે ? એમ બોલીને સેબસ્તિયન ઘણા જોરથી ખિલખિલાટ અવાજ કરીને હસી પડયો. એ હાસ્ય-ધ્વનિ પર્વતનાં શિખરોની સાથે અથડાઈને પાછો ફર્યો અને સેબસ્તિયને હસીને ફરીથી પંક્રાસિઉસને કહ્યું, "કેમ, પંક્રાસિઉસ ! તમે પણ મને પાગલ જ સમજો છો ને ?

બંને હસી પડયા અને મહેલની સીડી પર ચડવા લાગ્યા.

સેબસ્તિયનના મહેલના સંગેમરમરી ઝરુખા ઘણા જ મનોહર હતા. રોમના પ્રખ્યાત કલાકારોએ પોતાની તમામ કલાકૃતિ તેના પર અંકિત કરી હતી, કેમ કે રોમના સર સેનાપતિનો તે મહેલ ઠર્યો હતો ને!

માઈલો સુધી ફેલાયેલી પર્વતમાળાઓ પર અમૃતની વર્ષા થઈ રહી હતી. ચારે તરફ નીરવતાનું રાજય છવાયેલું હતું. સ્નાનગૃહોના ચમકતા ઊંચા મિનારા સેબસ્તિયનને દેખા દઈ રહ્યા હતા અને તેનું હૃદય કોઈ અજ્ઞાત ભાવનામાં તણાતું જતું હતું. તેવામાં સિંહોની ભીષણ ગર્જના સંભળાઈ અને પંક્રાસિઉસ ગભરાઈને બોલ્યો, '' ભાઈ ! આ શું ?

'' તમે નથી જાણતા ? શાહી એમ્ફીથિયેટરમાં આજે મોટા મોટા સિંહ આવી પહોંચ્યા છે. સાંભળ્યું છે કે સમ્રાટે આફ્રિકાનાં ભયાનક જંગલોમાંથી મંગાવ્યા છે.

'' આફ્રિકાના ભયાનક જંગલોમાંથી ! સિંહ ! આશ્ચર્ય પામતાં પંક્રાસિઉસ બોલ્યો.

'' હા, આફ્રિકાનાં ભયાનક જંગલોમાંથી સિંહ, ચિત્તા અને બીજાં ખૂની જાનવર.

'' પણ અહીં તેની શી જરૂર હતી ?

સેબસ્તિયનની છાતીમાં શૂળ જેવું ભોંકાયું અને સહજ જ તેની આંખો આકાશની તરફ ઊંચી થઈ. ઘણા જ શાંત ભાવે તે બોલ્યો, '' જરૂર હતી તેથી તો લાવવામાં આવ્યા છે, ભાઈ !

પંક્રાસિઉસ વાત સમજી શકયો નહિ. અત્યંત જિજ્ઞાસા સહિત તે બોલ્યો, '' પણ ભાઈ ! રોમમાં ચિત્તાઓની જરૂર ?

'' હા ! રોમમાં ચિત્તાઓની જરૂર પડી છે. સાંભળ્યું નથી, એમ્ફીથિયેટરના ખેલો જોરથી શરૂ થવાના છે ! આખરે આટ–આટલા પ્રભુ–પ્રેમીઓનાં રકત પીશે કોણ ?

પરમ ભકત પંક્રાસિઉસ એ ઉત્તર સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. તેણે સ્વર્ગની તરફ દષ્ટિ કરી, અને તેના અધરોમાંથી આ શબ્દો નીકળ્યા, " પ્યારા ઈસુ ! તમારા ભકતોને બળ દો, કે તેઓ આ કઠણ પ્રેમ-પરીક્ષણમાં અચળ રહે.

ઘણી વાર સુધી પૂરેપૂરી શાંતિ છવાઈ રહી. બંને મૌનપણે આકાશની તરફ જોઈ રહ્યા. શાંતિનો ભંગ કરતાં સેબસ્તિયન બોલ્યો, " પંક્રાસિઉસ ! ચાલો, હવે ખંડમાં અંદર જઈને બેસીએ. મિત્રોનો આવવાનો સમય થઈ ગયો છે.

" પણ સેબસ્તિયન ! મારે તમારી સાથે બહુ છાનું એક જરૂરી કામ હતું. જો તમારી ઈચ્છા હોય તો આપણે પેલા છેવાડાવાળા નાના ખંડમ્રા જઈને બેસીએ.

" હા, હા, છેવાડાવાળા ખંડમાં જઈને બેસીએ છીએ. બંનેએ છેવટના નાના ખંડમાં પ્રવેશ કર્યો. ત્યાં લોઢાની નાની નાની લશ્કરી ખુરશીઓ ગોઠવેલી હતી. તેના પર બંને બેસી ગયા. પછી સેબસ્તિયને કહ્યું,

" પંક્રાસિઉસ ! કહો, શું કામ છે ?

પણ પંક્રાસિઉસે કાંઈ ઉત્તર ન દીધો. સેબસ્તિયનને બહુ જ આશ્ચર્ય થયું અને તે ફરી બોલ્યો, " પંક્રાસિઉસ ! કહો, શું કામ છે ?

પંક્રાસિઉસ કાંઈક મૂંઝવણમાં પડી ગયો હતો. તે જે કાંઈ કહેવા ચાહતો હતો તે પ્રયત્ન કરવા છતાં પણ કહી શકતો ન હતો. તેથી બીજી વાર પૂછવા છતાં પણ બિચારો કાંઈ ઉત્તર ન દઈ શક્યો. તેના મુખ પર પડેલી રેખાઓ જોઈએ સેબસ્તિયન તરત સમજી ગયો અને બોલ્યો, " તમે કોઈ મૂંઝવણમાં પડી ગયા છો, પણ પંક્રાસિઉસ ! મને કહેવામાં ભય કેવો ? સાફ સાફ કહો શું ચાહો છો ?

પ્રાણની સમસ્ત શકિતઓને ભેગી કરીને પંક્રાસિઉસે દબાયેલે

અવાજે ઉત્તર દીધો, '' ભાઈ સેબસ્તિયન ! તમે જાણો છો કે મારા પિતાજી રોમના પ્રસિધ્ધ ધનવાન હતા. ખ્રિસ્ત–ભકત હોવાને લીધે તેઓ સમ્રાટના અન્યાયચક્રનો ભોગ બન્યા. પ્રભુ–પ્રેમની વેદી પર તેઓએ પોતાનો પ્રાણ અર્પણ કરી દીધો. પણ તેઓએ કમાવેલું અપાર ધન હજુ સુધી અમારી પાસે જેમનું તેમ રાખેલું પડયું છે. હીરા, જવાહીર અને મોતીઓની તો કોઈ ગણતરી જ નથી. હવે હું એ ધનનો સારામાં સારો ઉપયોગ કરવા ઈચ્છું છું. એવું કહીને પંક્રાસિઉસ મૌન થઈ ગયો. તેણે બારીમાંથી બહાર જોયું તો દૂર દૂર વ્યોમ–પથનો પથિક હસી રહ્યો હતો. થોડી વાર સુધી મૌન રહ્યા પછી તે ફરીથી બોલ્યો, '' સેબસ્તિયન ! તમે તો જાણો છો, કે મારું આ પાગલ જીવન આપણા પ્રભુના પવિત્ર ચરણો પર અર્પિત થઈ ચૂકયું છે. હવે તો મારે તેમને માટે જ જીવવું છે અને તેમને માટે જ મરવું છે. એ હીરા અને મોતી હવે મારા કામનાં નથી રહ્યાં. માત્ર મારાં માતાજી બાકી રહ્યાં. તેઓ તો દેવી–સાધ્વીરૂપ છે. જયારથી પિતાજીનો સ્વર્ગવાસ થયો છે ત્યારથી બિચારાંએ સારું કપડું પણ પહેરી જોયું નથી. તમે તો જુઓ જ છો, કેવાં સાદાં કપડાં પહેર્યાં કરે છે. '' સંગમેન્તુમ (એક પ્રકારની પટ્ટી હતી, જે રોમન વિધવાઓ પોતાનાં વસ્ત્રોની કિનાર પર લગાડતી હતી.) જ તેનો એક માત્ર શૃંગાર છે.

'' હા, ભાઈ ! સાધ્વી લૂસીના તો ખરેખર દેવી–સાધ્વી જ છે. તેમને પ્રભુ–સેવામાં જ સમય ગાળતાં હું જોઉં છું. મને તો માતા લૂસીના બહુ જ પ્રિય લાગે છે. તે દિવસે કહેતાં હતાં, ' મારા પંક્રાસિઉસનું ધ્યાન રાખજો. તેના શહીદ પિતાની તે એ એકની એક જ યાદગીરી છે. હું ચાહું છું કે તેના શિર પર પણ તે જ તાજ હોય કે જે તેના શહીદ પિતા પર મૂકવામાં આવ્યો. તમારાં માતાજીનો કેટલો ઊંચો વિચાર છે. બિચારી ઈસુ–પ્રેમ અને ત્યાગની સાકાર મૂર્તિ છે. હાં, હાં ! તમે શું કહી રહ્યા હતા ?

" એ જ કે હું અમારા ધનનો હવે સારો એવો ઉપયોગ કરવા ચાહું છું.

" તમારા કહેવાની મતલબ હું બરાબર સમજયો નહિ, મને સાફ સાફ કહો કે તમે શું ચાહો છો ?

" ભાઈ, ! હું તમને કેવી રીતે સમજાવું ? મારું ધન તિજોરીઓમાં બંધ પડયું છે તે કોઈના કામમાં નથી આવતું. મને અને મારાં માતાજીને એની કાંઈ જરૂર નથી ; તો પછી એનું શું થશે ? એને કોણ સંભાળશે ?

" પણ તમે છોને ?

પંક્રાસિઉસ ગંભીર થઈને બોલ્યો, " હું ? હું કયાં સુધી ? તમે જ કહેતા હતા ને કે પ્રેમ–પરીક્ષાના દિવસો હવે આવવાના જ છે !

પંક્રાસિઉસનો પ્રત્યુત્તર સાંભળીને સેબસ્તિયન મૌન થઈ ગયો. તે વિચાર કરીને બોલ્યો, " તો તમે તમારું ધન ... ?

" હા, ભાઈ ! હું મારું ધન, મારા ગરીબ ભાઈઓમાં વહેંચી દેવા ચાહું છું, અને હમણાં હમણાં તો તે બિચારાઓ ઉપર સંકટ આવેલું છે. એ બહાને સહાયતા પણ કરી શકાશે.

" તમારો વિચાર તો બહુ જ સુંદર છે, પણ માને તો પૂછી લઈએ.

" તમે એમની ચિંતા ન કરો. હું જાણું છું કે તેઓ મારા વિચારનાં છે.

" તોપણ એક વાર તેમને પૂછી લેવું જોઈએ, નહિ તો બિચારાંને બહુ દુઃખ થશે.

" તમે વિશ્વાસ રાખો ; સેબસ્તિયન, માની આજ્ઞા વિના હું એક રતીભાર ચીજને પણ હાથ નહિ લગાડું. પણ એ તો સમજાવો કે એ ધન કેવી રીતે વહેંચવામાં આવે ? હું ચાહું છું કે રોમમાં કોઈ પણ વ્યકિતને

આ વાતની ખબર ન પડી જાય કે પંક્રાસિઉસે પોતાનું ધન વહેંચી માર્યું. તેથી હું મારા ઘર પર વહેંચવા નથી ચાહતો. જો બની શકે તો કોઈ પ્રભુ–ભકત બંધુને ઘેર આનો પ્રબંધ કરાવી દો.

સેબસ્તિયને ઘણીવાર સુધી બેસીને વિચાર કર્યા કર્યો. પછીથી બોલ્યો, " જો ભાઈ, પંક્રાસિઉસ ! તમે તમારું ધન વહેંચી નાખવાનો નિશ્ચય કરી જ લીધો છે, તો હું તમારો પ્રબંધ કરી દઈશ.

પંક્રાસિઉસના હોઠો પર સ્મિત ફરકી રહ્યું. ખુરશી પરથી ઊઠીને તે બોલ્યો, " ખરેખર ભાઈ ?

" હા.

" પણ કયાં ?

" સાધ્વી બહેન આગ્નેસના ઘર પર. એ પ્રસિદ્ધ પ્રભુ–ભકત પરિવારને તો તમે જાણો જ છો.

" હા ! ઠીક છે.

" પણ જુઓ ભાઈ ! કોઈને ખબર ન પડી જાય.

" તમે નિશ્ચિંત રહેજો.

એમ કહીને સેબસ્તિયન પણ ખુરશી પરથી ઊઠયો. પછી ફરતા ફરતા બંને પાછા આંગણામાં આવ્યા. આંગણામાં પહોંચતાં જ તેઓને કોઈનો ધીમો ધીમો ગણગણાટ સંભળાયો. તેમને કાંઈક સંદેહ જેવું લાગ્યું, અને તેઓ બંને કઠેરાની તરફ આગળ વધ્યા. અવાજ સ્પષ્ટ થતો જતો હતો. તેઓ કઠેરાના છેડા પર પહોંચ્યા ત્યારે વાતો સ્પષ્ટપણે સંભળાવા લાગી :

" આફરા ! તું મને બહુ જ હેરાન કરે છે. જો, હું સવારથી જ બધું કામકાજ છોડી દઈને તારી રાહ જોતો બેઠો છું.

" શું કરું, કોરભીનુસ ! હું કામમાં ફસી પડી હતી. તમારો વિચાર તો એક સરખો આવ્યા જ કરે છે, પણ કામ ...

" સારું, હવે એ વાત છોડ. પ્રેમમાં રાહ જોવી જ પડે છે. કહે, મારી પ્રેયસી ફબીઓલાની હાલત કેવી છે ?

" હાલત તો સારી છે, પણ હમણાં તેઓ પોતાને ગામડે જઈ રહ્યાં છે.

" હેં ! ગામડે ?

" હા, ઓકટોબરની શરૂઆતમાં તેઓ દર સાલ પોતાને ગામ જાયા કરે છે. પણ તમે ચિંતા ન કરો. અમે જલદી પાછાં આવી જઈશું.

" તો તું પણ જવાની છે ?

" મારે તો તેમની સાથે જવું જ પડશે.

" પણ મારી સ્થિતિ કેવી થઈ જશે ?

" અરે ! તમારો તો હવે સિતારો ચમકવાનો છે, સિતારો.

" ખચીત ?

" હા, મેં મારાં સ્વામિનીને અર્ધાં તો તૈયાર કરી લીધાં છે. બસ હવે અર્ધાંની વાર છે. કામ થયું જ સમજોને !

" આફરા ! તારી તો અનહદ કૃપા છે. મારા દિલની દુનિયા વસી જશે. અહાહા, તું કેટલી ભલી છે !

" પણ વાતોથી કામ બનવાનું નથી. ખર્ચ પણ કરવો પડશે.

" હેં !

" હા, રૂપિયા ખર્ચ્યા વિના એ કામ બનવાનું નથી. રોમની વિખ્યાત સુંદરી ફબીઓલા પર પ્રેમ કરવો એ એટલો સહેલો નથી, જેટલો તમે સમજી બેઠા છો. જાણો છો, બીજા કેટલાક માણસો તો મને મોટી મોટી લાલચો દઈ રહ્યા છે.

" એવું ન કહે, આફરા ! એવું ન કહે. મારા દિલની દુનિયા ઉજડી જશે.

" તેથી તો કહું છું, કે કાંઈક ખર્ચ કરો.

" પણ, આફરા ! હવે હું કયાંથી ખર્ચ કરું ? મારી પાસે જે હતું તે તો તને દઈ ચૂકયો છું.

" તમારા પિતાજીની પાસે માગો. આવડા મોટા અધ્યક્ષ તેરતુલુસના વારસ છો, શું બે–ચાર સો પણ નથી માગી શકતા ?

" બે–ચાર સો ! હું તો હવે તેમની પાસે એક પૈસો પણ માગી શકતો નથી. બે–ત્રણ મહિનાના ખર્ચના રૂપિયા તો હું પહેલાં જ લઈ ચૂકયો છું.

" એ બધી વાતો મને સંભળાવવાની જરૂર નથી. પૈસા હશે તો કામ બનશે ; નહિ હોય તો બસ ખલાસ.

એવું ન કહે આફરા ! મારા દિલ પર છરી ભોંકાવા લાગી છે. જો મારી પાસે ધન હોત તો હું કદી આટલી વાત કરવા જ ન દેત. તું તો જાણે છે કે ફબીઓલાને મેળવવાને માટે હું મારો પ્રાણ સુધ્ધાં આપી દેવાને તૈયાર છું.

" પણ મને તો તમારા પ્રાણની જરૂર નથી. મને તો રૂપિયા જોઈએ. માટે ફબીઓલાની સાથે ગામડે જવું છે, વશીકરણ–યંત્ર તૈયાર કરવાં છે, ઘણી જ કિંમતી જડીબુટ્ટીઓ ખરીદવી છે. આવું બધું કર્યા વિના ફબીઓલા તમારા હાથમાં કેવી રીતે આવશે ? અને રૂપિયા વિના આ બધી ચીજો હું લાવું કયાંથી ?

" પણ આફરા ! હવે હું શું કરું ?

" જે ફુલભીઉસ કરે છે તે જ. આખરે તેની પાસે આટલું બધું ધન કયાંથી આવે છે ?

" ફુલભીઉસ કોણ છે ?

" સમ્રાટ મકસીમિયનનો જમણો હાથ.

" પણ તેની પાસે ધન કયાંથી આવે છે ?

" ખ્રિસ્તીઓ પાસેથી.

" હું તારી વાત ન સમજયો, જરા સમજાય તેમ કહે.

" સાંભળ્યું નથી, હમણાં હમણાં સમ્રાટ મકસીમિયન ખ્રિસ્તીઓને મટાડી દેવાને ટાંપી રહ્યા છે ? ખ્રિસ્તીઓને પકડાવી દેવા એટલું જ તમારું કામ છે. પછી તો તેની બધી સંપતિ અને તેનું બધું ધન તમને અનાયાસે જ મળી જશે.

" ખરેખર ?

" હા, ફુલભીઉસ એ જ તો કરે છે. વેશપલટો કરીને આખો દિવસ ખ્રિસ્તીઓનો પત્તો મેળવવા ફર્યા કરે છે. જયાં એકાદ ફસાઈ પડયો કે પછી ચારે આંગળીઓ ઘીમાં.

" જે ખ્રિસ્તીને હું પકડાવીશ, તેનું બધું ધન મને મળી જશે ?

" હા, એકાદને પકડી પાડી તો જુઓ. માલામાલ થઈ જશો., માલામાલ ! પ્રતિદિનનો રોગ જ મટી જશે : હંમેશની ભૂખ જ ભાંગી જશે. પછી તો હું પણ મારું કામ બમણા વેગથી શરૂ કરી દઈશ. ભાત-ભાતનાં વશીકરણ-યંત્ર બનાવીશ કે ફબીઓલા સકંજામાંથી નીકળી ન શકે. અને ધ્યાનમાં રાખો ! ફબીઓલા જો એકવાર મનાઈ ગઈ તો પછી બસ તમારો ઉદ્ધાર જ થઈ જશે. ફબીઓલા તો મળશે જ અને કરોડોની સંપત્તિ પણ હાથ લાગી જશે. પછી તો આખી જિંદગી સુધી મઝા લૂંટશો, મઝા!

" આફરા ! તું કેટલી ભલી છે, મને કેવા સુંદર રસ્તા બતાવે છે !

" તો પછી આજથી જ તન-મન એક કરીને મંડી જાઓ. હું ગામડે જાઉં ત્યાર પહેલાં એકાદને ફસાવી દો. પરંતુ જોજો હોં, કોઈ મોટી મુરઘીને ફસાવજો કે આગલી-પાછલી બધી કસર નીકળી જાય. ફુલભીઉસ પણ ધનવાન ખ્રિસ્તીઓ પર ધામો નાખતો ફરે છે. ગરીબોની પાસેથી મળે પણ શું ?

" આ કામમાં બસ એક જ મુશ્કેલી જણાય છે.

" તે કઈ ?

" તે એ કે આ કામને માટે જેટલા ચાલાક હોવું જોઈએ, તેટલો હું નથી. પણ આફરા ! તને આ બધી વાતો કેવી રીતે જાણવામાં આવી ?

" મેં ફુલભીઉસના બુઢ્ઢા નોકરની સાથે મેળ–મેળાપ સાધ્યો અને તેણે મને એ બધી વાતો જણાવી. તે કહેતો હતો કે ફુલભીઉસ રોમના સૌથી વિશેષ શ્રીમંત પર આંખ માંડી રહ્યો છે. જો કદાચને તેનું તીર લાગી ગયું તો તે એક જ દિવસમાં કરોડોનો આસામી બની જશે.

સેબસ્તિયન ચોંકી ગયો. જે દિવસે ફબીઓલાને ઘેર રાત્રી ભોજન સમયે તે ફુલભીઉસને પહેલી વાર મળ્યો હતો તે જ દિવસે તેને સંદેહ તો થયો હતો. તેનો એ સંદેહ આજે સત્ય સ્વરૂપમાં પ્રતીત થયો. એ વખતે પંક્રાસિઉસ દિંગમૂઢ બનીને બધી વાતો સાંભળી રહ્યો હતો. તેના કાનમાં સેબસ્તિયને ધીમેથી કહ્યું, " તમે સાંભળ્યું ? ખ્રિસ્તીઓને ફસાવવાને માટે કેવી ભયંકર જાળ બિછાવાઈ રહી છે ?

ફરીથી એકાએક સિંહોની ગર્જના સંભળાઈ.

" આફરા ! આ શી આફત છે ?

" તમે નથી જાણતા ?

" તેથી તો પૂછું છું.

" સમ્રાટ મકસીમિયને મધ્ય આફ્રિકામાંથી એ જંગલી જાનવર મંગાવ્યા છે.

" પણ કેમ ?

" જે બદમાશ ખ્રિસ્ત–ભકત ખ્રિસ્તીઓને તમે પકડાવશો, તેઓને સાફ કરી નાખવા માટે એમ્ફીથિયેટરમાં લાવીને સીધેસીધા એ સિંહોની આગળ જ નાખી દેવામાં આવશે. તમને કયાં ખબર છે,

દેવાધિદેવ સમ્રાટ મકસીમિયન તો તેઓનું નામ–નિશાન સુદ્ધાં ભૂંસી નાખવા માટે ટાંપીને બેઠા છે. તેથી તો કહું છું કે આવેલી તક હાથથી ન જવા દો. તમે પણ બે–ચાર ખ્રિસ્તીઓને પકડાવી દોને ?

" તો શું આફ્રા ! તું પણ ખ્રિસ્તીઓને ઘૃણા કરે છે ?

" કેમ નહિ ? હું તો એમને કાચા ને કાચા ખાઈ જવા ચાહું છું. તેઓ બહુ.જ બદમાશ હોય છે. મારા ઘરમાં સીરા નામની દાઈ છે. મને એના પર પૂરો વહેમ છે. માનો ન માનો તે ખ્રિસ્તી છે. એ બદમાશે અમ બધાંનું જીવવું ઝેર જેવું કરી મૂકયું છે. જયારે જુઓ ત્યારે આદર્શની વાતો. ન પોતે જૂઠું બોલે ન અમને બોલવા દે. ખાવા–પીવાનો પણ એને તો શોખ નહિ. જો કદાપિ ફબીઓલા તેને કોઈ સારી ચીજ આપી પણ દે તો તે તરત કહી દેશે, કે 'હું તો દાસી છું. એની મને કાંઈ જરૂર નથી.

" ઠીક, આફ્રા ! હવે હું જાઉં છું. ઘણી જ વાર થઈ ગઈ છે.

" તો મેં તમને જે વાત કહી છે તે યાદ રહેશે ને ?

" કેમ નહિ, હું આજથી જ મારા કામમાં લાગી જઈશ.

" આજથી નહિ, કાલથી.

અને બંને ખડખડાટ હસી પડયાં.

" હું પણ તમારી સાથે આવું છું.

ત્યાર પછી તે બંને મહેલની પરશાળમાંથી નીકળ્યાં અને ચન્દ્રના અજવાળામાં આવ્યાં.

સેબસ્તિયને ધીરેથી પંક્રાસિઉસને પૂછયું, " એ છોકરાને ઓળખો છો ?

" હા, બહુ જ સારી રીતે.

" કોણ છે ?

" અધ્યક્ષ તેરતુલુસનો પુત્ર કોરભીનુસ, એ ઘણો જ દુષ્ટ છે. મારો સહાધ્યાયી અને એક જ ગુરુનો વિદ્યાર્થી હતો. શાળાના નાના–નાના

વિદ્યાર્થીઓને હંમેશાં માર–પીટ કર્યા કરતો હતો અને એક દિવસ તો તેણે મને પણ માર્યો હતો.

'' તમને માર્યા હતા ?

'' હા, જે દિવસે તમે તમારા કોઈ મિત્રને ત્યાં રાત્રી–ભોજન લેવા ગયા હતા, તે જ દિવસે તેણે મને માર્યો હતો. પણ ભાઈ ! પેલી સ્ત્રી કોણ છે ?

'' તેને હું ઓળખું છું. સાધ્વી ફબીઓલાની દાસી છે. પૈસાની લાલચમાં તે બિચારીનું જીવન નષ્ટ કરવા ટાંપી રહી છે. પણ ફબીઓલા બહુ જ સદાચરણી યુવતી છે.

'' તો આપણે તેને બચાવવી જોઈએ.

'' પંક્રાસિઉસ! હું એને જરૂર બચાવીશ. પ્રભુ ઈસુ મારી સહાયતા કરે.

પ્રકરણ ૬૬

પ્રેમના મહાન વિજય પર .....

ખુલ્લા આકાશની તરફ વીર સેનાપતિની શાંત આંખો એક વાર ફરીથી મંડાઈ. પંક્રાસિઉસની તરફ ફરીને દઢ અવાજે તે બોલ્યો, ''પંક્રાસિઉસ! મારું હૃદય કહે છે, કે રોમમાં વસનાર ખ્રિસ્ત–ભકતોના જીવનપથ પર સુખ–શાંતિની મધુર જયોત્સ્ના થોડા જ સમયમાં જરૂર વરસશે.

''પણ એ મધુર જયોત્સ્નાને સત્કારી લેવા માટે આપણે મોટાં મોટાં બલિદાનો દેવાં પડશે. ભાઈ ! પ્રભુ–પ્રેમની કિંમત બિલકુલ સરળ તાથી ચૂકવી શકાતી નથી.

"પંક્રાસિઉસ ! તમે ખરું કહો છો. પ્રેમની એ પુણ્ય વેદીની લાજ રાખવા માટે હવે પછી કોણ જાણે કેટલાય પ્રભુ–પ્રેમીઓએ પોતાનાં જીવન–પુષ્પ હસતાં હસતાં પ્રભુ ઈસુને સમર્પણ કરવાં પડશે.

થોડી વાર સુધી ફરીથી એવી જ ચૂપકીદી છવાઈ રહી. પંક્રાસિઉસના ખભા પર પોતાનો જમણો હાથ મૂકતાં સેનાપતિ સેબસ્તિયને કહ્યું, "પંક્રાસિઉસ! મારી કલ્પનાનો વિજય–સ્તંભ ખચીત થોડા જ સમયમાં ઊભો થશે. હવે ચાલો આપણે અંદરના મોટા ઓરડામાં જઈએ. આવનાર મિત્રો આપણી રાહ જોઈ રહ્યા હશે.

* * * * * * *

આ પ્રમાણે સેનાપતિ સેબસ્તિયનનો મહેલ વીસ–પચીસ દિવસોથી રોમના પ્રભુ–પ્રેમીઓને માટે કેન્દ્ર–સ્થાન સમો બની રહ્યો હતો. ખ્રિસ્ત–ભકતોના દમનને માટે રોમમાં દરરોજ નવા નવા હુકમો લાગુ કરવામાં આવતા હતા. એ જ કારણથી બિચારા પ્રભુ–ભકતોનું જીવવું દુઃખ ભરપૂર બની ગયું હતું. કદાપિ કોઈ વ્યકિત પર ખ્રિસ્ત–ભકત હોવાનો સંદેહ પેદા થઈ જતો કે તરત તે વ્યકિતને પકડી લેવામાં આવતી. અને સાબિત થઈ ગયા પછી બિચારી તે વ્યકિતને ફાંસીને માંચડે લટકાવી દેવામાં આવતી અને નહિ તો એમ્ફીથિયેટરનાં લોહી–તરસ્યાં જાનવરોની આગળ ફેંકી દેવામાં આવતી. એટલું જ નહિ પણ નિર્દોષ ખ્રિસ્ત–ભકતોનાં ઘરબાર લૂંટી લેવામાં આવતાં અને તેમાં આગ લગાડી દેવામાં આવતી. આ બધા ક્રૂરતાભર્યા અત્યાચાર અને સમ્રાટની એ હૃદયહીન લીલા જોઈને સેબસ્તિયનનો પ્રાણ રહી–રહીને અંદરખાનેથી વિદ્રોહ પોકારી ઊઠતો. ઘણી વાર તેની ઈચ્છા થતી કે સેનાપતિના એવા તિરસ્કાર–યુકત પદનો તે ત્યાગ કરી દે. પણ વળી પાછો કાંઈક ઊંડો ઊંડો વિચાર કરીને તે શાંત થઈ જતો. તેની ખાંધ પર કર્તવ્યનો એક મોટો ભાર હતો જે તેને હંમેશાં દબાવી રાખતો. તેને ભરોસો હતો કે સેનાપતિના પદ પર રહીને તે

પોતાના પ્રભુની અથવા તેના લક્ષ્યની અધિક સેવા કરી શકશે, એવી બહાર રહીને સેવા કરી શકાશે નહિ. ઘણું કરીને એ જ કારણથી બધા દુઃખદ પ્રસંગો પોતાની નજરે જોવા છતાંયે તે મૂંગો મૂંગો બધું સહન કરી લેતો. જાણે કે રહી રહીને કોઈ તેને કહી રહ્યું હોય, ''સેબસ્તિયન ! ભાવનાથી કર્તવ્ય ઊંચું છે.

હમણાં થોડા દિવસો પહેલાં જ તેને પોતાના એ વિશ્વાસનું પ્રમાણ મળ્યું. મારકુસ અને મરસેલીનુસ નામના બે ભાઈઓ પ્રભુ ખ્રિસ્તના પરમ ભકત હતા. બિચારા એ બેઉ ભાઈ સાથે જ પકડાઈ ગયા. સમ્રાટની કચેરીમાં તેમના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. તેનો એવો ફેંસલો થયો કે તેઓ સાત દિવસની મુદતમાં ખ્રિસ્ત–ધર્મનો ત્યાગ કરીને સમ્રાટને દેવાધિદેવ તરીકે ન સ્વીકારી લે તો તેમને ફાંસીએ ચઢાવવામાં આવશે. લોઢાની બેડીઓ પહેરાવીને તેઓને સાત દિવસને માટે શહેરના હાકેમ નિકોસ્ત્રાતુસને ઘેર મોકલી દેવામાં આવ્યા.

આ સાત દિવસોની અંદર શહેરના કોણ જાણે કેટલાય લોકો તેઓને મળવા આવ્યા. મા, બાપ, ભાઈ, મિત્રો અને બીજાં સગાં–સંબંધીઓની તેમને મળવાને માટે હાર બંધાતી. પણ જેઓ આવતા તેઓ બસ એટલું જ કહેતા, કે ''ખ્રિસ્ત–ધર્મને લીધે જીવ આપી દેવો એ કેવળ મૂર્ખતા છે. સમ્રાટને ઈશ્વર માની લેવામાં જ તેમનું ભલું છે.

પહેલા છ દિવસ સુધી તો બંને ભાઈઓ પોતાના નિશ્ચય પર દઢ રહ્યા, પરંતુ જયારે સાતમો દિવસ આવ્યો ત્યારે તો ચારે તરફથી સ્નેહીજનોનો ભારે ધસારો થઈ રહ્યો. ત્યારે તેઓ પોતાના નિશ્ચયમાંથી કાંઈક ડગી ગયા, અને એ સંબંધમાં ફરીથી વિચાર કરી જોવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો.

પોતાના પુત્રોનો એ ભાવ જોઈને તેમના પિતાના આનંદનો

કોઈ પાર રહ્યો નહિ. તે તરત ઓરડીમાંથી બહાર નીકળ્યો અને સીધો નિકોસ્ત્રાતુસની પાસે જઈ પહોંચ્યો. નિકોસ્ત્રાતુસને માટે પણ આ એક સુંદર વધામણી હતી. તેણે તરત જ એક મહિનાની બીજી મુદત આપી દીધી.

સૂર્યોદય થઈ રહ્યો હતો. સેબસ્તિયન પોતાના મહેલના ઊંચા ઝરુખા પર ઊભો રહીને સૂર્ય–કિરણોનો આનંદ લૂંટી રહ્યો હતો. કોઈ કે આવીને જયારે તેને મજકૂર હકીકત કહી સંભળાવી ત્યારે તેના હૃદય પર એક ઊંડી વેદના શરૂ થઈ. માથું નીચું રાખીને ગમગીન ભાવે તે પોતાના મોટા ઓરડામાં ગયો, અને ખૂણામાં પડેલી એક નાની સરખી લશ્કરી ખુરશી પર અતિશય ઉદાસ મને જઈને બેઠો. '' મારકુસ અને મરસેલીનુસની હાર તે તો અમર પ્રેમની હાર છે, એ જ વિચાર મોટે ભાગે તેને વ્યથિત કરી રહ્યો હતો.

થોડો સમય એમ જ બેઠા પછી તે એકાએક ચોંકી જઈને ખુરશી ઉપરથી ઊઠયો અને પોતાના મહેલમાંના પ્રાર્થના–ગૃહની તરફ વળ્યો. પછી ત્યાંથી પ્રભુ ઈસુ ખ્રિસ્તના આત્મ–સમર્પણના વધસ્તંભની પાસે પહોંચ્યો, અને પોતાના ભગ્ન હૃદયને જે હંમેશાં કોઈ નવીન બળ પ્રદાન કરતો હતો, તે વધસ્તંભની સામે ઘૂંટણો ટેકવીને પ્રાર્થના કરી, અને એક નવી આશાની સાથે તે પ્રાર્થના–ગૃહમાંથી બહાર નીકળ્યો. ઝટઝટ તેણે પોતાનો લશ્કરી પોશાક પહેર્યો અને નિકોસ્ત્રાતુસના ઘરનો રસ્તો પકડયો.

એક મોટા ઓરડામાં બંને ભાઈઓ બંધ હતા. બંધ દરવાજાની સાથે કાન ધરતાં જ સેનાપતિને અંદરના ભાગમાં ઘણાં માણસોનો અવાજ સંભળાયો. મારકુસ અને મરસેલીનુસને, હાકેમ નિકોસ્ત્રાતુસ સમજાવી રહ્યો હતો, '' નકામો શા માટે પ્રાણ દઈ દો છો ? સમ્રાટને ભગવાન માની લો, તો જીવન પણ મળશે અને જીવનમાં સુખ પણ પ્રાપ્ત

થશે. સમ્રાટને કહીને હું તમને દ્રવ્ય પણ અપાવીશ. માણસોના બહેકાવ્યાથી શા માટે તમારો કિંમતી જીવ ગુમાવા છો ?

હાકેમ નિકોસ્ત્રાતુસનો અવાજ સાંભળીને પ્રથમ તો સેબસ્તિયન ખમચાયો પણ પછી હિંમત એકઠી કરીને ઓરડામાં પ્રવેશ કર્યો.

એ વિશાળ ઓરડો જાતજાતની સુંદર ચીજોથી શણગારવામાં આવ્યો હતો. દરવાજા પર રેશમના પડદા લટકી રહ્યા હતા અને નીચે ફરસબંધી પર ઘણા જ સુંદર ગાલીચા બિછાવેલા હતા. કદાચને એ ઓરડો નિકોસ્ત્રાતુસે પોતાના અતિથિઓને માટે સજાવ્યો હતો. દરવાજો બંધ હોવાને કારણથી ઓરડામાં ઓછો પ્રકાશ હતો, તોપણ મેજો પર શણગારી મૂકેલી મૂર્તિઓ સારી પેઠે જોવામાં આવતી હતી. મારકુસ અને મરસેલીનુસના હાથમાંથી હાથકડીઓ કાઢી નાખવામાં આવી હતી, અને આ વખતે એ હાથકડીઓ તેમની સામે જમીન પર પડેલી હતી. તેઓનાં વૃદ્ધ માત–પિતા બેઉ તેમની સામે બેસીને રડતાં હતાં. નિકોસ્ત્રાતુસ તેમની સામે એક ખુરશી પર બેસીને તેઓને પોતાની વાતો સમજાવી રહ્યો હતો, અને તેની ધર્મપત્ની શ્રીમતી જોય પાસે બેસીને સાંભળી રહી હતી. મારકુસ અને મરસેલીનુસના ભાઈબંધો અને પ્રિયજનો પણ દીવાલની સાથે ચોંટીને મૂંગા મૂંગા સર્વ કાંઈ સાંભળી રહ્યાં હતાં.

સેનાપતિ સેબસ્તિયનને જોઈને બધાં જ ચમકી ગયાં. બંને ભાઈઓએ પોતાની આંખો ઊંચી કરી પણ ફરી શરમના માર્યા નીચે નમાવી દીધી. થોડી વાર સુધી સેબસ્તિયન કાંઈક વિચારમાં પડી ગયો. આ વખતે તેની નજર સામે બે વસ્તુઓ હતી. એક બાજુ મૃત્યુ અને બીજી બાજુ ધર્મની હાંક સંભળાતી હતી. જો તે નિકોસ્ત્રાતુસની સામે બંદીવાન યુવકોને કાંઈ પણ સમજાવવા બેસે તો તેનું મૃત્યુ નિશ્ચિત હતું, અને જો આ આપદ્–ધર્મ સમયે મૌન રહી જોયા કરે તો પ્રેમ–ધર્મનું પતન પણ

તેટલું જ નિશ્ચિત હતું. ધર્મની હાર થઈ જતી હતી. તેને એક ભીષણ ધર્મ–સંકટે ઘેરી લીધો. પણ સહજ જ તેની આંખો ઊંચે આકાશ તરફ મંડાઈ અને પોતાના બંને હાથો હૃદય પર રાખીને તેણે પ્રભુની પ્રાર્થના કરી. સેનાપતિને આ રીતે પ્રાર્થના કરતાં જોઈને ત્યાં જમા થયેલા લોકોના આશ્ચર્યની સીમા ન રહી. હાકેમ નિકોસ્ત્રાતુસ તો દિગ્મૂઢ બની ગયો. કંઈક સમય સુધી એ અંડમાં સંપૂર્ણ સ્તબ્ધતા છવાઈ રહી.

પ્રાર્થના સમાપ્ત કરીને સેબસ્તિયન મારકુસ અને મરસેલીનુસની પાસે ગયો અને ઘણા જ પ્યારભર્યા સ્વરમાં બોલ્યો, " પ્યારા ભાઈઓ ! આજનો દિવસ તમારી પ્રેમ–પરીક્ષાનો દિવસ છે. યાદ રાખો ! તમારા પ્યારા પ્રભુના જીવનમાં પણ પ્રેમ–પરીક્ષાનો આવો જ દિવસ આવ્યો હતો. વધસ્તંભ પર હસતે મુખે લટકાઈ રહીને, કમળ સમાન કોમળ હાથો અને પગોમાં અણીદાર ખીલાઓ જડાવીને અને કાંટાનો મુગટ શિર પર ધારણ કરીને તમારા પ્યારા પ્રભુએ એ અમર પ્રેમની લાજ બચાવી લીધી હતી. આજ તેની લાજ તમારા હાથમાં છે. આત્મ–સમર્પણ કરીને પણ તમારે એની રક્ષા કરવી જોઈએ.

સેનાપતિના શબ્દો સાંભળીને બંને ભાઈઓની નમી ગયેલી આંખોમાં આંસુઓની ધારા વહેવા લાગી. સેબસ્તિયને ફરીથી બોલવાનું શરૂ કર્યું,

" પુણ્યાત્મા ભાઈઓ ! પ્રભુ–પ્રેમની રક્ષાને માટે તમે બંનેએ આટ–આટલાં દુઃખો વેઠયાં. કાંઈ પણ અપરાધ વિના આ હાથકડીઓ પહેરી, આ અપમાન સહી લીધું અને તમારાં પ્યારાં માતા–પિતાને દારુણ દુઃખ દીધું. હવે જીવવાના મોહમાં ફસાઈ પડીને હારી જવું ઠીક નથી. યાદ રાખો, મારા પ્યારા મિત્રો! આ જીવન ક્ષણભંગુર છે. આ સંસારમાં કોઈપણ પ્રાણી ચિરકાળ રહેવાને માટે નથી આવ્યાં. આજ નહિ તો કાલ તમારે મૃત્યુની ગોદમાં સૂવું જ પડશે. તો પછી એવા હંમેશને

માટે ઝઝૂમી રહેલા મૃત્યુનો ભય શો ? મૃત્યુ એક જ વાર છે, તે હમણાં આવે કે કાંઈક મુદત પછી, પણ આખરે આ દેહ જમીનની અંદર ગરક થઈ જવાનો છે. તો આજે એ અમર પ્રેમની કીર્તિમાં તમારા પ્રાણની આહુતિ આપીને ખ્રિસ્ત–પ્રેમને અમર બનાવો. તમારે તો હસતે મુખે મૃત્યુનું સ્વાગત કરી લેવું જોઈએ. જાણજો કે તમે તો પ્રભુના નામ પર પ્રાણ આપી રહ્યા છો. જેઓ એ રીતે પોતાને સમર્પણ કરી દે છે, તેઓ સીધા સ્વર્ગ–ધામમાં પ્રવેશ કરે છે. આપણા પ્યારા પ્રભુ–ખ્રિસ્તના ચરણ–કમળોમાં સદાની આરામની જિંદગીમાં પ્રવેશ કરે છે. તમને પણ આજે એ પુણ્ય અવસર મળ્યો છે. આવો અમૂલ્ય અવસર ખોઈ નાખવો એ ખ્રિસ્ત–વીરોને શોભતું નથી.

સેબસ્તિયનની વાતો સાંભળીને બન્ને ભાઈઓના 'હૃદય વિંધાય ગયાં. તેઓ ઊભા થઈ ગયા અને સેનાપતિની પાસે જઇ તેના ખભાને બાઝી પડી ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. આવું અભૂતપૂર્વ દ્રશ્ય જોઇને એકેએક માણસ આશ્ચર્યચકિત થઈ ગયાં.

મારકુસ અને મરસેલીનુસને કરાર વળતાં સેબસ્તિયને +કહ્યું, '' ભાગ્યવાન ભાઇઓ ! શા માટે રડો છો ? તમે તો સ્વર્ગે જઇ રહ્યા છો : આપણા પ્યારા ઈસુ પ્રભુના સ્થાનમાં જઇ રહ્યા છો. તમારે આનંદિત બનવું જોઈએ.

ડૂસકાં લેતાં લેતાં મારકુસે ઉત્તર દીધો, '' ભાઇ સેબસ્તિયન ! પ્રભુ મારા જેવા અપરાધીને હવે કેમ કરીને ક્ષમા કરશે ?

'' એવું ન કહો, મારકુસ ! તમે તો પુણ્યાત્મા છો. તમને તો પ્રભુ તેમના ગળા સાથે લગાવી લેશે.

ધીરે ધીરે બન્નેનું હિચકવું બંધ થયું, અને મારકુસે હાકેમ નિકોસ્ત્રાતુસની તરફ ફરીને કહ્યું,'' નિકોસ્ત્રાતુસ ! હું મારા ખ્રિસ્ત–ધર્મનો ત્યાગ કરવા કદી પણ તૈયાર નથી. હવે આપ વાર ન લગાડો. આ

કાઢી નાખેલી હથકડીઓ ફરી પહેરાવી દો, અને મને જે દંડ દેવા ચાહો છો તે દઇ દો, હું તેને માટે તૈયાર છું. ત્યાર પછી તરત મરસેલીનુસે કહ્યું, " નિકોસ્ત્રાતુસ! હું પણ મારા ખ્રિસ્ત–ધર્મનો ત્યાગ કરી શકતો નથી. મને મૃત્યુ કબૂલ છે.

આ દ્રશ્ય જોઇને નિકોસ્ત્રાતુસ સ્તબ્ધ બની ગયો. મારકુસના વૃધ્ધ પિતા તેના પુત્રોના ચરણમાં પડી જઇ ને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. ખભા પકડીને મારકુસે તેમને ઊભા કર્યા અને બોલ્યો, " પિતાજી ! આપ આવી રીતે દુઃખિત કેમ થાઓ છો ? હું તો આપણા પ્યારા પ્રભુને માટે જીવ આપી રહ્યો છું. એ પ્યારા પ્રભુને માટે, કે જેમણે આપણા કલ્યાણને માટે લાકડાનો વધસ્તંભ ઊંચકી લીધો. કોરડાનો માર ખાધો અને કાંટાનો તાજ પહેરી લીધો. આપે તો ખુશ થવું જોઇએ કે આપનો પુત્ર એક મહાન ઉદ્દેશને માટે પ્રાણાર્પણ કરી રહ્યો છે.

પુત્રના મુખેથી પ્રેમની વાતો સાંભળીને પિતાનું રુદન એકાએક બંધ થયું. તેઓ ઊઠયા અને નિકોસ્ત્રાતુસની તરફ વળીને કહેવા લાગ્યા, " નિકોસ્ત્રાતુસ ! હું પણ ખ્રિસ્ત ધર્મનો સ્વીકાર કરું છું. જે ધર્મની રક્ષાને માટે મારા આ બન્ને પુત્રો પોતાના પ્રાણ કુરબાન કરી રહ્યા છે તેમનાથી હું દૂર રહી શકતો નથી. મારા પ્યારા પુત્રોની સાથે હું પણ પ્રભુ ઈસુ ખિસ્તને માટે મારો જીવ આપી દેવા તૈયાર છું.

પોતાના પતિની વાત સાંભળીને મારકુસની માતા પણ બોલી ઊઠી, "નિકોસ્ત્રાતુસ ! જે ધર્મના પ્રેમને માટે મારા બંને પુત્રો અને મારા સ્વામીનાથ જીવ આપી દેશે તો તેમના માર્ગે ચાલીને હું પણ મરી મટીશ. મારા પતિની સાથે હું પણ ખ્રિસ્ત–ધર્મનો અંગીકાર કરું છું. આ ખુશીથી મને પણ મૃત્યુદંડ દો.

આવો હૃદય હચમચાવી નાખનારો દેખાવ જોઈને ત્યાં બેઠેલા સર્વની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. પ્રભુ–પ્રેમના રસમાં સર્વનાં

હૃદયો ભિંજાઈ ગયાં હતાં. મારકુસ અને મરસેલીનુસના જે મિત્રો અને પ્રિયજનો ત્યાં આવ્યાં હતાં, તેઓ પણ રડી પડયાં અને સૌએ સાથે મળીને નિકોસ્ત્રાતુસને કહી દીધું, કે " અમારા પ્રેમી બંધુ મારકુસ અને મરસેલીનુસની સાથોસાથ અમે પણ ખ્રિસ્ત–ધર્મને સ્વીકારી લઈએ છીએ. અમે પણ તેઓની સાથે જ પ્રાણ દઈશું.

એમ કહેતાંની સાથે તેઓ સર્વ સેબસ્તિયનની પાસે આવી ગયાં અને તેને ઘેરી લઈને ઘૂંટણો ટેકાવી સ્થિર થઈ ગયાં. સર્વની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહી રહી હતી. આવો કરુણાપૂર્ણ દેખાવ જોઈને શ્રીમતી જોયનું હૈયું પણ પીગળ્યા વિના ન રહી શકયું. તેની આંખો પણ સજળ થઈ ગઈ. તે એકાએક ઊઠી અને સેબસ્તિયનના ચરણોમાં પડીને બાળકની માફક ડૂસકાં ભરી–ભરીને રોવા લાગી.

પ્રેમનો વિજય થઈ ચૂકયો હતો. નિકોસ્ત્રાતુસ સિવાયનાં બીજાં બધાંએ ખ્રિસ્ત–ધર્મનો સ્વીકાર કરી લીધો હતો. સેબસ્તિયન મનમાં ને મનમાં ઘણો મગ્ન થતો હતો. હવે તેણે વિચાર્યું કે જો નિકોસ્ત્રાતુસ તેમને સાથ નહિ આપે તો બધાં જ પોતાનો પ્રાણ ખોઈ બેસશે. જો કદાપિ તે પણ પોતાની ધર્મ–પત્નીની માફક ખ્રિસ્ત–ધર્મ સ્વીકાર કરી લે, તો આખું ને આખું મંડળ બચી જશે. એ માટે શ્રીમતી જોયની તરફ એકાગ્ર દષ્ટિ કરીને યુવક સેનાપતિએ કહ્યું, " બહેન જોય ! તમે ખરેખર બહુ જ ભાગ્યવાન છો. ઈશ્વરની તમારા પર કૃપા થઈ છે, તેથી જ તો તમે આજે પ્રભુ ઈસુના ચરણોનું શરણ લીધું છે. હવે હું ઈચ્છું છું કે આ ધન્ય અવસરને પૂર્ણ કરવાને માટે તમારા સ્વામીનાથ પણ તમારું અનુસરણ કરે. તમે જ એમને સમજાવો. તેઓ તમારા પતિ છે, તેથી તમારી વાત તેઓ કદી ઉથાપશે નહિ.

જોય મૂંગી મૂંગી બધું સાંભળતી રહી, પણ તેણે કાંઈ ઉત્તર ન દીધો. સેબસ્તિયને બીજી વાર કહ્યું, " બહેન જોય ! તે માનવ ઘણો જ

ભાગ્યવાન આત્મા છે કે જે પ્રભુના ચરણ–કમળમાં શરણ લે છે. સ્વર્ગના દરવાજા તેને માટે ઊઘડી જાય છે. મૃત્યુ પછી તે માનવ આપણા પ્રભુના અમૃત ઝરતા ચરણ–કમળોમાં જઈ પહોંચે છે. તેથી હું ચાહું છું કે તમારા પતિ પણ તમને સાથ દે. બહેન તમે એમને સમજાવો.

જોયના ગળામાંથી કોઈ ઉત્તર ન નીકળ્યો. પણ સેબસ્તિયનના ચરણો પર પડીને તે ફરીથી ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. નિકોસ્ત્રાતુસ આ દુઃખ–ભરપૂર દશ્યને જોઈ ન શકયો. અતિશય ગદગદિત સ્વરે તેણે સેબસ્તિયનને કહ્યું, '' સેબસ્તિયન ! તમે આ દુઃખિયારી સ્ત્રીને નકામા શા માટે સતાવો છો ? તમે જાણતા નથી કે તે બિચારી બોલી નથી શકતી ?

સેબસ્તિયનને બહુ જ નવાઈ લાગી. તે આતુર ભાવથી બોલ્યો, '' બોલી શકતી નથી ?

'' હા, મારી ધર્મપત્ની ગૂંગી છે, પાછલાં છ વર્ષોમાં તેના કંઠમાંથી એક પણ શબ્દ નથી નીકળ્યો.

બિચારી જોય ગૂંગી છે અને બોલી શકતી નથી, એ જાણીને સેબસ્તિયનને બહુ જ દુઃખ થયું. તેણે તરત પોતાનાં હથિયાર કાઢી નાખ્યાં અને લશ્કરી પોશાક ઉતારીને જમીન પર મૂકી દીધો. ઘૂંટણ પર પડીને તેણે પોતાના પ્રભુની પ્રાર્થના કરી. અને પ્રાર્થનામાંથી ઊઠતાં જ પ્રભુ–ભકત જોયના કપાળ પર જળનો છંટકાવ કર્યો. જળસંસ્કાર પામતાં જ શ્રીમતી જોયની ગૂમ થઈ ગયેલી વાક્–શકિત પાછી આવી. ભાઈ સેબસ્તિયનના બંને હાથોને પ્રેમથી ચૂમીને તેણે કહ્યું, '' પ્રભુ ઈસુ ઘણા જ કૃપાળુ છે.

એ જોઈને નિકોસ્ત્રાતુસ આશ્ચર્યચકિત થઈ ગયો. સાથોસાથ તેના આનંદની કોઈ હદ ન રહી. તે ઝટ ખુરશી પરથી ઊઠયો અને સેબસ્તિયનની સામે ઢળી પડીને બોલ્યો, '' સેબસ્તિયન ! મને ક્ષમા કરો.

હું જાણતો ન હતો કે તમારા પ્રભુ ઈસુમાં આટલી બધી શકિત છે. હવે તો હું પણ તેમનો ભકત બનીશ. સેબસ્તિયન ! તમે મને પણ ખ્રિસ્ત–ભકત બનાવી લો.

સેબસ્તિયનની આંખોમાંથી હમણાં પહેલી વાર બે અશ્રુબિંદુ ટપકયાં અને તેણે આકાશની તરફ આંખો ઊંચી કરીને કહ્યું, " પ્રભુ ઈસુ ! તમે કેટલા કૃપાળુ છો.

* * * * * * *

દિવસના દસ વાગી ગયા હતા. કચેરીનો સમય થવા આવ્યો હતો, તેથી નિકોસ્ત્રાતુસે પોતાના પ્રભુ–ભકત ભાઈઓને કહ્યું, " ભાઈઓ ! આજનો દિવસ ખરેખર અતિ ધન્ય દિવસ છે. આપણા પર પ્રભુની કૃપા થઈ છે. આજથી આપણ સર્વેએ આપણાં જીવનોની પળેપળ પ્રભુસેવામાં જ વ્યતિત કરવી જોઈએ. દસ વાગવાના છે. ચાલો, હું તમ સર્વને મહેલના પાછલા દરવાજામાંથી બહાર કાઢી દઉં. ઓ વહાલા સેબસ્તિયન ! જુઓ ધ્યાનમાં રાખજો, કે આજની આ ઘટનાની ખબર કોઈને ન થવી જોઈએ.

મહેલના પાછલા દરવાજામાં થઈને બધાં જ બહાર નીકળી ગયાં અને સીધેસીધાં સેબસ્તિયનને મહેલે જઈ પહોંચ્યાં.

* * * * * * *

પ્રભુ–ભકતોની વિદાય થતાં જ નિકોસ્ત્રાતુસે પોતાનો પોશાક બદલી નાખ્યો અને સીધો ક્રોમાસિઉસને ઘેર પહોંચ્યો. ક્રોમાસિઉસ, નગરનો પ્રધાન હતો. બંદીવાનોની ખબર પૂછતાં નિકોસ્ત્રાતુસે તેને સાચેસાચી બધી વાત સંભળાવી દીધી અને છેવટે કહ્યું, " ભાઈ ક્રોમાસિઉસ ! પ્રભુ ઈસુમાં ખરેખર અદ્‌ભુત શકિત છે. તેની બાદશાહતમાં

પ્રાર્થનાના હવિ અર્પવાથી મનુષ્યનાં મહાનમાં મહાન દુઃખો દૂર થઈ જાય છે. જળ–સંસ્કારની શકિત પણ અનુપ છે. જળ–સંસ્કાર પામતાં જ મારી ધર્મ–પત્ની જોયની વાક્–શકિત પાછી આવી, અને તે બહુ જ સ્પષ્ટપણે બોલવા લાગી. તમે જાણો જ છો કે તે પાછલાં છ વર્ષોથી બિલકુલ ગૂંગી થઈ ગઈ હતી. અમે બધાંએ એક બીજો ચમત્કાર પણ જોયો. મારકુસના પિતાને સંધીવાનો ઘણો જ જૂનો રોગ હતો. તેનો જળ–સંસ્કાર થતાં જ સંધીવાનો એ રોગ તરત મટી ગયો અને તે સારી રીતે હાલવા–ફરવા લાગ્યો.

સંધીવાની વાત સાંભળીને ક્રોમાસિઉસે બહુ જ ઉત્સુકતાથી પૂછયું, '' સંધીવાનો રોગ ?

'' હા, પાછલાં, પંદર વર્ષોથી તે સાંધાના રોગમાં સપડાઈ ગયો હતો. સેબસ્તિયનની પ્રાર્થનાથી તે ક્ષણભરમાં સ્વસ્થ થઈ ગયો.

પ્રધાન ક્રોમાસિઉસને પણ સંધીવાનો બહુ જ જૂનો રોગ હતો. તેથી તેણે જિજ્ઞાસાપૂર્વક ફરીથી કહ્યું, '' ભાઈ નિકોસ્ત્રાતુસ ! સેબસ્તિયનને મારે ઘરે પણ લાવજો. કદાચિ તેની કૃપાથી હું પણ ઠીક થઈ જાઉં. હું ઘણા જ ભયંકર કષ્ટમાં છું.

'' બહુ સારું ! હું તેને કાલે અહીં લઈ આવીશ. પણ ક્રોમાસિઉસ ! કોઈને આ ભેદ માલૂમ ન થાય.

'' હું વચન દઉં છું કે કોઈ આ ભેદ જાણવા પામશે નહિ.

બીજા દિવસે સવાર થતાં સેબસ્તિયન અને નિકોસ્ત્રાતુસ બંને સાથે મળીને પ્રધાન ક્રોમાસિઉસને મહેલે ગયા. ક્રોમાસિઉસને આખી રાત ઊંઘ આવી ન હતી. પરોઢ થતાં જ બહાર બેસીને સેબસ્તિયનની રાહ જોઈ રહ્યો હતો. ઘણા જ પ્રેમથી તેણે બંનેનું સ્વાગત કર્યું. પછી પોતાના દીવાનખાનામાં જઈને સેબસ્તિયનને કહ્યું, '' ભાઈ, સેબસ્તિયન ! હું સંધીવાના રોગથી ઘણું જ દુઃખ ભોગવી રહ્યો છું. મેં ઘણા જ ઈલાજ કર્યા

પણ બધા નિરર્થક નીવડયા. સાંભળ્યું છે કે તમે સંધીવાના રોગને ક્ષણવારમાં મટાડી દો છો. તો મારા પર પણ કૃપા કરોને !

સેબસ્તિયને ઘણા જ વિશ્વાસપૂર્ણ અને દઢ સ્વરમાં ઉત્તર દીધો, " શ્રદ્ધાવાન ક્રોમાસિઉસ ! હું સંધીવાનો ઈલાજ જાણું છું અને આપનો રોગ પણ મટાડી દઈશ. પણ મારી બે શરતો છે તે આપે માન્ય કરવી પડશે.

" તે કઈ ? ઘણી જ બેચેનીથી ક્રોમાસિઉસે પ્રશ્ન કર્યો.

" પહેલી શરત તો એ છે કે કાલે સાંજ પહેલાં આપે આપની આ ઘરની અને ગામડામાં આવેલ આપના ' મૂર્તિ–નિકેતન માંની નાની મોટી તમામ મૂર્તિઓ તોડી નંખાવવી પડશે. અને બીજી શરત એ છે કે રોગ મટી ગયા પછી આપે ખ્રિસ્ત–ધર્મનો સ્વીકાર કરી લેવો પડશે.

શરતો સાંભળીને ક્રોમાસિઉસ અને તેનો તરુણ પુત્ર તિબુરસિઉસ બંને સ્તબ્ધ બની ગયા. જે મૂર્તિઓને લીધે આખું રોમ તેનું આટલું સન્માન કરતું હતું. તેને તે એક સાધારણ યુવકના કહેવાથી કેવી રીતે તોડાવી નાખે ? પણ બીજી બાજુ જીવન, સ્વાસ્થ્ય અને સુખનો પ્ર શ્ન હતો. બંને ઘોર દ્વિધામાં પડી ગયા. જો કદાપિ મૂર્તિઓ તોડાવી નાખી અને રોગ પણ ઠીક ન થયો તો શું થશે ? એવો વિચાર આવતાં પિતા–પુત્ર બંનેનાં મસ્તક ભમવા લાગ્યાં. સેબસ્તિયન બધું સમજી ગયો હતો. તે બોલ્યો, " શ્રી ક્રોમાસિઉસજી! આપ ગભરાઓ નહિ. હું આપને વચન દઉં છું, કે જો આપનો રોગ કદાચ ન મટયો તો હું મારા બંને હાથ અને બંને પગ આપના આ મહેલમાં જ કપાવી નાખીશ.

સેબસ્તિયનની વાત સાંભળીને ક્રોમાસિઉસની થોડી થોડી ધીરજ બંધાઈ. ઘણી વાર સુધી વિચાર કર્યા પછી તે બોલ્યો, " મને તમારી બંને શરત મંજૂર છે. પરંતુ જો મારો રોગ ન મટયો તો હું તમને આ મહેલમાંથી જીવતા પાછા નહિ જવા દઉં.

આવેશમાં આવી જઈને તિબુરસિઉસે જુસ્સાથી કહ્યું, '' અમે મૂર્તિઓ તોડાવી નાખીશું, પરંતુ જો પિતાજીનો રોગ એથી પણ ન મટયો તો મારી આ તલવાર તમારો જીવ દઈ લેશે, એ ભૂલતા નહિ.

સેબસ્તિયને હસીને આકાશની તરફ જોયું અને તેના હોઠોમાંથી આ શબ્દો નીકળ્યા, '' હે પ્રભુ ! તમારા ભકતોની લાજ રાખજો.

એટલું કહેતાં જ તે ઘૂંટણે પડયો અને પ્રાર્થના કરવા લાગ્યો. પ્રાર્થના સમાપ્ત કરીને બોલ્યો, '' ક્રોમાસિઉસજી ! હું આજ જાઉં છું, કાલે સાંજ પહેલાં બધી મૂર્તિઓ તૂટી જવી જોઈએ. અહીંની અને ' મૂતિ–નિકેતન ની પણ તૂટવી જોઈએ. બધી મૂર્તિઓ તૂટતાંની સાથે જ આપનો રોગ દૂર થઈ જશે. હું કાલે સાંજે ફરીથી આવીશ.

ક્રોમાસિઉસે તે જ સમયે પોતાના વિશ્વાસુ નોકરોને ' મૂર્તિ–નિકતેન ની તરફ રવાના કરી દીધા એ માટે કે તેઓ ત્યાં પહોંચતાં જ નાની–મોટી એકેએક મૂર્તિઓને તોડી–ફોડી નાંખે. અહીં ઘરમાંની એકેએક મૂર્તિઓનો ભાંગીને ભૂકો કરી નાખ્યો અને ઘણી વ્યાકુળતા સાથે સંધ્યારાણીની રાહ જોવા લાગ્યો. સૂર્યાસ્ત સમયે તો તેની મનોવ્યથા છેક છેલ્લી સીમાએ પહોંચી ચૂકી હતી.

સૂર્યાસ્ત થઈ ગયો. સંધ્યાનો શ્યામ અંચલ આખી રોમ નગરી પર પથરાઈ ગયો. પણ રાહ જોઈ જોઈને થાકેલા બિચારા ક્રોમાસિઉસનો રોગ દૂર ન થયો. નિરાશા અને દુઃખ–મિશ્રિત ક્રોધમાં એનો પ્રાણ શેકાવા લાગ્યો. તિબુરાસઉસની આંખમાં તો ખૂનનાં આંસુ છલકી રહ્યાં હતાં.

બરાબર એ જ સમયે તરુણ તપસ્વી સેબસ્તિયને મહેલમાં પ્રવેશ કર્યો અને શ્રી ક્રોમાસિઉસને પ્રણામ કરીને ઘણા જ શાંત અને મૃદુ સ્વરમાં કહેવા લાગ્યો, '' ઓ માનવંત ક્રોમાસિઉસ ! શું એકેએક મૂર્તિઓ તોડી નંખાવવામાં આવી છે ?

'' હા, મૂર્તિઓ તો તોડાવી નંખાવવામાં આવી છે, પણ મારો

રોગ દૂર થઈ શકયો નથી. સેબસ્તિયન તમે મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. તમારે એનો બદલો ભરી આપવો જ પડશે.

હજુ ક્રોમાસિઉસે પૂરી વાત પણ કરી ન હતી ત્યાં તો તિબુરસિઉસ દોડતો દોડતો આવી પહોંચ્યો અને મ્યાનમાંથી તલવાર કાઢી સેબસ્તિયનની સામે ધરીને બોલ્યો, '' સેબસ્તિયન ! તમે હવે અહીંથી જીવતા જઈ શકશો નહિ. તમે અમને બરબાદ કરી નાખ્યા છે, હવે અમે તમને હંમેશને માટે બરબાદ કરીને છોડીશું.

'' શાંત થાઓ, તિબુરસિઉસ ! શાંતા થાઓ. એમાં દોષ મારો નથી પણ તમારો પોતાનો છે.

'' શું અમારો ? દાંત પીસતાં પીસતાં તિબુરસિઉસે ઉત્તર દીધો.

'' હા, તમારો જ દોષ છે. તમે બધી મૂર્તિઓ કેમ તોડાવી નથી ?

'' તમને શી ખબર ? અમે તો એક એક કરીને બધી મૂર્તિઓ તોડાવી નાખી છે.

'' નહિ, હજુ પણ કાંઈક મૂર્તિઓ બાકી રહી ગઈ છે. ઘરમાં જઈને તપાસ કરો. કેટલીક નાની નાની મૂર્તિઓ હમણાં પણ તમારા ઘરમાં રાખી મૂકવામાં આવી છે.

વાત સાચી હતી. કાંઈક નાની નાની સુંદર મૂર્તિઓ તિબુરસિઉસે સંભાળીને રાખી મૂકી હતી. પણ તે તો ધર્મની આસ્થાને લીધે નહિ માત્ર ઘરની શોભાને માટે સાચવીને છાની જગાએ મૂકી દીધી હતી. ઓરડામાં દાખલ થતાં જ તેની નજર પેલી મૂર્તિઓ પર પડી અને તે શરમિંદો થઈ ગયો. તે મૂર્તિઓને એકઠી કરીને તરત તે બહાર નીકળ્યો અને તેમને એક પછી એક લઈને તોડવા લાગ્યો. છેલ્લામાં છેલ્લી મૂર્તિ તોડતાંની સાથે જ ક્રોમાસિઉસનો રોગ દૂર થઈ ગયો. સાંધાઓનો દુઃખાવો બિલકુલ જતો

રહ્યો એટલું જ નહિ
પણ તેના પગો બિલકુલ સીધા થઈ ગયા. તે તરત ખુરશી પરથી ઊઠયો અને સેબસ્તિયનના પગો પર જઈને પડયો. સેબસ્તિયને વૃદ્ધ ક્રોમાસિઉસને તરત ઉઠાડયો અને પોતાની છાતી સાથે ચાંપીને બોલ્યો, " શ્રદ્ધાવાન, ક્રોમાસિઉસજી! આપ મહાન ભાગ્યશાળી છો, આપ પર પ્રભુ ઈસુની કૃપા થઈ છે.

તિબુરાસઉસ પણ સેબતિયનને ગળે બાઝી પડયો ત્યારે બધાની આંખોમાંથી આનંદની સુખદ અશ્રુધારા વહેવા લાગી.

* * * * * * *

હા, હવે આગળ વધીએ. ઉપરની ઘટના બની તે દિવસ પછીથી મારકુસ, મરસેલીનુસ, તેમનાં માતા–પિતા અને તેમની સાથેના બીજા પ્રભુ–ભકત સાથીઓ સેબસ્તિયનના મહેલમાં જ રહેવા લાગ્યાં. સંત પીતરની મંડળીના શ્રદ્ધાવાન અધ્યક્ષ પોલીકાર્પ તેઓને ધાર્મિક શિક્ષણ આપતા હતા, અને પ્રભુ ખ્રિસ્તના સિદ્ધાંતોને વાસ્તવિક અર્થમાં સમજાવતા હતા. સમ્રાટનો અત્યાચાર પળેપળે વધતો જતો હતો, તેમ તેમ આ નવી મંડળી ઉપર ભય પણ વધતો જતો હતો. એ બધાં કારણોથી મંડળીના સભ્યોએ આજે ભેગા બેસીને ફેંસલો કરવાનો હતો કે તેમણે આ જ મહેલમાં રહેવું છે કે બહારના કોઈ ગામડામાં ચાલ્યા જવું છે ?

પંક્રાસિઉસને સાથે લઈને સેબસ્તિયને જયારે વિશાળ ખંડમાં પ્રવેશ કર્યો ત્યાર પહેલાં બધાં પ્રભુ–ભકતો ત્યાં પહોંચી ચૂકયાં હતાં. બધાંની આગળ સાદું ભોજન પીરસી રાખવામાં આવ્યું હતું અને સૌ સેબસ્તિયનની રાહ જોઈ રહ્યાં હતાં. સેબસ્તિયનના આવતાંની સાથે જ સહુએ જમવાનું શરૂ કર્યું.

ભોજન થઈ રહ્યા પછી વાતચીત શરૂ થઈ અને વાતને અંતે

એવો ફેંસલો થયો કે આગલે જ દિવસે પરોઢિયું થતાં પહેલાં એકેએક વ્યકિત રોમ છોડી દેશે, અને શ્રી ક્રોમાસિઉસના ' મૂર્તિ–નિકેતન ની તરફ તુરત પ્રસ્થાન કરી જશે, તેથી મહેલમાં એકત્ર થયેલી મંડળીના સભ્યોની નાની–નાની ટોળીઓ બનાવી દેવામાં આવી, અને તેમના જવાના જુદા જુદા માર્ગો પણ નિર્માણ કરી દેવામાં આવ્યા. એ માટે કે બધી મંડળીને એકી સાથે નીકળવાથી કયાંક સરકારને સંદેહ આવી ન જાય.

સૌએ આ ઠરાવને એકી અવાજે માની લીધો. કેવળ તોરકવાતુસે વાંધો ઉઠાવ્યો. તેણે એવી રીતે નાની–નાની ટોળીઓમાં વહેંચાઈને ગામડે જવાની સાફ ના પાડી દીધી. તેની ઈચ્છા એવી હતી કે બધાં માણસો એક સંઘમાં રહીને જ પ્રવાસ કરે.

ધીરે ધીરે બધા અતિથિ અને બંધુજનોએ મહેલમાંથી છેલ્લી વિદાય લઈ લીધી. ત્યાર પછી સેબસ્તિયને પંક્રાસિઉસને કહ્યું, '' પંક્રાસિઉસ ! રાત બહુ જ વીતી ગઈ છે. ચાલો, હવે હું તમને તમારે ઘેર મૂકવા આવું.

ખીલેલી મધુર ચાંદનીની રાત અને મીઠી મીઠી હવા એ બંને ઓલિયા પ્રાણોને મસ્ત બનાવી રહી હતી. વાતો કરતાં કરતાં તેઓ સાધ્વી લૂસીનાના પવિત્ર નિકેતનની પાસે પહોંચ્યા. નિકેતનને દરવાજે ઊભા રહીને પંક્રાસિઉસે કહ્યું, '' ભાઈ ! તમે ખરેખર ધન્ય છો. તમારા ત્યાગ અને સાહસને પણ લાખો–લાખ ધન્ય છે. જાનને હાથમાં ધરી રાખીને તમે રાત–દિવસ કામ કર્યા કરો છો. ભાવી યુગ તમને સ્મૃતિ–અંજલિઓ આપ્યા કરશે સેબસ્તિયન !

ભાવોના અતિરેકથી સેબસ્તિયનની આંખો સજળ થઈ ગઈ, પણ તેના અધરો પર કોઈક પ્યારભર્યું હાસ્ય વિલસી રહ્યું. તે બોલ્યો, '' પંક્રાસિઉસ ! આપણા પ્યારા પ્રભુએ જે કષ્ટો સહ્યાં છે તેના

મુકાબલામાં મારાં આ કષ્ટો એક અંશ જેટલાં પણ નથી.

પ્રકરણ ૭મું

સુવર્ણ–મુદ્રાઓના લોભમાં .....

આફરાએ આશાનો જે સોનેરી ઝળકાટ દેખાડયો હતો, તેણે ગરીબ બિચારા કોરભીનુસને આખી રાત બેચેનીમાં રાખ્યો. વાણું વાતાં જ તે ઊઠયો અને ફુલભીઉસની શોધમાં નીકળી પડયો. એક સ્નાન–ગૃહથી બીજા સ્નાન–ગૃહની તરફ અને ફરી બીજાથી ત્રીજાની તરફ એવી રીતે તે આખો દિવસ ભટકતો રહ્યો, પણ જે પરદેશી યુવક ફુલભીઉસની શોધમાં તે નીકળ્યો હતો તેને તે મેળવી શકયો નહિ. અંતે થાકથી લોથ–પોથ થઈને સૂર્યાસ્ત સમયે પોતાને ઘેર પાછો ફર્યો, અને ખાધા–પીધા વિના જ ચાદર ઓઢીને સૂઈ ગયો. રાત–ભર બિચારાને માથામાં ચકકર આવતા રહ્યા.

સવાર થતાં જ તે ફરી ઊઠયો અને આગલા દિવસની માફક ફુલભીઉસની તપાસમાં નીકળી પડયો. આખો દિવસ તેણે શેરીએ શેરીની રાખ ઊડાડી, પણ આશાઓના કેન્દ્ર–સમા ફુલભીઉસજીનાં દર્શન ન થઈ શકયાં. આજે પણ કોરભીનુસ પૂરેપૂરો નિરાશ થઈને ઘેર પાછો ગયો અને પથારી પર પડતાં જ બેશુદ્ધ થઈ ગયો. એ બે દિવસની કઠોર નિરાશા સાંપડવા છતાં તેણે આશામૈયાનું શરણ છોડયું નહિ, અને ત્રીજે દિવસે ફરી પાછો ઘરથી નીકળી પડયો.

પમ્પી નામના બાગમાં ફુલભીઉસ લટાર મારી રહ્યો હતો. અચાનક કોરભીનુસની નજર તેના પર પડી ગઈ અને તે દોડતો દોડતો તેની પાસે જઈ પહોંચ્યો. કોઈ અજાણ્યા જેવા યુવકને પોતાની પાસે

આવતો જોઈને ફુલભીઉસ કાંઈક ખમચાઈ ગયો અને નવ–આંગતુક યુવકનાં કરચલીવાળાં મેલાં કપડાં પર એક ઘૃણાભરી નજર નાખતાં બોલ્યો, " શી વાત છે ?

" આપ જ શ્રી ફુલભીઉસ છો ?

" બોલો, શું કામ છે ?

" આપને મળવા માટે હું કેટલાએક દિવસથી હેરાન–હેરાન થઈ ગયો છું. રોમમાં એવું કોઈ સ્નાન–ગૃહ બાકી નથી કે જેને મેં આપની શોધમાં ઢુંઢી ન નાખ્યું હોય ! તોપણ આપનો પત્તો જ લાગ્યો નહિ.

એક ભય–મિશ્રિત જિજ્ઞાસાથી ફુલભીઉસે પૂછયું, " કેમ ? એવું શું કામ હતું ?

" કાંઈક એવું જ કામ હતું, તમારા જેવું.

" તમારું શુભ નામ ?

" કોરભીનુસ ! હું અધ્યક્ષ તેરતુલુસનો મોટો પુત્ર છું.

ફુલભીઉસ અત્યાર સુધી કોરભીનુસની અવગણના જ કરતો જતો હતો, પણ હવે તેના જાણવામાં આવ્યું કે કારેભીનુસ તો અધ્યક્ષ તેરતુલુસનો મોટો પુત્ર છે તેથી તેણે તરત તેની મુખમુદ્રા બદલી નાખી અને ઘણી જ સભ્યતાની સાથે બોલ્યો, " તો આપ જ મહાનુભાવ તેરતુલુસના પુત્ર, કોરભીનુસ છો ?

" જી, હા. એક મૂર્ખતા–ભર્યું હસવું મોં પર લાવીને કોરભીનુસે જવાબ આપ્યો.

" હમણાં આપ શું કરો છો.

" તે જ તો, જેં આપ કરો છો.

ઉત્તર સાંભળીને ફુલભીઉસ કાંઈક ગભરાટમાં પડયો, પણ સાહસ કરીને બોલ્યો, " હું સમજયો નહિ.

ફુલભીઉસના કાનની પાસે મુખ રાખીને કોરભીનુસ ધીરેથી

બોલ્યો, " આપની માફક હું પણ ખ્રિસ્તીઓ પર જાળ પાથરી રહ્યો છું. તો આપણે બંને સાથે મળીને એ કામ કેમ ન કરીએ ? જો કોઈ શિકાર મળ્યો તો અર્ધો–અર્ધો વહેંચી લઈશું.

એક નવયુવાન સાથીદાર મળવાથી ફુલભીઉસને ઘણો જ આનંદ થયો. એક બનાવટી હાસ્ય કરતાં તે બોલ્યો, " કોરભીનુસ ! તમને મળીને હું બહુ જ ખુશી થયો છું. હવે આપણે સાથે મળીને જ કામ કરીશું. કાલે બરાબર સૂર્યોદય સમયે મને નોવેતસ સ્નાન–ગૃહના વરંડામાં મળજો.

" બરાબર સૂર્યોદય સમયે ?

" હા, પણ જુઓ ! પોશાક બદલીને આવજો. આ જરા કપરું કામ છે. પછીથી ઝટ વાત બદલાવીને ધીરેથી બોલ્યો, " કોરભીનુસ ! મારા કેટલાક મિત્રો, જુઓ આ આવી રહ્યા છે. તમે હમણાં જાઓ, કાલે ત્યાં મળજો.

તે રાત પણ મુસીબતની રાત બની. કોરભીનુસ બારી વાટે તારા ગણતો રહ્યો અને પાસાં બદલતો રહ્યો. હજુ તો અજવાળું પણ થયું ન હતું ત્યાં તો તે પથારીમાંથી ઊઠયો અને સીધો પોતાના ગુલામ નોકરની ઓરડીમાં ગયો. બિચારાને ઊંઘમાંથી જગાડીને તેનાં જૂનાં ફાટેલાં કપડાં લીધાં અને તેને પહેરીને બારોબાર નોવેતસ સ્નાન–ગૃહ પર જઈ પહોંચ્યો.

ધીરે–ધીરે સવાર થયું. અજવાળું નીકળ્યું અને ઘણા વાર પછી પૂર્વના ઝરુખામાંથી કિરણોના સ્વામી સૂર્યે દર્શન દીધું. ત્યાં બેઠાં બેઠાં સૂર્ય માથા પર આવી ગયો પણ શ્રી ફુલભીઉસની છાયા પણ જોવામાં ન આવી. કોરભીનુસની ધીરજ ખૂટવા લાગી. નિરાશ થઈને તે ચાલવાની તૈયારી જ કરતો હતો કે સામેથી ફુલભીઉસ આવતો જોવામાં આવ્યો અને કોરભીનુસના જીવમાં જીવ આવ્યો.

" ક્ષમા કરો. મને અહીં આવતાં બહુ જ મોડું થઈ ગયું. તમને ઠંડીમાં જે કષ્ટ ઉઠાવવું પડયું તેનું મને ભારે દુઃખ થાય છે. પાસે આવીને ફુલભીઉસે કહ્યું.

" નહિ, નહિ, મને કાંઈ કષ્ટ નથી થયું. મારું મન તો કામે લાગી જ ગયું હતું.

" કઈ જગાએ ?

" ત્યાં સામે પેલું મોટું ઘર છે તે તરફ જુઓ. સવારથી હું બેઠો બેઠો ત્યાં જ જોઈ રહ્યો છું. ગરીબો અને ભિખારીઓની ટોળીઓની ટોળીઓ આવે છે અને પાછલે દરવાજેથી અંદર ચાલી જાય છે.

" અંદર શું થઈ રહ્યું છે ?

" ઘણું કરીને અંદર કાંઈક વહેંચાઈ રહ્યું છે. લૂલાં–લંગડાં, આંધળાં–કાણાં અને કોઢિયાં, જુઓ તમામ ચાલ્યાં જાય છે.

" એ કોનું ઘર છે ?

" કોઈ ઘણા ધનવાન પરિવારનું ઘર લાગે છે.

" પણ ઘર તો બહુ જ જૂનું લાગે છે, દીવાલો પણ ભાંગેલા ખંડેર જેવી મેલી–મેલી જણાય છે. અને તમે કહો છો, ધનવાન પરિવારનું ઘર છે.

" હું ખરું જ કહું છું. સાધ્વી આગ્નેસનું કુટુંબ રોમમાં સૌથી અમીર કુટુંબોમાંનું એક છે.

આગ્નેસનું નામ સાંભળીને ફુલભીઉસ ચમકી ગયો. કાંઈક સમય સુધી મૌન રહ્યા પછી તે બોલ્યો, " એ આગ્નેસ કોણ છે ?

" આપ નથી જાણતા ? ઘણી જ સુંદર છોકરી છે. આખું રોમ નગર તેના પર પ્રાણ પાથરી રહ્યું છે. તેથી જ માણસો આ ઘરને આગ્નેસનું ઘર એવું નામ લઈને પોકારે છે. એ યુવતી જેટલી પ્રસિદ્ધ છે તેટલા તેના પિતા નથી.

કોરભીનુસની વાત સાંભળીને ફુલભીઉસના પ્રાણમાં વીજળી જેવો ઝબકારો થઈ ગયો. તેણે મનમાં ને મનમાં કહ્યું, " તો શું આગ્નેસ ધનવાન પણ છે ? ઠીક, ઠીક ! ફબીઓલાને ઘેર તો સાવ સાદાં કપડાં પહેરીને આવી હતી.

ફરી થોડી વાર સુધી સ્તબ્ધતા છવાઈ રહી. ભિખારીઓની ટોળીઓ હજુ સુધી ચાલી જતી હતી. ઘરની સામેનો દરવાજો પણ ખુલ્લો થઈ ગયો હતો, પણ તે રસ્તેથી ઘણાં જ ઓછાં માણસો અંદર જતાં હતાં. કાંઈક સમય સુધી ફુલભીઉસ મૂંગો મૂંગો વિચારતો રહી આખરે બોલ્યો, " કોરભીનુસ ! કહો હવે ક્યાં જશો ?

" હું તો તે જ ઘરમાં જવા ચાહું છું. કદાપિ મારા હાથમાં પણ કાંઈક આવી જાય. ભિખારીઓની કોઈક ટોળીમાં ભળી જઈને પાછલે દરવાજેથી હું પણ અંદર ચાલ્યો જઈશ. આ ફાટેલાં જૂનાં કપડાંમાં મને કોણ ઓળખવાનું હતું ?

" કદાપિ કોઈ ઓળખી લે.

" કેવી રીતે ઓળખી લેશે ? હું એક પગને વાંકો કરી લઈને લંગડો બની જઈશ, પછી કોણ ઓળખશે ?

" કોરભીનુસ ! હું ધારું છું કે આ ઘરનાં માણસો એ ભિખારીઓને જરૂર ઓળખતાં હશે. જો જો, હોં, તમે ક્યાંક ફસાઈ ન પડો.

" ફુલભીઉસ ! આપ ચિંતા ન કરો. હું બધું જ બરાબર કરી લઈશ. પણ હવે આપ ક્યાં જશો ?

" હું પણ સામેના દરવાજેથી જ અંદર જઈશ. સાધ્વી આગ્નેસ મને સારી પેઠે ઓળખે છે.

કોરભીનુસ તરત ઊઠયો અને બૂટ ઉતારીને ફાટેલા કોટના ગજવામાં ઘાલી દીધાં, અને લંગડો બનીને ભિખારીઓની એક ટોળીમાં

ભળી ગયો. પાછળના દરવાજેથી ઘરની અંદર પહોંચતાં તેને જણાયું કે એક લાંબી પરસાળમાં સેંકડો લંગડા–લૂલા ભિખારીઓ ઊભા રહેલા છે. તેથી તે પણ તેની અંદર જઈને ઊભો રહી ગયો.

પરસાળના એક ખૂણામાં એક મોટી મેજ તેના જોવામાં આવી. મેજ પર મોતી, હીરા અને સોનાના દાગીનાનો ઢગ થઈ રહ્યો હતો. ઘરનાં કેટલાંક માણસો મેજની ચારે તરફ મૂકેલી ખુરશીઓ ઉપર બેઠાં હતાં. મેજના એક ખૂણા પાસે ઝવેરી બેઠો બેઠો જવાહીર તોળતો હતો, અને બીજી બાજુએ તેનો નોકર કોથળીમાંથી રૂપિયા કાઢી–કાઢીને ટેબલ પર મૂકતો જતો હતો. પ્રત્યેક જવાહીરનું વજન કરવામાં આવતું હતું અને તેની કિંમત આંકવામાં આવતી હતી. આંકેલી કિંમત પ્રમાણે થેલીમાંથી તેટલા રૂપિયા મેજ પર મૂકી દેવામાં આવતા. થોડી જ વારમાં મેજ ઉપર રૂપિયાનો ઢગલો થઈ ગયો. આ પ્રાણ–મોહક દશ્ય દેખીને કોરભીનુસના મોંમાં પાણી આવી ગયું. કેટલીયે વાર તેને ઈચ્છા થઈ આવી કે મેજ પર તૂટી પડીને રૂપિયા લૂટી નાસી જાઉં, પણ સાહસના અભાવથી તે તેની ઈચ્છા પૂરી ન કરી શકયો. તલસતી આંખોએ બિલકુલ ચૂપચાપ રહીને માત્ર સામે જોઈ જ રહ્યો.

આશરે એકાદ કલાકમાં બધા દાગીનાનું વજન થઈ ગયું. પછી મોતી અને હીરાઓની કિંમત પણ કાઢવામાં આવી અને તેના રૂપિયા પણ ટેબલ પર મૂકી દેવામાં આવ્યા. મેજ રૂપિયાથી પૂરેપૂરી ભરાઈ ગઈ હતી. તેના પર નિરાશા–ભરી નજર નાખતાં કોરભીનુસે ઠંડો નિસાસો મૂકયો અને મનમાં ને મનમાં કહ્યું, " અરે ! જો આ રૂપિયા મને મળ ી જાત તો હું ફબીઓલાને જરૂર મેળવી લેત.

જે ટોળીઓને આવવાનું નોતરું મળ્યું હતું, તે તમામ આવી ગઈ હતી, તેથી ઘરના એક નોકરે પાછળનો દરવાજો બંધ કરી દીધો.

પુણ્યશીલા લૂસીના અને તેના પ્રભુ–ભકત પુત્ર પંક્રાસિઉસે

પોતાના ઘરમાંનાં જવાહીર, મોતી અને હીરા તિજોરીઓમાં નકામાં બંધ પડી રહ્યાં હતાં તેને ગરીબો, ભૂખ્યાં અને ભિખારીઓને વહેંચી દેવાનો દઢ નિશ્ચય કરી લીધો હતો. એ બારામાં તે દિવસે પંક્રાસિઉસ, સેબસ્તિયનને મળ્યો હતો, અને એ શુભ કાર્યમાં સહાયતા કરવાની વિનંતી કરી હતી. પંક્રાસિઉસનો અટલ નિશ્ચય જોઈને સેબસ્તિયને વિખ્યાત પ્રભુ–ભક્ત તરુણી આગ્નેસના ઘર પર ધન વહેંચી દેવાની વ્યવસ્થા કરી હતી. આજનો બધો પ્રબંધ એ જ યોજનાના અનુસંધાનમાં કરવામાં આવ્યો હતો. જયારે દરવાજો બંધ થઈ ગયો ત્યારે બધાંએ સાથે મળીને પ્રાર્થના કરી. પ્રેમ ભરપૂર ગીતો ગાયાં. ત્યાર પછી સેબાસ્તિયને આજ્ઞા કરી કે બધા ભિખારીઓ પોત–પોતાની ટોળીમાં અલગ અલગ થઈને બેસી જાય, જેથી કરીને સરળતાથી એક–એક ટોળીને બોલાવીને તેમનો ઉચિત ભાગ આપી શકાય. ગરીબોના જીવનમાં આવા સુંદર અવસર કેટલા આવે છે, ભલા ? ભિખારીઓ ખૂબ આનંદની સાથે પોત–પોતાની ટોળીઓમાં વહેંચાઈ ગયા, પણ અભાગીઓ કોરભીનુસ કોઈ ટોળી સાથે સંબંધમાં ન હતો. તે હવે કયાં જાય ? કઈ ટોળીમાં જઈ ભળે ? તેનો જીવ સુકાતો જતો હતો. કોઈપણ રીતે સાહસ કરીને તે પાસેની એક ટોળીમાં ઘૂસી ગયો અને મોઢું સંતાડીને બેસી ગયો.

એક–એક ટોળી મેજની પાસે જતી અને ટોળીનો સરદાર પ્રત્યેક ભિખારીનું નામ પોકારતો ત્યારે તેની ઝોળીમાં રૂપિયા નાખી દેવામાં આવતા. આવી રીતે વારાફરતી ઘણી જ ટોળીઓ પોતપોતાનો ઉચિત ભાગ લઈને પાછળને દરવાજેથી બહાર નીકળી ગઈ. જેમ જેમ કોરભીનુસવાળી પેલી ટોળીનો વારો નજદિક આવતો જતો હતો તેમ તેમ તેનો જીવ સુકાતો જતો હતો.

આખરે એ ટોળીનો વારો પણ આવી જ ગયો. ટોળીનો અગ્રેસર પોતાના બધા ભિખારીઓને સાથે લઈને મેજની પાસે જઈ પહોંચ્યો,

ત્યારે કોરભીનુસનો જીવ ભયથી કંપી રહ્યો હતો. તે તો ઊઠવાનું સાહસ જ ન કરી શકયો. બેઠો હતો એવી રીતે જ મોઢું ઢાંકીને આંગણામાં બેસી રહ્યો. ધીરે–ધીરે તમામ ટોળીઓ પોત'પોતાનો ભાગ લઈને બહાર નીકળી ગઈ. પરસાળમાં કોરભીનુસ સિવાય એક પણ ભિખારી બાકી રહ્યો નહિ.

કોરભીનુસ એક ખૂણામાં મોઢું ઢાંકી દઈને બેઠો હતો. તેણે ચૂપકીથી આંખો ખોલીને જોયું તો પછવાડેનો દરવાજો બંધ થઈ ગયેલો દીઠો. કેવળ આગળનો દરવાજો ખુલ્લો હતો. તે બીતાં બીતાં ઊઠયો અને દીવાલની સાથે ઘસાઈને બારણાની તરફ આગળ વધ્યો. પણ સાંભળ્યું છે કે ' મુસીબત કદી એકલી નથી આવતી. જેવું આ ગરીબ પંખી લંગડાતું લંગડાતું દરવાજાની પાસે પહોંચ્યું કે પંક્રાસિઉસની સાથે તેનો ભેટો થઈ ગયો.

અધ્યક્ષ તેરતુલુસના પુત્ર કોરભીનુસનાં ફાટેલાં જૂનાં કપડાં, ગજવામાં સંતાડેલાં જોડાં અને એક પગનું લંગડાંપણું, એવી દશામાં તેને જોઈને પંક્રાસિઉસને દુઃખ થયું અને તેના આશ્ચર્યની સીમા ન રહી. ઘણા પ્યારથી તેના ખભા પર હાથ મૂકીને પંક્રાસિઉસે કહ્યું, '' પ્યારા ભાઈ, કોરભીનુસ ! આ તમને શું થઈ ગયું ? શું તમે લંગડા થઈ ગયા છો ?

પંક્રાસિઉસને જોઈને કારેભીનુસનો રહ્યો–સહ્યો પ્રાણ પણ સૂકાઈ ચૂકયો હતો. તેનાં રોમેરોમ ભયથી કાંપી રહ્યાં હતાં. પંક્રાસિઉસને દેખતાં જ સ્કૂલના જીવનનો એ છેલ્લો દિવસ તેની આંખોની સામે ઉપસી આવ્યો હતો. તેણે માની લીધું કે આજ પંક્રાસિઉસ તેની પાસેથી પૂરેપૂરો બદલો લીધા વિના રહેશે નહિ. પણ પંક્રાસિઉસના એથી ઊલટા જ વ્યવહારથી તેને ભારે આશ્ચર્ય થયું. કોઈએ ઠીક જ કહ્યું છે કે, ' જે પ્યાલામાં હોય છે તે જ બહાર આવે છે લજિજત બની જઈને કોરભીનુસે કહ્યું, '' હમણાં તો હું લંગડો નથી થયો, પણ જો કદાપિ થઈ ગયો હોત તો તમને

ઘણો જ આનંદ થાત.

એવા માનવતાપૂર્ણ વ્યવહારનો આવો કઠોર જવાબ સાંભળીને પંક્રાસિઉસના હૃદયને ઘણો જ આઘાત લાગ્યો. તેથી તે દુઃખ–ભર્યા સ્વરથી બોલ્યો, " કોરભીનુસ મને દુઃખ થાય છે કે તમે મને કદી પણ સમજી શકયા નથી. મેં હંમેશાં તમને મારા મોટાભાઈ માન્યા, પણ તમે સદા એવું જ વિચારતા રહ્યા છો, કે પંક્રાસિઉસ તમારો શત્રુ છે. તે દિવસે નિશાળેથી ઘેર પાછા જતી વખતે મારો કાંઈ પણ અપરાધ ન હોવા છતાં તમે મને માર્યો, પણ મેં તમારા પર તેનો બદલો વાળ્યો નથી. આજે તમને આવી હીન દશામાં જોઈને ખરેખર મને દુઃખ થાય છે. કહો, મારા જેવું કંઈ કામ છે ? મારા તરફથી કાંઈ સહાયતા જોઈએ છે ?

ધૂર્ત કોરભીનુસે ઉત્તર દીધો, " હું અહીં સહાયતા માગવા નહોતો આવ્યો ; હું તો મજા લૂંટવા આવ્યો હતો. એમ બોલીને તેણે પોતાનો લંગડો બનાવેલો પગ સીધો કરી લીધો.

કોરભીનુસની એ પ્રચંડ ધૂર્તતા જોઈને પંક્રાસિઉસને આ વખતે ક્રોધ વ્યાપી ગયો. તેથી તે કઠોર સ્વરમાં બોલ્યો, " કોરભીનુસ ! બીજાનાં ઘરોમાં પૂછયા વિના ઘૂસી જવું એ એક ભયંકર અપરાધ છે. ન્યાય એ અપરાધને કદી ક્ષમા નહિ કરે. તમારે આજે કચેરીમાં આજ હાલતમાં અવવું પડશે, જેથી તમને માલૂમ થઈ શકે કે બીજાનાં ઘરોમાં ચોરી–છૂપીથી ઘૂસવાનું શું પરિણામ થાય છે.

એક ગુલામ દાસનાં જૂનાં ફાટેલાં કપડાંમાં તેને પોતાના પિતા તેરતુલુસની સામે ભરી કચેરીમાં જવું પડશે એ કલ્પનાથી તેનાં પ્રાણ કંપી ગયો. તે નમ્ર થઈને બોલ્યો, " પંક્રાસિઉસ ! તમે, તે દિવસનો બદલો લેવા માગો છો ને ?

પંક્રાસિઉસનું હૃદય તો દયાના અમૃત રસથી ભર્યું પડયું હતું.

તેનો આત્મા કોરભીનુસની વાત સાંભળીને પીગળી ગયો અને બોલ્યો, " કોરભીનુસ ! હું તમને દુઃખ દેવા નથી ચાહતો અને તમારું અપમાન થાય એવું પણ નથી ચાહતો. મારી તો કેવળ એ જ ઈચ્છા છે કે તમારો સુધારો થઈ જાય તો સારું, નહિ તો ભવિષ્યમાં તમને અતિશય કષ્ટ ભોગવવું પડશે. હું તમારો બાળપણનો સાથી છું ; એ ભારે પ્રેમને લીધે ઈચ્છું છું કે તમે સુખી જીવન જીવતા થઈ જાઓ. જુઓ ! તમારી દશાને જરા જુઓ ! અમારા નગરના અધ્યક્ષ–પુત્રની આ દયનીય અવસ્થા જોઈને ખરેખર મને દુઃખ થઈ રહ્યું છે. ઠીક, હવે જાઓ ; જલદી નીકળી જાઓ. પરંતુ યાદ રાખજો આવી ગલતી ભૂલથી પણ ન કરજો.

' જીવ બચ્યો તો લાખો કમાયા ત્યાંથી છૂટી જવાની આશા બંધાયાથી કોરભીનુસના જીવમાં જીવ આવ્યો. તરત તે દરવાજામાંથી બહાર નીકળ્યો અને મુઠ્ઠીઓ વાળીને નાસી ગયો.

* * * * * * *

ફુલભીઉસ અત્યાર સુધી ઘરની બહાર જ ચકકર મારી રહ્યો હતો. એકાએક તેના જોવામાં આવ્યું, કે દરવાજા પર એક ઘણી જ સુંદર છોકરી આવીને ઊભી રહી ગઈ છે. તેને સંદેહ થયો કે કદાચ તે આગ્નેસ ન હોય ? તેની પાસે જઈને તે બોલ્યો, " તમારું નામ આગ્નેસ છે ?

" નહિ, મારું નામ તો એમેરેન્સિયા છે. હું આગ્નેસની ધર્મબહેન છું.

" પણ આગ્નેસ કયાં છે ?

" તે અંદર છે, કહો તો બોલાવી લાવું.

" હા, બોલાવી લાવો, અને કહેજો કે તમારો એક મિત્ર તમને મળવા માંગે છે.

આનંદમાં ઠેકડા મારતી એમેરેન્સિયા અંદર ગઈ અને

થોડીવાર પછી આગ્નેસ બહાર નીકળી. તે બરફ સમાન શ્વેત વસ્ત્રમાં દેવદૂત જેવી જણાતી હતી. હસતી હસતી તે આગળ આવી અને ફુલભીઉસનો સત્કાર કરતાં બોલી, '' ભાઈ ફુલભીઉસ ! પ્રણામ કહો, કેમ આવવું થયું છે ?

'' અમસ્તો જ, ફરતો ફરતો અહીં આવી ચડયો છું. મનમાં થયું કે ચાલો આજે આગ્નેસના પવિત્ર કુટુંબીજનોને મળી આવું.

અતિશય નમ્ર સ્વરમાં ઉત્તર દીધો, '' અમારું કુટુંબ ? એ તો કાંઈ એવું આદર્શ કુટુંબ નથી.

'' તે આપ કેવી રીતે સમજી શકો ? એ તો હું સમજું છું કે તમારો પરિવાર કેવો આદર્શ પરિવાર છે. તેથી તો આખા રોમની આંખો તેના પર ચોંટી રહી છે. તેની મુખ્ય વ્યકિત પણ એવી જ પુણ્યશીલ છે.

ભોળી આગ્નેસ કલ્પના પણ ન કરી શકી કે એ સંકેત તેને ઉદ્દેશીને કરવામાં આવ્યો છે. બાળકની માફક હસતાં હસતાં તે બોલી, '' અરે, એવી કોઈ વિશેષતા તો અમારામાં નથી. હા, એટલું તો ચોકકસ છે કે અમે સર્વને ચાહીએ છીએ. તેથી જ શહેરના લોકો અમારા પર એટલો પ્રેમ રાખે છે. પ્રભુની અમારા પર અત્યંત કૃપા છે. બધાની સાથે પ્રેમભાવથી હળતાં–મળતાં દિવસો આનંદથી વીતે છે.

ફુલભીઉસે નિર્લજજતાપૂર્ણ ઉત્તર દીધો, '' આપની કીર્તિ તો રોમનાં ઘરોઘરમાં ફેલાઈ રહી છે. તે કેટલો ભાગ્યવાન પુરુષ હશે કે જેનાં સહધર્મિણી આપ બનશો. !

આગ્નેસે શરમથી પોતાનું માથું નીચું નમાવી દીધું. તેણે ફુલભીઉસની તરફથી આ પ્રકારના ઉત્તરની કલ્પના પણ કરી ન હતી. હવે ફુલભીઉસની ધીરજ ખૂટતી જતી હતી. જેવું આગ્નેસે પોતાનું શિર શરમથી નીચે નમાવ્યું કે તરત તે નિર્લજજ પુરુષે તેનું કાંડું પકડી લીધું.

આગ્નેસ ભયભીત થઈ ગઈ. એકદમ તેનો હાથ છોડાવી

નાંખીને દૂર જતી રહી અને કાંઈ પણ બોલ્યા વિના ઘરમાં પાછી ચાલી ગઈ. પણ સેનાપતિ સેબસ્તિયન જે પાસેના બીજા આંગણામાં ફરતો હતો તેણે ફુલભીઉસનું એ નીચતાપૂર્ણ આચરણ જોઈ લીધું. તે દોડીને દરવાજાની પાસે પહોંચ્યો અને ઘણી મજબૂતાઈથી ફુલભીઉસનું કાંડું પકડીને ગંભીરતાપૂર્ણ સ્વરમાં બોલ્યો, '' ફુલભીઉસ ! તમે અહીં કેમ આવ્યા છો ?

'' એમ જ, ફરવા આવ્યો છું.

'' આટલી વહેલી સવારે તે કોઈ ફરવાનો સમય છે ?

'' પણ તમે પૂછવાવાળા છો કોણ ?

'' હું, હું આ ઘરનો માલિક પૂછું છું.

'' એ તો અમે જાણીએ જ છીએ કે આજે નહિ તો કાલે તમે આ ઘરના માલિક બની જ જવાના છો. આગ્નેસ પર જાળ બિછાવતાં તો પૂરું એક વર્ષ થવા આવ્યું છે.

ફુલભીઉસની નીચતા ભરેલી વાત સાંભળીને સેબસ્તિયનનું રોમેરોમ તિરસ્કારથી બળી રહ્યું. જો કદાપિ તે પ્રભુ ખ્રિસ્તનો ભકત ન હોત તો આજે ફુલભીઉસને જીવતો જવા ન દેત. પણ બિચારો અત્યારે વિવશ હતો. પ્રભુનો આદેશ તેને વિવશ કરી રહ્યો હતો. શાંત પડયા પછી ઘણા જ ઠંડા અને મૃદુ અવાજથી તે બોલ્યો, '' ફુલભીઉસ ! આ જગતના પ્રત્યેક માનવ ફુલભીઉસ નથી હોતાં. અગર જો એમ હોત તો આ સંસાર કયારનોય નષ્ટ થઈ ગયો હોત. તમે નથી જાણતા કે હું આગ્નેસને મારી પોતાની બહેન સમજું છું. અને એ જ નાતા સંબંધથી આ ઘર પર મારો પોતાનો અધિકાર સમજું છું. જો કદાપિ તમારો વિચાર પણ એવો હોય તો તમને પણ મારા જેવો જ અધિકાર છે. પરંતુ ફુલભીઉસ ! મને દુઃખ થાય છે કે તમારો વિચાર કોઈ બીજી જ દિશા તરફ જઈ રહ્યો છે. તેથી કરીને હું તમને ફરીથી કહું છું, કે ભૂલેચૂકે આ ઘરને ઉંબરે બીજી વાર

પગ મૂકશો નહિ. નહિ તો યાદ રાખજો હું તમારા ભેદનો બધો ભાંડો ફોડી દઈશ. ફુલભીઉસ ! તમારા વીતી ગયેલા જીવનની પ્રત્યેક વાત મને માલૂમ છે. હું એ પણ જાણું છું કે તમે રોમમાં શા માટે આવ્યા છો અને અહીં શું કરી રહ્યા છો ! તમારા અપરાધોને ન્યાય કદી ક્ષમા નહિ કરે. તેથી કરીને તમને ફરીથી કહું છું કે ચૂપચાપ અહીંથી ચાલ્યા જાઓ અને તમારો દુષ્ટ માર્ગ બદલી નાખો, નહિ તો એક દિવસ તમારે ઝૂરી–ઝૂરીને મરવું પડશે.

આવા કડવા અને જલદ શબ્દો ફુલભીઉસે કોઈને મોઢેથી કદી પણ સાંભળ્યા ન હતા. તે છાનોમાનો માથું ખંજવાળતો ખંજવાળતો દરવાજાની બહાર નીકળ્યો અને પોતાનો રસ્તો લીધો.

ફુલભીઉસના ચાલ્યા ગયા પછી સેબસ્તિયન આગ્નેસના ઓરડાની તરફ ગયો. દરવાજો ખુલ્લો હતો. તેણે અંદર જોયું તો દેવબાલા ઘૂંટણો ટેકવીને પ્રભુ ખ્રિસ્તના સુંદર ચિત્રની સામે બેઠી છે. પુષ્પપાંખડીઓ સમાન કોમળ પોપચાં પરથી અશ્રુબિંદુઓ નીચે પડી રહ્યાં છે. અને તેના ભિંજાયેલાં કંઠમાંથી આ શબ્દો નીકળી રહ્યા છે, " પ્યારા સ્વામી ! વિયોગનાં આ દુઃખો દાસીને કયાં સુધી દેતા રહેશો ?

પ્રકરણ ૮મું

ગેટા તળાવના હરિયાળા કિનારા પર .....

શીત ઋતુની શરૂઆતમાં રોમની આસપાસના ગિરિપ્રદેશ (કમ્પાનિયા)નું સૌન્દર્ય તેના પૂર બહારમાં ખીલી ઊઠે છે, ત્યારે હૃદયને હરી લેતા વાંકા–ચૂંકા ઘાટો દ્રાક્ષોની ડાળીઓથી ઢંકાઈ જાય છે, અને

તેનાં પાકી ચૂકેલાં દ્રાક્ષાનાં સોનેરી લૂમખાંઓ હવાનાં મસ્ત મોજાંઓમાં ઝૂલવા લાગે છે. હરિયાળીનાં લીલાંછમ ગોચરો ડોલવા લાગે છે. અને દૂર–દૂર સુધી પ્રસરેલી નાની નાની ઝૂંપડીઓ શોભાયમાન થઈ રહે છે. દેવદાર અને જૈતુનનાં વૃક્ષો આનંદથી ઝૂલી–ઝૂલીને તેનાં નાના–સરખા પટની શોભામાં વૃદ્ધિ કરે છે. અને વૃક્ષોની શીતળ છાયા નીચે ખીલેલાં રંગ–બેરંગી ફૂલો, કુટીરવાસીઓને તે અલૌકિક સર્જનહારની યાદ દેવડાવવા લાગે છે. દૂર ક્ષિતિજ પર ફેલાયેલી પર્વતની હારમાળાઓ પણ સૂર્યનાં વિખરાયેલાં કિરણોનો પ્રેમ–ભરપૂર સ્પર્શ પામીને દીપ્તિમાન થઈ રહે છે. ખરેખર તે વખતે કમ્પાનિયા સ્વર્ગનું સ્મરણ કરાવવા લાગે છે.

એ જ માટે રોમનાં ખાનદાન કુટુંબો સપ્ટેમ્બર મહિનાની મધ્યમાં ગામડાંઓમાં જવાની તૈયારી કરવા લાગે છે.

ફબીઓલા પણ દર વરસે કમ્પાનિયાની સહેલગાહે જતી. રોમથી આશરે દસ માઈલ દૂર ગેટા નામનું બહુ જ સુંદર તળાવ હતું. તેનું પાણી અત્યંત સ્વચ્છ અને ખુશનુમા હતું. એ જ ગેટા તળાવના કિનારે શ્રી ફબિઉસે ખાસ ઉત્સાહથી પોતાને માટે એક સુંદર નિકેતન બનાવ્યું હતું. પહાડની તળેટીમાં તળાવને કિનારે ' ફબિઉસ–નિકેતન ફબીઓલાને એટલો બધો ગમી ગયો હતો કે કોઈ કોઈ વર્ષ તો તે ત્રણ–ત્રણ મહિના સુધી ત્યાં રહી આવતી. રોમથી નીકળતી વખતે પોતાની ત્રણ–ચાર દાસીઓને સાથે લઈ લેતી કે ગામડામાં કોઈપણ જાતની વિટંબણા ન પડે.

ગામડામાં તેનો વિશેષ સમય વાંચવા–લખવામાં વીતતો. મૂર્તિદર્શનના વિષય પર તેની ખાસ અભિરૂચિ હતી. તેથી આ વખતે પણ તેણે મૂર્તિદર્શનને અનુરૂપ ડઝનબંધ પુસ્તકો સાથે લઈ લીધાં. પરોઢ થતાં પહેલાં જ બળદ–ગાડી પર બધો સામાન ભરી દેવામાં આવ્યો અને ધીરે

ધીરે તે ગાડું ગામડાની તરફ ચાલતું થયું. ત્યાર પછી થોડી જ વારમાં ઘોડા–ગાડી પણ તૈયાર થઈ ગઈ અને તેના પર ફબીઓલા તેની દાસીઓ સાથે બેસી ગઈ. બીજી દાસીઓની સાથે આ વખતે સીરા પણ તેની સાથે હતી.

ફબીઓલા પહેલાં જયારે પણ ગામડે જતી ત્યારે માર્ગની બંને બાજુએ દ્રાક્ષાથી લચી પડતાં લીલાંછમ ખેતરોને જોઈને ખૂબ આનંદિત થતી અને કદી કદી તો આનંદમાં આવી જઈને ગીતની એકાદ કડી પણ ગણગણતી. પણ આજ તેના મુખ પર આનંદ કે ઉલ્લાસની રેખા સુદ્ધાં ન હતી. કોણ જાણે તે કોના ધ્યાનમાં મગ્ન થઈ બેસી રહી હતી. થોડી થોડી વારે કોચવાન ઘોડાને ચાબૂક મારતો ત્યારે તે ચમકી જતી. કદાચને તે મનમાં ને મનમાં વિચારતી હતી, કે " સીરા પણ કેવી વિચિત્ર છોકરી છે. ભર–જુવાનીમાં પણ સુખ અને શૃંગાર તરફ તેને કાંઈ આકર્ષણ થતું નથી. આખો દિવસ પોતાના કામમાં ગુંથાયેલી રહે છે. એક પળના આરામનું પણ નામ જાણતી નથી. હાય રે ! તેનો કાંઈ પણ અપરાધ ન હોવા છતાં તે દિવસે મેં તેને નિર્દયપણે કેટલો માર માર્યો હતો, પણ બિચારીએ મોંમાંથી એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો. આગ્નેસ તેને પોતાની બહેન બનાવીને સાથે રાખવા માગતી હતી, તેને પણ તેણે સાફ ના પાડી દીધી. છતાં સુખોની તરફ તેને આટલો બધો અણગમો કેમ ? કોણ એવી ગુલામ દાસીઓ હશે જે સ્વતંત્ર થવા ન ચાહે ? પણ આ સીરા! તેને સ્વતંત્ર કરવામાં આવે છે છતાં સ્વતંત્ર થવા નથી ચાહતી. મારી સાથે રહીને આ પાગલને કયું સુખ મળે છે ? આખો દિવસ કામ, કામ અને કામ ને રાત્રે સૂકી રોટલી. આગ્નેસને ઘરે કેટલું સુખ મળત ! શું સીરા મારા પર એટલો બધો પ્રેમ કરે છે ?

ઘોડાગાડી ઊંચા–નીચા ઘાટો પર થઈને ધીરે ધીરે ચાલી જતી હતી. સીરા નીચી દષ્ટિ રાખીને મનમાં ને મનમાં ઈસુનામનું રટણ કરી

રહી હતી. પણ ફબીઓલાની ગંભીર મુખમુદ્રા તરફ આફરા વારંવાર જોતી અને ઘણા આશ્ચર્યસહિત મનમાં ને મનમાં કહેતી હતી, " સ્વામિનીને આજ આ શું થઈ ગયું ? આ ચુડેલ સીરાએ કાંઈ જાદુ તો કરી નાખ્યો નથીને ?

રસ્તો ઊંચો–નીચો અને કાચો પણ હતો. માઈલ દોઢ માઈલ ચાલ્યા પછી ઘોડા થાકી જતા તેથી થોડી વાર થોભી જવું પડતું. આમ હોવા છતાં ટમટમ સૂર્યાસ્ત પહેલાં જ ગેટા પહોંચી ગઈ.

એક વર્ષ પછી પોતાના પ્રિય નિકેતન પર આવીને ફબીઓલાને જે આનંદ થવો જોઈતો હતો તે ન થયો. ટમટમથી ઊતરીને તેણે ઉદાસ આંખોથી નિકેતનને જોયો અને તેના આંગણામાં પ્રવેશ કર્યો.

પ્રવાસના કારણથી ફબીઓલા ઘણી જ થાકી ગઈ હતી. શિરમાં ચંકકર આવતા હતા, તેથી ખાધા–પીધા વિના તે સૂઈ ગઈ. આખી રાત ખૂબ ઊંઘ આવી. પણ સવારે જયારે આંખો ખૂલી ત્યારે જોયું તો સીરા ચરણોની પાસે બેઠી બેઠી પોતાનાં સ્વામિનીની પગચંપી કરી રહી હતી. લજિજત જેવી બની જઈને ફબીઓલા બોલી, " સીરા ! હવેથી તું મારા પગ ન દબાવ્યા કરીશ.

" કેમ, સ્વામિની ?

બિચારી ફબીઓલા શો જવાબ આપે , તેથી છાની રહી ગઈ. સીરાએ ઘણા જ પ્રેમ–ભર્યા સ્વરમાં ફરીથી પૂછયું, " સ્વામિની ! કયા અપરાધને લીધે તમે મારો આ આનંદ છીનવી લેવા ચાહો છો ?

સીરાની અદ્‌ભુત સ્વામી–ભકિત જોઈને ફબીઓલાની આંખો ભરાઈ આવી. દાસીની આંખોથી આ ભેદ છુપાવવાના ઉદ્દેશથી તે ઝટ ઉઠી અને આંગણાની તરફ ચાલી ગઈ.

સ્નાન અને નાસ્તો કર્યા પછી ફબીઓલાએ પુસ્તકોના થેલામાંથી આઠ–દસ પુસ્તકો કાઢયાં અને સીરાના હાથમાં આપીને બોલી, " સીરા!

ચાલો, તળાવના કિનારા પર જઈએ. ત્યાં એક મોટો પથ્થર છે. તેના પર બેસીને વાંચવાથી મને ઘણો આનંદ થાય છે.

તળાવને કિનારે પહોંચીને એક મોટા પથ્થર તરફ આંગળી ચીંધી ફબીઓલાએ કહ્યું '' સીરા ! આ તે પથ્થર છે કે જેના પર બેસીને હું વર્ષોવર્ષ વાંચ્યા કરું છું. કોણ જાણે શા માટે મને એ ઘણો જ પ્રિય લાગે છે. અને એમ કહીને ફબીઓલા, એ શિલા પર જઈને બેઠી. દાસી પુસ્તકો પકડીને પાસે ઊભી હતી. ફબીઓલાએ તેને કહ્યું, '' ઊભી કેમ છે ? તું પણ બેસી જા.

ફબીઓલાથી જરા દૂર જઈને સીરા બેસી ગઈ. ફબીઓલાએ પુસ્તકો લીધાં અને તેમાંથી એક નાની ચોપડી પસંદ કરી સીરાને આપતાં બોલી, '' રોમમાં આ પુસ્તિકાની ઘણી નામના થઈ રહી છે. હાલમાં જ એક રોમન તત્ત્વજ્ઞે તે લખી છે અને ઘણી જ રસપ્રદ છે. તેના બે–ત્રણ અધ્યાય મને વાંચી સંભળાવ.

સીરાએ પુસ્તિકા ઉઘાડી અને તેનાં કેટલાંક પાનાં ઊથલાવ્યાં. શારીરિક ભોગ–વિલાસના સંબંધમાં તે લખવામાં આવી હતી. ઘણી જ ગલીચ વાતો તેમાં લખેલી હતી. સીરાએ વળી વધારે બે–ચાર પાનાં ઊથલાવ્યા અને ચોપડી બંધ કરી ફબીઓલાને આપતાં બોલી, '' માનવંત સ્વામિની ! આપ મને ક્ષમા કરો. હું એ પુસ્તક વાંચી નહિ શકું.

'' કેમ ? ઘણા આશ્ચર્ય સાથે ફબીઓલાએ પૂછ્યું.

'' કેમ કે એ ચોપડીમાં જે વાતો લખેલી છે તે વાંચવાથી સ્ત્રીનું ચરિત્ર નષ્ટ થઈ શકે છે, અને ઘૃણિત વાસનાઓના અંધકાર–ભર્યા ઊંડા ખાડામાં પડી શકે છે.

સીરાની વાત સાંભળીને ફબીઓલાને વળી વધારે આશ્ચર્ય થયું. તે બોલી, '' શું પુસ્તક વાંચવાથી પણ ચારિત્ર્ય બગડતાં હશે ?

'' હા, સ્વામિની ! આપણે જે કંઈ દેખીએ છીએ, અથવા

વાંચીએ છીએ, તેનો આપણાં મન અને મસ્તક પર ઘણો પ્રભાવ પડે છે. પવિત્ર ભાવનાનાં પુસ્તકો વાંચવાથી મન પવિત્ર થાય છે. અધમવૃત્તિનાં પુસ્તકો વાંચવાથી મનમાં ખરાબ વિકાર જાગૃત થાય છે અને એક દિવસ આપણાં ચરિત્રને નષ્ટ કરી દે છે. સ્વામિની ! આપની આ ચોપડીમાં ભોગવિલાસના વિષયની જ વાતો લખેલી છે. આપ સમાન પવિત્ર બ્રહ્મચારિણી સાધ્વીએ તો આવાં પુસ્તકને અડકવું પણ ન જોઈએ.

દાસીના મુખથી એ વાતો સાંભળીને ફબીઓલા શરમાઈ ગઈ. સીરાએ સાહસ કરીને ફરીથી કહેવાની શરૂઆત કરી, '' અમારા દેશને એવા માણસોની જરૂર છે કે જેમનું ચરિત્ર ઉજ્જવળ હોય, જેથી જગત–ભરનાં માનવોનાં શિર આ દેશવાસીઓની આગળ શ્રદ્ધાથી નમી પડે. તેથી હું કહું છું, કે પ્રિય સ્વામિની ! આ દેશને પવિત્ર સાહિત્યની જ જરૂર છે.

અતિ આતુર જિજ્ઞાસાથી રોમન તરુણીએ પૂછયું, '' સીરા ! તું પવિત્ર સાહિત્ય કોને કહે છે ?

'' પવિત્ર સાહિત્ય, તો એ સાહિત્ય છે કે જે ઈશ્વરની અપાર કૃપા પર, તેની અસીમ શકિતઓ પર અને તેના અગણિત ગુણો પર પ્રકાશ નાખે અને જીવનને જે નવો માર્ગ બતાવે. સંસારનાં ક્ષુદ્ર, ક્ષણિક અને પ્રપંચી પ્રેમ અથવા સુખ પ્રત્યે મનુષ્યના હૃદયમાં જે ઘૃણા પેદા કરે અને તેમનાં મનને કૃપાળુ પ્રભુની તરફ લઈ જાય.

દાસી સીરા વારંવાર ' પ્રભુ શબ્દનો ઉપયોગ કરી રહી હતી. એ સાંભળીને ફબીઓલાને તે કાંઈ આશ્ચર્ય થયું કે ન તો કોઈ પ્રકારે ગુસ્સો થયો. ઊલટાનું નમ્ર સ્વરથી બોલી, '' સીરા ! મને દુઃખ થાય છે કે હું પ્રભુના સંબંધમાં અધિક વાતો નથી જાણતી. મારા અત્યાર સુધીના જીવનમાં મેં ઘણાં જ પુસ્તકો વાંચી નાખ્યાં છે, ગ્રીક અને રોમન તત્ત્વવેત્તાઓનાં એકેએક પુસ્તકને ફીંદી નાખ્યાં છે, પણ 'પ્રભુ જેવા

શબ્દના સંબંધમાં મને કોઈ જગાએ, કાંઈ વાત મળી નથી. અને સીરા! જે પ્રભુની તું આટલી બધી પ્રશંસા કરી રહી છે, શું તે ખરેખર કયાંય છે ?

" હા, સ્વામિની ! ઈશ્વર તો સર્વ સ્થળે હાજરાહજૂર છે.

" જો તેઓ છે તો દર્શન કેમ નથી દેતા ?

" સ્વામિની ! આ આંખોથી તેઓ જોવામાં નથી આવતા એ સત્ય હકીકત છે ; પરંતુ અંતરની આંખો વડે આપણે જયારે ચાહીએ ત્યારે જોઈ શકીએ છીએ.

" પરંતુ, સીરા ! જો તેઓ આ દૈહિક આંખોથી દેખાતા નથી, તો આપણે કેવી રીતે સમજી લઈએ કે તેઓ ખચીત કયાંક વિરાજમાન છે !

" સ્વામિની ! હવા આ આંખોમાંથી જોવામાં આવતી નથી, તોપણ આપણે માનીએ છીએ કે હવા દરેક સ્થળે સભરપણે વ્યાપક છે. હવા વિના કોઈ પ્રાણી જીવિત રહી શકતાં નથી, માની લો એ જ સ્વરૂપે પ્રભુની વ્યાપ્તિ છે. તે જોવામાં આવતા નથી, પણ દરેક સ્થળે છે. તેમની કૃપા વિના આ જગતની કોઈ પ્રાણી–સૃષ્ટિ જીવિત રહી શકતી નથી.

પ્રભુ વિષેના વાર્તાલાપમાં ફબીઓલાને આજે ઘણો આનંદ આવતો હતો. તે બોલી, " સીરા ! હવાને આપણે જોઈ શકતાં નથી, એ તો ઠીક છે. પરંતુ જયારે હવા ચાલે છે ત્યારે ઝાડોનાં પાંદડાં હાલી ઊઠે છે. તેથી આપણને સ્પષ્ટરૂપમાં માલૂમ થઈ જાય છે કે હવા છે.

સીરાના હોઠો પર આછું હાસ્ય ફરકી રહ્યું. માનો કે લાંબા સમયના પ્રયત્ન પછી સફળતાનાં કિરણો તેને જોવામાં આવ્યાં. તે બોલી, " પ્રિય સ્વામિની ! જેવી રીતે હવાના વાવાથી આપણને હવાના અસ્તિત્વની ખાતરી થાય છે એવી જ રીતે ઈશ્વરની કૃપાથી તેમના સ્વરૂપનું આપણને દર્શન થાય છે. તેમની આપણા ઉપરની કૃપા એ જ

તેમના અસ્તિત્વનું મોટામાં મોટું પ્રમાણ છે.

" પણ તેમની કૃપાને આપણે ક્યાં જોવા પામીએ છીએ ?

" દરેક સ્થળે. તમે જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં તેમની કૃપા તમને સ્પષ્ટ રૂપમાં જોવામાં આવશે. જળમાં, સ્થળમાં, પર્વત–શિખરો પર અને ઊંડી ખીણોમાં– આ સંસારના કણેકણ પર એમની કૃપા વરસી રહી છે. કૃપાથી પ્રેરાઈને જ ઈશ્વરે આ દુનિયામાં જન્મ પણ લીધો અને તમામ માનવ–જાતિના ઉદ્ધારને માટે તેમણે પોતાનું મહામૂલું બલિદાન દીધું ; કોરડાનો માર ખાધો, જાત–જાતનાં અપમાન સહન કર્યાં, કાંટાનો મુગટ પહેર્યો અને છેવટે વધસ્તંભનું શાપિત મોત પણ સ્વીકારી લીધું. કેટલા કૃપાળુ છે, એ ઈશ્વર ! એટલું કહ્યા પછી સીરાએ તળાવનાં પાણી તરફ સંકેત કરતાં કહ્યું, " સ્વામિની! જુઓ તો ખરાં, પાણીની અંદર કેટલાં બધા નાના નાના જીવો ઉલ્લાસથી ફરી રહ્યા છે. પાણીની મારફતે કૃપાળુ પ્રભુ જ તેમની તરફ સૂર્યનાં કિરણો પહોંચાડી રહ્યા છે, એ માટે કે તેઓ જીવતા રહી શકે. શું આ દશ્ય તેમના અસ્તિત્વનું સબળ પ્રમાણ નથી ?

જિજ્ઞાસાભરી આંખે ફબીઓલાએ પાણીની અંદર જોયું તો તળાવના નિર્મળ જળમાં પ્રવેશતાં કિરણો તળિયા સુધી અજવાળું પાથરી રહ્યાં હતાં અને નાના નાના જીવો અહીંતહીં મસ્ત થઈને તેમાં ફરતા હતા.

પ્રેમના રસમાં ફબીઓલાનું હૃદય પૂરેપૂરું ભીંજાઈ ગયું. અચાનક તેની આંખો નીલ–ગગનની તરફ મંડાઈ અને જ્યારે નીચે નમી ત્યારે સીરાએ જોયું, કે સ્વામિનીનાં કમળથી પણ સુંદર નેત્રોમાં અશ્રુબિંદુ ટપકી રહ્યાં છે.

પ્રેમનો વિજય થઈ ચૂક્યો હતો. ગરીબ દાસીના બંને હાથ આકાશની તરફ ઉંચકાયા. એક શાંત અને શીતળ આહ્ લેતાં તે બોલી,

" પ્રભુ ! તમે કેટલા કૃપાળુ છો !

કમ્પાનિયાનું જીવન ઘણું જ મોજીલું જીવન હોય છે. શહેરમાંથી આવેલા લોકો સવાર થતાંની સાથે જ આસપાસનાં ગામડાંઓની તરફ નીકળી પડે છે અને પોતાના મિત્રોને ઘરે જઈને આખો દિવસ આનંદથી પસાર કરે છે. દરેક દિવસે વનમાં વાર્તાલાપ કરે અને વન–ભોજનની સાથે સાથે ગીતોનો મધુ–રસ પણ લૂટયા કરે.

ફબીઓલા પણ સૂર્યોદયની પહેલાં જ તળાવને કિનારે જઈને બેસતી અને લાંબા સમય સુધી સીરાની સાથે વાતો કર્યા કરતી. તેના હૃદયના કણેકણ હવે સીરા ઉપર પ્રેમ કરવા લાગ્યા હતા. બપોરનું ભોજન જમીને સીરાની સાથે ફરીથી સહેલ કરવા નીકળી પડતી. આસપાસની લીલીકુંજાર પર્વત–માળા પર ફરવામાં રોમન તરુણીને અપાર આનંદ આવતો. જો કદીક તે થાકી જતી તો કોઈક પથ્થર પર બેસી જતી અને કાંઈક સમય સુધી પ્રભુ–ભકિત સંબંધીની વાતો ફરીથી નીકળી પડતી.

સૂર્યાસ્ત પહેલાં જ ફબીઓલા નિકેતન તરફ પાછી ફરતી. પાછાં આવતી વખતે રસ્તામાં જો કદીકને વન–પક્ષીઓની ચિત્કાર કરતી હારો જોવામાં આવતી તો કહેતી, " સીરા ! પોતાને ઘેર પાછાં ફરતાં આ પંખીઓ મને બહુ પ્રિય લાગે છે.

સીરા ત્યારે જવાબ દઈને કહેતી, " હા, સ્વામિની ! આપણે પણ આવી રીતે જ એક દિવસ આપણે ઘેર પાછું વળવાનું છે. સ્વર્ગી ઘેર.

પ્રકરણ ૯મું

'વિજય–નિકેતન ની બદલાઈ ગયેલી દુનિયામાં .....

ગામડામાં આવ્યાને કંઈક દિવસો થઈ ગયા હતા, તેથી ફબીઓલાને લાગ્યું કે હું એક દિવસ 'મૂર્તિ–નિકેતન જઈને કાકા ક્રોમાસિઉસને પણ મળી જ આવું.

બીજે દિવસે સવાર પડતાં જ તેણે ટમટમ તૈયાર કરવાની આંજ્ઞા કરી, અને સૂર્યોદયની પહેલાં જ 'મૂર્તિ–નિકેતન જવા સારુ રવાના થઈ ગઈ. 'મૂર્તિ–નિકેતન 'ફબિઉસ–વિલા થી ઘણું દૂર હતું. ઊંચા પહાડી રસ્તા પરથી ટમટમ ધીરે–ધીરે ચાલી જતી હતી, ત્યારે ફબીઓલા મનોમન વિચારતી હતી, ''સીરા કેવી ખાનદાન છોકરી છે. કેટલી વિદ્વાન, કેટલી ચારિત્ર્યવાન! તેનું હૃદય પ્રેમના અમૃતથી ભર્યું પડયું છે. જયારથી એ મારા ઘરમાં આવી છે ત્યારથી મારા જીવનમાં કેટલું મહાન પરિવર્તન થઈ રહ્યું છે. મારામાં કેટલો બધો આંધળો અભિમાન હતો. હું કેટલી કઠોર–કેટલી દયાહીન હતી ? અને હવે ? હવે મારું એ અભિમાન ગળી ગયું છે. પ્રત્યેક વસ્તુ પર હમણાં મને દયા આવે છે. હું કેટલી બદલાઈ ગઈ .....

ફબીઓલા ટમટમમાં એકલી બેઠી બેઠી આખે રસ્તે બસ એ જ વાતો વિચાર્યા કરતી હતી. આશરે દસ વાગે ટમટમ 'મૂર્તિ–નિકેતન ની પાસે પહોંચી ત્યારે બુઢ્ઢા સારથિએ પાછળ મોં ફેરવીને કહ્યું, '' બેટી ! 'મૂર્તિ–નિકેતન તો આવી ગયો.

ધ્યાનમાં એક–તાર થઈ ગયેલી ફબીઓલા સારથિનો અવાજ સાંભળીને જોવા લાગી. તેને જણાયું કે સડકથી ઘણે દૂર સુધી કાકાની લીલીછમ વાડી ફોરી રહી છે, ડાળીઓ ઝૂલી રહી છે અને જૈતુનનાં

ઝાડોની પેલી બાજુએ 'મૂર્તિ–નિકેતન દેખાઈ રહ્યો છે.

મોટા દરવાજામાં થઈને જેવી ટમટમ અંદરની બાજુએ વળી ત્યારે ફબીઓલાએ જોયું કે કાકા ક્રોમાસિઉસ હસતા હસતા સામેથી ચાલ્યા આવે છે. ઘણા લાંબા ગાળા પછી વહાલા કાકા ક્રોમાસિઉસને જોઈને ફબીઓલાનું મન પુલકિત થઈ ઊઠયું. વચ્ચે જ ટમટમ ઊભી રખાવીને, આનંદિત વદને નીચે ઊતરી કાકાને ભેટી પડી.

કાકા ક્રોમાસિઉસ પણ ફબીઓલા ઉપર બેહદ પ્રેમ કરતા હતા. પાછલાં વીસ વર્ષોથી શ્રી ફબિઉસ પ્રત્યે તેમનો ઘણો મીઠો સંબંધ હતો. ફબીઓલાને પોતાની પુત્રી સમજીને તેમની ગોદમાં બેસાડી વર્ષો સુધી ખવડાવ્યું હતું. તેમણે મસ્તક ચૂમીને કહ્યું, '' કહો, બેટી ! બુઢ્ઢા કાકાની યાદ કેમ કરીને આવી ગઈ ?

નીચી દષ્ટિ કરીને ફબીઓલાએ કહ્યું, '' કાકા ! તમે જ તો અમને ભૂલી ગયા છો. આટલા દિવસોથી ગામડામાં આવેલા છો, પણ કોઈ દિવસ આ તમારી દીકરીની ખબર સુદ્ધાં પુછાવી ? આખરે મેં જ વિચાર્યું કે લાવ હું જ જઈને મળી આવું. પણ કાકા, આ શું? બહુ આશ્ચર્યની સાથે ફબીઓલાએ પ્રશ્ન પૂછયો.

હસીને કાકાએ જવાબ દીધો, '' દીકરી ! તને ખબર નથી ? મારો સંધીવાનો રોગ બિલકુલ મટી ગયો છે. હવે હું ઘણી સહેલાઈથી હરી–ફરી શકું છું.

ફબીઓલા આનંદના ઊભરાથી બોલી ઊઠી, '' તમારો જિંદગીભરનો રોગ જતો રહ્યો, એ ખુશાલીમાં મને પણ કાંઈ ને કાંઈ મળવું જોઈએ. પણ કોણે રોગ મટાડયો, કાકા ?

વાત બદલતાં કાકાએ કહ્યું, '' એ વાત પછીથી કહીશ. ચાલ, પહેલાં કાંઈક ખાઈ–પી લે. તને ભૂખ લાગી હશે. એમ કહીને કાકા ફબીઓલાનો હાથ પકડીને તેને નિકેતનની તરફ લઈ ગયા.

ક્રોમાસિઉસે આજ્ઞા કરી અને નોકરે આવીને ગરીબોને યોગ્ય સાવ સાદો ખોરાક મેજ પર મૂકી દીધો. જમવાની થાળીને ફબીઓલાની આગળ ધરીને કાકાએ કહ્યું, " બેટી ! લે, ખાઈ લે.

રોમના મુખ્ય અધ્યક્ષ ક્રોમાસિઉસની મેજ પર એવું સાદું ભોજન જોઈને ફબીઓલાને બહુ જ આશ્ચર્ય થયું. જે મેજને જાત–જાતની સ્વાદિષ્ટ વાનગીઓથી સજાવવામાં આવતી હતી, જે મેજ પર ભોજન કરવાને માટે રોમના પ્રખ્યાત ખાનદાનો તલસતા હતા, જે મેજ પર રાજય–પરિવારના લોકો પણ ઘણા આનંદ અને ખંતથી આવ્યા કરતા હતા, તે જ મેજ પર આજે સાદા ભોજનની થાળી જોઈને ફબીઓલા ગહન વિચારમાં પડી ગઈ. થાળી પોતાની તરફ ખેંચીને દિંગ બની ગઈ. કાકા બધું સમજી ગયા હતા. ઘણા જ પ્રેમથી તેમણે કહ્યું, " દીકરી! કદાપિ તને ખબર નહિ હોય, મારું જીવન હમણાં બહુ જ બદલાઈ ગયું છે. આવી જાતનું સાદું ખાવાનું હવે મને સારું લાગે છે. એમ કહીને કાકા છાના રહી ગયા. પણ એ વાત ફબીઓલાની સમજમાં બિલકુલ આવી નહિ, અને તે ધીરે ધીરે ભોજન કરવા લાગી.

જમી રહ્યા પછી બંને બહાર નીકળ્યા ત્યારે કાકાએ કહ્યું, " ફબીઓલા ! ચાલ, હું તને મારા બાગની રચના બતાવું. એમ કહીને બંને બાગની તરફ આગળ વધ્યાં.

પક્ષીઓના કલરવથી વાટિકા ગૂંજી રહી હતી, ફળોના ભારથી નમી રહેલી ડાળીઓ કેડીઓને ચૂમી રહી હતી અને પોતાના સ્વામીનું સ્વાગત કરવા ઝૂલી રહી હતી. ચારે બાજુએ લીલીછમ વનરાજી જ નજરે પડતી હતી. સરુનાં ઝાડોનાં છાંયડામાં ખીલેલાં ફૂલોના છોડવાઓ વાસંતી પવનનો આનંદ લૂંટી રહ્યા હતા. કયાંક કયાંક જયારે દ્રાક્ષોની એકાદ ડાળી જોવામાં આવતી, ત્યારે તેના ઝૂલી રહેલા દ્રાક્ષોના સોનેરી લૂમખા તરફ સંકેત કરીને કાકા કહેતા, " બેટી, જો ! કેટલા મહાન

કલાકારે આનું સર્જન કર્યું છે ?

અધ્યક્ષ ક્રોમાસિઉસના વિચારોમાં આવડું મહાન પરિવર્તન જોઈને ફબીઓલાને અત્યંત આશ્ચર્ય અને સાથોસાથ જ કાંઈક સંદેહ પણ થઈ રહ્યો હતો. પણ ભય અને સંકોચને કારણે બિચારી કાંઈ બોલી શકી નહિ. ફરતાં ફરતાં બંને બાગની પેલી બાજુએ આવી ચઢયાં, જયાં ' મૂર્તિ–નિકેતન ની વિખ્યાત મૂર્તિઓ રાખવામાં આવતી.

પથ્થરનાં બાજઠોને ખાલી જોઈને ફબીઓલાના આશ્ચર્યની સીમા ન રહી. કાકા તરફ ગંભીર નજરથી જોઈને બોલી, '' આ શું ? મૂર્તિઓ કયાં ગઈ ?

થોડી વાર રહીને ક્રોમાસિઉસે ઘણા જ શાંત સ્વરમાં ઉત્તર દીધો, '' બેટી ! મેં મૂર્તિઓ તોડાવી નાખી છે.

એવો જવાબ સાંભળીને ફબીઓલાના હૃદય પર ભારે ચોટ લાગી. તે ઘણા જ દુ:ખભર્યા સ્વરમાં બોલી, '' કાકા ! તમારા જ હાથોથી તમે એવું કામ કર્યું ? આ મૂર્તિઓને લીધે આખું રોમ તમારી પૂજા કર્યા કરતું હતું. અંતે આવું પાગલપણું તમને કેમ સૂઝયું ?

ફબીઓલાનો સવાલ સાંભળીને ક્રોમાસિઉસને હસવું આવી ગયું. તેના ખભા પર હાથ થપથપાવતાં બોલ્યા, '' તું આટલી બધી દુ:ખિત શા માટે થાય છે ? એ પથ્થરનાં પૂતળાં હતાં તેથી તોડાવી નાખ્યાં.

એ ઉત્તર સાંભળીને ફબીઓલાના હૃદયમાં વળી વધારે ધકકો લાગ્યો. કાકાની સામે વ્યગ્રતાથી જોઈને તે બોલી, '' કાકા ! તમે ભારે અઘટિત કામ કર્યું છે. અરે, એ મૂર્તિઓએ તમારું શું બગાડયું હતું ? જો તમારા નિકેતનમાં જગાની સંકડાશ હતી તો મને કહેવું હતું, હું તે બધી ખરીદી લેત.

કાકા ફરીથી હસી પડયા અને બોલ્યા, '' જે મૂર્તિઓને ખુદ હું મારા ઘરમાં રાખવાં ચાહતો ન હતો, તેને હું મારા મિત્રોને ઘેર શા માટે

મોકલી દઉં ?

" પણ કાકા ! તમને આ શું થઈ ગયું છે ? હું જોઉં છું કે તમે બિલકુલ બદલાઈ ગયા છો. તમારું ભોજન, તમારો વ્યવહાર અને તમારા આ રંગ–ઢંગ જોઈને મને ઘણું આશ્ચર્ય થઈ રહ્યું છે.

" ફબીઓલા ! સમય જ સૌથી મોટો ગુરુ છે. સમયના વહેતા ઝરણમાં આ સંસારની પ્રત્યેક વસ્તુ નિત્ય બદલાતી રહે છે. તેથી જો હું બદલાઈ ગયેલો જોવામાં આવતો હોઉં તો તેમાં આશ્ચર્ય જ શું છે ?

થોડીવાર તેઓ બંને છાનાં રહી ગયાં. પથ્થરના એક ખાલી ચોકઠા પાસે જઈને ફબીઓલાએ કહ્યું, " આ ચોકઠા પર કેવી સુંદર મૂર્તિ હતી ? કાકા! બીજું કાંઈ નહિ, પણ ઓછામાં ઓછું તે શિલ્પ–કલાનો એક નમૂનો તો હતી ?

" પણ, કાકા મને પૂછવાનું મન થઈ જાય છે કે એ મૂર્તિઓ વિના તમારું આ 'મૂર્તિ–નિકેતન મશકરીરૂપ નથી બની જતું ?

ફબીઓલાની વાત ખરેખર મહત્ત્વની હતી. તેની તીક્ષ્ણ બુદ્ધિ જોઈને કાકા હસ્યા અને બોલ્યા, "ફબીઓલા ! તું કહે છે તે ખરું છે. પણ હું તને જણાવું છું, કે મેં આ નિકેતનનું નામ પણ બદલી નાખ્યું છે.

" કેવું નામ રાખ્યું છે ?

" વિજય–નિકેતન.

" નામ તો અતિ મનોહર છે, પણ કાકા ! કયા વિજયની સ્મૃતિમાં તમે આ નિકેતનનું નામ ' વિજય–નિકેતન રાખ્યું છે ?

ફબીઓલાનો પ્રશ્ન વૃદ્ધ ભકતના અંતર–પ્રદેશને સ્પર્શી ગયો. નાઝારેથની પુણ્યભૂમિ, કાંટાઓનો મુગટ અને ક્રોસ પર લટકતા સ્વર્ગના રાજાનું ચિત્ર, તેમની આંખોની સામે તરવરવા લાગ્યું ; પણ તે પોતાનું રહસ્ય કેમ કરીને બતાવી શકે ? ફબીઓલાથી મુખ ફેરવી લઈને તેમણે પોતાની આંસુ–ભીની આંખો લૂછી અને વાત બદલી નાખીને બોલ્યા,

'' ફબીઓલા! તારા પિતાજી થોડુંક થયાં મને મળ્યા હતા, ત્યારે કહેતા હતા કે હું થોડા દિવસમાં એશિયા જવાનો છું.

કાકાની વાત સાંભળીને ફબીઓલા ગભરાઈ ગઈ. બહુ આશ્ચર્ય પામતાં બોલી, '' કયારે કહેતા હતા ?

'' આશરે બે મહિના થવા આવ્યા છે.

ફબીઓલા ખિલખિલાટ અવાજે હસી પડી અને બોલી, '' કાકા! તમારી મશ્કરી કરવાની ટેવ છૂટતી નથી. હું તા ડરી જ ગઈ હતી.

ફબીઓલાએ કાકાના હાથ પકડયા અને તેમને પથ્થરની બનાવેલી બેઠક તરફ લઈ ગઈ. તેના પર બેસીને બંને ફરીથી વાતો કરવા લાગ્યાં. ફબીઓલાએ કહ્યું, '' કાકા ! તમારા રંગ-ઢંગ જોઈને મને ઘણી જ બીક લાગે છે, હું તો જાણું છું. કાકા ! કે તમે પૂરેપૂરા મૂર્તિ-પૂજક છો, પણ માણસો વિના કારણ તમારા પર ખ્રિસ્તી હોવાનો સંદેહ આણશે. મૂર્તિઓ તોડાવીને તમે એક ભયંકર ભૂલ કરી છે.

રોમન તરુણીની વાતો સાંભળીને ક્રોમાસિઉસને પોતાનો વીતી ગયેલો જમાનો યાદ આવી ગયો. પ્રભુ-પ્રેમના અભાવથી તે કેટલો ભયાનક, કેટલો ડરામણો અને પાપ-કર્મની અતિશયતામાં કેટલો ડૂબેલો હતો ? વૃદ્ધ ભકતની આંખો ફરી બીજીવાર ભરાઈ આવી, પણ આ વખતે તેઓ પોતાનાં આંસુઓ સંતાડી શકયા નહિ. ભિંજાઈ ગયેલા કંઠથી બોલ્યા, '' ફબીઓલા! શું તું ખ્રિસ્ત-ધર્મને ખરાબ સમજે છે !

રોમના પ્રધાન અધ્યક્ષના મોંથી એવો પ્ર શ્ન સાંભળીને ફબીઓલાને વળી વિશેષ આશ્ચર્ય થયું. તે બોલી, '' કાકા ! તમે આ શું કહી રહ્યા છો ? રોમના પ્રધાન અધ્યક્ષના મુખથી હું આ શું સાંભળી રહી છું ?

'' એ જ, કે શું પ્રભુ ખ્રિસ્ત પર પ્રેમ કરવો એ ખરાબ બાબત છે ?

ફબીઓલા કાંઈ ઉત્તર આપી શકી નહિ, છાની રહી ગઈ. ક્રોમાસિઉસે ફરીથી કહ્યું, " જે પુણ્યાત્માએ અમારા ઉદ્ધાર માટે આ પૃથ્વી પર જન્મ લીધો, ભયંકરમાં ભયંકર કષ્ટ સહ્યાં, અપમાનોમાં પણ જે હસતા રહ્યા, કોરડાની વર્ષામાં પણ જેમણે એક પણ દુઃખભર્યો કે શાપિત શબ્દ ઉચ્ચાર્યો નહિ, જેમણે નમ્ર વદન રાખીને કાંટાનો મુગટ પહેર્યો, કમળથી પણ કોમળ ચરણો અને માખણથી પણ સુંવાળી હથેલીઓમાં જેમણે તીક્ષ્ણ ખીલાઓ જડાવડાવ્યા અને અંતે પોતાનો પ્રાણ પણ દીધો, શું એ પુણ્યાત્મા પર પ્રેમ કરવો એ ખરાબ બાબત છે ?

ફબીઓલાનું હૃદય પણ ભરાઈ આવ્યું. તેનાં પોપચામાંથી દુઃખની વેદનાથી નીગળતાં અશ્રુઓની ધારા વહેવા લાગી.

ઘણીવાર સુધી બંને મૌન બેસી રહ્યાં. માથા ઉપર સૂર્ય આવી ગયો હતો. ફબીઓલાએ પાંપણો લૂછતાં કહ્યું, કાકા ! ચાલો હવે જઈએ. મારે પાછું પણ જવાનું છે.

બંને ઊઠયાં અને નિકેતનની તરફ ચાલી નીકળ્યાં. રસ્તામાં ફબીઓલાએ કહ્યુ, " કાકા ! પિતાજીને એક જરૂરી પત્ર મોકલવાનો હતો. જો અહીંથી કોઈ રોમ જઈ રહ્યો હોય તો તેની સાથે મોકલી દઉં.

કાકાએ કહ્યું, " તોરકવાતુસ કાલે જ રોમ જવાનો છે, તે લઈ જશે.

ખંડમાં જઈને ફબીઓલાએ તરત એક નાનો સરખો પત્ર લખી નાખ્યો અને કાકાને આપતાં બોલી, " કાકા ! આ પત્ર પેલા આદમીને આપી દેજો, જે કાલે જઈ રહ્યો છે ; અને જરા કહેજો કે ભૂલથી કાગળ રહી ન જાય. સારું થાત જો હું તેને ખુદ મળી લેત.

" તો વાંધો શો છે ? તું જાતે જ મળી લે, અને જો કોઈ બીજી વાત સમજાવવી હોય તો તે પણ સમજાવી દે.

એમ કહીને કાકા ફબીઓલાને પેલા ખંડમાં લઈ ગયા, જયાં

તોરકવાતુસ રોમની સફરને માટે પોતાનો સામાન બાંધી રહ્યો હતો. તેને પાસે બોલાવીને કહ્યું, " આ પત્ર તમારી સાથે લેતા જજો, અને શ્રી ફબિઉસને હાથોહાથ આપજો. તેમને તમે ઓળખો છો ?

" કેમ નહિ ? તેઓ તો મારા જૂના મિત્ર છે.

ફબીઓલાને ઘણું આશ્ચર્ય થયું. તેણે તોરકવાતુસને આજ સુધી કદી પણ પોતાના ઘર પર આવેલો જોયો ન હતો તેથી ફરીથી બોલી, " ભાઈ તોરકવાતુસ ! આપ મારા પિતાજીને ઓળખો છો ?

" કેમ નહિ ? તેઓ તો મારા મિત્ર છે.

" તો આ પત્ર કાલે જ એમને દઈ દેજો.

હાથમાં પત્ર પકડીને તોરકવાતુસ કાંઈક ચિંતામાં પડી ગયો.

ઘણી વાર સુધી વિચાર કર્યા પછી તે બોલ્યો, " માનવંત બહેન! હું રોમ તરફ પગપાળા જઈ રહ્યો છું. ખબર નહિ કયારે પહોંચીશ ! સંભવ છે કે પત્ર પહોંચતાં બે–એક દિવસની મુદત લાગી જશે. જો ઘોડાગાડીમાં જાત તો જલદી પહોંચાત.

" તો તમે ઘોડા–ગાડીમાં કેમ જતા નથી ?

ક્રોમાસિઉસની નજર ચૂકવીને પાકીટ હલાવતાં તોરકવાતુસે ધીરેથી ઈશારો કર્યો કે પાકીટ ખાલી છે. ફબીઓલાએ રૂપિયાથી ભરેલી પોતાની થેલી ગૂપચૂપ તોરકવાતુસના હાથમાં મૂકી દીધી, અને આંખોના ઈશારાથી સમજાવ્યું કે ભાડાની ગાડીમાં જજો કે જેથી મારો પત્ર કાલે જ પહોંચી જાય.

અત્યંત પ્રેમથી વિદાય લેતાં ફબીઓલાએ કહ્યું, " કાકા ! મારા નિકેતન પર જરૂર આવજો, નહિ તો મને ઘણું જ દુઃખ થશે.

ફબીઓલાને વિદાય કરતાં ક્રોમાસિઉસની આંખો સજળ બની ગઈ. આશીર્વાદ દેતા બોલ્યા, " પ્રભુ ઈસુની ઈચ્છા હશે તો હું જરૂર આવીશ.

તોરકવાતુસ આખી રાત પાસાં બદલતો રહ્યો. 'વિજય–નિકેતન થી તેનું મન પૂરેપૂરું ઘરાઈ ગયું હતું. તેથી રોમ પાછા જવાની ખુશાલીમાં તેને એક પળ જેટલી પણ ઊંઘ આવી નહિ. રોમના બાગ–બગીચાં, સંગેમરમરનાં બનાવેલાં સ્નાન–ગૃહ, કોલાહલથી ભરેલાં બજારો અને હેરત પમાડે એવી રીતે શણગારાયેલી દુકાનો તેને યાદ અવતાં અને તે પથારીમાંથી ઊઠીને બારીની પાસે જઈ ઊભો રહેતો, કદાચને એ જોવા માટે કે સવાર થવામાં હવે કેટલી વાર છે.

પરોઢ થતાં પહેલાં જ તોરકવાતુસે પોતાનું બિછાનું બાંધી લીધું. અને બે નાના–નાના કોથળામાં તેનો બધો સામાન ભરી દઈને ઘણી વ્યાકુળતાથી ઉષા–રાણીના પ્રગટ થવાની રાહ જોવા લાગ્યો. ઘણા સમય પછી જયારે પૂર્વના ક્ષિતિજ પર ધીમો ધીમો પ્રકાશ પથરાયો ત્યારે ગરીબ તોરકવાતુસના અધરો પર પણ મંદ મંદ હાસ્ય છવાઈ રહ્યું.

ઈસુ નામનું સ્મરણ કરતાં કરતાં કાકા ક્રોમાસિઉસે તોરકવાતુસની ઓરડીમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમને જણાયું કે તે તો કોથળામાં પોતાનો બધો સામાન ભરીને પહેલેથી જ તૈયાર થઈ ઊભો છે. એ જુવાનની અધીરતા જોઈને વૃદ્ધ ભકતને હસવું આવી ગયું અને તેઓ બોલ્યા, '' હું તમને જગાડવા આવ્યો હતો, પણ તમે તો પહેલેથી જ તૈયાર છો. રોમ બહુ જ યાદ આવે છે ને ?

તોરકવાતુસ લજિજત જેવો બની ગયો પણ કાંઈ બોલ્યો નહિ. ચૂપચાપ સામાન ઉપાડીને બહારની પરસાળમાં લઈ આવ્યો.

ખચ્ચર પહેલેથી જ તૈયાર થયેલું ત્યાં ઊભું હતું. ખચ્ચરવાળાએ ખચ્ચર પર કોથળા બાંધી દીધા અને તોરકવાતુસને બેસવાને માટે ઉપર ગાદી જેવું બનાવી દીધું.

પોતાના પ્યારા સાથીને વિદાય દેવાને માટે આશ્રમના સમસ્ત ભકત–જન, કાકા ક્રોમાસિઉસ અને અધ્યક્ષ પોલીકાર્પ દરવાજા પર

આવ્યા. તોરકવાતુસે પોતાના બંધુઓથી ઘણા પ્રેમ સાથે વિદાય લીધી, ત્યારે પોલીકાર્પને પ્રણામ કરીને બોલ્યો, '' પિતા પોલીકાર્પજી ! જો કાંઈ આદેશ હોય તો ફરમાવશો.

તરુણ ભકતને વિદાય દેતાં પોલીકાર્પની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં, તોરકવાતુસને એક બાજુએ લઈ જઈને ધીરેથી કહ્યું, '' બેટા ! તમે એકલા જ રોમ જઈ રહ્યા છો. તમારી અને તમારા સાથીઓની લાજ રાખજો. તમારામાં હજુ સુધી એટલી બધી ખામીઓ છે, જે એક ખ્રિસ્ત-ભકતને શોભા આપે એવી નથી. તેને તજી દેવાનો પ્રયત્ન કરજો. જાઓ, બેટા ! પ્રભુ ઈસુ તમારી સહાયતા કરો.

અધ્યક્ષનો આશીર્વાદ લઈને તોરકવાતુસ શ્રી ક્રોમાસિઉસની તરફ ફર્યો અને તેમને પ્રણામ કરીને બોલ્યો, '' કાકા ! આપનો પ્રેમ ભૂલ્યો ભુલાય એવો નથી. હું જલદીથી પાછો આવી જવાનો પ્રયત્ન કરીશ.

તોરકવાતુસને આશીર્વાદ દેતાં કાકાએ કહ્યું, '' તોરકવાતુસ ! તમને એકલાને રોમ મોકલવાની ઈચ્છા ન હતી, પણ તમારી અધીરતા જોઈને તમને મોકલવા જ પડયા. પરંતુ યાદ રાખો ! આ આશ્રમની લાજ તમારા હાથમાં છે. તમારો પ્રાણ દઈને પણ એની રક્ષા કરજો. શ્રી પાલીકોર્પે ધર્મપાલનના જે નિયમો શીખવ્યા છે તેનું પાલન કરજો. અને જુઓ ! રોમમાં કોઈને માલૂમ ન થઈ જાય કે અમે બધા અહીં ગામડામાં છીએ અને ખ્રિસ્ત-ધર્મપ્રચારમાં લાગેલા છીએ. વારુ જાઓ. પ્રભુ ખ્રિસ્ત તમારી પ્રેમ-સાધનાને સફળ કરો.

કાકા ક્રોમાસિઉસથી વિદાય લઈને તોરકવાતુસે ફરી બીજી વાર બધાંને પ્રણામ કર્યા અને ખચ્ચરની પીઠ પર સવાર થઈને ચાલી નીકળ્યો.

ઊંચા ઘાટો પરથી ખચ્ચર ધીમે ધીમે ચાલી રહ્યું હતું. સૂતેલા મુસાફરોના કાનો સુધી, ' ઊઠ, જાગ પ્રવાસી, સવાર થયું નો સંદેશો

પહોંચાડનાર રવિ–કિરણો પૂર્વનો દરવાજો ઊઘાડીને કમ્પાનિયા પર પથરાતાં જતાં હતાં. તોરકવાતુસ રવાના થઈ ગયા પછી તમામ ભકત–જનો નિકેતનની તરફ પાછા ફર્યા, પણ વૃદ્ધ ક્રોમાસિઉસ દરવાજો પકડીને બિલકુલ મૌનભાવે ઘણી વાર સુધી બહાર ઊભા રહ્યા. જયારે ખચ્ચર ઊંચા ઘાટો પરથી નીચે ઊતર્યું અને આંખોથી દેખાતું બંધ થઈ ગયું ત્યારે એક દુઃખદ નિઃશ્વાસ મૂકીને કાકા પણ ચાલ્યા ગયા. કાકાના હૃદયમાં કેટલો પ્રેમ હતો ! આશ્રમવાસીઓની સાથે તેમનો કેટલો ઘાડો આત્મીય સંબંધ થઈ ગયો હતો?

* * * * * * *

આશરે દસ વાગે ખચ્ચર ફુંદી નામના સ્થળે પહોંચ્યું. ફુંદી સુધી જ તેને જવાનું હતું, તેથી તોરકવાતુસનો સામાન ઉતારીને ખચ્ચરવાળ ાએ ભાડાના પૈસા લીધા અને ચાલતો થયો.

તોરકવાતુસ પાસેની એક દુકાનમાં પોતાનો સામાન મૂકીને ગુરુજી કસ્સિયાનુસની શોધમાં નીકળ્યો. ગુરુજીના નામનો એક જરૂરી કાગળ

શ્રી ક્રોમાસિઉસે તેને આપ્યો હતો, તે પહોંચતો કરવાનો હતો. ઘણી વાર સુધી ફુંદીની ગલીઓમાં ભટકયા પછી ગુરુજીના ઘરનો પત્તો મળ્યો.

ગુરુજી બહારની પરસાળમાં આંટા મારી રહ્યા હતા. તોરકવાતુસને પોતાની તરફ આવતો જોઈને તેઓ તેની સામે ગયા અને પ્રેમપૂર્વક સ્વાગત કરીને બોલ્યા, '' આવો બેટા, આવો.

પરસાળમાં પડેલી ખુરશી આગળ કરીને કહ્યું, '' કયાંથી આવો છો, બેટા ?

પત્ર આપીને તોરકવાતુસે કહ્યું, '' સીધો 'વિજય–નિકતન થી આવી રહ્યો છું.

પત્ર લેતાં વૃદ્ધ ગુરુજીએ આશ્ચર્યથી કહ્યું, '' વિજય–નિકેતન થી ?

'' જી હા, મહાનુભાવ શ્રી ક્રોમાસિઉસે હવે તમેના 'મૂર્તિ–નિકેતન નું નામ બદલી નાખ્યું છે.

'' હાં હાં ! સમજાણું. સંતોષભર્યું હસીને ગુરુજીએ ઉત્તર દીધો અને પત્ર વાંચવા લાગ્યા.

પત્ર વાંચી રહ્યા પછી ગુરુજી ઊઠયા અને તોરકવાતુસનો હાથ પકડીને બોલ્યા, '' ચાલો બેટા ! પહેલાં કાંઈ ખાઈ–પી લો. ઘણે દૂરથી આવ્યા છો તેથી ભૂખ તો લાગી જ હશે.

ભૂખથી તોરકવાતુસનો દેહ નંખાઈ ગયો હતો. તેને કકડીને ભૂખ લાગી હતી, તેથી તે તરત ઊઠયો અને ગુરુજીની સાથે ઘરમાં ગયો.

જમવાની સાથે સાથે વાતો પણ થવા લાગી. પોતાની બધી જીવન–કથા સંભળાવીને અંતે ગુરુજી બોલ્યા, '' બેટા ! સમ્રાટના અત્યાચારો હવે સહ્યા જતા નથી. મેં મારું આખું જીવન રોમવાસીઓની સેવામાં ખરચી નાખ્યું, હજારો અભણ બાળકોને શિક્ષણ આપ્યું અને તેમને વફાદાર નાગરિક બનાવ્યા. વૃદ્ધાવસ્થામાં જે ફળ મળ્યું તે તમે તમારી આંખોએ જુઓ છો. આખરે જીવ બચાવીને મારે રોમથી ભાગી આવવું પડયું અને હવે સરકારની આંખોથી છુપાઈ છુપાઈને દિવસો કાપી રહ્યો છું. સમ્રાટને ઘણું કરીને ખબર મળી ગઈ લાગે છે કે હું પ્રભુ ઈસુનો ભકત હતો.

ગુરુજીના જીવનનું રહસ્ય સાંભળતા વેંત ખ્રિસ્ત–ભકત તોરકવાતુસના મસ્તકમાં એક ભયંકર દુષ્ટ વિચાર વીજળીની માફક પસાર થઈ ગયો. તે મનમાં ને મનમાં બોલ્યો, '' ભારે ભેદ ભરેલી વાતો જાણવા મળી છે. ખરેખર કોઈને કોઈ દિવસ આ ભેદ ભરેલી વાતો વડે હું પુષ્કળ ધન કમાઈ શકીશ.

પ્રકરણ ૧૦મું

મૃત્યુ ! ..... મૃત્યુ ! ..... કે ..... વિશ્વાસઘાત !

રોમમાં પહોંચી જવાને માટે તોરકવાતુસનો પ્રાણ ચટપટી રહ્યો હતો. તેથી જમી પરવારીને તેણે તરત ગુરુજીની વિદાય લીધી અને સીધો બજારમાં ગયો.

રૂપિયાથી ભરેલી થેલી તેની પાસે હતી. બજારમાં જઈને તેણે પોતાને માટે સુંદરમાં સુંદર રેશમી કપડાં ખરીદ્યાં. ખાવા–પીવાની ચીજો પણ લીધી અને ત્યાર પછી તરત જ પેલી દુકાન પર પહોંચ્યો જયાં તેણે પોતાના કોથળા મૂકયા હતા.

પાસે જ ઘોડાઓનો મોટો અડ્ડો હતો. તોરકવાતુસ તે અ ડ્ડામાં પહોંચ્યો અને રોમ જવાને માટે તરત બે ઘોડા પસંદ કરી લીધા. એક ઘોડા પર સામાન લાદી દીધો અને બીજા પર પોતે સવાર થયો.

ઘોડા હરિયાળા ઘાટોમાં થઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે તોરકવાતુસનું મન જલદી રોમ પહોંચી જવાને બેચેન થઈ રહ્યું હતું. જેમ જેમ માર્ગ કપાતો જતો તેમ તેમ રોમની સ્મૃતિ, કોલાહલથી ગાજી ઊઠતાં તેનાં બજારોની યાદ અધિક તીવ્ર થતી જતી. તેથી તે વારંવાર ઘોડાવાળ ાઓને કહેતો કે '' જરા જલદીથી ચલાવોને ?

રાત પડી ગઈ. ચારે તરફ ઘોર અંધકાર વ્યાપી ગયો. તેથી થાકી ગયેલા ઘોડાઓને કાચી સડક પર ચાલવાનું ઘણું કષ્ટ થતું હતું. એક ગામડિયાએ બીતાં બીતાં કહ્યું, '' શેઠ સાહેબ ! ઘોડા થાકી ગયા છે, તેથી થોડો આરામ કરી લઈએ તો સારું.

રોમના આકર્ષણે ખ્રિસ્ત–ભકત તોરકવાતુસને આંધળો બનાવી દીધો હતો, તેથી તે પેલા ગામડિયાને દબડાવવા લાગ્યો, '' પૈસા પણ

બમણા લેવા છે અને રસ્તામાં આરામ પણ કરવો છે કાં ? હું એક પણ મિનિટને માટે થોભી શકવાનો નથી. મારે હમણાં રોમ પહોંચવું છે.

બિચારા ગામડિયા ડરના માર્યા ફરી કંઈ બોલી શકયા નહિ. થાકી ગયેલા ઘોડા ધીરે–ધીરે આખી રાત ચાલતા રહ્યા અને પરોઢ થતાં પહેલાં જ રોમની નજદિક પહોંચી ગયા.

સ્મશાનવત્ શાંતિ વ્યાપી રહી હતી તેવે વખતે ધીમું હસતાં હસતાં તોરકવાતુસે રોમમાં પ્રવેશ કર્યો.

* * * * * * *

નગરી સૂતી પડી હતી. દુકાનો બંધ અને ગલીઓ સૂમસામ હતી. તેથી તોરકવાતુસ શહેરને પાર કરીને સીધો ફબીઓલાને ઘેર પહોંચ્યો. દરવાજા પર ઘોડા ઊભા રાખીને તેણે નિકેતનમાં પ્રવેશ કર્યો, અને નોકરની સાથે શ્રી ફબિઉસને ખબર મોકલાવી.

શ્રી ફબિઉસ ઘણી વાર પરસાળમાં આવ્યા ત્યારે તોરકવાતુસે પ્રણામ કરીને તેમના હાથમાં ફબીઓલાનો પત્ર મૂકયો. પોતાની પુત્રીની કુશળતાના સમાચાર વાંચીને તેમને ઘણો આનંદ થયો, અને તેઓ હસીને કહેવા લાગ્યા, " તોરકવાતુસ ! આ પરિશ્રમ ઉઠાવવા બદલ તમને ધન્યવાદ આપું છું. અને જુઓ ! આજ રાતનું ભોજન તમે મારે ઘેર જ લેજો.

શ્રી ફબિઉસનું સ્વાદિષ્ટ ભોજન રોમ આખામાં પ્રસિદ્ધ હતું. તેથી જમવાનું આમંત્રણ મળવાથી ભોજન–પ્રેમી તોરકવાતુસના મોંમાં પાણી આવી ગયું. પોતાની ખુશી છુપાવવાનો ઢોંગ કરતાં તે બોલ્યો, " જેવી આપની આજ્ઞા. એવું બોલીને તેણે શહેરનો રસ્તો લીધો.

નાસ્તો–પાણી કર્યા પછી શ્રી ફબિઉસ પણ શહેરમાં ચકકર લગાવવા નીકળી પડયા. ફબીઓલા ગામડે ચાલી જવાથી તેઓ અધિક

સ્વતંત્ર બની જતા. તે કારણને લીધે તેની ગેરહાજરીમાં રાતના ભોજન પર આવનારા અન્યાન્ય મિત્રોની સંખ્યા ઘણી જ વધી જતી. ફબિઉસ મોજથી ઘૂમતા–ફરતા ચાલ્યા જતા હતા, અને જેવાક તેઓ સ્નાનગૃહની પાસે પહોંચ્યા કે તેમની દષ્ટિ ફુલભીઉસ પર પડી ગઈ. ફુલભીઉસ છાનો–માનો કોરભીનુસની સાથે વાતો કરી રહ્યો હતો. તેની પાસે જઈને ફબિઉસ બોલ્યા, " ફુલભીઉસ ! અહીં ઊભા ઊભા શું કરી રહ્યા છો ?

ફુલભીઉસ શરમિંદો બની ગયો. એક બનાવટી હાસ્ય કરીને હાથમાં હાથ મેળવતાં તે બોલ્યો, " એમ જ ખાલી ફરવા નીકળ્યો હતો. આ શ્રી કોરભીનુસ, અધ્યક્ષ તેરતુલુસના સુપુત્ર છે. તેઓ મારા ખાસ મિત્ર છે. તહેવારના દિવસો પછી આજે જ તેમની મુલાકાત થઈ તેથી તેમની ખબર–અંતર પૂછી રહ્યો હતો.

પ્રયત્ન કરવા છતાં પણ મૂર્ખ કોરભીનુસ પોતાના હોઠો પર હસવું લાવી શકયો નહિ એટલું જ નહિ, પણ હસવાના પ્રયત્નમાં હાથ મેળવવાનું પણ ભૂલી ગયો.

" મારા પર કાંઈક નારાજ થયા લાગો છો ; તેથી જ કોઈવાર મારે ઘેર આવતા નથી. મારે ઘેર આવી ગયાને તો કાંઈક મહિનાઓ થઈ ગયા છે ! તે દિવસનું તમને માઠું તો નથી લાગ્યું ને ? ફબીઓલા અને આગ્નેસ હજુ બંને બાળકો છે. તે દિવસે તે બંનેએ જે કંઈ કહ્યું તે તો માત્ર હસવાના આનંદમાં જ કહ્યું હતું. શું તમને ખરાબ તો નથી લાગ્યું ને ? આગ્નેસ તો ત્યારપછી તમને કેટલીયે વાર યાદ પણ કરી ચૂકી છે.

આગ્નેસના પ્રેમની વાત સાંભળીને ફુલભીઉસના દિલ અને મગજમાં વીજળીનો ઝબકારો ફરી વળ્યો. તે આતુર જિજ્ઞાસા સહિત બોલ્યો, " શું આગ્નેસ મને યાદ કરતી હતી ?

" હા.

ફબિઉસનો ઉત્તર સાંભળીને ફુલભીઉસે આંખો નીચી નમાવી

દીધી. તેથી તેઓ સમજી ગયા અને બોલ્યા, " ફુલભીઉસ ! હું બધું જ સમજું છું. તમે તમારા હૃદયની વાત મારાથી કેમ છુપાવી ? તમે જાણો છો, કે એવી વાતોમાં મારા વિચારો સાવ સ્વતંત્ર છે. ઠીક, ઠીક ; કાંઈ જ ફીકર નહિ. આજ રાતના ભોજન પર અવશ્ય આવજો. આગ્નેસ પણ આવશે.

ફુલભીઉસે આખો દિવસ જે બેચેનીમાં કાઢયો તેનું વર્ણન થઈ શકે નહિ. સ્નાન–ગૃહથી તે સીધો ઘેર ગયો કે જેથી ઊંઘ આવી જાય અને થોડો સમય ઊંઘમાં પસાર થઈ જાય. પણ પ્રેમીને મળવાની આશામાં વિકળ થઈ રહેલી આંખોને નીંદ કયાંથી આવે ? તે પથારીમાંથી ઊઠી ગયો અને ફરીથી શહેરમાં ચકકર લગાવવા નીકળી પડયો. આજે તેને રોમની કોઈ ચીજ સારી લાગતી નહોતી. તે વારંવાર આકાશની તરફ જોતો અને સૂર્યને પશ્ચિમ ક્ષિતિજથી બહુ દૂર જોઈને નિરાશ બની જતો. તેનું મન વારંવાર કહેતું, કે " આગ્નેસ મારા પર પ્રેમ કરે છે. તે દિવસે તે પોતાને ઘેર મારાથી નારાજ થઈને નહિ પણ શરમાઈને ઘરમાં જતી રહી હતી. સેબસ્તિયનની કાન–ભંભેરણી હોવા છતાં પણ તેનું દિલ બદલાયું નથી.

એવા ને એવા વિચારમાં મસ્ત રહીને તે આખો દિવસ શહેરમાં આંટા મારતો રહ્યો. છેવટે સૂર્યાસ્ત થયો, સાંજ પડી અને થોડી વારમાં નિશા–રાણીનું શુભ આગમન થયું ; કે ફુલભીઉસે કપડાં બદલી નાખ્યાં, વાળ ઓળી લીધા અને 'ફબિઉસ–નિકેતન નો માર્ગ પકડયો.

હજુ સુધી એક પણ અતિથિ આવેલો નહોતો. શ્રી ફબિઉસ પણ શહેરમાંથી પાછા ફર્યા ન હતા તેથી ફુલભીઉસ ભોજન–ગૃહમાં જઈને ચૂપપાપ બેસી ગયો. અને તેની હૃદયેશ્વરી આગ્નેસની રાહ જોવા લાગ્યો.

ઘણા સમય પછી શ્રી ફબિઉસ પોતાના છ–સાત મિત્રોની સાથે

હસતા હસતા આવી પહોંચ્યા અને ફુલભીઉસને મળતાં જ બોલ્યા, " ક્ષમા કરજો, ફુલભીઉસ ! શહેરમાંથી પાછાં ફરતાં મને કાંઈક મોડું થયું. જરા આગ્નેસને ઘેર ગયો હતો, પણ બિચારીને તાવ આવી ગયો છે.

ફુલભીઉસના હૃદયમાં તીર ભોંકાઈ ગયા જેવું થયું. તેની સુકુમાર કલ્પનાઓ અને સોનેરી આશાઓ પર ફબિઉસે જાણે આવતાંની સાથે જ આગ વરસાવી દીધી હોય, જે આગ્નેસને મળવાની આશામાં તે આખો દિવસ પાગલની માફક શહેરમાં જયાં ત્યાં અથડાતો ફર્યો, તે આજ તેના જોવામાં પણ નહિ આવે, એ દુ:ખદાયક કલ્પનાથી તેના હૃદયમાં જે પીડા સળવળવા લાગી તેનો અંદાજ કાઢવાનું પણ અશકય છે. કાંઈ પણ બોલ્યા–ચાલ્યા વિના તે ભોજનની ખુરશી પર બેસી ગયો. એ જ અરસામાં તોરકવાતુસ પણ આવી પહોંચ્યો, અને બધાએ સાથે બેસીને જમવાનું શરૂ કર્યું.

ભોજનની સાથે–સાથે બાટલીઓ પણ ખુલ્લી અને વાતો પણ ચાલવા લાગી. એ દિવસોમાં લોકોને વિશ્વાસીઓના સંબંધમાં વાતો કરવી અને તેમને ગાળો દેવી એમાં જ ભારે આનંદ આવતો હતો. તેથી જ ફુલભીઉસનો એક મિત્ર બોલ્યો, " મને ખબર મળી છે કે દેવાધિદેવ સમ્રાટ મકસીમિયનના ભકતોએ સંપ કરીને નિકોમીડિયાનું પ્રખ્યાત પ્રભુ–મંદિર બિલકુલ જમીનદોસ્ત કરી નાખ્યું છે. તેની એક ઈંટ પર બીજી ઈંટ રહેવા દીધી નથી.

બીજાએ ટેકો આપ્યો, " હમણાં તો આરંભ થયો છે એમ સમજોને! આગળ આગળ જોતા રહેજોને શું થાય છે.

વળી ત્રીજાએ કહ્યું, " મેં તો સાંભળ્યું છે કે દેવાધિદેવ સમ્રાટ મકસીમિયન એ બદમાશ ખ્રિસ્તીઓનાં નામ–નિશાન ભૂંસી નાખવાનો પાકો નિર્ણય લઈ બેઠા છે.

ચોથો બોલ્યો, " એ બદમાશોની સાથે એવો જ વ્યવહાર થવો જોઈએ. આ પવિત્ર ભૂમિને એ લોકોએ ગર્દભના શિરની પૂજા કરીને અપવિત્ર બનાવી દીધી છે. તેઓનાં નામ–નિશાન મટી જાય તો જ અમારી આ દેવ–ભૂમિનો ઉદ્ધાર થઈ શકે છે.

શરાબનો ઘૂંટડો લેતાં લેતાં પાંચમા સાહેબ બોલવા લાગ્યા. " ગર્દભના શિરની પૂજા તો કરે જ છે, પણ મેં તો સાંભળ્યું છે કે એ નીચ લોકો બીજાઓનાં નાનાં–નાનાં બચ્ચાંઓને કાપીને રાંધી પણ ખાય છે.

તોરકવાતુસ પાસે બેઠો બેઠો અત્યાર સુધી શાંત રહીને બધું સાંભળ્યા કરતો હતો, પણ એ છેલ્લું વાકય સાંભળીને તેનું ધૈર્ય તૂટી ગયું. ક્રોધમાં આવી જઈને તેણે મેજ પર મુકકો માર્યો અને બોલ્યો, " જૂઠું ! તદ્દન જૂઠું ! તમે લોકો તદ્દન જૂઠું બોલી રહ્યા છો.

ફુલભીઉસ અત્યાર સુધી બિલકુલ મૌનપણે ઉદાસ ચહેરે બેસી રહ્યો હતો, પણ તોરકવાતુસની વાત સાંભળીને ચોંકી ગયો અને મનમાં ને મનમાં બોલ્યો, " સારો શિકાર હાથ આવ્યો છે.

" આપ એવું કયા આધારે કહી શકો છો કે આ બધા જૂઠું બોલી રહ્યા છે ? બહુ જ શાંત મુખ રાખીને શાહી જાસૂસ ફુલભીઉસે પૂછયું.

તોરકવાતુસના મનને એક ભયંકર ધકકો લાગી ગયો હતો. તે ખૂબ તપી ઊઠયો હતો, તેથી આવેશમાં આવી જઈને ઝટ ઊભો થઈ ગયો અને મોટી ગર્જના કરીને બોલ્યો, " કેમ કે હું ખુદ ખ્રિસ્તી છું, અને ખ્રિસ્ત–ધર્મની સાથે નિસબત ધરાવતી પ્રત્યેક વાત જાણું છું.

'બિલાડીના ભાગ્યે છીંકુ તૂટયું એવી પરિસ્થિતિ જોઈને ફુલભીઉસ મનમાં ને મનમાં ઘણો આનંદિત થયો. શિકાર હાથ આવ્યો છે એમ જાણીને તેણે તે જ સમયે નિશ્ચય કરી લીધો કે હવે હું તોરકવાતુસને ફસાવ્યા સિવાય રહેવાનો નથી. કદાપિ તેની મારફતે

કોઈ બીજું પણ મહત્ત્વપૂર્ણ કામ નીકળી શકે.

તોરકવાતુસની વાત સાંભળીને ભોજન–ગૃહમાં ચૂપકીદી ફેલાઈ ગઈ. તે ખ્રિસ્ત–ભકત છે એવી જાણ થતાં જ તેની પાસે બેઠેલા અતિથિ દૂર સરકવા લાગ્યા, જાણે કે તે પતનો રોગી ન હોય !

આ ઘટના પછી એવી સ્તબ્ધતા છવાઈ ગઈ કે અંત સુધી કોઈથી બોલવાનું સાહસ ન થઈ શકયું. બધાંએ મૂંગા મૂંગા જેમ તેમ ખાઈ લીધું અને પોતપોતાનો માર્ગ લીધો. ફબિઉસ પણ ઊઠીને અંદરના બીજા ખંડમાં ચાલ્યા ગયા.

ભોજન–ગૃહમાં કેવળ ફુલભીઉસ અને તોરકવાતુસ રહી ગયા. અતિશય પ્રેમ દર્શાવતો હોય એવી રીતે ફુલભીઉસે તોરકવાતુસના કટોરામાં બાટલી ઠાલવી દીધી, અને હસીને બોલ્યો, " તોરકવાતુસ ! તમે તો ખરેખર ભલા આદમી છો. મનમાં કોઈ વાત ગુપ્ત રાખતા નથી. સમ્રાટ ખ્રિસ્તીઓના પ્રાણ લેવા તલપી રહ્યા છે એવું જાણતાં છતાં તમે તમારો ભેદ બતાવી દીધો.

" મેં કોઈ પાપ નથી કર્યું. ખ્રિસ્ત–ભકિત એ પાપ નથી.

" તે ભલેને પાપ ન હોય, પણ તમે જાણો છો કે તેને માટે કેવી ભયંકર સજા કરવામાં આવે છે ! તેનો દંડ કેવો ભીષણ છે ?

" હું જાણું છું, તેને માટે મૃત્યુ એ જ દંડ છે ; પણ તેથી શું, હું તેને માટે તૈયાર છું.

" એ વાતોને જવા દો. ચાલો, બાજુવાળા ઓરડામાં જઈએ.

એમ કહીને ફુલભીઉસ, તોરકવાતુસને ખુરશી પરથી ઉઠાડીને પાસેના એક શણગારેલા ખંડમાં લઈ ગયો. એક નાના ટેબલની બંને બાજુએ બે ખુરશીઓ પડી હતી, તેના પર બંને બેસી ગયા. ફુલભીઉસે પોતાના ગજવામાંથી જુગારનાં સોગઠાં કાઢયાં, અને તેને ઉછાળતાં ઉછાળતાં બોલ્યો, " તોરકવાતુસ ! આવો, બે–એક દાવ આના પ્રણ રમીં

લઈએ.

નાદાન તોરકવાતુસ જુગારનો ભારે રસિયો હતો. ગયા મહિનામાં જુગાર રમવાના અપરાધમાં જ તે પકડાઈ ગયો હતો અને તેને પંદર દિવસની સજા થઈ હતી. કેદખાનામાં જ સેબસ્તિયને તેને ખ્રિસ્ત–ભકત બનાવ્યો હતો, અને ત્યાંથી છુટકારો અપાવ્યો હતો. તે દિવસથી તે મંડળીની સાથે રહેવા લાગ્યો હતો. સોગઠાં જોઈને બિચારાના પુરાણા સંસ્કાર જાગી ઊઠયા. તેને ગલગલિયાં થવા લાગ્યાં. તેણે ઝટ દઈને પોતાની રૂપિયાની થેલી કાઢી અને અંદર જોયું તો જણાયું કે હજુ તો અરધીથી વિશેષ થેલી રૂપિયાથી ભરી પડી છે. તેણે હાથ આગળ લંબાવીને ફુલભીઉસની પાસેથી જુગારના દાણા લઈ લીધા.

જુગાર રમવાની શરૂઆત થઈ ગઈ. પહેલી વાર બાજી પર કેવળ બબ્બે રૂપિયા લગાવવામાં આવ્યા, તે તોરકવાતુસ જીતી ગયો. બીજી વાર પણ તોરકવાતુસની જીત થઈ, અને એવી રીતે તોરકવાતુસે નાની–નાની રકમોની કંઈક બીજી બાજીઓ જીતી, ફુલભીઉસ જાણીબૂજીને હારતો જતો હતો. અંતે તેણે નકલી જુસ્સામાં આવી જઈને કહ્યું, " તોરકવાતુસ ! આ વખતે લગાવો જોઈએ ; હું જોઉં તો ખરો કે તમારી હિંમત કેટલા રૂપિયા સુધી પહોંચે છે.

જોશમાં આવી જઈને મૂર્ખ તોરકવાતુસે પોતાની આખી ને આખી થેલી દાવ પર લગાવી દીધી. ફુલભીઉસે પાસા ફેંકયા અને બાજી જીતી ગયો.

બાજી હારી જતાં જ તોરકવાતુસ હાયકારો કરી ઊઠયો. તેની બધી પૂંજી ક્ષણભરમાં લૂંટાઈ ગઈ. તેની આંખોની સામે અંધારું છવાઈ ગયું અને તે મેજ પર માથું પટકીને રોવા લાગ્યો.

ફુલભીઉસને સમજાઈ ગયું કે તોરકવાતુસ રૂપિયાને માટે પોતાનો જીવ કાઢી નાખે એવો માણસ છે. તેણે વિચાર્યું કે " જે વ્યકિત

રૂપિયાને માટે જીવ દઈ શકે છે, તે રૂપિયાને માટે વિશ્વાસઘાત પણ કરી શકે છે ?

તેણે તરત એક નવી જાળ પાથરી. બહુ જ પ્રેમથી તોરકવાતુસને દિલાસો આપતાં બોલ્યો, " તોરકવાતુસ ! ગભરાઓ છો શા માટે ? જયાં સુધી હું તમારી પડખે છું ત્યાં સુધી તમને નાણાં સંબંધી બિલકુલ દુઃખી થવા નહિ દઉં.

ફુલભીઉસની વાત સાંભળીને તોરકવાતુસને બહુ નવાઈ લાગી. તે પોતાની આંખો લૂછી નાખીને બોલ્યો, " હું તમારી વાત સમજયો નહિ.

" વાત એમ છે કે જો તમે મારી આજ્ઞા પ્રમાણે કામ કરતા જાઓ, તો હું રૂપિયાથી તમારું ઘર ભરી દઈશ.

શંકામિશ્રિત જિજ્ઞાસાની સાથે તોરકવાતુસે પૂછયું, " તમારી આજ્ઞા પ્રમાણે ? પણ તમારી આજ્ઞા શી છે ?

" તોરકવાતુસ ! હું સરકારી જાસૂસ છું અને ખ્રિસ્તીઓને શોધી રહ્યો છું. સમ્રાટની તરફથી મને અત્યંત ધન મળે છે. તમારે ખ્રિસ્તીઓની ખબર લાવી–લાવીને મને આપવી પડશે. હું એમને પકડીશ અને તેના બદલામાં મને જે ઈનામ મળશે તેમાંથી અર્ધું–અર્ધું. સમજયા ?

ફુલભીઉસની વાત સાંભળીને તોરકવાતુસ દિંગ બની ગયો. કાનો પર પોતાના હાથ રાખીને તે ધીરેથી બોલ્યો, " વિશ્વાસઘાત !!!

ફુલભીઉસે તરત આંખો બદલી અને કઠોર સ્વરથી બોલ્યો, " તોરકવાતુસ ! હવે તમે કોઈપણ રીતે બચી શકવાના નથી. કાં તો હવે તમારે મને સાથ દેવો પડશે ; તમારા ખ્રિસ્ત–ભકત બંધુઓની રજેરજ વાત લાવી–લાવીને મને દેવી પડશે ; નહિ તો તમારે માટે ફાંસી નિશ્ચિત છે, સમજયા ?

" વિશ્વાસઘાત !!! તોરકવાતુસ ચિત્કાર કરી ઊઠયો. ત્યારે

ફુલભીઉસે તેને ફરીથી કહ્યું, " તોરકવાતુસ ! હું તમને ફરી–ફરી સમજાવું છું, કે જો પ્રાણ બચાવવો હોય, જો મદિરા અને લહેજતદાર ભોજનની મજા માણવી હોય, તો મારી આજ્ઞાઓનું પાલન કરો; નહિ તો મૃત્યુ–દંડ નિશ્ચિત છે.

" મૃત્યુ !!! તોરકવાતુસ ફરી ચિત્કાર કરી ઊઠયો.

" હા, મૃત્યુ. હવે જલદી જવાબ દો. 'મૃત્યુ કે વિશ્વાસઘાત ?

મૃત્યુનું નામ સાંભળીને દુર્બળ મનના તોરકવાતુસનો દેહ કંપવા લાગ્યો. તે બૂમ પાડીને બોલી ઊઠયો, " નહિ, નહિ. મૃત્યુ નહિ, મૃત્યુ નહિ! વિશ્વાસઘાત !!

પ્રકરણ ૧૧મું

સાધનાના કઠિન માર્ગ પર .....

નિશા–રાણીનું કાળું ઓઢણું ઓઢીને નગરી સૂઈ રહી હતી. નાની–નાની સાંકડી ગલીઓ ઘનઘોર અંધકારથી ઢંકાઈ રહીને ખાઉં–ખાઉં કરી રહી હતી. રહી–રહીને ઠંડા પવનના જોરદાર ઝપાટા આવતા અને તેની અજ્ઞાત ભાષામાં તરુણ તપસ્વીને કોણ જાણે શું કહીને ચાલ્યા જતા. તે ફાડી આંખોથી કદીક આકાશની તરફ જોતો અને પોતાની ગરમ કામળ લપેટીને આગળ ને આગળ ચાલ્યા કરતો.

ઘણા સમય પછી તે બિચારો સુબેરા નામની જગાએ પહોંચ્યો, ત્યારે રોમના ગરીબ મજૂરોનો આ નાનો સરખો મહોલ્લો સ્મશાનની માફક સૂમસામ પડયો હતો.

વૃદ્ધ શિલ્પી દિયોજેનિસ આ મહોલ્લામાં રહેતો હતો. હિંમત

કરીને બિચારો પંક્રાસિઉસ કલાકેક સુધી આસપાસની ગલીઓમાં ચકકર મારતો ફર્યા કર્યો. ઘર ઓળખવાનો બહુ પ્રયત્ન કર્યો પણ ઘાડા અંધકારને લીધે ઘરની ભાળ લાંગી નહિ. જયારે ભટકી–ભટકીને થાકી ગયો અને ઘર મળવાની આશા પણ લોપ થઈ, ત્યારે તરુણ ભકતે ફરી વાર તારાઓથી સુશોભિત આકાશની તરફ મીટ માંડી અને એક ઠંડો શ્વાસ લેતાં બોલ્યો, " દયાળુ પ્રભુ, તમે કેટલા કૃપાળુ છો ! એટલું બોલીને તે ફરીથી એક નાની સરખી સાંકડી ગલીની તરફ ફર્યો. થોડે દૂર જઈને તે એકાએક થંભી ગયો અને એક નાના સરખા સુંદર મકાનને જોઈને તે દઢ વિશ્વાસની સાથે મનમાં ને મનમાં બોલ્યો, " જરૂર દિયોજેનિસનું આ જ મકાન છે.

ખૂબ સાહસ કરીને તેણે ઘરના આંગણામાં પ્રવેશ કર્યો અને બહારના દરવાજાને ધીરેથી ખખડાવ્યો. ખખડાવતાં જ તેણે દરવાજાની તરફ આવતાં કોઈના પગોના ઘસારાનો અવાજ સાંભળ્યો, " અરે, આ કોઈ બીજાનું ઘર તો નથી ! કાંઈક ભયંકર આશંકાથી પંક્રાસિઉસનું મન ક્ષણભરને માટે કંપી ઊઠયું. પણ દરવાજો ઉઘડતાંની સાથે જ તરુણ ભકતનો ભય આનંદમાં ફેરવાઈ ગયો, થકવાટ દૂર થઈ ગયો અને મંદ–મંદ હસીને બોલ્યો, " બાબા ! જય ઈસુ !

પંક્રાસિઉસનું સ્વાગત કરતાં ઘણા પ્રેમની સાથે બુઢ્ઢા બાબાએ કહ્યું, " આવો બેટા, જય ઈસુ ! પણ ભાઈ, આટલી રાતને વખતે ?

" હા, બાબા ! કાંઈક એવી જ વાત હતી તેથી આવવું પડયું. આ સુબેરાની સાંકડી ગલીઓમાં કલાકથી ભટકતો–ભટકતો ફરી રહ્યો છું.

વૃદ્ધ દિયોજેનિસની આંખો નમી ગઈ. દુઃખમય સ્વરમાં તેઓ ધીરેથી બોલ્યા, " બેટા ! તમે કેટલું કષ્ટ સહો છો ?

દીવો બળી રહ્યો હતો. બાબાના શાંત મુખ–મંડળ પર

નીકળી આવેલી હજારો રેખાઓ, કોઈ લાંબા અને રહસ્ય–ભર્યા પાછલા જમાનાની તરફ સંકેત કરી રહી હતી. નમી ગયેલા પહોળા–પહોળા ખભા કહી રહ્યા હતા કે બિચારાએ જીવન–ભર પથ્થરોનો બોજ વહ્યો છે. હાથો પર પડેલી કરચલીઓ જોઈને પંક્રાસિઉસે આજે કહી જ દીધું, '' બાબા ! મા મેરીની પ્રતિમાઓ બનાવતાં–બનાવતાં તમે કેટલા બધા ઘરડા થતા જાઓ છો !

તરુણ–ભકતના શબ્દો સાંભળીને બાબાના મુખ પર ઘેરી ઉદાસીનતા છવાઈ ગઈ. પંક્રાસિઉસ તેમના મુખનો ભાવ ન સમજી શકવાથી બોલ્યો, '' બાબા ! તમે આટલા બધા ઉદાસ કેમ થઈ ગયા ?

''નહિ, પંક્રાસિઉસ ! હું ઉદાસ નથી. જયાં સુધી આ જગતમાં તમારા જેવા પ્રેમી મનુષ્યો રહેશે, ત્યાં સુધી હું ઉદાસ થઈ જ શકવાનો નથી. પણ તમે તો ધ્રુજી રહ્યા છો, બેટા ! ચાલો, ચાલો, અંગેઠીની પાસે જઈને બેસો. માજુસ અને સેભેરૂસ પણત્યાં બેઠા છે. એમ કહીને વૃ+દ્ધ બાબાએ પંક્રાસિઉસના ખભા પર હાથ મૂકયા અને તેને અંદર લઈ ગયા.

માજુસ અને સેભેરૂસ બંને અંગેઠીની પાસે બેઠા હતા. માજુસ સંગેમરમરના એક ટુકડા પર કોતરણી કરી રહ્યો હતો. સેભેરુસ તેની પાસે બેસીને લાકડાની એક નાની તકતી પર કોઈ રેખા–ચિત્ર બનાવી રહ્યો હતો. પંક્રાસિઉસને પોતાને ત્યાં આવેલો જોઈને બંનેને હાર્દિક પ્રસન્નતા થઈ. સંગેમરમરના ટુકડાને દીવાલની સાથે મૂકી દઈને માજુસે પાસે પડેલી, પથ્થરની ખુરશી તરફ આંગળી ચીંધી કહ્યું, '' પંક્રાસિઉસ! તમે થાકી ગયા છો, ખુરશી પર બેસો અને ખરેખરું કહેજો, ભોજન કરીને આવ્યા છો કે નહિ ?

'' ભાઈ માજુસ ! તમે ચિંતા ન કરો. હું જમીને જ ઘેરથી નીકળ્યો હતો ; પણ તમે આટલી રાતે આ શું કરી રહ્યા છો ?

માજુસે ઉત્તર ન દીધો તેથી પંક્રાસિઉસને કાંઈક જિજ્ઞાસા થઈ

આવી. ખુરશી ઉપરથી ઊઠીને તે પેલા પથ્થરની પાસે ગયો અને ધ્યાન દઈને જોતાં તેના પર તેણે આ શબ્દો કોતરેલા દીઠા :

" ભકત બાળકની પવિત્ર સ્મૃતિમાં

" નિર્દોષ બાળક દીઉનીસિઉસ સંતોની વચમાં આ સ્થાન પર વિશ્રામ કરી રહ્યો છે.

" તમારી પવિત્ર પ્રાર્થનાઓમાં કૃપા કરીને લેખક અને શિલ્પી બંનેને યાદ રાખશો.

પથ્થર પર કોતરેલા શબ્દો વાંચીને ઘણા જ લાલસા–ભર્યા સ્વરમાં પંક્રાસિઉસે કહ્યું, " ભાઈ માજુસ ! લેખક અને શિલ્પીની સાથે સાથે જો આ ગરીબ વાચકનું નામ જોડી દેત, તો ઘણું સારું થાત.

" કેમ નહિ ?

પંક્રાસિઉસને ઘણી પ્રસન્નતા થઈ, પણ જયારે તેણે બાબાની તરફ ફરીને જોયું તો તેમની આંખોમાંથી આંસુ ઊતરી આવ્યાં હતાં. ઘણા આશ્ચર્યની સાથે પંક્રાસિઉસે પૂછયું, " બાબા, ! આ આંસુ શાનાં શહીદની પાવન સ્મૃતિમાં આ દુઃખ શાનું ? આપણે તો આવા વીર સુપુત્રો પાકવાને માટે ગૌરવ લેવું જોઈએ.

" તમે ઠીક કહો છો, બેટા ! દીવાલને અઢેલીને ઊભેલા વૃદ્ધ શિલ્પીએ ધીરેથી ઉત્તર દીધો, પણ તેમનાં આંસુ અટકી શકયાં નહિ. પંક્રાસિઉસે પાસે જઈને પોતાનો રૂમાલ કાઢયો અને વૃદ્ધ ભકતની આંખો લૂછતાં લૂછતાં બોલ્યો, " બાબા ! તમે બાળકની માફક રોવા કેમ લાગ્યા ? કયાંય મારાથી ભૂલ તો નથી થઈ ?

" નહિ, પંક્રાસિઉસ ! તમારા પ્રત્યે તો મને અભિમાન છે.

" તો પછી શી વાત છે ?

" વાત કાંઈ પણ નથી. પથ્થર પર કોતરેલી આ પંકિતઓ વાંચીને મને બહુ લાંબા અને દર્દ–ભર્યા જમાનાની યાદ આવી છે. આ આંખોએ દીઉનીસિઉસની માફક કોણ જાણે કેટલાય લાડકવાયાઓને

સમ્રાટના અત્યાચારનાં નિશાનો બનતાં જોયાં છે. વિચારું છું કે કેટલાં મોટાં–મોટાં બલિદાનો દઈ–દઈને આજ આપણે અહીં સુધી પહોંચ્યાં છીએ. અને બેટા ! હજુ તો કષ્ટોની શરૂઆત જ છે.

"તો પછી ચિંતા શા માટે ? પ્રભુના ઘરના પાયા તો શહીદોના રકતથી જ સીંચ્યા જાય છે. આજનાં બલિદાનો એક દિવસ સંસારવાસીઓની મુકતિનું સાધન બનશે. આપણે તો એ જોઈ–જોઈને પ્રસન્ન થવું જોઈએ કે અમારા વીર સૈનિક પોતાની પ્રેમ–પરીક્ષામાં સફળ થતા જઈ રહ્યા છે.

પંક્રાસિઉસના એ શબ્દો પછી થોડા સમય સુધી પૂરેપૂરી શાંતિ છવાઈ રહી. શાંતિનો ભંગ કરતાં બુઢ્ઢા બાબાએ પૂછયું, " પંક્રાસિઉસ! તમે એ તો કહ્યું નહિ કે આવી મધ્ય–રાતને વખતે અહીં કેમ આવ્યા ?

" માતાજીએ મને આપની પાસે મોકલ્યો છે અને આપને વિનંતી કરી છે કે કાલ સવાર થતાં જ આપ અમારે ઘેર પધારવાની કૃપા કરશો. એમની ઈચ્છા છે કે આપ એકાદ દિવસની અંદર જ એમને માટે કબર તૈયાર કરી દો. સમય કેવો જઈ રહ્યો છે, તે તો આપ જાણો જ છો.

પંક્રાસિઉસની વાત સાંભળીને વૃદ્ધ દિયોજેનિસ મૌન થઈ ગયા. માનો તરુણ–ભકતના શબ્દો બાબાના અંતરમાં વાગી ગયા હોય ! કાંઈક સમય સુધી વિચારીને બોલ્યા, " માતાજી ખરું જ કહે છે. તેમને મારા પ્રણામ દઈને કહેજો, 'દિયોજેનિસ કાલ સવાર થતાં જ આવી પહોંચશે.

" એક બીજી કૃપા ચાહું છું. પંક્રાસિઉસે વિનયપૂર્વક કહ્યું.

" મારી કૃપા ?

" હા, આપની કૃપા ચાહું છું. આપે મારા માટે એક વધારાની

તકલીફ લેવી પડશે. મારી બહુ ઈચ્છા છે કે હું આપની સાથે એક વાર આપણા સંતોની પવિત્ર કબરો જોવા આવું. એમ તો હું કંઈક વાર પ્રાર્થનાઓને માટે ત્યાં ગયો છું. પરંતુ મેં એ કબરોને કદી ધ્યાનથી જોઈ નથી, અને તેના પર લખેલા સ્મરણ લેખો પણ વાંચ્યા નથી. એ બધી કબરો આપે આપના હાથોથી બનાવી છે, તેથી આપને એકેએકની ખબર છે. કાલે હું આપની સાથે ત્યાં જવા ચાહું છું. આપને કષ્ટ તો જરૂર થશે જ, પણ મને સારી રીતે દેખાડી શકશો.

" એને તમે કષ્ટ કહો છો ? એ તો મારે માટે સૌથી મોટા આનંદનું કામ છે. બાળકની નિર્મળ પ્રભુ–ભકિત, બાબાને પ્રભાવિત કર્યા વિના ન રહી શકી. તેઓ થોડી વાર રહીને બોલ્યા, " કપેનાદ્વાર છે ત્યાં મારી રાહ જોજો. હું બરાબર અગિયાર વાગે ત્યાં આવીશ. ત્યાંથી આપણે બંને બારોબાર મહાત્મા કલિસ્તુસની ગુફા પર જઈશું.

" આપણે બંને નહિ, મારી સાથે બીજા બે યુવક પણ હશે. તે બંને હાલમાં જ પ્રભુ–ખ્રિસ્તના ભકતો બન્યા છે. બંને બહુ જ ઉત્સાહી યુવક છે. ગુફાઓમાં જઈને આપણા સંતોની કબરો જોવાને બહુ આતુર છે. એ ગુફાઓના સંબંધમાં હજુ સુધી બિચારા કાંઈ પણ નથી જાણતા. આજે એ બંને આગ્રહ કરી રહ્યા હતા.

" શી હરકત છે ? તેમને પણ સાથે લેતા આવજો. પણ, પંક્રાસિઉસ ! એ બંનેનાં નામ શાં છે ?

" એક તો નગરના ભૂતપૂર્વ અધ્યક્ષ ક્રોમાસિઉસના પુત્ર તિબુરસિઉસ અને બીજો તોરકવાતુસ છે.

તોરકવાતુસનું નામ સાંભળીને સેભેરુસ ચોંકી ગયો. કાંઈક વિચાર કરીને તે ડરતો ડરતો બોલ્યો, " પંક્રાસિઉસ ! તમે તોરકવાતુસને સારી પેઠે ઓળખો છો ને ?

" ભાઈ સેભેરુસ ! ખરી વાત તો એ છે કે હું જેટલું

તિબુરસિઉસના બારામાં જાણું છું, તેટલું તેના સંબંધમાં જાણતો નથી. તિબુરસિઉસ તો ખરેખર પ્રભુનો મહાન સાચો ભકત છે. રહી તોરકવાતુસની વાત : પણ તે તો આપણી મંડળીનો પુરાણો સભાસદ છે. બિચારો સાચો જ હશે. કબરો જોવાને બહુ જ ઉત્સુક હતો. મેં તો હા કહી દીધી છે. પણ, ભાઈ સેભેરુસ ! તમને સંદેહ કેમ થઈ રહ્યો છે ?

" કાંઈ ખાસ વાત નથી.

" તો પણ ?

" આજ સવારની જ વાત છે. હું ગુફાની તરફ જઈ રહ્યો હતો. વચમાં અન્તોનીનુસનું સ્નાન–ગૃહ આવે છે. તેનો દરવાન એક પાકો પ્રભુ–ભકત છે. તેને મળવાને માટે જેવો હું સ્નાન–ગૃહની તરફ વળ્યો તેવે જ મને જણાયું કે તોરકવાતુસ, નગરના મુખ્ય અધ્યક્ષના પુત્ર કોરભીનુસની સાથે એક ખૂણામાં ઊભો રહીને બહુ જ ખબરદારીથી ધીમે ધીમે વાતો કરી રહ્યો છે. કોરભીનુસને તો તમે જાણો જ છો. જે, તે દિવસે (કોઈ દયાળુ પ્રભુ–ભકતે જે દિવસે પોતાનાં કિંમતી જવાહીર તેના ગરીબ ભાઈઓને વહેંચ્યા હતાં) ભિખારીનો વેશ બનાવીને આગ્નેસના ઘરમાં ચોરીથી ઘૂસી આવ્યો હતો, તે તમને યાદ છે ને ? એવા ખરાબ માણસની સાથે તોરકવાતુસે એટલી વહેલી સવારે વાતો કરવી મને તો ઠીક ન લાગ્યું.

સેભેરુસની વાતો પર પંક્રાસિઉસે વિશેષ ધ્યાન ન દીધું. તે હસીને બોલ્યો, " તોરકવાતુસ પણ પાગલ જ છે. શહેરના મુખ્ય સ્નાન–ઘાટો જયાં ગમે તેની સાથે મુલાકાત થઈ જવાનું સંભવિત છે, ત્યાં જેની તેની સાથે તે વાતે વળગી જાય છે, એ ટેવ સારી નથી. પ્રભુ તેની ટેવ જલદી સુધારે.

એટલું કહીને પંક્રાસિઉસે બુઢ્ઢા બાબાને પ્રણામ કર્યા અને ઘણા પ્રેમ સહિત એ બધાથી વિદાય લીધી.

પ્રકરણ ૧૨મું

ગુફાઓની અંધારી દુનિયામાં .....

પરોઢ થતાં પહેલાં જ ઘણા શિલ્પી, ભકતજન દિયોજેનિસના ઘર પર આવી પહોંચ્યા હતા. બધાંએ વૃદ્ધ બાબાને પોતપોતાની ગુફાના સમાચાર કહ્યા અને જુદી જુદી બાબતો વિષે તેમની સલાહ લીધી. વૃદ્ધ દિયોજેનિસે એક–એક કરીને બધાની સાથે વાતચીત કરી અને છેવટે ગુફાઓને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો. વૃદ્ધ ભકતના શબ્દોમાં કોઈ અપૂર્વ શકિત હતી. તેઓ જે કાંઈ કહેતા તે બધા માણસો આંખો મીંચીને માની લેતા. સાંભળનારના હૃદયમાં તેમની દરેક વાત સોંસરી ઊતરી જતી.

જયારે એક–એક કરીને બધાએ પોતાનો માર્ગ લઈ લીધો, ત્યારે બાબા દિયોજેનિસ ઊઠયા અને પોતાના બંને પુત્રોને સાથે લઈને કપેનાદ્વારની તરફ ચાલી નીકળ્યા. નકકી થયેલા સ્થાન પર પંક્રાસિઉસ પોતાના બંને સાથીઓની સાથે તેમની રાહ જોઈ રહ્યો હતો. પંક્રાસિઉસની ભેટ થતાં જ વૃદ્ધ દિયોજેનિસે એ ટોળીને બબ્બેની ત્રણ ટુકડીમાં વહેંચી દીધી, એ માટે કે બજારના માણસો કાંઈ સંદેહ ન કરી શકે.

એપીઅન રસ્તા પર આશરે બે માઈલ સુધી ચાલ્યા પછી તેઓ એક સુંદર બંગલાની પાસે પહોંચ્યા. એ બંગલાની બાજુમાં થઈને એક નાંની સરખી સડક ખેતરોની તરફ જતી હતી. સડકની બંને બાજુએ ઘણી જ કબરો બનેલી હતી. એ કબરોને પાર કરીને ત્રણે ટોળીઓ ગુફાની પાસે જઈ પહોંચી, અને ત્રણેએ ભિન્ન–ભિન્ન માર્ગે ગુફામાં પ્રવેશ કર્યો. રેતીના એક મોટા ઢગલાની આડમાં બધાને એક નાનો સરખો પથ્થર જણાયો. તેને ઉપાડયા પછી નીચેની બાજુએ જતી એક નિસરણી જોવામાં આવી. એ નિસરણી પર ધીરે–ધીરે પગ માંડીને બધા માણસો નીચે

ઊતર્યા. ગુફામાં ઘોર અંધારું હતું. કેવળ નિસરણી નીચે એક નાની સરખી મીણબત્તી બળી રહી હતી ; એ માટે કે ગુફામાં જનારાઓ અંદર જવાનો રસ્તો જોઈ શકે.

જમીનની નીચે બનેલાં આ કબરસ્તાનોને 'કટાકૂમ્બ ના નામથી ઓળખવામાં આવતાં હતાં. તેને એક પ્રકારની ગુફા માની લેવામાં હરકત નથી. આ ગુફાઓની અંદર એક જુદી જ જાતનો નવો સંસાર વસ્યો હતો, જે બાહ્ય સંસારથી બિલકુલ અલિપ્ત હતો. ગુફાના ત્રણ માળ હતા. ત્રણે

માળમાં નાની–નાની સાંકડી ગલીઓની જાળ પથરાઈ રહી હતી. ગલીઓની બંને બાજુએ શહીદ થયેલા પ્રભુ–ભકતોની નાની–નાની કબરો બનાવેલી હતી. પ્રત્યેક કબરની સામે આરસપહાણનો એકેક નાનો પથ્થર ગોઠવવામાં આવ્યો હતો, જેના પર શહીદ વિષેની પવિત્ર સ્મૃતિમાં કાંઈક સ્મરણ–લેખો લખેલા હતા. ગુફાની અંદર નાની નાની ઓરડીઓ પણ બનાવી હતી, જેમાં છુપાઈને પ્રભુ–ભકતો વિશ્રામ કરતા. ગુફામાં જ પ્રભુ–મંદિર બનાવ્યું હતું, જયાં ખ્રિસ્ત–પ્રેમીઓ એક સમૂહમાં મળીને પ્રાર્થનાઓ કરતા. સમ્રાટની ખૂની આંખોથી બચવા માટે દૂરના ભાગમાં બિચારા ગરીબ પ્રભુ–ભકતોએ પોતાની આ નાની સરખી દુનિયા વસાવી રાખી હતી. ખાસ કરીને કટાકૂમ્બનું ભોંયરું કબરોને માટે જ બનાવવામાં આવ્યું હતું, પરંતુ સંકટના સમયમાં પ્રભુ–ભકતો એમાં આવીને આશ્રય પણ મેળવતા હતા.

જુદા જુદા માર્ગોથી નીચે ઊતરીને જયારે ત્રણે ટુકડીના માણસો ગુફામાં એક જગાએ આવી મળ્યા અને સામેની ગલીમાં વળવા લાગ્યા ત્યારે સેભેરુસ કાંઈક વિચાર આવવાથી અટકી ગયો અને પંક્રાસિઉસને કહ્યું, " પંક્રાસિઉસ ! અમે ત્રણ જણાએ તો આ રસ્તા બરાબર જોયા છે, પણ તમે ત્રણે એ નથી જોયા. તો એવું કરીએ કે અમારી ત્રણેની સાથે

તમે ત્રણે અલગ અલગ થઈને જોડાઈ જાઓ, તો સારી રીતે જોઈ શકાશે અને બધી રચના લક્ષમાં રહી જશે. એમ કહીને સેભેરુસે તરત તોરકવાતુસનો હાથ પકડયો અને પોતાની તરફ ખેંચતાં બોલ્યો, '' તોરકવાતુસ ! ચાલો, તમે મારી સાથે થઈ જાઓ.

બધાએ પોતપોતાના હાથોમાં નાની–નાની મીણબત્તીઓ લઈ લીધી, અને સામેની એક સાંકડી ગલીમાં પ્રવેશ કર્યો. ગલીમાં પ્રવેશ કરતાં જ વૃ+દ્ધ દિયોજેનિસે આ કટાકૂમ્બનું થોડું ઘણું વર્ણન કર્યું. પછી ધીરે–ધીરે તેઓ આગળ વધ્યા, કંઈક આગળ જઈને તેઓને જમણી તરફ વળવું પડયું. પાછા કેટલીક જગાએ વળાંક આવ્યા, અને અંતે તેઓ એક પહોળ ી ગલીમાં આવી ચઢયા. તોરકવાતુસ પ્રત્યેક વળાંકને બહુ ધ્યાનથી જોઈ રહ્યો હતો. જયારે તેઓ પહોળી ગલીમાં પહોંચ્યા ત્યારે તેણે સેભેરુસને કહ્યું, '' ભલા, આ મુખ્ય રસ્તા પર આવતાં આપણે કેટલી વાર વળવું પડયું ?

સેભેરુસ તરત સમજી ગયો તેથી તે કાંઈક શુષ્ક સ્વરમાં બોલ્યો, '' કોણ જાણે.. કાંઈ હિસાબ તો લખી રાખ્યો નથી. ઘણી વાર વળી ચૂકયા છીએ.

'' તોપણ કાંઈ અંદાજ તો હશે. દસ–વીસ વાર તો જરૂર જ વળ્યા હોઈશું.

'' વળવું પડયું હશે. મેં તો કાંઈ ગણતરી રાખી નથી. તોરકવાતુસ આ ચોક અને ગલીઓનો ભેદ જાણવા ઈચ્છતો હતો, તેથી તેણે ફરીથી પૂછયું, '' તો આપ દિશાઓ કેવી રીતે જાણી શકો છો ? અને આ શું છે ? દીવાલમાં કોતરી કાઢેલા એક તાકાની તરફ સંકેત કરીને તોરકવાતુસે પ્ર શ્ન કર્યો અને એકાએક ઊભો રહી ગયો.

તાકાનું બહાનું કાઢીને નીચે પડેલી રેતી પર તે નિશાન બનાવવા ચાહતો હતો, પણ તેની એ ચતુરાઈ સેભેરુસની તેજ આંખોથી

છુપાઈ ન શકી. કાંઈક કરડા સ્વરમાં તે બોલ્યો, " અટકો નહિ ; જલદી જલદી ચાલતા રહો, નહિ તો આપણે આપણા સાથીઓથી પાછળ રહી જઈને છૂટા પડી જઈશું અને કોણ જાણે તેઓ કઈ ગલીમાં વળી જાય.

" અને પેલા ગોખ ? તોરકવાતુસે પૂછયું.

" એમાં દીવા મૂકવામાં અવે છે. પ્રત્યેક વળાંક પર તમને એવા ગોખલા જોવામાં આવશે. હવે ગલીઓના વળાંકની વાત બાકી રહી, પણ તેનો તો અમને મહાવરો થઈ ગયો છે. જેવી રીતે દિવસના ખુલ્લા પ્રકાશમાં આપ લોકો શહેરની ગલીઓમાં કાંઈ પણ કષ્ટ વિના ફરતા રહો છો, એવી જ રીતે ગુફાના આ ઘાડા અંધકારમાં નાની–નાની મીણબત્તીઓનો આશરો લઈને અમે લોકો પણ આ ગલીઓમાં કાંઈ પણ કષ્ટ વિના ફરતા રહીએ છીએ. જલદી રસ્તો નથી ભૂલતા, અને જો કદાપિ ભૂલી પણ જઈએ, તો તત્કાળ મળી જાય છે.

ત્યાર પછી સેભેરુસની સાથે સાથે તોરકવાતુસ ચૂપચાપ ચાલતો ગયો. ચાલતાં ચાલતાં રસ્તામાં કોઈ જગાએ તેને કોઈ નવી વસ્તુ જણાતી, તો ત્યાં તે અટકી જતો અને તેનો પૂરેપૂરો પરિચય મેળવી લેવાનો પ્રયત્ન કરતો. સેભેરુસ પણ તોરકવાતુસના રંગ–ઢંગને સારી રીતે સમજી રહ્યો હતો. તેથી તોરકવાતુસે લાખો પ્રયત્નો કરવા છતાં તેણે એક પણ ભેદનો પત્તો લાગવા ન દીધો.

ઘણી જ ગલીઓ પસાર કરીને આ ટોળી એક નાનકડા ખંડની પાસે પહોંચી. બાબા દિયોજેનિસે તેનો દરવાજો ઉઘાડયો અને બધાએ ખંડમાં પ્રવેશ કર્યો. નાનો સરખો એ ચોરસ ખંડ ઘણી જ સુંદર ચિત્રામણથી શણગાર્યો હતો. ખંડમાં પ્રવેશ કરતાં તિબુરસિઉસે બુઢ્ઢા બાબાને પ્રશ્ન કર્યો, " બાબા ! આ શું છે ?

" એને અમે કુંજ કહીએ છીએ. પ્રત્યેક ગુફામાં આવી જાતના બે–એક કુંજ હોય છે. પોતાનાં પ્રિય જનોનો સ્વર્ગવાસ થયા પછી એમની

પ્રેમ–સ્મૃતિને માટે કંઈક માણસો ગુફાઓની અંદર આવા–આવા કુંજો બનાવી દે છે. આ પણ એક જાતની કબર જ છે. ફરક માત્ર એટલો જ છે કે તેને ઘણી સુંદર રીતે શણગારવામાં આવી છે. દર વરસે ઘણાં માણસો આ કુંજોમાં એકઠાં થાય છે અને શહીદોની યાદગીરીમાં પુષ્પાંજલિ અર્પે છે. પંક્રાસિઉસ ! તમે તો એ ઉત્સવ જોયા હશે. પંક્રાસિઉસની તરફ જોઈને બાબાએ કહ્યું.

ગંભીર મુખ રાખીને પંક્રાસિઉસે ઉત્તર દીધો, '' જોયા છે, એ સૌભાગ્ય–ભર્યા ઉત્સવ મેં કેટલીયે વાર જોયા છે. અને હજુ મારો જીવ ચાહે છે .... કહેતાં કહેતાં પંક્રાસિઉસ અટકી ગયો. ભકત બાળકના ભાવિક અંતરથી નીકળેલા શબ્દો કંઠમાં આવીને અટકી ગયા ! બાબા સમજી ગયા. વાત બદલાવીને બોલ્યા, '' આ જુઓ, દયાવાનના ખભા પર ઘેટું બેઠેલું છે. તમે એનો અર્થ તો સમજતા જ હશો.

'' હા. બાબા દબાયેલે અવાજે ભકત પંક્રાસિઉસે ઉત્તર દીધો અને ફરી મૌન થઈ ગયો.

ઘણી ભારે જિજ્ઞાસાથી તોરકવાતુસે પૂછયું, '' બાબા ! એનો અર્થ હું ન સમજયો.

'' દયાવાન ઘેટાંપાળકનો અર્થ તમે નથી સમજતા ? આશ્ચર્ય પામતાં વૃદ્ધ દિયોજેનિસ બોલ્યા.

'' નહિ, આપ સમજાવો તો ઘણી કૃપા થાય.

બાબાએ ઉત્તર દીધો, '' ઘણા સમયની વાત છે. આ દેશમાં કેટલાએક ખ્રિસ્તીઓએ એક પાખંડ રચ્યું હતું. એ લોકો કહેતા હતા કે જે પાપ ભયંકર રૂપનાં હોય છે, તેને ઈશ્વર પણ ક્ષમા નથી કરતા; તેથી ધર્મ–મંડળીએ પણ તેવાં પાપોની ક્ષમા ન કરવી જોઈએ. આ સિદ્ધાંતની વિરુદ્ધ પ્રભુ ખ્રિસ્તના સાચા પ્રેમીઓએ ઘણી લડાઈઓ કરી. પ્રભુના પ્રેમી સંતોની અટળ ધારણા સદા આ રહી છે, કે તે પ્રત્યેક પાપીને

તેના પાપની ક્ષમા કરે છે. કદાપિ તે ભયંકરમાં ભયંકર પાપી હોય તોપણ પ્રભુ તેનાં પાપ માફ કરે છે. દયાસાગર પ્રભુના દ્વારથી કોઈને પણ નિરાશ હાલતમાં પાછા કાઢી મૂકવામાં આવતા નથી.

" તો શું આપ પણ આ સિદ્ધાંતને માનો છો ?

" કેમ નહિ. પ્રભુ તો કરૂણાના અસીમ સાગર અને પ્રેમના અખૂટ ભંડાર છે. તો પછી તમે જ કહો, પ્યારા પ્રભુની દયાને બંધનોમાં બાંધી રાખવી એ પાખંડ નહિ તો બીજું શું છે ? તોરકવાતુસ ! પ્યારા પ્રભુએ પોતાનું પરમ ધામ છોડીને આ પૃથ્વી પર જન્મ લીધો, તે તો ન્યાય અને સત્યના માર્ગ પર ચાલનારા માનવો માટે નહિ, પણ પાપોમાં ડૂબેલા ભાગ્ય–હીન જીવન–પથિકોને પોતાની પ્રેમભરી છાતી સાથે લગાડીને પાપ–મુકત કરવાને માટે જ લીધો હતો.

તોરકવાતુસ પણ વિશ્વાસઘાતના ઘોર પાપમાં ડૂબી ચૂકયો હતો. બાબાના એ શબ્દોથી તેને આશાનાં કિરણો પ્રાપ્ત થયાં. તેની ઈચ્છા થઈ કે તે પોતાનાં પાપોને પ્રગટ કરી દે, અને ક્ષમા માગી લે. એવી કબૂલાત કરવા તે તૈયાર થયો, પણ કાંઈ વિચાર આવવાથી અટકી ગયો અને બોલ્યો, " દાદા! માની લો કે એક માણસ ખ્રિસ્તભકત બની ગયો અને કાંઈક વખત પછી કોઈ કારણસર તેના વિચારો બદલાઈ ગયા ... અને ... અને એમ બોલતાં તેની જીભ થોથરાવા લાગી, અને તેનું અંતર કોઈ અજ્ઞાત ભયની ભીષણ અનુભૂતિથી કંપી ઊઠયું. છતાં જેમ તેમ સાહસ કરીને તે બોલ્યો, " ... અને તે પોતાના સાથીઓની સાથે વિશ્વાસઘાત કરી બેઠો તો શું એવા નીચ પાપીને પ્રભુ ક્ષમા કરી દેશે ? ધર્મ–મંડળી ક્ષમા કરી દેશે ?

" કેમ નહિ ? પ્રભુ પિતા તો ક્ષમા–સિંધુ છે અને ધર્મ–મંડળી દયા અને ક્ષમાનું કેન્દ્ર છે. ધર્મ–મંડળીના દરવાજેથી જો કોઈ નિરાશ થઈને પાછો જાય છે તો એ દયાળુ પ્રભુનું અપમાન કરવા જેવું

થાય છે. પાપી ગમે તેટલો પાપી હોય પણ જો તે પશ્ચાતાપ કરે તો ધર્મ–મંડળીએ તેને ક્ષમા કરવી જ પડશે. એ વાત કહ્યા પછી બાબા થોડી વાર સુધી બોલતા બંધ થયા, પણ ફરી પાછા પ્રેમ–ભર્યા સ્વરમાં બોલ્યા, '' ભાઈ ! ધર્મ–મંડળી તો, માની એ ગોદ છે કે જે પોતાનાં બચ્ચાંઓના કલ્યાણને માટે હંમેશાં વિકળ રહ્યા કરે છે. મોટામાં મોટો અપરાધ કરી બેસવા છતાં પણ જેમ બાળક પોતાની માતાના ખોળામાં નિર્ભય થઈને બેસી જાય છે એવી જ રીતે મહાનમાં મહાન પાપી પણ ધર્મ–મંડળીનું શરણ લઈ શકે છે. ધર્મ–મંડળીની શીળી હૂંફમાં શ્રદ્ધાથી પોતાને અર્પી શકે છે.

એ વાતો સાંભળીને તોરકવાતુસના પ્રાણમાં પ્રેમ અને ભક્તિની એક લહરી વહેવા લાગી. તે મનોમન બોલ્યો, '' ધર્મ–મંડળી તો મને ક્ષમા કરી જ દેશે, તો પછી હું મારો દોષ કેમ ન સ્વીકારી લઉં. તેના હોઠોમાંથી શબ્દો નીકળું–નીકળું થઈ રહ્યા હતા, પણ કોણ જાણે શા વિચારથી તે ફરીથી રોકાઈ ગયો. આ ગરીબ પ્રાણી પર શેતાનનું આક્રમણ થયું અને પ્રેમના શબ્દો સાંભળીને પીગળી ગયેલું તેનું હૃદય ફરીથી કઠોર બની ગયું. જાણે અમૃતથી ભરેલા પ્યાલામાં કોઈએ ઝેરનાં બિંદુ ટપકાવ્યાં હોય ! તે પોતાના અંતર–ધ્વનિને છુપાવતાં બોલ્યો, '' હા, બાબા ! સિદ્ધાંત તો ખરેખર બહુ જ સારો છે. કોણ જાણે કેટલાય પાપીઓને એનાથી આશ્વાસન મળ્યું હશે.

તોરકવાતુસના મુખની બદલતી જતી રેખાઓ અને હૃદયમાં ભભૂકી ઊઠેલા સંઘર્ષને સેભેરુસ સારી રીતે સમજી રહ્યો હતો, પણ કાંઈ બોલ્યો નહિ. કુંજમાંથી જયારે બધા બહાર નીકળ્યા, ત્યારે તે પણ ચૂપચાપ ચાલી નીકળ્યો, પણ તેની આંખો તોરકવાતુસના ચહેરા તરફ જ જોઈ રહી હતી. તોરકવાતુસ કુંજની બહાર નીકળ્યો કે તરત તે બાબાની તરફ ફરીને બોલ્યો, '' બાબા ! અમે ગુફાની ગલીઓ અને ખંડો

તો જોઈ લીધાં, પણ આપે મંદિર તો હજુ સુધી ન બતાવ્યું.

નિખાલસ અને સરળ મનના વૃદ્ધ શિલ્પી, તોરકવાતુસની ચાલાકીને સમજી ન શકયા. ઠંડીને લીધે ઓઢેલી ચાદરનો છેડો પકડીને મંદિરની તરફ વળવા લાગ્યા. સેભેરુસે જોયું કે એક ભયંકર ભૂલ થઈ રહી છે તેથી તે તરત બોલી ઊઠયો, '' આપણે હવે અધિક સમય ગુમાવવો ન જોઈએ. પછી તે તોરકવાતુસની તરફ ફરીને બોલ્યો, '' ભાઈ તોરકવાતુસ ! આજને માટે તો ક્ષમા કરો. વળી કોઈ બીજે દિવસે આવજો. અમે તમને મંદિર પણ બતાવી દઈશું. અમારા પરમ માનના અધિકારી મહાન ધર્માધ્યક્ષ હમણાં થોડાક જ દિવસમાં આ ગુફામાં પધારવાના છે. તેમની માનવંત હાજરીમાં દેવળ જોવાનો આનંદ સવિષેશ આવશે. તે દિવસે તમે ફરીથી આવી જજો. હું તમને બાકી રહી ગયેલું બધું બતાવી દઈશ.

ઘણું મોડું થઈ ગયું હતું. તેથી બધાએ સેભેરુસની વાત માની લીધી. તોરકવાતુસને પણ વિવશ થઈને હામાં હા મેળવવી પડી. તે મનમાં નિરાશ તો બહુ થયો પણ શું બોલે ?

આ ટોળી ત્યાંથી પાછી વળવા લાગી અને જે સાંકડી ગલીઓમાં થઈને તેઓ પહેલાં અંદર દાખલ થયા હતા એ જ સાંકડી ગલીઓને પસાર કરીને તેઓ પાછા આવી પહોંચ્યા. ત્યાં પહોંચતાં જ બાબાએ બધાને રોકયા અને તેમને સાથે લઈને સામેની બીજી એક સાંકડી ગલીમાં પ્રવેશ કર્યો. સેભેરુસ જાણતો હતો કે બાબા એક ભયંકર ભૂલ કરી રહ્યા છે, છતાં કાંઈ બોલી શકયો નહિ. ચારેક પગલાં આગળ વધીને બાબાએ કહ્યું, '' આજ ગલી દેવળની તરફ જાય છે. થોડે છેટે ગયા પછી જમણા હાથ તરફ વળવું પડે છે. હવે આવો, હું તમને એક ઘણી જ સુંદર કબર બતાવું છું. જોજો તો ખરા, તેના પર કેટલાં સુંદર ચિત્રો બનાવેલાં છે.!

એમ કહીને બાબા આગળ વધ્યા અને અતિ સુંદર ચિત્રોથી

શણગારાયેલી એક કબરની તરફ સંકેત કરીને બોલ્યા, " જુઓ ! પથ્થર પર ' કુમારી માતા નું કેટલું સુંદર ચિત્ર બનાવેલું છે ! તેમની ગોદમાં બેઠેલા પ્રભુ કેટલા આનંદી અને સુંદર લાગે છે ! અને ત્યાં જુઓ ! ચાર ભકતો કેવા ભાવ અને પ્રેમ સહિત પ્રભુની આરાધના કરી રહ્યા છે !

એ કબરને જોઈને સૌ અત્યંત પ્રસન્ન થયા, અને બધાએ મુકત કંઠે તેની પ્રશંસા કરી. પણ તોરકવાતુસ ? તે તો અંદર ને અંદર જળી રહ્યો હતો. ગુફામાં જઈને પણ તે અંદરના ભેદનો પત્તો મેળવી શકયો નહિ, એ બળતરામાં તેનો પ્રાણ બળી રહ્યો હતો. ઘણું કરીને એ જ કારણથી તેના મુખમાંથી પ્રશંસાનો કૃત્રિમ શબ્દ પણ ન નીકળી શકયો. સેભેરુસ એ બધું ધ્યાનથી જોતો રહ્યો ; તે મનોમન કહી રહ્યો હતો, " આ તોરકવાતુસ ! એક દિવસ અમો સર્વને ભયાનક દુઃખમાં હડસેલી દેશે.

કુમારી મરિયમની પ્રતિમા બતાવીને વૃદ્ધ દિયોજેનિસ પાછા ફર્યા અને પંક્રાસિઉસ, તોરકવાતુસ અને તિબુરસિઉસ એ ત્રણેને સાથે લઈને પેલી નિસરણી પર થઈને ગુફામાંથી બહાર નીકળ્યા.

સેભેરુંસ અને માજુસ બંને ગુફામાં જ રહી ગયા. સેભેરુસે માજુસને બધી હકીકત કહી સંભળાવી અને ઉદાસ થઈને તેને કહેવા લાગ્યો, " માજુસ! એક દિવસ આ તોરકવાતુસ આપણ સહુને ભારે યાતનામાં નાખી દેશે. કોણ જાણે પ્રભુ તેમના ભકતોની કેવી કેવી પરીક્ષાઓ લેવા ચાહે છે !

પ્રકરણ ૧૩મું

પ્રભુના ચરણ-કમળોમાં .....

વળાંક લેતા પહાડી રસ્તા પરથી ટમટમ પોતાની ધીમી-ધીમી ચાલથી ચાલી રહી હતી. ઘાટને અડીને દૂર સુધી ફેલાયેલી કાકાની સુંદર વાટિકા, આનંદમાં ઝૂલી રહેલી ડાળીઓ, પવનની લહરીઓમાં રમી રહેલાં ફૂલડાં અને કાકાનો પ્રેમ-ભર્યો વહેવાર વારંવાર ફબીઓલાને યાદ આવતાં, અને તે પ્રસન્ન વદને મનોમન કહેતી, '' કાકા કેટલા માયાળુ છે !

જયારે કેટલોક માર્ગ કપાઈ ગયો ત્યારે ફબીઓલાને પેલા યુવકની પણ યાદ આવી, કે જેને તે પોતાનો પત્ર આપી આવી હતી. તે મનમાં ને મનમાં બોલી, '' સારો માણસ નહોતો. તેને હું રૂપિયા આપી આવી એ પણ સારું જ કર્યું. એવું વિચારીને તેણે પોતાના ગજવામાં હાથ નાખ્યો અને પેલો કાગળનો ટુકડો કાઢયો, જેના પર તે તોરકવાતુસનું સરનામું વગેરે લખી લાવી હતી. કાગળના એ ટુકડા પર અસંતોષ-ભરી દષ્ટિ નાખીને તેને ફેંકી દેવા જતી હતી, ત્યાં તો તેની નજર કાગળની બીજી બાજુએ લખાયેલી કાંઈક લીટીઓ પર પડી. ફબીઓલાએ ધ્યાનથી વાંચ્યું તો આવા શબ્દો લખેલા હતા, '' તને મારો આદેશ છે, કે તું તારા શત્રુઓ પર પણ પ્રેમ કર. જે તારો તિરસ્કાર કરે તેમના પર તું ઉપકાર કર. જે તારી નિંદા કરે, તને અપમાનિત કરે અથવા તને દુઃખ દે તેઓને આશીર્વાદ દે, અને તેમના કલ્યાણને માટે તારા પ્રભુની પાસે ખરા હૃદયથી પ્રાર્થના કર. તો જ તું સ્વર્ગમાં નિવાસ કરનાર તે પરમ પિતાનો સાચો પુત્ર બની શકીશ. સૂર્યની પેઠે તે બધા પર એક સરખી દયા રાખે છે. જેવી રીતે સૂર્ય, સારા અને નઠારા તમામ જાતના લોકો પર સમાન રૂપથી પોતાનાં કિરણો વરસાવે છે, જેવી રીતે વાદળાં પાપી અને

ધર્માત્મા પર સમાન રૂપથી વરસાદ વરસાવે છે, તેવી જ રીતે કરુણા–સાગર પ્રભુ પણ સૌના ઉપર સરખી રીતે દયા દર્શાવે છે.

ફબીઓલાએ ઘણા ધ્યાનની સાથે એ લીટીઓ વાંચી અને કેટલીયે વાર કચવાણી. આખરે માથું હલાવી મનોમન બોલી, "ઘણી આશ્ચર્યજનક લીટીઓ છે. ખબર નહિ કોણે એ લખી છે. રોમન અથવા ગ્રીક તત્ત્વજ્ઞાનીઓની તો નથી એ નકકી વાત છે ; કેમ કે તેઓ તો એવી મૂર્ખતાપૂર્ણ અથવા કાયરતા–ભરી વાતો પર વિશ્વાસ નથી કરતા. તો પછી એ કોણે લખી હશે ?

" હાથમાં કાગળનો ટુકડો પકડી રાખી તે ઘણી વાર સુધી વિચાર–વંટોળે ચડી અને એ લીટીઓ પર વિચાર કરતી રહી. ફરીથી તે મનમાં ને મનમાં બોલી, " શું એ કોઈ મહાન નૈતિક આદર્શ તો નથી કે જેની ટોચ સુધી રોમન અથવા ગ્રીક તત્ત્વજ્ઞો પહોંચવા ન પામ્યા હોય ? એ બધી વાતો સીરાના સિદ્ધાંતોની સાથે બિલકુલ મળતે–મળતી હતી. તેથી તેણે નિશ્ચય કર્યો, કે ઘર પહોંચતાં જ સીરાની સાથે આ વિષયમાં વાતચીત કરીશ.

ફબીઓલા પોતાના વિચારોમાં આનંદિત બની રહી હતી એવામાં હવાનો નાનો સરખો ઝપાટો આવ્યો અને તેના હાથમાંથી કાગળ ઉડાડીને લઈ ગયો.

" ફોરમિડ ! જરા ટમટમ રોક. મારો પત્ર ઊડીને સડકની બાજુએ જઈને પડયો છે તેને લઈ આવ.

ફોરમિડને એવું લાગ્યું, કે જાણે ફબીઓલાએ પોતાના રમૂજી સ્વભાવ પ્રમાણે ઈરાદાપૂર્વક કાગળ ઉડાડી દીધેલો હોવો જોઈએ. તેથી પગ મૂકવાની લોઢાની પગથી સાથે ઘોડાની લગામ બાંધીને તે હસતો હસતો નીચે ઊતર્યો અને કાગળ લઈ આવ્યો. ફબીઓલાએ કાગળ લઈને સંભાળથી પોતાના ગજવામાં મૂકી દીધો અને ટમટમ ફરીથી માર્ગ કાપવા

લાગી.

* * * * * * *

કાકા ક્રોમાસિઉસને ગામથી પાછા ફર્યા પછી ફબીઓલા કાંઈક દિવસો સુધી કામમાં ગૂંથાઈ રહી. પોતાના વિલા પર તેણે આસપાસનાં ગામડાંઓમાંથી પોતાના સંબંધીઓને બોલાવ્યા અને તેમની સાથે વાર્તાલાપ કર્યો. તેથી કેટલાક દિવસો સુધી એકાંતમાં બેસીને સીરાની સાથે વાતો કરવાનો સમય મળી શકયો નહિ. એક દિવસ અવકાશ મળી જવાથી તેણે પોતાના ગજવામાંથી પેલો કાગળ કાઢયો અને સીરાને આપતાં બોલી, " તે દિવસે હું કાકા ક્રોમાસિઉસને ઘેર ગઈ હતી ત્યાંથી મને આ કાગળ મળ્યો હતો. કાગળ ઉપર કાંઈક વાતો લખેલી છે, જે પાછા ફરતી વખતે મેં ગાડીમાં બેઠાં-બેઠાં વાંચી હતી. ત્યારથી હું ભારે ઉદ્વેગમાં પડી ગઈ છું.

સીરાએ તે અમૃત-ભરી પંકિતઓ વાંચી અને શાંત, મધુર સ્મિત કરતાં બોલી, " કેમ, પ્રિય સ્વામિની ! આમાં ઉદ્વેગની કઈ વાત છે ? આ વિચાર તો બિલકુલ સ્પષ્ટ છે.

" સીરા ! એ વિચાર બિલકુલ સ્પષ્ટ છે, તેથી જ તો હું ઉદ્વેગમાં પડી ગઈ છું. સંભવિત છે કે એ વિચાર ઉત્તમ પણ હોય, પરંતુ મારા જન્મ-સિદ્ધ સંસ્કાર કોણ જાણે કેમ આ વિચારોની વિરુદ્ધ બળવો પોકારી ઊઠે છે ! હું વિચારું છું કે જે વ્યકિત માર ખાઈને પણ મૌન રહી જાય છે, તે ઘૃણાપાત્ર કાયર નહિ તો બીજું શું કહેવાય ? ખેર, જવા દો એ વાત. માની લો, કે કોઈ વ્યકિત માર ખાઈને પણ દુષ્ટને ક્ષમા કરી દે છે, એ વાત તો સમજવામાં આવે છે ; પરંતુ માર ખાઈને તેના બદલામાં દુષ્ટ ઉપર ઉપકાર કરવો, શત્રુના કલ્યાણને માટે પ્રાર્થના કરવી એ તો નરદમ ગાંડપણ છે. થોડી વાર મૌન રહીને ફબીઓલાએ ફરીથી કહ્યું,

" પણ, સીરા ! આ બધી વાતો જેને હું પાગલપણાના નામથી પોકારું છું, તે તો તારામાં ભરાઈ પડી છે. છતાંયે કોણ જાણે કેમ, પણ મારું શિર તારી સામે નમી જાય છે !

" સ્વામિની ! આપ મને વ્યર્થ લજિજત ન કરો. હું તો કોઈ પણ રીતે કશાને યોગ્ય નથી.

કાંઈક સમય સુધી ફરીથી નીરવતા છવાઈ રહી. શાંતિનો ભંગ કરતાં ફબીઓલાએ કહ્યું, " કોઈ કોઈ વાર મને એમ લાગે છે કે તમારા વિચાર બહુ જ સુંદર છે. પણ, સીરા ! શું પ્રત્યેક વ્યકિતને માટે આ રાહ પર ચાલવું સંભવિત છે ?

" કેમ નહિ ? જે માર્ગ પર એક સ્ત્રી ચાલી શકે છે તેના પર બીજી પણ ચાલી શકે છે. એટલું જ નહિ પણ ત્યાગનો માર્ગ તો સર્વને માટે ખુલ્લો છે. કોઈને માટે એ માર્ગ બંધ નથી.

" સીરાનો ઉત્તર સાંભળીને ફબીઓલા મૌન થઈ ગઈ, અને ગંભીરતા સહિત ઘણી વાર સુધી તેના પર વિચાર કરતી રહી. ત્યાર પછી તે બોલી, " એ તો ઠીક વાત છે કે ત્યાગનો માર્ગ સર્વને માટે ખુલ્લો છે. પણ સીરા ! સર્વ માણસમાં એવું બળ કયાંથી હોય કે દરેક એ માર્ગ પર ચાલી શકે ?

" એ તો સાચું છે કે હૃદયના બળ વિના પ્રેમ અને ત્યાગના માર્ગ પર ચાલી શકાતું નથી. પણ સ્વામિની ! એક એવું સ્થાન છે કે જયાંથી એ બળ પણ પ્રાપ્ત થઈ શકે છે.

" તે કયું સ્થાન છે, સીરા ! જિજ્ઞાસા–ભર્યા સ્વરમાં ફબીઓલાએ પ્રશ્ન કર્યો.

" પ્રભુના ચરણ–કમળ. એમાં આશ્રય મેળવનાર દુર્બળ માનવ પણ વીર બની જાય છે, અને નિર્ભય બનીને ત્યાગના માર્ગ પર આગળ ધપતો રહે છે. જીવન–યાત્રાનાં દુઃખો કદી પણ એની

પાંપણોમાંથી આંસુ લાવી શકતાં નથી. તેથી જ એ વીર પથિક કદી પણ પોતાના માર્ગથી વિચલિત થવા પામતો નથી. પછી તો તે તોફાનોની સામે ઝઝૂમતો રહે છે. આંધીને પોતાની છાતી પર ઝીલવા લાગે છે. છેવટે તેનાં પગલાં પળે–પળ નિશાનની તરફ વેગવંત બનીને આગળ ધપતાં જાય છે.

" હે ઈશ્વર ! રોમન તરુણીના પ્રેમ–સભર કંઠમાંથી એ શબ્દો નીકળ્યા અને પવનના હેલામાં સમાઈ ગયા.

તરુણ સ્વામિનીના પરવાળા સમાન અધરોમાંથી આજ પહેલી વાર ભર્યા–ભર્યા પ્રેમ ભાવના " હે ઈશ્વર ! એવા પવિત્ર શબ્દો સાંભળીને દાસી ગદગદિત થઈ ઊઠી. આનંદ–ભર્યા નેત્રોથી તેણે સ્વર્ગની તરફ જોયું અને બોલી, " મારા પ્રભુ !

પ્રકરણ ૧૪મું

પ્રેમ–પરીક્ષાના આગમન પહેલાં .....

પ્રેમ–પરીક્ષાના દિવસો આવી પહોંચ્યા હતા.

મકસીમિયનનો ક્રોધ તેની સીમા પર પહોંચી ચૂક્યો હતો. આખા સામ્રાજયમાં દમનનાં ચક્રો ગતિમાન કરવાની તૈયારી પૂર્ણ વેગથી થવા માંડી. જાણે સમ્રાટના લોહી–તરસ્યા હોઠો ખ્રિસ્તીઓનાં રકતને માટે બેચેન થઈ રહ્યા હોય અને તેના ખૂની હાથો હવે પ્રતિશોધના સમયની રાહ જોતા વિકળ થઈ રહ્યા હોય !

નવેમ્બર મહિનાની હિમ–ઝરતી ઠંડીના દિવસો હતા. એવે સમયે સમ્રાટે રાજયના તમામ મોટા–મોટા સૂબાઓ અને અધિકારીઓની એક ગુપ્ત–સભા ભરવાનો નિશ્ચય કર્યો. એ માટે કે કોઈ નકકર યોજના

બનાવીને તેના વિશાળ સામ્રાજયમાં વસનારા ઈસુ–ભકતોને એક પછી એકને પકડીને મોતને ઘાટે પહોંચાડી દઈ શકાય અને પશ્ચિમના દેશોમાંથી સદાને માટે તેમનાં નામ–નિશાન ભૂંસી નાખવામાં આવે.

તારીખ નિશ્ચિત કરી લેવામાં આવી અને ગુપ્ત–સભા ભરવાનો સંદેશો ચારે બાજુએ દૂર–દૂર સુધી મોકલી દેવામાં આવ્યો.

ઠરાવેલે સમયે સમ્રાટના મહેલમાં એક વિરાટ સભા ભરાઈ. જેમાં સિસિલી, ઈટાલી, સ્પેન, ફ્રાન્સ વગેરે દેશોના ગવર્નરો હાજર થયા. રોમ નગરનો મુખ્ય અધ્યક્ષ તેરતુલુસ પણ પોતાના પુત્ર કોરભીનુસને સાથે લઈને સભા–ભવનમાં આવી પહોંચ્યો. એ મોટા–મોટા હાકેમો ઉપરાંત બીજા ઘણા જ મૂર્તિ–ભકત વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ અને વકતાઓ પણ સભામાં હાજર થયા. મહાશય કલ્પુરનિઉસ પણ પોતાનાં પુસ્તકોનાં થોથાં બગલમાં મારીને સભામાં પહોંચ્યો. તેની પાછળ ને પાછળ મૂર્તિ–પૂજક પૂજારીઓની એક નાની સરખી ટોળી પણ પહોંચી, જેથી કરીને ખ્રિસ્તીઓની વિરુદ્ધ વધારેમાં વધારે ઝેર ઓગાળી શકાય.

રાજયમહેલના એક વિશાળ ખંડમાં આ ગુપ્ત–સભા ભરવામાં આવી હતી. રાજય–સેનાના ચુનંદા–ચુનંદા સિપાઈઓ સભા–ખંડના દરવાજાની બહાર ઊભા રહીને પહેરો ભરી રહ્યા હતા. તેઓ સંપૂર્ણપણે હથિયારોથી સજજ હતા. કામકાજનો આરંભ થતાં પહેલાં એક વ્યકિતએ ઊભા થઈને સમ્રાટની આજ્ઞા બધાને સંભળાવી દીધી, કે જે વ્યકિત આ ગુપ્ત–સભાનો ભેદ બહાર ગયા પછી કોઈને પણ જણાવશે તેને તરત ફાંસીના તખ્તા પર લટકાવી દેવામાં આવશે. એ આદેશની પછી સભાનું કામકાજ શરૂ થયું.

સહુથી પહેલાં પૂજારીઓએ પોતાનાં રોદણાં રોયાં. વારાફરતી દરેકે ઊભા થઈ પેટ ભરી–ભરીને ખ્રિસ્તીઓને ગાળો દીધી. એકે કહ્યું, “ દેવાધિદેવ સમ્રાટ ! અમારી નદીમાં ભયંકર પૂર આવી ગયું, તેથી

આસપાસનાં ગામો બરબાદ થઈ ગયાં છે. જયારથી આ ખ્રિસ્તીઓનો છળ ફેલાયો છે ત્યારથી અમારા પર એવી મુસીબતો તૂટી પડી છે.

બીજાએ કહ્યું, " દેવાધિદેવ ! હમણાં જ થોડા વખત પર અમારા નગરમાં એક ભયંકર ધરતીકંપ થયો હતો, જેને લીધે નગરનો એક ભાગ જમીનમાં ગરક થઈ ગયો છે. એ બદમાશ ખ્રિસ્તીઓ પાપ કરે છે અને તેનું ફળ અમારે ભોગવવું પડે છે.

ત્રીજો બોલ્યો, " દેવાધિદેવ ! હું ઉત્તર પ્રદેશથી આવી રહ્યો છું. અમે લોકો ત્યાં ઘણી જ હેરાનગતિમાં છીએ. ખ્રિસ્તી લોકો અમારા પર હુકમો ચલાવવાની તૈયારીઓ કરી રહ્યા છે. આપ અમારી રક્ષા કરો નહિ તો એ લોકો અમને ખાઇ જશે.

ત્યાર પછી તરત જ એક બીજો મહારાજ બોલ્યો," અમારા પરગણામાં પ્લેગની બીમારી જોરથી ફેલાઇ રહી છે. લોકો ધડાધડ મરી રહ્યા છે. લોકો માને છે કે સંતાઇ– સંતાઈને 'ગધેડાના શિર ની પૂજા કરનારા એ હરામખોર ખ્રિસ્તીઓએ જ કોઇ જાદુ કર્યો છે. આપના દરબારમાં અમારી ધા નાખીએ છીએ, કે મહારાજ ! જેમ બને તેમ જલદી આપની ભલી–ભોળી ધર્મપરાયણ પ્રજાને એ બદમાશોના કાવતરામાંથી બચાવશો.

એવી રીતે કેટલાય પૂજારીઓએ કોણ જાણે શુંનું શું કહી નાખ્યું. પણ બધાનો સાર એક જ હતો. પૂજારીઓની પછી તત્ત્વજ્ઞાનીઓનો વારો આવ્યો. તેઓ પણ છેવટની પૂરેપૂરી તૈયારી કરીને સાથે જ આવ્યા હતા. તો પછી જૂઠું બોલવામાં પૂજારીઓથી પાછળ કેમ રહે ? એકે કહ્યું, " મહારાજ ! આ ખ્રિસ્તીઓ બહુ જ નિર્લજ્જ હોય છે. જુઓને દેવ ! આટલા મોટા–મોટા દેવતાઓને છોડીને એક ' ગધેડાના શિર ની પૂજા કરતાં એમને શરમ સુદ્ધાં આવતી નથી.

પહેલા વિદ્વાનનું વાકય હજુ પૂરું પણ થવા પામ્યું નહોતું કે

બીજો વિદ્વાન મહાશય વચમાં જ ટપકી પડયો. તે બોલ્યો, " તેઓ તે શું મનુષ્ય છે કે લજજા રાખે ? તેઓ તો જંગલી જાનવરોથી પણ નીચે ગયા છે. જોતાં નથી, દરરોજ નાનાં–નાનાં બચ્ચાંઓને મારી નાખીને તેમનું રકત પી જાય છે !

તેઓ બિચારા બોલે પણ શું ? એ બધાની પાસે એ જ બે–ચાર જૂઠી અને નિરાધાર વાતો હતી. જેનો પ્રતિદિન ઢંઢેરો પીટાવી–પીટાવીને લોકોને ખ્રિસ્ત–પ્રેમીઓની વિરુદ્ધ ભડકાવી મૂકવામાં આવતા હતા. બિચારા સભામાં નવી વાત કહે તો કઈ વાત કહે ? ગમે તેમ હોય પણ સાંભળનારાઓને ઘણી જ ખુશાલી ઉત્પન્ન થઈ. તાલીઓના ગડગડાટથી સભા–ભવન ગૂંજી ઊઠયું, પણ સમ્રાટ અંદર ને અંદર ખિન્ન થઈ રહ્યો હતો. કેમ કે દિન–રાત એ જ બે–ચાર વાતો સાંભળતાં સાંભળતાં હવે તેનો જીવ પૂરેપૂરો કંટાળી ગયો હતો. તોપણ તે છાનો રહ્યો, કાંઈ જ બોલ્યો નહિ. કેમ કે એ તાલીઓથી અત્યાચારની યોજનાને માટે અનુકૂળ વાતાવરણ તૈયાર થઈ રહ્યું હતું. તેથી તે ધીરજ રાખીને સાંભળતો ગયો. એવી રીતે બીજા કાંઈક તત્ત્વજ્ઞાનીઓએ ભાષણ કર્યાં, પણ બધાએ ખાસ કરીને એકની એક જ વાત કહી. અંતે રોમનો વિખ્યાત વિદ્વાન કલ્પુરનિઉસ મહાશય પોતાનાં પુસ્તકોનાં થોથાં લઈને ઊભો થયો અને ભાષણની શરૂઆત કરી. એ સમયે રોમમાં તે ખ્રિસ્ત–ધર્મ અને તેના ઈતિહાસનો મહાન પંડિત ગણાતો હતો. તે બોલ્યો, " મેં ખ્રિસ્તીઓનો બધો ઈતિહાસ વાંચ્યો છે. એમના બાપ–દાદા યહૂદી હતા. તેમનો ઈતિહાસ જણાવે છે કે એ લોકો આરંભથી જ રાજદ્રોહી રહ્યા છે. પોતાના રાજાઓની વિરુદ્ધ પ્રપંચ રચવાં, અણસમજુ પ્રજાને ઉશ્કેરી મૂકવી અને પોતાના સમ્રાટ સાથે વિશ્વાસઘાત કરવો એ જ એમનો ધર્મ છે. દેવાધિદેવ સમ્રાટ ! એ લોકો ઘણા જ ભયંકર હોય છે. ગુપ્તપણે પોતાની જાળ બિછાવતા રહે છે. તેની કોઈને રજમાત્ર પણ ખબર પડવા દેતા

નથી. આપ તેઓથી પૂરી રીતે સાવધાન થઈ જાઓ. કેમ કે મેં સાંભળ્યું છે કે એ લોકો આ વિશાળ અને વૈભવશાળી રોમન સામ્રાજયને થોડા સમયમાં જ ઉથલાવી પાડવાની યોજનાઓ ઘડી રહ્યા છે. મને તો એવી પણ બીક રહે છે કે અમારા દેવાધિદેવ સમ્રાટ કે જેના આ પવિત્ર મસ્તકની અમે પૂજા કરીએ છીએ તેને એ લોકો કયાંક ગળાથી જુદું ન કરી નાખે.

કલ્પુરનિઉસના અંતિમ શબ્દોએ એ વિશાળ રાજ–સભામાં ગમગીનીનું ભીષણ વાતાવરણ ફેલાવી દીધું. સમ્રાટ મકસીમિયન એ ગમગીન વાતાવરણને ઉચ્છેદવા તરત પોતાના આસનથી ઊભો થયો અને તિરસ્કાર–ભર્યા કઠોર સ્વરમાં ભાષણ કરતાં બોલ્યો, " શ્રોતાજનો! તમે સહુ જાણો છો કે તમારા દેવાધિદેવ સમ્રાટ, રોમન સામ્રાજય અને એના શાસનના સર્વોત્તમ અધ્યક્ષ હોવાના કારણથી ધર્મના પણ એકમાત્ર અધિકારી છે. રોમની પ્રજા પોતાના સમ્રાટને હંમેશથી પોતાના શ્રેષ્ઠતમ ધર્માધિકારી માનતી આવી છે. પરંતુ આ નાલાયક ખ્રિસ્તી, જે હમણાં નવા–નવા પેદા થયા છે, તેઓ સમ્રાટને પોતાના ધર્માધિકારી નથી માનતા, માત્ર રાજયાધિકારી જ માને છે. પણ હવેથી મેં પાકો નિશ્ચય કરી લીધો છે કે કોઈ પણ હાલતમાં તેઓની એ નીચ ધૃષ્ટતાને ચાલવા નહિ દઉં. મારા વિશાળ સામ્રાજયમાં મારી હયાતી દરમિયાન રોમના એક મૂર્ખ પાદરીને પોતાનો ધર્માધિકારી માને એ મારે માટે ઘોર અપમાનનો વિષય છે. હું એનો નાશ કરીને જ જંપીશ. આપણા વિશાળ સામ્રાજયના મસ્તકથી એ કલંક ધોઈ નાખવાનો હું અટળ નિશ્ચય કરી ચૂકયો છું. મારો એ નિશ્ચય હવે બદલાઈ નહિ શકે.

તાળીઓથી સભા–ભવન ગૂંજી ઊઠયું, ' સમ્રાટનું દમન–ચક્ર હવે ચાલતું જ રહેશે એવું સાંભળનારને માટે એ કેટલી મધુર કલ્પના હતી ! સમ્રાટના ભાષણ પછી કંઈક યોજનાઓ તૈયાર કરી નાખવામાં આવી એ માટે કે દેવાધિદેવ સમ્રાટના બળી રહેલા હોઠોની પ્યાસ નિર્દોષ

ખ્રિસ્ત–ભકતોના રકતથી જેટલી બને તેટલી જલદી ઠારી દઈ શકાય. જયારે યોજનાઓ ઘડાઈ રહી ત્યારે સમ્રાટે તેરતુલુસની તરફ ફરીને કહ્યું, " અધ્યક્ષ તેરતુલુસ ! હવે આપણું ચક્ર પૂરા બળથી ચાલુ થઈ જવું જોઈએ, જેથી કરીને એક પણ મૂર્ખ ખ્રિસ્તી આપણા નિશાનથી બચી ન શકે. એ કામને માટે તમે જે અધિકારીની નિમણૂક કરવાનું કહેતા હતા તે વ્યકિત કયાં છે ?

તેરતુલુસે તરત કોરભીનુસનો હાથ પકડયો અને સમ્રાટની સામે હાજર કરીને કહ્યું, " મારા સરકાર ! આ કોરભીનુસ, જે મારો પુત્ર છે તેને જ મેં એ કાર્યને માટે નિયુકત કર્યો છે.

આગળ આવી કોરભીનુસે સમ્રાટના ચરણોમાં પડીને પ્રણામ કર્યા. મકસીમિયને તેના પર એક તીક્ષ્ણ નજરે જોઈને કહ્યું, " છોકરો તો ખરેખર ચતુર જણાય છે, તેથી કામ પણ સારી રીતે જ કરશે. પરંતુ તેરતુલુસ ! તમારો પુત્ર આટલો બધો કુરૂપ છે તેની તો મેં કલ્પના પણ કરી ન હતી. ખેર, અમારે તો કામ જોઈએ છીએ. જેવું રૂપ તેવું દિલ. કામ પણ એવું જ મળ્યું છે. મને આશા છે કે આ છોકરો કામ સંભાળી લેશે અને પાર ઉતારશે. કઠોર બનીને દમન કરવાની જરૂર છે. મને આશા છે કે તમારો પુત્ર એ અકકલહીનોને પગોની નીચે ખુંદી નાખશે.

સેનાપતિ સેબસ્તિયન સભાના મુખ્ય દરવાજાની પાસે બિલકુલ મૌન રહીને ઊભો ઊભો બધું સાંભળી રહ્યો હતો.

ત્યાર પછી સભા વિસર્જન થઈ. સમ્રાટ જેવો પ્રવેશદ્વારથી બહાર નીકળ્યો કે તરત જ તેની દષ્ટિ શાહી જાસૂસ ફુલભીઉસ ઉપર પડી. કેટલાંક કારણોથી મકસીમિયન ફુલભીઉસ પ્રત્યે અંદર ને અંદર ચિડાયો હતો. પણ આ વખતે તેની સહાયતાની સમ્રાટને અતિશય જરૂર હતી, તેથી એક કૃત્રિમ હાસ્યની સાથે બોલ્યો, " ફુલભીઉસ ! કેટલાય

દિવસોથી મેં તમને જોયા નથી. હમણાં હમણાં તમે રહો છો ક્યાં ? સામ્રાજયને હવે તમારી સેવાઓની જરૂરત છે. મને વિશ્વાસ છે કે હવે તમે તમારી કલાનો ચમત્કાર દેખાડશો. જાસૂસીની કળામાં તમે નિપુણ છો તેથી કરીને એ બેવકૂફ ખ્રિસ્તીઓને ગુફાઓમાંથી ખેંચી–ખેંચીને બહાર કાઢો અને મારી પાસે હાજર કરો. સહેલ સપાટાનો સમય હવે જતો રહ્યો છે. તમને ખબર નથી, ખ્રિસ્તીઓની જાળ બિછાતી જઈ રહી છે ! તમારે પણ સજાગ રહેવું પડશે. અત્યાર સુધી તમે એક પણ મોટો શિકાર પકડયો નથી. યાદ રાખો, ફુલભીઉસ ! તમે રાજયનું પાર વિનાનું ધન ખાધું છે. તમારે એનો બદલો દેવો જોઈએ ; નહિ તો ... એમ કહીને સમ્રાટ મૌન થઈ ગયો. તેના છેલ્લા શબ્દો ઘણા જ કઠોર હતા. તેના મોં પર છવાયેલું કૃત્રિમ હાસ્ય કયારનુંય હવામાં ભળી ગયું હતું. શાહી જાસૂસ પર એક કરડી દષ્ટિ ફેંકીને સમ્રાટે મહેલની તરફ ચાલવા માંડયું. ફુલભીઉસ સમજી ગયો કે આજ એક કડવી ચેતવણી મળી છે.

જોતજોતામાં સભાનું વિશાળ પટ બિલકુલ શાંત થઈ ગયું. સેનાના સિપાઈઓએ પણ ધીરે–ધીરે પોતાનો માર્ગ લીધો. જયારે બધા લોકો ચાલ્યા ગયા ત્યારે સેબસ્તિયને દીવાલની આડે છુપાઈને આકાશની તરફ બંને હાથો પ્રસાર્યા અને ભીંજાયેલાં નેત્રોથી પ્રાર્થના કરી, " કૃપાળુ પ્રભુ ! તમારા પ્યારા ભકતોને બળ દો કે તેઓ તેમની પ્રેમ–પરીક્ષામાં સફળ થઈ શકે.

પ્રકરણ ૧૫મું

બયેનો દુઃખદાયક સંદેશો મળ્યા પછી .....

ગેટા તળાવના મનમોહક કિનારા પર સીરાની સાથે કાંઈક

મોજ–ભર્યા દિવસો વિતાવીને, ફબીઓલા રોમ પાછી આવી ત્યારે ઠંડી કાંઈક અધિક પ્રમાણમાં પડવા લાગી હતી. એક દિવસ સવારનો સમય હતો, ત્યારે ફબીઓલા ઝરુખામાં ઊભી–ઊભી સૂર્ય–કિરણોનો આનંદ લૂંટી રહી હતી. તે વખતે દાસીએ આવીને પ્રણામ કર્યા અને સેનાપતિ સેબસ્તિયનના આગમનની ખબર સંભળાવીને કહ્યું, " સ્વામિની ! તેઓ આપને એકાંતમાં મળવા ચાહે છે.

પ્રાણના અણુએ–અણુમાં વસી રહેલાં સેબસ્તિયનના આગમનની ખબર સાંભળીને રોમન તરુણી ગદગદ થઈ ઊઠી. તેના ભાવનાશાળી અંતરમાં છુપાયેલો બંધુ–પ્રેમ બેશુદ્ધ બનીને તેની આંખોમાં ઊતરી આવ્યો. ભાવનાના અતિશય આવેશમાં થડકતા તેના હાથોથી દાસીના ખભા પકડીને અત્યંત જિજ્ઞાસા–સહિત તે બોલી, " સેનાપતિ સેબસ્તિયન મને એકાંતમાં મળવા ચાહે છે ?

" હા, સ્વામિની !

" તેઓ ક્યાં છે ?

" નીચે આંગણામાં ઊભા છે.

" સાચું ? જાણે ફબીઓલાને દાસીના શબ્દો પર વિશ્વાસ ન આવ્યો હોય.

ઘણા જ દિવસોથી–ફબીઓલાએ જે દિવસે સેબસ્તિયનને પહેલી વાર જોયો હતો, ઘણું કરીને તે જ દિવસથી–તે વીર સેનાપતિને અંતરથી ચાહવા લાગી હતી. પણ બિચારો ખ્રિસ્ત–પ્રેમમાં રત બનેલો સેબસ્તિયન એ રહસ્યનો આભાસ સુદ્ધાં ન પામી શક્યો. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ ફબીઓલાનો પ્રેમ વધતો ગયો. એકાંતમાં બેસીને એ જયારે પણ તેને યાદ કરતી ત્યારે તેની આંખો સજળ બની રહેતી. તેને ઈચ્છા થતી કે સેબસ્તિયનની આગળ તે પોતાના હૃદયનો ભેદ ખોલીને મૂકી દે અને તેની પ્રેમ–રકત ઝોળી ખોલીને પ્રેમની ભીક્ષા માગી

લે પણ ... પણ જયારે પણ તે સેબસ્તિયનની સામે આવતી ત્યારે તેની આંખો અસીમ શ્રદ્ધાની સાથે નીચે નમી પડતી. લાખો પ્રયત્નો કરવા છતાં પણ બિચારી પોતાના અંતરની વાત કહેવા પામતી નહિ. આજે જયારે દાસીએ આવીને કહ્યું કે સેનાપતિ પધાર્યા છે અને એકાંતમાં મળવા ચાહે છે, ત્યારે ફબીઓલાના હૃદયમાં ફરી એ ઈચ્છા ઉત્પન્ન થઈ કે તે પોતાના પ્રિયતમની સામે તેનો અંતર–દેશ ખુલ્લો કરીને મૂકી દે. આનંદથી ઉભરાતી રોમન તરૂણી નિસરણી તરફ ગઈ અને આંખના પલકારામાં જ આંગણામાં જઈ પહોંચી.

સેબસ્તિયન આંગણામાં ઊભો ઊભો કોરભીનુસની મૂર્ખતા–પૂર્ણ વાતો યાદ કરીને મનમાં ને મનમાં હસી રહ્યો હતો, એટલામાં કોઈએ પાછળથી આવીને ઘણા જ પ્રેમ–ભર્યા કોમળ સ્વરમાં કહ્યું " સેનાપતિ! તમે તો આજકાલ બીજનો ચંદ્ર બની ગયા છો. સેબસ્તિયને પાછળ ફરીને જોયું તો ફબીઓલા હસતી–હસતી પાસે આવી પહોંચી હતી.

પાસે જઈને તે બોલી, " સેબસ્તિયન ! આજે માર્ગ ભૂલીને અહીં કેવી રીતે આવી ચડયા ?

શાંત પણ સ્નેહ –ભર્યા સ્વરમાં સેનાપતિએ ઉત્તર દીધો, " ફબીઓલા ! એમાં મારો દોષ નથી. તમે પોતે જ તો ગામડામાં આટલા બધા દિવસ લગાડી દીધા, તો પછી હું કેવી રીતે મળી શકું ? કાલે ખબર મળી કે તમે પાછાં આવી ગયાં છો. કાલે કંઈક કામ આવી પડયું તેથી આવી શકયો ન હતો. પણ આજે તો સવાર થતાં જ નીકળી આવ્યો. કંઈક દિવસથી મળવાને માટે જીવ ઘણો જ ચાહતો હતો.

કંઈક દિવસથી ફબીઓલાનું હૃદય પણ સેબસ્તિયનને મળવા માટે બેચેન થઈ રહ્યું હતું. તેથી તે નમ્રતા–પૂર્વક બોલી, " ચાલો, દીવાનખાનામાં જઈને બેસીએ.

બંનેએ વિશાળ દીવાનખાનામાં પ્રવેશ કર્યો અને ત્યાં એક

કલાત્મક મેજની સામ–સામે પડેલી બે સુંદર ખુરશીઓ પર જઈને બેઠાં. કંઈક લાંબા વિયોગ પછી પોતાના બંધુનું દર્શન પામીને આજ ફબીઓલાના અંતર–દેશના કણેકણ ઉલ્લાસિત થઈ ઉઠયા હતાં. તે પોતાના કંઠમાં તેના જીવનની તમામ મધુરતા ભરીને બોલી, " સેનાપતિ ! કહો, આજ શો સંદેશ લાવ્યા છો ?

સેબસ્તિયન ગંભીર થઈ ગયો હતો. કદાપિ તે મનમાં ને મનમાં વિચારી રહ્યો હતો : " ફબીઓલા આ વખતે બહુ જ આનંદમાં છે. જો કદાપિ મેં તેને કોરભીનુસની વાત કહી દીધી તો તેનો એ આનંદ દુઃખમાં બદલાઈ જશે. તેથી તે કાંઈ બોલ્યો નહિ. આ બાજુ ફબીઓલાની જિજ્ઞાસા વધતી જતી હતી. તે બોલી, " સેબસ્તિયન ! તમે મૌન કેમ થઈ ગયા ? કાંઈક કહેવાનું ચાહતા હતા ને ?

" હા, ચાહતો હતો.

" તો પછી બોલતાં કેમ નથી ?

" એ માટે કે મારી વાત સાંભળીને કદાપિ તમારા હૃદયને આઘાત લાગે.

પણ એ વાત ફબીઓલાની સમજમાં ન આવી. ક્ષણવારને માટે તેનો આનંદ ચિંતામાં ફેરવાઈ ગયો. તે ગંભીર થઈને બોલી, " સેબસ્તિયન ! મને ઉદ્વેગમાં ન નાખો. જે કાંઈ કહેવા ચાહો છો તે સાફ–સાફ કહી દો.

કેટલોક સમય વિચાર કરીને સેબસ્તિયન બોલ્યો, " ફબીઓલા ! શું તમે અધ્યક્ષ તેરતુલુસના પુત્ર કોરભીનુસને ઓળખો છો ?

" ઓળખું છું તો ખરી, પણ તેનું શું છે ?

" મને વિશ્વાસપાત્ર રીતે જાણવા મળ્યું છે કે તે ... બોલતાં બોલતાં સેબસ્તિયન રોકાઈ ગયો. અને ફબીઓલા તેથી વધારે ચિંતાતુર થઈને બોલી, " શું જાણવા મળ્યું છે ? કહેતા કેમ નથી ?

" જાણવા મળ્યું છે, કે તે તમને પોતાની જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને તમારી દાસી આફરા એ કામમાં તેનો પૂરેપૂરો હાથ ધરી રહી છે.

ઘણી–ઘણી આશાઓ લઈને બિચારી ઝરુખામાંથી નીચે ઊતરી હતી, પણ સેબસ્તિયનની વાત સાંભળીને ધડકી ગઈ. જાણે કે તેને વીજળી લાગી ગઈ હોય ! લાંબા સમય સુધી દીવાનખાનામાં ગમગીની છવાઈ ગઈ. ગમગીનીનું વાતાવરણ હટાવતાં ફબીઓલા અતિશય દુઃખભર્યા સ્વરમાં બોલી, " સીરા સાચું જ કહે છે કે આ સંસારમાં સારા માણસોનો એકાન્તિક સહવાસ દુર્લભ છે ; સારા માણસો ભાગ્યે જ જોવા મળે છે.

" તેથી જ તો ફબીઓલા ! આ સંસારમાં ફુંકી ફુંકીને પગલાં ભરવા પડે છે.

" પણ સેબસ્તિયન, કોરભીનુસને એ અપરાધનો બદલો મળવો જ જોઈએ.

" નહિ, ફબીઓલા ! શિક્ષા કરીને આપણે કોઈનો સુધારો નથી કરી શકતાં.

" તો પછી કેવી રીતે સુધારો કરી શકાય છે ? એવા દુષ્ટોને તો ભયંકર સજા મળવી જોઈએ.

" નહિ, નહિ, એ સારો રસ્તો નથી.

" તો પછી સારો રસ્તો કયો છે ?

" પ્રેમ ! પ્રેમને માર્ગે જ એવા પ્રકારના ચરિત્રહીન યુવકોનો સુધારો કરી શકાય છે.

ફબીઓલા ખિન્ન મને બોલી, " સેબસ્તિયન તમે તો હંમેશાં એવી જ વાતો કરતા રહો છો. જે વ્યકિત મારી ઈજ્જત પર હાથ નાખે, તેના પર હું પ્રેમ કરું ? એ મારાથી નહિ બની શકે ! અસંભવિત

છે, બિલકુલ અસંભવિત .....

ફબીઓલાને ભયંકર આત્મ–દુઃખનો અનુભવ થઈ રહ્યો હતો. તેનો જીવ ચાહતો હતો કે તરત ઉઠે અને અધ્યક્ષ તેરતુલુસને ઘેર જઈને તેના પુત્રની પાસેથી પોતાના અપમાનનો બદલો વાળી લે. તેને શાંત કરતાં સેબસ્તિયન બોલ્યો, " ફબીઓલા ! તમે તો ઘણાં બુદ્ધિવાન છો તેથી તો તમારે ધીરજથી કામ લેવું જોઈએ. કોઈ ગમે તે કરે તેમાં તમારું શું બગડવાનું છે ! તમારે પોતે પોતાને સાચવી રાખવાં જોઈએ. જો કોઈ વ્યકિત સૂર્યની તરફ મુખ રાખીને તેના તરફ થૂંક ઉરાડે છે, તો તેમાં સૂર્યનું તો કાંઈ પણ બગડતું નથી. હા, એ થૂંક પાછું ફરીને તે મૂર્ખની ઉપર જ જઈ પડે છે અને તેને તેના કામની સજા મળી જાય છે. મેં તમને એ વાત એટલા માટે જ કહી છે કે તમે સાવધાન થઈ શકો. અને જો જો હોં ! આ વાત ઉખેળીને આફરાને કાંઈ કહેતા નહિ. બિચારી ગરીબ દાસી છે. પૈસાની લાલચમાં પડી ગઈ છે. તમે જો એને કાંઈ પણ કહ્યું તો મને ઘણું જ દુઃખ થશે. એટલું કહીને સેબસ્તિયન છાનો રહી ગયો, અને ફબીઓલા પણ માથું નીચું નમાવીને ઘણા સમય સુધી મૌનપણે કાંઈક વિચારતી રહી. આખરે કરુણ સ્વરથી બોલી, " સેબસ્તિયન! તમે કેટલા ભલા છો ? મારા વિષે કેટલી ચિંતા રાખો છો ! મને લાગે છે કે તમારા એ ઉપકારનો બદલો હું મરીને પણ નહિ ચૂકવી શકું.

" એવું ન બોલો, ફબીઓલા ! મેં તમારા પર કોઈ ઉપકાર નથી કર્યો, કેવળ મારા કર્તવ્યનું પાલન કર્યું છે. આવનાર સંકટોથી બીજાંઓને સાવધાન કરી દેવાં, સંકટમાં પડેલાં મનુષ્યોને સંકટ–મુકત કરવાનો પ્રયત્ન કરવો અર્થાત્ મનુષ્યમાત્રની યથાશકય સેવા કરવાને માટે હંમેશાં તૈયાર રહેવું એ જ તો સૌથી ઊંચો ધર્મ છે.

એક શાંત નિઃશ્વાસ નાખતાં ફબીઓલા બોલી, " સેબસ્તિયન ! તમારી વાતો મારા હૃદયમાં તીરની માફક ખૂંચી જાય છે. સીરા અને

તમારામાં મેં જે પ્રકાશ જોયો છે તે સંસારના અન્ય કોઈ મનુષ્યમાં મને નથી જણાયો. તમે નિશ્ચિંત રહેજો ; હું આફરાને કાંઈ જ નહિ કહું.

આંગણામાં તડકો આવી ગયો હતો તેથી ફબીઓલાથી વિદાય લેતાં–લેતાં સેનાપતિએ કહ્યુ, " ફબીઓલા ઘણું જ મોડું થઈ ગયું છે, હવે મારે કામ પર જવું છે તેથી મને રજા આપો.

ફબીઓલા ઈચ્છતી હતી કે સેબસ્તિયન આજ આખો દિવસ તેની સામે બેસી રહે જેથી તે પોતાનાં તૃષિત નેત્રોની પ્યાસ પૂરી રીતે બુઝાવી શકે. પણ સેનાપતિના આગ્રહને લીધે બિચારી હતાશ થઈ ગઈ. વિદાય આપતાં તે બોલી, " સેબસ્તિયન ! એટલા કઠોર ન બનો. જયારે સમય મળે ત્યારે અહીં પધારી મુજ ગરીબની ઝૂંપડીને પણ પવિત્ર કરી જતા રહો.

* * * * * * *

ત્યાર પછી ફબીઓલા ધ્યાન–મગ્ન દશામાં બેઠી હતી તેવામાં દાસીએ દીવાનખાનામાં પ્રવેશ કર્યો અને પ્રણામ કરીને કહ્યું, " માનવંત સ્વામિની ! બયેથી એક દૂત આવ્યો છે અને આપને મળવા માગે છે.

" તેને અહીં લઈ આવ.

દૂતે ઓરડામાં પ્રવેશ કર્યો અને નમી–નમીને પ્રણામ કરતાં ફબીઓલાને એક બંધ પત્ર દીધો. પત્ર ખોલતાં ફબીઓલાએ પૂછયું, " મારા પિતાજી તો સુખરૂપ છે ને ?

દૂતે ઉતર દીધો નહિ તેથી ફબીઓલાએ ફરીથી પૂછયું, " પિતાજી સ્વસ્થ તો છે ને ? પણ દૂત ફરીથી મૌન જ રહ્યો.

પત્ર વાંચતાં જ તે બૂમ પાડી ઊઠી અને મૂર્છિત થઈને ખુરશીની નીચે પડી ગઈ.

બયેથી આવેલા એ પત્રમાં શ્રી ફબિઉસના મૃત્યુનો હૃદયવિદારક

સંદશો હતો.

પ્રકરણ ૧૬મું

મહાન ધર્માધ્યક્ષ અને ભકતોને ઓળખીને .....

" પ્રેમનો પંથ કરાળ મહા,
ત્યાં દોડવું છે તલવારની ધારે.

પ્રેમના ગહન માર્ગ પર બિચારો તોરકવાતુસ ચાલી શકયો નહિ. નિર્દય ફુલભીઉસના હાથમાં તે પોતાનું જીવન હારી બેઠો હતો. તોપણ તે ઘણી વાર વિચારતો હતો કે વિશ્વાસઘાત કરવો એ સારું નથી. છતાંને ફુલભીઉસની આગ વરસાવતી વાતો તેને યાદ આવતી ત્યારે એનો દુર્બળ પ્રાણ મૃત્યુના ભયથી કંપી ઊઠતો અને ચૂપચાપ તે પોતાની હાર સ્વીકારી લેતો.

રાત્રે તે ઘણો જ મોડો ઘેર પાછો ફર્યો હતો, તેથી તેની ઊંઘ પણ હજુ સુધી ઊડી નહોતી. બારીમાંથી સૂર્યનાં આછાં કિરણો તેના બિછાના પર પડતાં હતાં. કોઈએ બહારથી દરવાજાને ધકકો માર્યો અને તોરકવાતુસ એકદમ ઝબકીને બેઠો થઈ ગયો. તેણે આંખો ખોલી તો ફુલભીઉસને સામે ઊભેલો દીઠો.

" કાલનો દિવસ કેવો ગયો ? ગુફાનો ભેદ મળ્યો કે નહિ ? ઓરડીમાં પેસતાં જ બનાવટી હસવું આણીને ફુલભીઉસે પૂછયું.

આંખો મસળતાં–મસળતાં તોરકવાતુસે જવાબ આપ્યો, " ભેદ કેમ ન મળે ? હું તો ગુફાની એકેએક ગલીનો પત્તો મેળવી આવ્યો છું.

ફુલભીઉસ તોરકવાતુસની પાસે આવીને પલંગ પર બેસી ગયો અને વાતો કરવા લાગ્યો. જયારે તોરકવાતુસે બધી વાતો કહી સંભળાવી

ત્યારે ફુલભીઉસ બોલ્યો, " તોરકવાતુસ ! જો આપણે આવી રીતે મળીને કામ કરીશું, તો એક દિવસ આપણે રોમના સૌથી વિશેષ ધનવાન બની જઈશું. પણ એ તો કહો, કે મહાન ધર્માધ્યક્ષ એ ગુફામાં કયે દિવસે આવવાના છે ?

" બસ ત્રણ–ચાર દિવસોમાં જ.

" તો આજે પણ ફરીથી ત્યાં જજો અને તમારા ભાઈઓને મળીને ખરેખરી ખબર લઈ આવજો. આપણે તે જ દિવસે ગુફાને ઘેરી લઈશું.

ઘણી નમ્રતા સહિત તોરકવાતુસે ઉત્તર દીધો, " જી, જી, બહુ સારું જી ; હું આજે જ પત્તો મેળવી લઈશ.

" પણ તોરકવાતુસ ! હું તો મહાધર્માચાર્યને ઓળખતો જ નથી, તો પછી હું તેમને પકડીશ કેવી રીતે ?

" એ તો સાવ સહેલી વાત છે. તેઓ કાલ સવારે જ એક ખ્રિસ્તીને ઘેર આવશે તે વખતે હું આપને દૂરથી બતાવી દઈશ.

" તો પછી વાત પાકી છે ને ? હું કાલે પરોઢ થતાં જ આવી પહોંચીશ. હમણાં તો જાઉં છું.

એ પ્રમાણે બોલીને ફુલભીઉસે પોતાનો રસ્તો પકડયો. હૈયાફુટો તોરકવાતુસ દિવસ–ભર પાગલની માફક અહીંથી તહીં ચકકર મારતો રહ્યો. અંતે રાત પડી જતાં થાકીને લોથપોથ થઈ જવાથી ઘેર પાછો ફર્યો, અને બિછાના પર પડતાં જ તેની આંખો મળી ગઈ.

પરોઢિયામાં જ ફુલભીઉસે આવીને એને જગાડયો. તોરકવાતુસે જલદી–જલદી કપડાં બદલ્યાં અને બંને નીકળી પડયા.

આશરે માઈલેક ચાલ્યા પછી કોરનેલી–સ્ટ્રીટ નામની ગલીમાં બંને વળ્યા. આજ ગલીમાં દયા–ધર્મની જીવતી પ્રતિમા સાધ્વી આગ્નેસનું ઘર હતું. થોડેક દૂર ગયા પછી તોરકવાતુસે એક વિશાળ પણ બહુ જ જૂના

મકાનની તરફ સંકેત કરતાં કહ્યું, '' આજ આગ્નેસનું ઘર છે. જણાય છે કે મહાઆચાર્ય આવી પહોંચ્યા છે.

આગ્નેસનું મકાન જોઈને ફુલભીઉસ ગભરાઈ ગયો. તે આ જ મકાનથી એક વાર અપમાનિત થઈને નાસી છૂટ્યો હતો, તોપણ હિંમત કરીને તોરકવાતુસની સાથે ચાલતો થયો, અને પ્રવેશ–દ્વારને રસ્તે બંને છાનામાના તે વિશાળ ખંડમાં દાખલ થઈ ગયા. જયાં મહાધર્માધ્યક્ષ, સંત પીતરની વેદી પાસે ઊભા રહીને પ્રભુ–ભકતોને ઉપદેશ દઈ રહ્યા હતા. આઠ–દસ પાદરીઓ ઘૂંટણો ટેકવીને વેદીની સામે બેઠા હતા અને ઘણા જ પ્રભુ–ભકતો તેમની પાછળ ઊભા રહીને ઉપદેશ સાંભળતા હતા. તોરકવાતુસ અને ફુલભીઉસ પણ દીવાલને અઢેલીને ઊભા રહી ગયા.

ફુલભીઉસની ચકોર આંખો ચારેકોર ફરતી હતી. મહાધર્માચાર્ય, પાદરીઓ અને પ્રભુ–ભકતો એ સર્વને તે ઘણા ધ્યાનથી જોઈ રહ્યો હતો, એ માટે કે સમય આવે ત્યારે તે તેઓમાંના એકેએકને ઓળખી શકે. તે તમામને સારી પેઠે જોઈ લીધા પછી તેણે છાનામાના તોરકવાતુસને ઈશારો કર્યો અને બંનેએ ધીમેથી પોતાનો માર્ગ પકડયો.

આશરે એક કલાક સુધી ઉપદેશ થતો રહ્યો. પ્રભુ–પ્રેમમાં ગુપ્ત રહેલા અસીમ આનંદ વિષે સમજાવતાં મહાધર્માધ્યક્ષે કહ્યું, '' પ્રભુ–પ્રેમમાં એવું અમૃત છે કે જે એક વાર ચાખી લીધા પછી જીવન–ભર તેની મીઠાશ જતી નથી. તેનું પાન કરતાં જ સ્વર્ગનાં દ્વાર ઊઘડી જાય છે અને જીવન–યાત્રા સફળ થઈ જાય છે. આપણ સર્વેએ એ વિશુદ્ધ પ્રેમામૃતનું પાન કરવું જોઈએ.

પ્રકરણ ૧૭મું

સમ્રાટનો વટ–હુકમ બહાર પડયો .....

તે રાત પણ કેટલી ભયંકર રાત હતી ? તારાઓની વણજાર તો પોતાની મસ્તીમાં આનંદથી ચાલી જતી હતી, પણ રોમના નિષ્કપટ પ્રભુ–ભકતોનાં હૃદય ચિંતામાં ડૂબી રહ્યાં હતાં. રાતના આઠ વાગી ગયા હતા. હવે થોડી જ વારમાં અત્યાચારી સમ્રાટ મકસીમિયનનો દમન–કાનૂન લાગુ થવાનો હતો.

આ બાજુએ કોરભીનુસના ઉત્સાહ અને આનંદની કોઈ સીમા નહોતી. રાજદૂતની રાહ જોતો અધીર, દયાહીન યુવક પોતાના મહેલના ચોગાનમાં ઘણીવારથી આંટા મારતો હતો. જાણે તેના જીવનની સર્વ અભિલાષાઓ, મધુર કલ્પનાઓ એ વટ–હુકમની સાથે જ સંબંધ રાખતી હોય ! આશરે નવ વાગે ઘોડા પર સવાર થયેલા એક લશ્કરી સિપાઈએ મહેલમાં પ્રવેશ કર્યો અને ચોકની પાસે આવીને ઘોડા પરથી નીચે ઊતર્યો. લશ્કરી સલામી કરતાં સમ્રાટનો વટ–હુકમ કપ્તાન કોરભીનુસના હાથમાં મૂકયો અને તરત ઘોડા પર સવાર થઈ પોતાને રસ્તે પડયો. વટ–હુકમ મળતાં જ કોરભીનુસ મૂર્ખાઓની માફક અટ્ટહાસ્ય કરી ઊઠયો અને પોતાના ખંડમાં પ્રવેશ કરતાં કરતાં બોલ્યો, '' હવે એકેએકને મોતને ઘાટ ઉતારીશ. પંક્રાસિઉસ ..... આગ્નેસ ...

લશ્કરી પોશાક પહેરીને તેણે તરત કચેરીનો માર્ગ લીધો અને મુખ્ય ન્યાયાધીશની ગાદી સામે પડેલા સરકારી નોટિસ–બોર્ડ પર તે (વટ–હુકમ) ઘોષણાપત્ર ચોંટાડી દીધો ; સમ્રાટના દસ–બાર લશ્કરી સિપાઈઓ ત્યાં પહેલેથી જ બેઠા હતા. તેમાંથી પાંચ સિપાઈઓને પાસે બોલાવીને કહ્યું, '' જુઓ ! આ ઘોષણા–પત્ર દેવાધિદેવ સમ્રાટની તરફથી ચોંટાડવામાં આવ્યો છે. તેમની આજ્ઞા છે કે કોઈ પણ ખ્રિસ્તી

આ કચેરીમાં પ્રવેશ કરવા ન પામે. તમે લોકો જઈને દરવાજા પર પહેરો ભરો. જો એક પણ ખ્રિસ્તી અંદર આવી ગયો તો તમારા જીવ ગુમાવવા પડશે.

કપ્તાન સાહેબની વાત સાંભળીને સિપાઈઓના જીવ સુકાઈ ગયા. તેઓમાંથી એકે સાહસ કરીને પ્રશ્ન કર્યો, '' કપ્તાન સાહેબ ! અમે જીવના જોખમે પહેરો ભરવાને તૈયાર છીએ, પણ ખ્રિસ્તીઓને અમે ઓળખતા નથી. જો કદાપિ કોઈ નજર ચૂકવીને અંદર ચાલ્યો ગયો તો વિના–વાંકે અમે ગરીબો માર્યા જઈશું.

વાતે ય ખરી હતી. કોરભીનુસે માથું નીચું કરીને કાંઈક સમય સુધી વિચાર કર્યા કર્યો. આખરે તે બોલ્યો, '' હું તમોને એક સારો ઉપાય બતાવું છું. જુઓ, જયારે કોઈ માણસ કચેરીમાં ઘૂસવા ચાહે ત્યારે તમારે તેને ' નૂમેન ઈમ્પેરાતોરુમ્ – (સમ્રાટ જ ભગવાન છે) એમ બોલાવવાનો પ્રયત્ન કરજો. જો કદાપિ તે એવું ન કહે, તો તરત સમજી જજો કે પાકો ખ્રિસ્તી છે. તેને તમે તરત પકડી લેજો. એને ભોં ભારે થઈ પડશે, લેવાને બદલે દેવાનું એના ગળામાં આવી પડશે.

પ્રકરણ ૧૮મું

ઘોષણા–પત્ર મેળવ્યો .....

આકાશના અગણિત તારાઓના ઓછાયામાં સુબેરા મહોલ્લો આજે બીજી વાર અગાઉની માફક ખાઉં–ખાઉં કરી રહ્યો હતો. દસ વાગી ગયા હતા, પણ બિચારા પ્રભુ–ભકતોની આંખોમાં ઊંઘ કેવી ? અંગેઠીમાં લાકડાનો ટુકડો નાખતાં બાબા દિયોજેનિસ બોલ્યા, '' સેભેરુસ, બેટા ! રોમના ખ્રિસ્ત–ભકતોને પ્રભુ બળ દો, કે તેઓ પોતાની પ્રેમ–પરીક્ષામાં

સફળ થઈ શકે.

" અવશ્ય થશે, બાબા ! પાછળથી આવીને કોઈએ એકાએક ઉત્તર આપ્યો. વૃ+દ્ધ બાબા ચમકી જઈને ઊઠી ઊભા થઈ ગયા, પણ પાછળ ફરીને જોયું તો પંક્રાસિઉસ હસી રહ્યો હતો.

" આજે ફરી પણ આટલી રાત્રે ? આશ્ચર્ય સહિત વૃદ્ધ બાબાએ પૂછયું.

" આપને ખબર નથી ? સમ્રાટનો ઘોષણા–પત્ર કચેરીમાં ટાંગી દેવાયો છે.

" ખબર છે બેટા ! ભાંગી પડતા કરુણાર્દ્ર સ્વરમાં બાબાએ ઉત્તર આપ્યો.

" સેબસ્તિયન અહીં આવ્યા હતા ?

" નહિ તો, કેમ શું છે ?

" કાંઈ નહિ. એમ કહીને પંક્રાસિઉસ દરવાજાની તરફ પાછો વળ્યો. એને રોકતાં બાબાએ કહ્યું, " કયાં ચાલ્યા ? થોડું ખાઈ તો લો.

પણ પંક્રાસિઉસે કોઈ જવાબ આપ્યો નહિ. હાથના સંકેતથી કેવળ એટલું જ સમજાવી ગયો કે હું હમણાં જ પાછો આવીશ.

વાંકી વળી ગયેલી કમરને પોતાના જીર્ણ પણ સશકત હાથોનો ટેકો દઈને બાબા દિયોજેનિસ દરવાજાની તરફ ગયા અને ઘણી વાર સુધી સૂમસામ પડેલી ગલીની તરફ જોઈ રહ્યા. પછી દરવાજો બંધ કરતાં કરતાં ઘણા જ પ્રેમ–ભર્યા સ્વરમાં બોલ્યા, " લૂસીના ! તમે ધન્ય છો.

બેઠાં–બેઠાં અગિયાર વાગી ગયા. કોઈએ આવીને બહારની સાંકળ ખખડાવી અને સેભેરૂસે દરવાજો ખોલ્યો. ત્યારે " જય ઈસુ કહેતાં કહેતાં સેબસ્તિયને અંદર પ્રવેશ કર્યો.

" સેબસ્તિયન !

" જી, પંક્રાસિઉસ અને કવાદ્રાતુસ અહીં આવ્યા હતા ?

" આશરે એક કલાક પહેલાં તે બંને આવ્યા હતા અને તમને શોધતા હતા. ઘણું કરીને તેઓ પાછા આવશે.

" પણ કયાં સુધીમાં પાછા આવશે ? તેવામાં એકાએક ફરીથી સાંકળ ખખડી, અને માજુસે દરવાજો ખોલ્યો ત્યારે આનંદમાં છલકાઈ જતા વદને પંક્રાસિઉસ અને કવાદ્રાતુસે ઘરમાં પ્રવેશ કર્યો. બાબાની પાસે આવીને પંક્રાસિઉસે કહ્યું, " બાબા ! આપ જાણો છો અમે કયાંથી આવીએ છીએ ?

એ વાત બાબાના સમજવામાં આવી નહિ. પણ સમ્રાટનો ઘોષણા–પત્ર તેમના હાથમાં મૂકતાં પંક્રાસિઉસ બોલ્યો, " કપ્તાન કોરભીનુસ બરાબર ૯ વાગે આને કચેરીમાં લટકાવી ગયો હતો. અમે જઈને એ ઉતારી લાવ્યા છીએ.

ભકત યુવકોની અપૂર્વ વીરતા જોઈને વૃદ્ધ પુરુષ ચકિત થઈ ગયા. તેઓ મનમાં ને મનમાં બોલ્યા, " ઈસુ નામ હવે મટી શકવાનું નથી. પ્રેમના પતંગો હવે તેને અમર કરીને જ રહેશે. તેઓ પંક્રાસિઉસ પર વહાલ–ભરી નજર કરતાં બોલ્યા, " પંક્રાસિઉસ ! તમે તમારા જીવને હંમેશા હાથમાં લઈને ફરો છો, એ સારું નથી.

બાબાની વાત સાંભળીને પંક્રાસિઉસ ઉદાસ થઈ ગયો અને બોલ્યો, " બાબા ! તમે જ તો તે દિવસે કહેતા હતા ને કે પ્રભુને લીધે પ્રાણ અર્પી દેવો એ ગૌરવની વાત છે.

" એ તો ખરું છે, પંક્રાસિઉસ ! પણ .....

" પણ શું ?

" કાંઈ નહિ. ચાલો, પહેલાં કાંઈક ખાઈ લો. તમે ભૂખ્યા પણ થયા હશો.

એમ કહીને બાબા દિયોજેનિસ બધાને રસોડામાં લઈ ગયા અને નાની–નાની પાટલીઓ પર કવાદ્રાતુસ, પંક્રાસિઉસ અને સેબસ્તિયનને

બેસાડીને તેમણે કહ્યું, " અમે તો ખાઈ લીધું છે. વધેલું–ઘટેલું જે કાંઈ હતું તે તમારી આગળ ધર્યું છે. કદાપિ તમને નહિ ગમે.

માજુસે ત્રણેને માટે થાળીઓમાં ખાવાનું પીરસ્યું. ભોજન કરતાં કરતાં સેબસ્તિયને કહ્યું, " બાબા ! જરા ઘોષણા–પત્ર તો બતાવો ! જોઉં તો ખરો કે એમાં શું લખ્યું છે !

" હું વાંચી સંભળાવું છું. આપ નિરાંતે જમો. સેભેરુસે પિતાના હાથમાંથી શાહી ફરમાન લેતાં કહ્યું.

ઘોષણા–પત્રમાં આવી હકીકત લખેલી હતી :

" દેવાધિદેવ સમ્રાટ, રાજયના સર્વાધિકારી છે અને તેઓ ધર્મના પણ સર્વાધિકારી છે. જે લોકો તેમને પોતાના ધર્માધિકારી માનતા નથી, તેમને સમ્રાટ મકસીમિયનના સામ્રાજયની પવિત્ર ભૂમિમાં વસવાનો કોઈ અધિકાર નથી. તેઓને મૃત્યુ–દંડ દઈને આ વિશાળ સામ્રાજયનું ગૌરવ વધારવાનો નિશ્ચય દેવાધિદેવ સમ્રાટ કરી ચૂકયા છે, અને તે નિશ્ચય અફર છે.

પત્ર સમાપ્ત થતાં જ તમામ ખડખડાટ હસી પડયા. કવાદ્રાતુસે સેભેરુસના હાથમાંથી ઘોષણા–પત્ર ખૂંચવી લીધો અને તેના ટુકડે ટુકડા કરીને અગ્નિમાં ફેંકી દીધા.

પ્રકરણ ૧૯મું

નોટિસ–બોર્ડ ખાલી જોઈને .....

મહાશય કપ્તાન કોરભીનુસ ઘેર પહોંચ્યા ત્યારે ખુશખુશાલ હતા. દમન–કાનૂન અમલમાં આવતાં જ જાણે તેના ભાગ્યનો સિતારો સોળે કળાએ ખીલી નીકળ્યો હોય નહિ ! તે આખી રાત તરેહ–તરેહની

કલ્પનાઓ કરતો રહ્યો. તેની એક આંખ પલક–ભર પણ મીંચાઈ નહિ. ઘણી વ્યાકુળતા સાથે બિચારાએ પરોઢ થવાની વાટ જોયા કરી, એ માટે કે સવાર થતાં જ તે પોતાનો નવો લશ્કરી પોશાક ધારણ કરે અને હાથમાં હંટર લઈને ખ્રિસ્તીઓની શોધમાં નીકળી પડે.

મળસકું થતાં જ તે ઊઠયો, નવો પોશાક પહેર્યો અને સરકારી ઘોડા પર સવાર થઈને કચેરીનો રાહ લીધો.

રસ્તામાં તે અવાર–નવાર દાંત પીસતો અને ઘણા જ વિચિત્ર ચાળા કરીને કહેતો, " પંક્રાસિઉસ ..... આગ્નેસ ..... પંક્રાસિઉસ ..... જાણે કે દમનનો અધિકાર મળતાં જ તે પંક્રાસિઉસ અને આગ્નેસને પીલી નાખવા ચાહતો હોય. ઘણા ઉત્સાહની સાથે તે કચેરીએ પહોંચ્યો ત્યારે દરવાજા પર પાંચે સિપાઈ પહેરો ભરી રહ્યા હતા.

" કોઈ ખ્રિસ્તી તો ઘૂસ્યો નથી ને ? ઘણા ગર્વ–ભર્યા અવાજે કપ્તાન સાહેબે પ્રશ્ન કર્યો.

સલામી ભરતાં સિપાઈઓએ જવાબ દીધો, " જી, નહિ, નામદાર !

એ ઉત્તર સાંભળીને કોરભીનુસ બહુ જ પ્રસન્ન થયો અને મુખ્ય ન્યાયાધીશની કચેરી તરફ ચાલી નીકળ્યો. સવાર થવા આવ્યું હતું. બધી વસ્તુઓ સ્પષ્ટ જોવામાં આવતી હતી. કચેરી પાસે જઈને તેણે પોતાનો ઘોડો એક ઝાડના થડની સાથે બાંધી દીધો અને આગળ ચાલ્યો. નોટિસ–બોર્ડને ખાલી જોઈને તેના પગની નીચેથી જમીન સરકી જતી લાગી. ગુસ્સાથી ઝાળ–ઝાળ થતો તે દરવાજાની તરફ દોડયો અને સિપાઈઓની પાસે પહોંચતાં જ વીજળીની પેઠે કડાકો કરતાં બોલ્યો, " અરે, બદમાશો ! આખી રાત સૂઈ જ રહ્યા ? સમ્રાટનો ઘોષણા–પત્ર કયાં છે ?

સિપાઈઓનો જીવ સુકાઈ ગયો. ઘોષણા–પત્રનું ગુમ થવું એ

તેમને માટે મોતનો પેગામ હતો. તેમની જીભ તાળવે ચોંટી ગઈ. બિચારા જવાબ દઈ શક્યા નહિ. કોરભીનુસે ફરી વાર કરડાકીથી કહ્યું, " બહેરા છો ? સાંભળતા નથી, હું શું પૂછું છું ?

બીતાં બીતાં એક સિપાઈએ ઉત્તર દીધો, " અમે તો સળંગ રાત જાગતા હતા ; ખબર નહિ, ઘોષણા-પત્ર કેવી રીતે ચોરાઈ ગયો.

" કચેરીની ચાર દીવાલની વચમાં કોઈ ઘુસેલો જણાયો હતો ?

" કેવળ બે છોકરાઓ આવ્યા હતા, બીજા તો કોઈ આવ્યા નહોતા.

" એ છોકરાઓએ ' નોમેન ઈમ્પેરાતોરુમ (સમ્રાટ જ ભગવાન છે) એમ કહ્યું હતું ?

" જી હા. તેઓએ ' નોમેન ઈમ્પેરાતોરુમ (સમ્રાટનું નામ) કહ્યું હતું.

" નોમેન ઈમ્પેરાતોરુમ ? ઘાયલ સિંહની માફક ગર્જીને કોરભીનુસ બોલ્યો.

" જી હા, હજૂર.

" ગધેડાઓ કહીંના. એટલી પણ લેટિન નથી જાણતા ? તેઓ તમને મૂર્ખ બનાવી ગયો. જુઓ, હું હમણાં જ સમ્રાટની પાસે જાઉં છું. હવે તમારે મોતના મોઢામાં ઊતરી જવું પડશે.

તેઓમાં એક સિપાઈ કાંઈક સમજદાર હતો. તેને લાગ્યું કે આ આફતમાંથી બચવાનો હવે કોઈ માર્ગ નથી ; તેથી કાંઈક વિચાર કરીને ધીરેથી બોલ્યો, " હજૂર ! આપ જે શિક્ષા કરવા માગતા હો તે ખુશીથી કરો ; અમને કબૂલ છે. પણ ઘોષણા-પત્રનું રક્ષણ કરવાની જવાબદારી ખરું જોતા અમારા પર નહોતી. એ જવાબદારી તો આપના પર હતી. જો સમ્રાટને જાણ થઈ જશે કે આપ રાત્રે ફરજ પર નહોતા, તો તેઓ

તો આપને જ ફાંસીની સજા દઈ દેશે.

સિપાઈની વાત સાંભળીને કોરભીનુસને ચકકર આવવા લાગ્યા. તેણે ઝટ મોઢાનો દેખાવ બદલી નાખ્યો અને સિપાઈઓની પાસે જઈને કહેવા લાગ્યો, " જે થવાનું હતું તે થઈ ગયું. હું તમને મોતમાંથી બચાવી લઈશ ; પણ હવે ચૂપ થઈ રહેજો અને કોઈને પણ આ વાતની ખબર પડવા દેશો નહિ. હું કયાંકથી એક બીજો ઘોષણા–પત્ર લઈ આવું છું.

એમ કહીને કોરભીનુસ ફરીથી ઘોષણા–પત્ર ચોડેલા તકતાની પાસે ગયો અને તેના પર ધ્યાનથી જોયું તો ઘોષણા–પત્રનો એક નાનો સરખો ટુકડો હજુ સુધી તકતાની સાથે લટકતો જણાયો, અને તકતાની નીચે એક લાંબું ચપ્પુ પડેલું જણાયું. તેણે તરત જ તે ચપ્પુ ઉઠાવી લીધું અને તેના પર ધ્યાનથી જોયું તો તે દિંગ થઈ ગયો. આ ચપ્પુ તો એ જ હતું કે જેને કોરભીનુસ ઘણા દિવસો પહેલાં પોતાના ગજવામાં સંતાડીને તેની શાળામાં લઈ ગયો હતો અને પંક્રાસિઉસને દગાથી મારવાનો મનસૂબો કરી બેઠો હતો. તે દિવસે શાળામાંથી ઘેર જતાં તેણે પંક્રાસિઉસને ખેતરમાં પકડી પાડીને ખૂબ માર માર્યો, પણ જયારે ગુરુ જી તે તરફ આવતા જોવામાં આવ્યા કે તરત જ તે દોટ મૂકીને ભાગી નીકળ્યો અને તેનું ચપ્પુ ઉતાવળને લીધે ત્યાં જ પડી ગયું હતું ; જેને પછીથી ઉપાડી લઈને પંક્રાસિઉસ ઘેર લાવ્યો હતો.

એ ચપ્પુ જોઈને કોરભીનુસ બધી હકીકત સમજી ગયો અને દાંત કચકચાવતાં મનોમન બોલ્યો, " હવે તો એ બદમાશને કચડી નાખીશ ત્યારે જ દમ લઈશ.

પ્રકરણ ૨૦મું

આક્રમણની વાતો સાંભળીને .....

ભોજન સમાપ્ત થયા પછી પણ ઘણા લાંબા સમય સુધી વાતો ચાલતી રહી. સમ્રાટનો ખૂની હુકમ તેના ભયંકર રૂપમાં ચાલી રહ્યો હોય તે વખતે બિચારા ખ્રિસ્તીઓને આનંદદાયક અવસર મળે જ ક્યાંથી ? છતાં એવે વખતે બાબાને ઘેરીને બધા બેઠા અને આનંદ કરવા લાગ્યા. વળી આવતી કાલથી તો સમ્રાટનો દમન–કાનૂન લાગુ થવાનો હતો ત્યાર પછી આવી રીતે એકઠા મળીને આનંદ કરવાનો આવો અવસર ક્યાંથી મળત ?

અરધી રાત વીતી ગઈ હતી પણ વાતોનો અંત આવતો જણાયો નહિ તેથી વૃદ્ધ ભકતે ગંભીર થઈને કહ્યું, " બાળકો ! બહુ જ મોડું થઈ ગયું છે. હવે તમારે બધાએ થોડો આરામ કરવો જોઈએ. સવારે પાછું જલદી ઊઠવાનું છે.

એ સમય કેવો ભયંકર હતો ? પ્રભુ પર પ્રેમ કરનારાઓ ઉપર કેટલી ભયંકર મુસીબતો હતી ! પ્રેમમય પ્રભુના ગુણો વર્ણવતાં ગીતો ગાવાં એ કેટલો ભીષણ અપરાધ ગણાતો હતો ? અરે ! પ્રભુ ખ્રિસ્તના ચરણારવિંદમાં પ્રેમ પાથરનારાઓને માટે સરકારની પાસે એક જ દંડ હતો, અને તે ' મૃત્યુ. પણ એ તપસ્વીઓ કેટલા મહાન હતા કે જેઓએ , પોતે અણુએ–અણુ ભસ્મ થઈ જઈને એ ઘોર અત્યાચારોની વચ્ચે પણ પ્રભુ–પ્રેમનો–દીપક જલતો રાખ્યો. દિવસના અજવાળામાં બિચારા એક બીજાને મળવા પણ પામતા ન હતા. શિયાળાની કડકડતી સખત ઠંડીની રાતોમાં તેઓને ત્રણ વાગે ઊઠવું પડતું અને પ્રભુમંદિરમાં જઈને આરાધનામાં જોડાવું પડતું. તેમની અચળ ભકિત, તેમનો અડગ વિશ્વાસ અને તેમનો અપૂર્વ ત્યાગ જોઈને આકાશના તે મૂક તારાઓ પણ મુગ્ધ

થઈ ઊઠતા હશે. પ્રાર્થના સમાપ્ત થયા પછી જયારે તેઓ એક બીજાને છાતીએ લગાવીને વિખૂટા પડતા હશે ત્યારે સ્વર્ગવાસી દૂતો, સંતો અને ભકતોની પાંપણો પણ ભિંજાઈ જતી હશે.

બિચારાઓની પાસે બીજો માર્ગ પણ કયો હતો ! રોમનગરી તો સમ્રાટની રકત–પિપાસા સંતોષવાની રંગભૂમિ બની રહી હતી. જયાં ઉષા–રાણીનાં ઝાંઝર વાગવા માંડતાં ત્યાં તો ઘોડાઓના દાબડાથી વાયુમંડળ હાલી ઊઠતું, અને ખ્રિસ્ત–ભકતોની મંડળીઓની તપાસમાં સરકારના લશ્કરી સિપાઈઓ તલવાર, ભાલા વગેરે શસ્ત્રોથી બની–ઠનીને પોત–પોતાનાં ઘરોમાંથી નીકળી પડતા. તેમના નિર્દય સકંજામાંથી બચવા માટે બિચારા પ્રભુ–ભકતોને પરોઢ થતાં પહેલાં જ વિખરાઈ જવું પડતું. દમન–કાનૂન લાગુ થવાના કારણથી બધી સગવડતા જતી રહી. જમીન ઉપરના દેવળોમાં થતી પ્રાર્થનાઓનું અસ્તિત્વ બિલકુલ અસંભવિત બની ગયું. તેથી મહાન ધર્માધ્યક્ષે નિર્ણય કર્યો કે દમન–કાયદો લાગુ થવાના કારણથી પ્રાર્થનાઓ ગુફાઓમાં બનેલાં દેવળોમાં થયા કરશે.

વળી આ બાજુએ કોરભીનુસે દોડા–દોડી કરીને કોણ જાણે કયાંથીય ઘોષણા–પત્રની એક બીજી પ્રત મેળવી લીધી અને નોટિસ–બોર્ડ પર લટકાવી દીધી. તોપણ તેના મનમાંથી સમ્રાટનો ભય દૂર થઈ શકયો નહિ. સૂર્યોદય થતાં પહેલાં જ તે કોઈ પણ એકાદ ખ્રિસ્તીને પકડીને પોતાના દેવાધિદેવ સમ્રાટના ચરણોમાં ધરી દેવાને અધીર બની રહ્યો હતો કે જેથી કરીને રાતની ભૂલ પર પડદો પથરાઈ જાય.

તોરકવાતુસની કૃપાથી ગુફાની માહિતી તો મળી જ ચૂકી હતી. ઘોષણા–પત્ર લટકાવીને તેણે તરત સ્નાન–ગૃહનો રસ્તો પકડયો. એ જ સ્નાન–ગૃહના દરવાજા પર તોરકવાતુસ, કોરભીનુસ અને ફુલભીઉસ ત્રણે જણ દરરોજ સૂર્યોદય સમયે મળ્યા કરતા અને રખેવાળની કોટડીની વચ્ચે આવેલા ખાંચામાં છુપાઈને પોતાની ગુપ્ત વાતો કર્યા કરતા હતા.

કોરભીનુસ સ્નાન–ગૃહ પર પહોંચ્યો ત્યારે પહેલાં ઘણા લાંબા સમયથી ફુલભીઉસ અને તોરકવાતુસ તેની રાહ જોઈ રહ્યા હતા. ઘણા પ્રેમથી ત્રણેય મળ્યા અને રખેવાળની કોટડીના ખાંચામાં બેસીને ગુફા પર આક્રમણ કરવાની યોજના તૈયાર કરવા લાગ્યા.

સ્નાન–ગૃહનો રખેવાળ ખરેખર સાચો પ્રભુ–ભક્ત હતો. તેની ધર્મપત્ની વિકટોરિયા તો પ્રભુ ખ્રિસ્તની પરમ ભક્ત હતી, અને પ્રતિદિન મંડળીની પ્રાર્થનાઓમાં ભાગ લેતી હતી. આજે જયારે એ ત્રણે મળીને વાતો કરી રહ્યા હતા ત્યારે વિકટોરિયા ઘેર જ હતી. તેના કાનોમાં ગુફા ઈત્યાદિ શબ્દોના ધ્વનિ સંભળાયા અને તેને કાંઈક સંદેહ થઈ આવ્યો. કાચી અને પાતળી દીવાલની સાથે કાન લગાડીને તે તેઓની વાતો ધ્યાનથી સાંભળવા લાગી. જયારે બધી વાતો પૂરી થઈ ગઈ અને ગુફાને ઘેરી લેવાની યોજના તૈયાર થઈ ગઈ, ત્યારે પ્રભુ–ભક્ત વિકટોરિયાએ જલદીથી પોતાના પતિ કુકૂમિયોને ઊઠાડયો અને ચૂપચાપપણે બધી વાતો કહી સંભળાવીને બોલી, '' દોડીને ઝટપટ મંડળીમાં જાઓ અને તાબડતોબ આ ખબર પહોંચાડી દો. જો જો હોં ! થોડો પણ વિલંબ કરવાથી બહુ જ ભારે જીવ–હાનિ થઈ જવાનો ભય છે.

કુકૂમિયોએ તરત કપડાં પહેયાઁ અને પોતાની ઝૂંપડીમાંથી નીકળી પડયો. થોડેક દૂર ગયા પછી તેને વિચાર આવ્યો કે પરમ ભક્ત સેબસ્તિયન સવારને સમયે દરરોજ આ જ સ્નાન–ગૃહમાં સ્નાન કરવા આવે છે, એવો વિચાર આવવાથી તે સ્નાન–ગૃહની તરફ પાછો ફર્યો.

દીવાલ પર પોતાનાં લશ્કરી કપડાં ટાંગીને સેબસ્તિયન સ્નાન કરી રહ્યો હતો. કુકૂમિયોએ ચૂપચાપ તેનું ખમીશ ઉપાડી લીધું અને તેના અંદરના ભાગમાં સોયથી ભરાવીને એક નાનો પત્ર લગાડી દીધો. સ્નાન કરી રહ્યા પછી સેબસ્તિયને જયારે ખમીશ પહેર્યું ત્યારે તેની છાતીમાં કાંઈક ઘોંચાતું લાગ્યું. તેથી ખમીશની અંદર જોતાં જ તેને પેલો કાગળ

મળી આવ્યો. તેમાંની વિગત વાંચીને તે ખિન્ન થઈ ગયો. પણ ખરા વીર પુરુષો તો હિંમત હારવાનું જાણતા જ નથી. સંકટ બહુ ભારે હતું તે છતાં ય તે ગભરાયો નહિ. સ્નાનગૃહથી તે તરત નીકળ્યો અને એપિયન સડકની તરફ ચાલતો થયો, એ માટે કે ગુફા પર ચઢાઈ થતાં પહેલાં જ તે ગુફામાં છુપાઈ રહેલા પ્રભુ–ભકતોને સાવધાન કરી શકે. સરકારી સેનાપતિનું દિવસને વખતે તે બાજુએ જવું જોખમ વિનાનું નહોતુ, પણ લાચારી અને અણીના સમયને લઈને તેને જવું જ પડયું. ગુફામાં નિશ્ચિંત બેઠેલા ખ્રિસ્ત–ભકતો અને પાદરીઓના જીવન–મરણનો પ્રશ્ન હતો. ઈશ્વરકૃપાથી થોડુંક જ ચાલ્યા પછી તેને સિસિલિયા નામની અંધ પ્રભુ–ભકત યુવતી મળી ગઈ. એ જ આંધળી ભિખારણ સિસિલિયા, જે ફબીઓલાની દાસી સીરા હતી તેને બહુ જ પ્રિય હતી.

સિસિલિયાનું જીવન પણ કેવું અલૌકિક જીવન હતું ! પ્રભુ–દર્શનને માટે ઝૂરતી તેની આંખો તે ઉઘાડી શકતી નહોતી. ઘણું કરીને તે જ કારણથી બિચારીનું ભકિત–ભર્યું હૈયું પ્રભુ–ચરણોની સેવાને માટે સદા અત્યંત વ્યગ્ર રહેતું. પોતાની પ્રભુ–ભકત બહેનોના ઘરનો એકાદો સૂકો ટુકડો ખાઈને તે આખો દિવસ ફર્યા જ કરતી. એવી રીતે ગાંડાઓની માફક જયાં ત્યાં રખડી–રખડીને તે બિચારી અંધ બાલિકા પોતાના જાતિ–બંધુઓ અને મંડળીનું કેવું મહાન કાર્ય કરી રહી હતી ! એ વાત રોમના અધિકારી અને શણગારેલી દુકાનમાં બેસનારા શેઠ–શાહુકારો કલ્પી પણ શકતા નહોતા. સેબસ્તિયને સિસિલિયાને ઊભી રાખી અને બધી વાતો સમજાવીને કહ્યું, " બસ, થોડી જ વારમાં એ ગુફા પર આક્રમણ થવાનું છે. તું આ પત્ર લઈ જા, અને તેમાંના પ્રભુ–ભકતોને ચેતાવી દે.

પત્ર મળતાં જ સિસિલિયા કલિસ્તુસની ગુફા તરફ દોડી. તેનાં ફરકી રહેલાં નેત્રો તેના ધડકી રહેલા હૃદયનો પરિચય આપી રહ્યાં હતાં.

પાછળના દ્વારથી તેણે ઝટ ગુફામાં પ્રવેશ કર્યો, પણ જેવી તે પગથિયાંની નીચે ઊતરી કે તરત તેને કોઈ વિચિત્ર વાસ આવી અને તે અટકી ગઈ. કોક નવી વસ્તુની તે ગંધ હતી. સિસિલિયા તરત સમજી ગઈ અને મનમાં ને મનમાં બોલી, '' અમારી આ ગુફામાં તો કદી આવી ગંધ આવતી નથી; માનો ન માનો પણ શત્રુઓ ગુફામાં આવી પહોંચ્યા છે.

તોપણ તેના હૃદયમાં ભયનું નામ સુદ્ધાં ન હતું. વાંકી–ચૂંકી ગલીઓમાંથી પસાર થતી–થતી તે સીધી સભા–ખંડની તરફ જોસ–ભેર દોડી ગઈ. સભા–ખંડમાં પહોંચતાં જ તેણે ખ્રિસ્ત–ભકતોને, સેબસ્તિયને આપેલો પત્ર સાચવીને દઈ દીધો અને બોલી, '' નીચે ઉતરતી વખતે મને એક અજાયબ જેવી ગંધ આવી હતી, તેથી જણાય છે કે શત્રુઓ ગુફામાં આવી પહોંચ્યા છે. આપ સૌ કોઈ જલદી જલદી ગુપ્ત સ્થાનમાં ચાલ્યા જાઓ. હું દરવાજા પર જાઉં છું.

સેબસ્તિયનનો પત્ર વાંચીને નિશ્ચિંતપણે બેઠેલા ભકતજનો ચમકી ગયા. બધાએ મળીને મહાન ધર્માધ્યક્ષને આગ્રહ કર્યો કે આપણે સૌ નીચેના ત્રીજા ભોંયરામાં જલદીથી પહોંચીને છુપાઈ જઈએ કે જેથી શત્રુના હાથમાં આવી પડીએ નહિ. પંક્રાસિઉસ પણ ત્યાં ઊભો હતો. સિસિલિયાનું અપૂર્વ સાહસ અને ત્યાગ જોઈને તેની આંખો ભરાઈ આવી. ઘણા જ પ્રેમ સાથે અંધ બાલિકાનો હાથ પકડીને તે બોલ્યો, '' ચાલો બહેન ! હું તમને સંતાડી દઉં.

'' નહિ, નહિ ; ભાઈ ! મને તો તમે અહીં જ રહેવા દો, શત્રુઓ આ ગુફામાં આવી પહોંચ્યા છે. મારે આ દરવાજાની રક્ષા કરવી છે.

પણ બહેન ! શત્રુ તો હવે આવી પહોંચ્યા સમજો. તમે પકડાઈ જશો તેથી કહું છું કે જીદ ન કરો અને મારી સાથે ચાલો.

સિસિલિયા આનંદમાં આવી જઈ ખડખડાટ હસી પડી અને બોલી, '' તો શું થઈ ગયું ? મને પકડવાથી તેઓને સંતોષ થઈ જશે અને

એવી રીતે મારો આ નાનો સરખો પ્રાણ કોણ જાણે કેટલાય પ્રભુ–ભકત ભાઈઓના જીવોને બચાવી જશે. એ વીરોના જીવનનું મૂલ્ય મારા જેવી નેત્રહીનની અપેક્ષાએ કયાંય અધિક છે. વીરા ! તમે ચિંતા ન કરો ; પ્રેમ તો બલિદાન માંગે છે. મને એક નાની સરૂખી મીણબત્તી દઈને તમે જલદીથી છુપાઈ જાઓ, નહિ તો મને અતિશય દુઃખ થશે.

" પણ બહેન ! તમે જોઈ તો શકતાં નથી અને મીણબત્તી લઈને શું કરશો ?

" હું જોઈ શકતી નથી પણ બીજાઓ તો જોઈ શકે છે ને ?

સિસિલિયાના અડગ આગ્રહ આગળ પંક્રાસિઉસને નમવું જ પડયું. અંધ બાલિકાના હાથમાં એક નાની મીણબત્તી મૂકીને તે નીચેના ભોંયરાની તરફ ચાલ્યો ગયો. સિસિલિયા ગુફાના દરવાજાની તરફ ગઈ અને પગથિયાંની પાસે આવીને ઊભી થઈ રહી. ધીમો–ધીમો પ્રકાશ વિખરાઈ રહ્યો હતો. તે પછી થોડી જ વારમાં તેને કોઈના નીચે ઊતરતા પગોના ધબકારાનો અવાજ સંભળાયો. શત્રુ આવી પહોંચ્યા છે એવું અનુમાન કરીને સિસિલિયાએ ધીરેથી હસી દીધું. ત્યારે અંતરિક્ષના હાલતા પડદામાંથી ગેબી અવાજ આવ્યો :

'ધન્ય ઓ ખ્રિસ્ત–પ્રેમઘેલી અંધ બાલિકા ! તારી આ અનન્ય પ્રેમ–ભકિત, આસમાનના ફલકમાં રહીને જોનારા તારા પ્રેમ–વિજેતા પ્રભુ ખ્રિસ્તના કમળ–નયનોમાં વસી ગઈ છે.

કેટલો મહાન હતો તેનો પ્રભુ–પ્રેમ !

પ્રકરણ ૨૧મું
બલિદાનની વેદી પર પહેલું ફૂલ .....

પ્રેમ અને ત્યાગની પ્રતિમા, સાધ્વી સિસિલિયા દીવાના સોનેરી પ્રકાશમાં એવી રીતે હસી રહી હતી કે જાણે લાંબા વિયોગ પછી આજે મિલન–તહેવાર આવી પહોંચ્યો હોય ! પગથિયાંથી નીચે ઊતરતા લશ્કરી જોડાના ટપાકા તેના કાનોમાં અથડાતા હતા તોપણ તેના હૃદયમાં ભયનું નામ સુદ્ધાં ન હતું.

દમન–વિભાગના કપ્તાન કોરભીનુસે શાહી જાસૂસ ફુલભીઉસ અને વિશ્વાસઘાતી તોરકવાતુસને સાથે લઈને ગુફા પર છાપો મારી દીધો હતો. ફુલભીઉસને ગુફાના દ્વારની રક્ષાને માટે નિયુકત કરીને કોરભીનુસે પોતાના લશ્કરી સિપાઈઓને સાથે લીધા અને ગુફામાં પ્રવેશ કર્યો. દાંત પીસતાં–પીસતાં તે પગથિયાંથી નીચે ઊતરતો હતો, માનો કે ગુફામાં છુપાયેલા ખ્રિસ્તીઓને પકડીને તે કાચા ખાઈ જવાને ચાહતો હોય એમ તેનો ચહેરો કહેતો હતો. તોરકવાતુસ એને માર્ગ દેખાડી રહ્યો હતો. સુભાગ્યે તોરકવાતુસને ગુફાના બીજા અને ત્રીજા ભોંય–તળિયાની જાણ જ ન હતી. તે દિવસે પંક્રાસિઉસની સાથે આવીને તેણે ઉપરનો ભાગ તો જોઈ લીધો હતો, પણ નીચેના ભોંયરાઓનો તેને કાંઈ પણ ભેદ મળ્યો ન હતો. ફરીથી દાંત કચકચાવતાં કોરભીનુસે કહ્યું, “ મહાન ધર્માધ્યક્ષ અને પંક્રાસિઉસ એ બંનેની તો હું ચામડી ઊતરાવી દઈશ. જોઉં છું કે તેઓ આજે બચીને કયાં જાય છે !

ધીરે–ધીરે કોરભીનુસ, તોરકવાતુસ અને બધા સિપાઈ પગથિયાંથી નીચે ઉતરી આવ્યા. સિસિલિયા બિલકુલ બીક વિના હાથમાં મીણબત્તી લઈને મૌન ઊભી રહી. ચોમેર નજર ફેરવીને કોરભીનુસ પોતાના સિપાઈઓને કહેવા લાગ્યો, “ બહાદુર સિપાઈઓ ! તમે

આપણા દેવાધિદેવના વીર સિપાઈ છો. આજે તમારી વીરતાની પરીક્ષાનો દિવસ છે. જુઓ, એક પણ બદમાશ ખ્રિસ્તી બચીને જવા પામે નહિ.

" પણ સરકાર ! આ અંધારામાં તો કોઈ પણ જોવામાં આવતા નથી. કોને પકડીએ, કયાં તૂટી પડીએ ? એક સિપાઈએ ડરતાં ડરતાં કહ્યું.

વાત પણ સાચી હતી. ગુફામાં કોઈ નહોતું. કોરભીનુસે કોપાયમાન થઈને તોરકવાતુસને કહ્યું, " હવે શો વિચાર કરો છો ? બતાવો, કઈ બાજુએ ચાલીશું ?

કોરભીનુસની ધમકી સાંભળીને તોરકવાતુસ ગભરાઈ ગયો. જલદીથી એક સાંકડી ગલીની તરફ વળીને બોલ્યો, " આવો, આ બાજુએ જઈએ. એ શબ્દો સાંભળતાં જ બધા સિપાઈઓ તેની પાછળ ચાલવા લાગ્યા. કોરભીનુસ પણ સાથે જ ચાલી નીકળ્યો.

તોરકવાતુસ વળાંક ગણતો–ગણતો ગલીઓમાંથી પસાર થતો ગયો. કોરભીનુસ અને તેના સિપાઈ પાછળ પાછળ ચાલતા ગયા. એ સાંકડી ગલીઓમાં મૂકેલી મીણબત્તીઓ થોડી વાર પહેલાં જ હોલવાઈ હતી તેથી તેના ઘાડા ધુમાડાથી સિપાઈઓના દમ ઘૂંટાવા લાગ્યા, અને અંધારું પણ ઘણું ઘેરું હતું. સિપાઈઓની મીણબત્તીઓ છેક નાની હતી તેથી રસ્તો પણ બરાબર દેખાતો નહોતો. જેમ જેમ તેઓ આગળ વધતા ગયા તેમ તેમ હોલવાઈ ગયેલી મીણબત્તીઓનો ધુમાડો વધુ ઘાટો બનતો ગયો અને સિપાઈઓના દમ વિશેષ ઘુંટાવા લાગ્યા. એવી રીતે દસ–બાર વખત વળાંક લેતાં–લેતાં ફરીથી તેઓ જયાંથી આવ્યા હતા ત્યાં જ પાછા આવીને ઊભા રહી ગયા. કોરભીનુસને ઘણો ક્રોધ ચડયો તેથી કરડાકીથી બોલ્યો, " આંધળા કહીંના ! હવે બતાવતો કેમ નથી ?

બીકના માર્યા તોરકવાતુસની બુદ્ધિ જડ થઈ ગઈ હતી, તેથી

જીવ બચાવવાને માટે તે બોલ્યો, " ચાલો, પેલી સામેની ગલીમાં ઘૂસીએ કદાપિ ત્યાંથી કાંઈક ભેદ મળે.

કોરભીનુસ અને સિપાઈઓ તોરકવાતુસની પાછળ–પાછળ ચાલી નીકળ્યા. એ ગલીમાં થોડે દૂર ગયા પછી તોરકવાતુસ એકાએક ગુમ થઈ ગયો અને પાછળ આવનાર બધાની આંખ ફાટી ગઈ. બધા ચકિત થઈ ગયા. કોરભીનુસ તો ભયથી કંપી ઊઠયો : " જાદુ ..... જાદુ ... એવી બૂમો મારતો પગથિયાંની તરફ નાસવા લાગ્યો. " ખાધા રે બાપ બોલતાં બોલતાં સિપાઈઓ પણ તેની પાછળ–પાછળ નાસવા લાગ્યા.

જયારે બધા સિપાઈઓ આવી ગયા ત્યારે તે બોલ્યો, " તોરકવાતુસે આપણને ભારે દગો દીધો છે. ચાલો, આ ગુફામાંથી જીવ લઈને નાસી જઈએ. ક્યાંક કોઈ બીજી બલા વળગી ન પડે.

પોતાના તરુણ કપ્તાનની બહાદુરીનો તમાશો જોઈને સિપાઈઓનું હસવું રોકી શકાયું નહિ. કોરભીનુસ તો સમજી ગયો પણ કાંઈ બોલ્યો નહિ. એટલામાં એક સિપાઈએ પગથિયાંની તરફ આંગળી ચીંધીને કહ્યું, " હજૂર ! ત્યાં જુઓ, કોઈ સ્ત્રી જણાય છે.

કોરભીનુસ ગભરાઈ તો ગયો હતો, છતાં પગથિયાંની તરફ એક નજરે જોઈને બોલ્યો, " કયાંય ચુડેલ તો નથી ? મને તો ચુડેલ જ લાગે છે. ચાલો, ચાલો, નીકળી જઈએ.

એકેએક સિપાઈ ફરીથી ખડખડાટ હસી પડયા. કોરભીનુસને ભયંકર અપમાનનો અનુભવ થયો પણ કાંઈ બોલી શકયો નહિ. પોતાની વીરતાનો પરિચય કરાવવાને માટે તે નિસરણી તરફ ધસ્યો અને ઘણી ક્રૂરતા સહિત નવ–તરુણીનું કોમળ કાંડું મરડી નાખતાં તે બોલ્યો, " તું કોણ છે ?

દેવબાલા સિસિલિયા, હૃદયહીન કોરભીનુસનો પ્રશ્ન સાંભળીને

બાળકની પેઠે હસી પડી. એનું સુંદર મુખડું પ્રભાત–કમળની માફક ખીલેલું હતું. ઘણા જ પ્રેમ–ભર્યા સ્વરથી તે બોલી, '' એક ખ્રિસ્ત–ભકત.

તેના મધુર સ્વરમાં તેના નિર્મળ હૃદયની અસીમ ખ્રિસ્ત–ભકિત ટપકી રહી હતી. તે કારણથી અત્યાચારી કોરભીનુસ ક્રોધથી ધમધમી ઊઠયો અને પશુઓની માફક બરાડા પાડતો બોલી ઊઠયો, '' આને બાંધીને લઈ ચાલો. મોટી ખ્રિસ્ત–ભકતાણી બનીને આવી છે !

નમણાં–પુષ્પો સમાન કોમળ કાંડાં બરછડ રસીથી દયાહીનપણે બાંધી દેવામાં આવ્યાં. ચામડી છોલાઈ ગઈ, લોહી વહેવા લાગ્યું પણ ક્ષમા અને દયાના પરમ ભાવથી રંગાઈ ગયેલી દેવબાલાના હોઠો પર હજુ એ જ પ્રેમ ભરપૂર હાસ્ય ફરકતું હતું.

અંધ કેદીને સાથે લઈને કોરભીનુસ પગથિયાં પર ચડયો. ફુલભીઉસ પોતાના સાથીઓની સાથે ઘણા સમયથી તેની રાહ જોઈ રહ્યો હતો. સિપાઈઓનો ઉપર આવવાનો અવાજ સાંભળીને તેને ઘણી પ્રસન્નતા થઈ પણ જયારે તે લોકો ઉપર પહોંચ્યા ત્યારે તેમની સાથે મહાધર્માધ્યક્ષ, પંક્રાસિઉસ, પાદરીઓ અને કોઈ પણ ખ્રિસ્તી ન હતા. કેવળ એક સુકુમાર તરુણી રસીથી ખરાબ રીતે જકડીને બાંધેલી હાલતમાં બહાર નીકળી. આટલું બધું નરાધમપણું જોઈને ફુલભીઉસનાં રોમેરોમ ઘૃણા અને ક્રોધથી તપી ઊઠયાં. વીજળીની જેવો કડાકો કરીને તે કોરભીનુસની તરફ ધસ્યો, '' તને શરમ નથી આવતી ? વીર બનીને અંદર ઘૂસ્યા હતા તો તમારા એ મોટા–મોટા શિકાર કયાં ગયા ? તમારા પેલા સંત મહાન–ધર્માધ્યક્ષ કયાં ? આવી નાની સરખી છોકરીને આવી ક્રૂર રીતે રસીથી બાંધીને લઈ આવતાં તમને લાજ ન આવી ?

કોરભીનુસ માથું નમાવીને મૂંગો મૂંગો બધું સાંભળી રહ્યો, ત્યારે તેણે સિપાઈઓની તરફ જોયું અને બોલ્યો, ' અરે, પણ પેલો તોરકવાતુસ કયાં ગયો ? તે ગભરાઈ ગયો અને ફરીથી કોરભીનુસની

તરફ વળીને બાલ્યો, '' અને તોરકવાતુસ ?

એકેએક મૂંગા બનીને ઊભા રહ્યા. ઉત્તર દેવાની કોઈ હિંમત ન કરી શકયા. ફુલભીઉસને કાંઈક સંદેહ આવી ગયો તેથી તે ગર્જના કરીને ફરીથી બોલ્યો, '' તોરકવાતુસ કયાં છે ? જીભ કપાઈ ગઈ છે શું ?

તોરકવાતુસની ગેરહાજરી તેને માટે એક ઘોર ચિંતાનું કારણ બની રહી હતી. ' મહામુશ્કેલીથી ફસાવેલો શિકાર કયાંક હાથથી નીકળી તો નહિ ગયો હોય ? તેના મગજમાં એકાએક એ વિચારે ઘેરો ઘાલ્યો અને તે ફરીથી ગર્જયો, '' તોરકવાતુસ કયાં છે ?

દમન–વિભાગનો કપ્તાન હોવા છતાં પણ કોરભીનુસ ભયને લીધે કાંપી રહ્યો હતો અને હકીકત કહી શકતો નહતો, તેથી એક સિપાઈએ આગળ આવીને ફુલભીઉસને બધી વાત કહી સંભળાવી અને છેવટે નમ્રતા સહિત બોલ્યો, '' હજૂર ! એમાં કપ્તાનજીનો કાંઈ દોષ નથી.

પણ ફુલભીઉસને એવી વાતોથી કાંઈ સંતોષ થાય ? તેની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ. ઘણી મહેનતથી ફસાવેલો શિકાર કોરભીનુસની કૃપાથી ભાગી છૂટયો હતો. એ કારણથી ફુલભીઉસ ઘણી વાર સુધી મૂંગો મૂંગો દાંત પીસતો ઊભો રહ્યો. ત્યાર પછી તે સિસિલિયા તરફ ગયો અને બોલ્યો, નીચે શું જોઈ રહી છે ? મારી તરફ આંખો ઊંચી કર, અને મારા સવાલનો જવાબ દે.

સિસિલિયા માથું નમાવીને હમણાં પણ હસી રહી હતી. ભકત–તરુણીના માખણ સમાન કોમળ હોઠોમાંથી જાણે ફૂલ વેરાતાં હોય તેમ ઘણા પ્રેમ સહિત બોલી, '' ભાઈ ! આંખો ઊંચે કરવાની શી જરૂર છે? આપ મને જે પૂછવા ચાહતા હો તે પૂછો. હું જવાબ આપવાને તૈયાર છું.

" પણ તું તારી આંખો ઊંચી કેમ કરતી નથી ?

સિસિલિયા બચ્ચાની પેઠે હસી પડી. અત્યાર સુધીની બધી વાતો સાંભળીને તે અંદર ને અંદર ઘણી ખુશી થતી હતી. મોતનો પડછાયો શિર પર છવાઈ રહ્યો હતો, તોપણ તે એટલી બધી મગ્ન હતી કે જાણે જિંદગીમાં આજે પહેલી વાર જ પિયુને મળવા જતી હોય, તેમ તે બોલી, " કેમ કે હું ' નેત્રહીન છું.

સ્નેહ–ભીના કંઠથી માત્ર બે જ શબ્દો નીકળ્યા અને સર્વને સ્તબ્ધ કરીને શરદ–પવનના હેલામાં જઈ ભળ્યા, વિસ્મિત થઈને બધાએ તેની પાસે જઈ જોયું, તો તેઓને જણાયું કે તે ખરેખર નેત્રહીન છે ..... નેત્રહીન ! ..... નેત્રહીન !

એટલી સુકુમાર અને સુંદર યુવતીને આંખ વિનાની જોઈને, ભલા કઈ એવી વ્યકિત હોય કે જેને દુઃખ ન થાય ! પણ હૃદયહીન ફુલભીઉસ તો પોતાના તુચ્છ સ્વાર્થોમાં આંધળો–ભીંત બની ચૂકયો હતો, દયા અને કરુણાનું તેના હૃદયમાં સ્થાન જ કયાં હતું ? સિસિલિયાને ધારી–ધારીને જોતાં જ તે મનોમન બોલ્યો, " કદાપિ આની મારફતે પણ મારું કામ પાર પડી શકે ! એવો વિચાર આવતાં જ તે ઝટ કોરભીનુસની તરફ ફરીને બોલ્યો, " કોરભીનુસ ! જે કાંઈ બની ગયું છે તે ઘણું જ ખરાબ બન્યું છે. બીજા શિકારને પકડવા જતાં હાથમાંનો શિકાર પણ નાસી ગયો. અરે, આટ–આટલા સૈનિકો હોવા છતાં એક આંધળી છોકરીને બાંધીને લઈ જતાં મને તો શરમ આવે છે. શહેરના માણસો આપણી મશ્કરી કરશે. એમ કહીને તેણે સૈનિકોને હુકમ કર્યો, " તમે સૌ સીધા પોત–પોતાને ઘેર ચાલ્યા જાઓ. જુઓ, કોઈને પણ કંઈ વાત કહેવાની જરૂર નથી. આજે આપણે બહુ જ ખરાબ રીતે નિષ્ફળ નીવડયા છીએ, એમ છતાં ય હું તમને ઈનામ અપાવવાનો પ્રયત્ન કરીશ. અને કોરભીનુસ તું આ ઘોડા પર સવાર થઈને ઝડપથી તારા

પિતાજીની પાસે પહોંચી જા અને તેમને બધી વાતથી માહિતગાર કરી દે. કદાપિ તેઓ આપણને કોઈ સારી સલાહ દઈ શકે. હું આ છોકરીને સાથે લઈને ટમટમમાં તરત આવી પહોંચું છું.

દમન–વિભાગનો કાયર કપ્તાન બીતાં બીતાં બોલ્યો, " પણ, જોજો હો ભાઈ, ફુલભીઉસ ! કાંઈ ચાલબાજી રમતા નહિ. આને લઈને તરત આવી પહોંચજો. જે હાથ લાગ્યું તે ખરું. જો આજે દિવસ ભરમાં એક પણ ખ્રિસ્તીનું બલિદાન ન દેવાયું તો હું સમ્રાટની આગળ મોઢું નહિ બતાવી શકું.

" નહિ, નહિ. હું તરત આવી પહોંચું છું. તમે નિશ્ચિંત થઈને જાઓ.

ટમટમ ચાલી જતી હતી. સિસિલિયા અને ફુલભીઉસ બંને પાછલી બેઠક પર બેઠાં હતાં. શાહી જાસૂસે આ અંધ બાલિકાને કેટલીયે વાર શહેરમાં આંટા–ફેરા મારતી જોઈ હતી. તેની સાથે ઘણા જ મીઠા વચને તે બોલ્યો, " ગરીબ બાળકી ! તારી આંખોનો પ્રકાશ તું ક્યારથી ખોઈ બેઠી છે ?

સિસિલિયા ફુલભીઉસની ધૂર્તતાને સારી રીતે સમજતી હતી, તોપણ તે પ્રેમથી બોલી, " જન્મથી જ, ભાઈ !

" જન્મથી જ ?

" હા, ભાઈ !

" પરંતુ મેં તો તને ઘણી વાર ગલીઓમાં બિલકુલ એકલી જ અહીંથી તહીં આંટા મારતી જોઈ છે.

" પણ આપે મને કઈ જગાએ જોઈ હતી ? આશ્ચર્યની સાથે સિસિલિયા બોલી.

" એક વાર શું, મેં તો તને કેટલીયે વાર જોઈ છે. હમણાં થોડા દિવસ પર જ તો તને પટ્રીશિયન શેરીમાં સવારને સમયે જ જોઈ હતી.

તારી સાથે એક બીજો ભિખારી પણ હતો, તેને કયાં લઈ જતી હતી ?

સિસિલિયાએ કાંઈ જવાબ આપ્યો નહિ. થોડીવાર છાના રહીને ફુલભીઉસ ફરીથી બોલ્યો, '' હું જાણું છું કે તેં પોતાનું સર્વસ્વ પ્રભુ ખ્રિસ્તની સેવામાં અર્પણ કરી દીધું છે.

ભાવિક સિસિલિયા પોતાના હૃદય–પ્રવાહને રોકી શકી નહિ. ઘણા ગૌરવ સહિત તે બોલી, '' એમાં શો સંદેહ છે, ભાઈ ?

'' ત્યારે તો તું તે દિવસે પેલા ભિખારીને કોઈ ખ્રિસ્ત–ભકતને ઘેર લઈ જતી હતીને ?

ભલી–ભોળી સિસિલિયા શાહી જાસૂસના આ પ્રશ્નમાં છુપાયેલા રહસ્યને સમજી શકી નહિ. ભાવના–ભર્યા સ્વરમાં તે બોલી, '' હા, હા ; યાદ આવ્યું. ઘણાં જ મોટા ખ્રિસ્ત–ભકતને ઘેર.

એ ઉત્તર સાંભળીને ફુલભીઉસના લોહી–તરસ્યા હોઠો પર એક ઘૃણા–ભર્યું હસવું રમી રહ્યું. ચપટી વગાડતાં મનમાં ને મનમાં બોલ્યો,

'' આગ્નેસ ! ... આગ્નેસ ! ... ઘણી હેરાનગતિઓ ભોગવ્યા પછી આજે તું ફુલભીઉસની જાળમાં બરાબર સપડાઈ ગઈ છે. હવે તું ફુલભીઉસના ભરડામાંથી કોઈ પણ ઉપાયે બચી શકવાની નથી. તારે બેમાંથી એક વસ્તુ પસંદ કરી લેવાની છે ..... લગ્ન અથવા મૃત્યુ ..... ! રાજી થતો થતો તે અંધ બાલિકાની તરફ ફર્યો અને બોલ્યો, '' તને ખબર છે, હું તને કયાં લઈ જઈ રહ્યો છું ?

પરમ આનંદથી ભરપૂર, ભકત–તરુણીએ પ્રત્યુત્તર વાળ્યો, '' ત્યાં જયાં સમ્રાટની સામે આજે મારી પ્રેમ–પરીક્ષા થશે અને જયાંથી હું સીધી મારા પ્રભુના પવિત્ર ચરણોમાં પહોંચી જઈશ.

'' તું એને મજાક ન સમજ.

સિસિલિયાએ ગંભીર થઈને પ્રત્યુત્તર દીધો, "પ્રભુના ચરણોમાં જતાં મને કેટલો આનંદ પ્રાપ્ત થશે, એ આપ નથી સમજી શકતા, ભાઈ !

એવો ઉત્તર સાંભળીને ફુલભીનુસની જીભ બંધ થઈ ગઈ. ટમટમ અધ્યક્ષ તેરતુલુસની હવેલી તરફ ચાલી રહી હતી. ત્યારે શીતળ પવનની મંદમંદ લહરીઓ આવતી અને સિસિલિયાને ધન્યવાદ દઈને સરી જતી. ટમટમના પૈડાના એક–એક આંટાની સાથે તેનો ઉત્સાહ વધતો જતો હતો.

પેલી બાજુએ કોરભીનુસના ઘર પર બધાનો ઉત્સાહ ઠંડો પડતો જતો હતો. રોમની નાસ્તિક જનતા સમ્રાટના દમન આદેશની કંઈક સમયથી રાહ જોઈ રહી હતી. ગઈ રાત્રે જયારે લોકોને એવું જાણવામાં આવ્યું કે સવાર થતાં જ કચેરીમાં સમ્રાટનો ઘોષણા–પત્ર ટાંગી દેવામાં આવશે, ત્યારે તેમના આનંદની સીમા ન રહી. કાંઈક માણસોએ તો તારા અને નક્ષત્રોને ગણી–ગણીને રાત વિતાવી. સવાર થતાં જ તેઓ પોતપોતાનાં ઘરોમાંથી નીકળ્યા અને સીધા અધ્યક્ષ–ભવન પર જઈ પહોંચ્યા. ખ્રિસ્ત–ભકતોને આજે અહીં જ ફાંસીએ લટકાવી દેવાનો નિશ્ચય થઈ ચૂકયો હતો.

સૂર્યોદય થતાં જ લોકોની ભીડ જામવા લાગી. દરેક વ્યકિતનો આનંદ માતો નહોતો. દશ વાગતાં–વાગતાં તો આંગણું ભરાઈ ગયું પણ બેસી–બેસીને જયારે કલાકો નીકળી ગયા અને એક પણ ખ્રિસ્ત–ભકતના પકડાઈ જવાની વાત ન સાંભળી ત્યારે જનતા નિરાશ થઈને ઘેર પાછી ફરવા લાગી. ધીરે–ધીરે માણસોથી ભરાયેલું આંગણું ખાલી થઈ ગયું. બપોરે જયારે તેરતુલુસ ફરીથી આંગણામાં બહાર આવ્યો, ત્યારે કેવળ ત્રીસ–ચાલીસ માણસો એક ખૂણામાં બેસીને ઘૂસપૂસ ઘૂસપૂસ વાતો કરી રહ્યા હતા. તેરતુલુસ અંદર ને અંદર બેચેન તો બહુ થઈ રહ્યો હતો, પણ

કરે શું ? હાથ મસળતો મસળતો ચૂપચાપ ઘરમાં જઈને બેસી ગયો.

આશરે એક વાગે કોરભીનુસે આવીને સિસિલિયાના પકડાયાની વાત જાહેર કરી ત્યારે તેરતુલુસના જીવમાં જીવ આવ્યો. તે તરત નીકળ્યો અને ઘણી વ્યગ્રતા સાથે સડક તરફ વારંવાર ડોકિયાં કરવા લાગ્યો. એક અબળા તરુણી ... અને તે પણ આંધળી ... એવા દયાપાત્ર જીવનો નાશ કરવા આટલી બધી આતુરતા ... ! હાય રે ! સંસારની જૂઠી લાલસામાં ઘેરાઈ જઈને મનુષ્ય–પ્રાણી કોઈ વાર કેટલો બધો નીચે ઊતરી જાય છે : કેટલો બધો પામર બની જાય છે !

થોડીક વાર પછી ટમટમે હવેલીમાં પ્રવેશ કર્યો. તેને આવતી જોઈને તેરતુલુસ ઝડપથી પ્રેક્ષકોની તરફ ગયો અને તેમને ધીમેથી સમજાવવા લાગ્યો, '' બિલકુલ શાંત રહેજો. એક પણ શબ્દ મોઢેથી ન બોલજો, નહિ તો બંદીવાનને ખબર પડી જશે કે માણસો અહીં આવેલાં છે.

ટમટમ આંગણામાં આવીને ઊભી રહી. ફુલભીઉસનો હાથ પકડીને અંધ–તરુણી નીચે ઊતરી અને મૂંગી મૂંગી ઊભી રહી. સિસિલિયાને જોતાં જ તેરતુલુસની ઈચ્છા થઈ કે પ્રલોભન દઈને તેને ફોસલાવી દઉં કે જેથી કરીને ખ્રિસ્તીઓની બાતમી મળી શકે. તેથી તેની પાસે જઈને તે ઘણા જ પ્રેમ–ભર્યા અવાજથી બોલ્યો, '' અહીં કેમ ઊભા છો ? અંદર આવીને બેસો. એમ કહીને તે તેનો હાથ પકડીને અંદર લઈ ગયો.

વિશાળ દીવાનખાનાની મખમલી ખુરશી પર બેસાડીને અધ્યક્ષ તેરતુલુસે તેને પ્રશ્ન કર્યો, '' દીકરી ! તમારું નામ શું છે ?

લોહી–તરસ્યા હોઠોમાંથી આવું પ્રેમ–ભર્યું સંબોધ સાંભળીને સિસિલિયાએ હસી દીધું અને ઘણા જ મધુર સ્વરમાં બોલી, '' જગતમાં આ દેહને માણસો સિસિલિયાના નામથી પોકારે છે.

" તમારું એ નામ કેટલું સુંદર છે ! તમે કોઈક ખાનદાન ઘરની દીકરી જણાઓ છો, પણ કેટલાં દુઃખિયારા છો !

" બાબુજી ! હું દુખિયારી નથી, હું તો બહુ જ આનંદમાં છું. હવે મારા ખાનદાનની વાત બાકી રહી. તો તે વિષે આપને જણાવું છું, કે મારાં માતા–પિતા બહુ જ ગરીબ હતાં પણ તેઓ બહુ ભલાં હતાં. મેં સાંભળ્યું છે કે તેઓએ અમારા પ્યારા પ્રભુને લીધે પોતાના પ્રાણોનાં બલિદાન દીધાં અને મને નાની બાળક મૂકીને બિચારાં સ્વર્ગે સિધાવી ગયાં. હું જન્મથી જ આંધળી હતી. અમારા મહોલ્લાના માણસોએ મને પાળી–પોષીને મોટી કરી. હું આંધળી હોવાના કારણથી તે લોકો મને 'સેસિ કહીને બોલાવતા હતા. પણ જયારે હું મોટી થઈ ત્યારે એ લોકોએ પ્રેમ–ભાવથી મને ' સિસિલિયા કહીને પોકારવાનું શરૂ કર્યું. એ નામ મને પણ ઘણું પ્રિય લાગે છે.

એટલું કહીને સિસિલિયાએ–યરદન નદીના નિર્મળ જળ–સમાન પવિત્ર સિસિલિયાએ ધીરેથી હસી દીધું. તેરતુલુસ અંદર ને અંદર બળી રહ્યો હતો, પણ કાંઈ બોલ્યો નહિ. તેના પાપી હૃદયના એક ખૂણામાં ઘણું કરીને હજુ પણ થોડી આશા બાકી હતી. તે કાંઈક વિચાર કરીને બોલ્યો, " વીતી ગયેલી એ વાતોને હવે તું ભૂલી જા. ખ્રિસ્તીઓના ફંદામાં ફસાઈને તું ઘણાં જ કષ્ટો પામી છે. મને તારી દયા આવે છે. તેમની જાળમાંથી હું તને મુકત કરી દેવા ચાહું છું. સમ્રાટની ઘોષણા તો તેં સાંભળી લીધી હશે. મારું કહ્યું માન અને અમારા દેવાધિદેવ સમ્રાટના ચરણોમાં શિર નમાવી દે. જોજે પછી તને કેટલો આરામ મળે છે ! સુંદર ભોજન, રેશમી કપડાં અને નોકર–ચાકર એ તમામ સુખસાહ્યબી તને મળશે. મોટા–મોટા નામાંકિત ડોકટરોની પાસે તારી આંખોનો ઈલાજ પણ કરાવાશે. તારી દુનિયા જ બદલાઈ જશે; સમજી ?

સિસિલિયા બધું જ સાંભળી રહી હતી. હવે તે ગંભીર મુખ ધારણ કરીને બોલી, '' બાબુજી ! આપ મને ક્ષમા કરો. મને સુખોની આવશ્યકતા નથી. હું આ અવસ્થામાં જ ખુશી છું. મને પ્રભુએ તમામ આપી રાખ્યું છે. તેમની એ અપાર કૃપાને માટે તો હું રાત–દિવસ મારા પ્યારા પ્રભુની ઉપકાર–સ્તુતિ કર્યા કરું છું.

તેરતુલુસ સમજી ગયો કે સિસિલિયાને સમજાવી લેવી એ ત+દ્દન અસંભવિત છે. તેની આશા ભાંગી પડી. તેણે તરત મુખનો દેખાવ બદલી નાખ્યો અને ઘણા જ કઠોર અવાજે બોલ્યો, '' તું શું કહેવા માંગે છે ? તારી મતલબ શી છે ?

સિસિલિયા ઊભી હતી એવી જ રીતે શાંત ઊભી રહીને બોલી, '' પ્રભુએ મને ગરીબ બનાવી છે તેથી ભિક્ષા માંગીને ભોજન કરવામાં અને ઓળખાણવાળી સુભાગી બહેનોએ આપેલાં ફાટેલાં–તૂટેલાં જૂનાં કપડાં પહેરવામાં જ મને આનંદ આવે છે. મારા કૃપાળુ પ્રભુએ પણ આવા જ પ્રકારનું જીવન ગુજાર્યું હતું. બાબુજી ! એ જ મારા સૌભાગ્યની વાત છે, કે મને મારા પ્યારા ખ્રિસ્ત પ્રભુના જેવું જીવન જીવવાનો શુભ અવસર મળ્યો છે.

અધ્યક્ષ તેરતુલુસની ધીરજ ખૂટી ગઈ હતી. તે અતિશય તિરસ્કારભર્યા શબ્દો બોલ્યો, '' જોયો જોયો તારો પ્રભુ ! એક તો તેણે તને ગરીબ બનાવી અને ઉપરથી આંખે આંધળી પણ કરી નાખી. ન તું સંસારનું સુખ ભોગવી શકી અને ન સંસારની કોઈ સુંદર ચીજ જોઈ શકી. તારા એ દયાહીન પ્રભુએ તને દરેક પ્રકારે દુઃખ દીધું છતાં પણ એ બદમાશનું નામ લે છે ?

પોતાના પ્યારા ઈસુની વિરુદ્ધના એવા કઠોર શબ્દો સાંભળીને સિસિલિયાનું હૃદય રડી પડ્યું. કરુણતા–ભર્યા સ્વરમાં તે બોલી, '' એવું ન બોલશો, બાબુજી ! તેઓ તો દયાના ભંડાર છે. મારા જેવા ગરીબના

ઉદ્ધારને માટે જ તેમણે ફાટેલાં–તૂટેલાં જૂનાં કપડાં પહેર્યાં, નાઝારેથની શેરીઓમાં જીવન–ભર ભટકતા રહ્યા, અમારે માટે અપમાન સહ્યાં, કોરડાઓના ફટકા ખાધા અને વધસ્તંભનાં શાપિત દુઃખો ભોગવ્યાં. હવે બાકી રહી આંખની

વાત ? પણ તેના વિષે શું શું કહું ? પ્રભુજી ઘણા બુદ્ધિવાન છે. મારું મન આ જગતની કોઈ વસ્તુમાં મોહી ન પડે, હું જીવનમાં કેવળ એકલા એ જ પ્રેમી પ્રભુના ચરણોને જ ચાહી શકું, અને રકત–બિંદુથી શણગારાયેલા તેમના પુનિત ચરણોમાં મારું પ્યારભયું હૃદય સમર્પીને હું જીવનભર વિયોગાશ્રુ વહાવી શકું, ખરેખર એ જ કારણથી મારા પ્રભુએ મને નેત્રહીન બનાવી છે. કેવા કૃપાળુ છે મારા પ્રભુ !

એવો ઉત્તર સાંભળીને તેરતુલુસ ધૂંવાપૂંવા થઈ ઊઠયો અને ગર્જના કરીને બોલ્યો, " બકવાટ બંધ કર. હું કાંઈ સાંભળવા નથી ચાહતો. હવે જલદી જલદી નિશ્ચય કરી લે. દેવાધિદેવ સમ્રાટના ચરણોમાં નમવા ચાહે છે કે કાતિલ શસ્ત્રોનું નિશાન બનવા ?

સિસિલિયા બિલકુલ શાંત ઊભી હતી, પણ કાતિલ હથિયારોની વાત સાંભળીને બોલી, " કાતિલ હથિયારો ?

" હા, 'કાતિલ હથિયારો. જણાય છે કે તેં કદી જોયાં નથી.

" નેત્રહીન જો ઠરી : આંધળીએ કયાંથી જોયાં હોય.

" તેથી તો કહું છું કે વાત માની જા.

સિસિલિયાએ ઉત્તર ન દીધો, કેવળ ધીમેથી હસી દીધું. અધ્યક્ષ તેરતુલુસને પોતાના ઘોર અપમાનની પ્રતીતિ થઈ. તેણે જલ્લાદને ઈશારો કરી દીધો. ઈશારો થતાં જ જલ્લાદ કટુલુસે સિસિલિયાનું કાંડું પકડયું અને જોરથી ધકકો માર્યો. બિચારી સિસિલિયા બેશુદ્ધ થઈને જમીન પર પટકાઈ પડી. જમીન પર પડતાં જ જલ્લાદોએ જાડી–જાડી

રસીઓથી તેનું કોમળ શરીર બાંધી દીધું અને તેને માર મારવાની તૈયારી કરવા લાગ્યા, પણ દેવ–બાળા હમણાં યે પહેલાંના જેવી શાંત હતી. પ્રેક્ષકો બારીમાંથી જોઈ–જોઈને આનંદ લૂંટી રહ્યા હતા. તેમની ખુશાલીનો પાર ન હતો. જો અધ્યક્ષ તેરતુલુસે ના પાડી ન હોત તો મહેલનું આંગણું તાલીઓથી ગૂંજી ઊઠત.

" હજુ પણ માની જા. શા માટે વિના કારણ જાન દઈ દે છે? તારા ઈસુ કરતાં તો અમારા દેવતા વિશેષ સુંદર છે.

દયાહીન તેરતુલુસની આ દયા–ભરી વાતો સિસિલિયાને ભયંકર લાગી. તે ગંભીર થઈને બોલી, " બાબુજી ! આપ નકામો સમય બગાડી રહ્યા છો. મેં આપને એકવાર તો કહી દીધું કે હું ખ્રિસ્તની બની ચૂકી છું અને ખ્રિસ્ત મારા બની ચૂકયા છે. આ જગતની કોઈ પણ શકિત, અરે, ખુદ મૃત્યુ પણ હવે મને મારા પ્યારા સ્વામીથી જુદી નથી કરી શકતી. આપ વ્યર્થ ફાંફાં ન મારો. હવે આપનાં કાતિલ હથિયારોની વાત રહી. પણ બાબુજી ! એ તો મારી જય–માળાનાં ફૂલો છે.

અંધ બાલિકાનો અડગ વિશ્વાસ, તેની અગાધ પ્રભુ–ભકિત અને તેનો મહાન ત્યાગ જોઈને એક વાર તો તેરતુલુસ પણ સ્તબ્ધ બની ગયો. પણ તેને સમ્રાટને પસંદ કરવો હતો તેથી જલ્લાદને સંકેત કરતાં બોલ્યો,

" કોરડાઓ વીંઝો.

આજ્ઞા મળતાં જ ભકત–બાલિકા પર કોરડાનો વરસાદ વરસવા લાગ્યો. બારીઓમાંથી જોનારા નાગરિકોએ આંખો અને કાનો પર હાથ રાખી દીધા, પણ આફ્રિકાનાં ખૂની પશુઓથી પણ અધિક ક્રૂર તેરતુલુસનું હૃદય પીગળી ન શકયું. તે અટ્ટહાસ્ય કરી ઊઠયો.

" હજુ પણ માની જા, નહિ તો આનાથી યે વધારે કષ્ટો સહેવાં પડશે. સમ્રાટના ચરણોમાં માથું નમાવી દે. તારો પ્રાણ પણ બચી જશે

અને સુખનાં સાધન પણ મળશે.

પણ સિસિલિયા તો હવે પળે–પળે પોતાના સ્વામીની સમીપ જઈ રહી હતી. હવે અધ્યક્ષ તેરતુલુસના શબ્દો પર તેનું ધ્યાન ન હતું. ક્ષણભરને માટે કોરડા વિંઝાતા અટકયા. અસીમ વેદનાથી તેનો પ્રાણ નીકળી રહ્યો હતો, પણ આંખો હજુ સુધી ભાવપૂર્ણ હતી. તે આકાશની તરફ હાથ પસારીને મનમાં જ બોલી, '' પ્યારા ઈસુ, ખરેખર તમે કેટલા કૃપાળુ છો ! આટ–આટલાં મનામણાં પછી આજે તો તમે માની જ ગયાને ! તમારી આ કૃપા મેળવીને હું ધન્ય બની રહી છું, નાથ ! પ્રેમના માર્ગમાં કષ્ટ ઉઠાવવાનું સામર્થ્ય દઈને તમે તમારી દાસીને આજે ખરેખર ધન્ય કરી દીધી છે, સ્વામી ! સુખના સમયમાં મેં તમારા પ્રેમમાં અપાર આનંદ મેળવ્યો. મારું સદ્‌ભાગ્ય છે, કે આજ તમારા જ પ્રેમને માટે હું મારું જીવન–દાન દઈ રહી છું. હું કેટલી ભાગ્યશાળી છું, પ્રભુ ! .....

સિસિલિયાને પ્રાર્થના કરતી જોઈને તેરતુલુસ વળી આગળના કરતાં પણ વિશેષ ક્રોધાયમાન થઈ ઊઠયો. તે ગર્જના કરતો બોલ્યો, '' કટુલુસ ! આ બદમાશ કોરડાથી માને એવી નથી. અંદરથી હંટર લઈ આવ, તો જ આ સીધી થશે.

તેરતુલુસની હૃદયહીન કઠોરતા સામે શાંતિની પ્રતિમા સિસિલિયાના રોમ–રોમથી ટપકતા ભોળપણ અને તેની અપાર પ્રભુ–ભક્તિને જોઈને જોનારાનાં હૃદય પીગળી ગયાં. તેઓ અહીં આનંદ લૂટવા આવ્યાં હતાં પણ સિસિલિયાને જોઈને તેમના પ્રાણ દયા અને મમતાથી ભરાઈ ગયા. ધીરે–ધીરે બધાંની ધીરજ ખૂટવા લાગી અને ચારે બાજુથી ધીમો–ધીમો ગણગણાટ થવા લાગ્યો. અત્યાર સુધી સિસિલિયાને, એકઠા થયેલા એ જનસમૂહની ખબર નહોતી પણ તેઓનો ગણગણાટ સાંભળીને જ તેના હોઠો પર આનંદની લહરી દોડી ગઈ.

અત્યાચારી અધ્યક્ષ અને જલ્લાદ ઉપરાંત બીજા પણ ઘણાં માણસો તેની પ્રેમ–પરીક્ષાને જોઈ રહ્યાં છે, એ મધુર વિચારથી અંધ બાલિકાનો પ્રાણ પુલકિત થઈ 'ઊઠયો. બિચારીનું આખું શરીર છેદાઈ ગયું હતું, તોપણ તેના વદન પર આનંદ–મિશ્રિત લાવણ્ય છવાઈ રહ્યું. એ દશ્ય જોઈને તેરતુલુસના ક્રોધની કોઈ સીમા ન રહી ; તેના લાલચોળ ખૂની ડોળા ફાડીને તે પ્રેક્ષકોની તરફ જોવા લાગ્યો.

જલ્લાદ હંટર લેવા ચાલ્યો ગયો હતો તે વખતે સિસિલિયા શાંત ચિત્તે બેસીને પ્રાર્થના કરી રહી હતી, " પ્રાણથી પણ પ્યારા પ્રભુ ! હું આંધળી ગરીબ સિસિલિયા આજ સુધી કેવળ તમારી જ બની રહી છું. ઘણી રાહ જોયા પછી આજે મને પ્રેમ–પરીક્ષાનો અવસર મળ્યો છે. આ શુભ અવસરે હું તમારી પાસે માત્ર એક જ ભિક્ષા માગું છું. આજે મને ભયંકરમાં ભયંકર કઠોરતા–પૂર્ણ કષ્ટ મળે. કારણ કે મેં મારા સ્વામીના પ્રેમ–રસમાં ડૂબકી મારીને જે અપૂર્વ આનંદ ભોગવ્યા છે તેની હું પૂરેપૂરી કિંમત ચૂકવી શકું. એ અપાર કૃપાનો ભાર હું હવે પછી ઉતારી નહિ શકું, સ્વામી !

એ અત્યાચારી દશ્ય જોઈને પ્રત્યેક વ્યકિતનાં હૃદય પીગળી ગયાં હતાં. તેરતુલુસે ધ્યાન દઈને જોયું તો બધાના હોઠોમાંથી દુઃખભર્યા નિશ્વાસ નીકળી રહ્યા હતા. એ જોઈને તેની આંખોમાં ખૂન ઊતરી આવ્યું. વીજળીની પેઠે કડાકો કરીને તે જલ્લાદની તરફ ધસ્યો, " ગદ્ધા ! આટલી બધી વાર લગાડી દીધી ? મુડદાની માફક ચાલતાં તને શરમ નથી આવતી ?

બિચારો જલ્લાદ કંપી ઊઠયો અને તેના હાથમાંથી હંટર નીચે પડી ગયું ; પણ પાછો જલદીથી ઉપાડી લઈને સિસિલિયાની તરફ દોડયો. પણ જેવો તેની પાસે પહોંચ્યો કે એકાએક ધ્રૂજી ઊઠયો અને ફરીથી હંટર તેના હાથમાંથી નીચે પડી ગયું.

" શું જુએ છે ? જલદી કર. નઠોર અને ક્રૂર અવાજે અત્યાચારી તેરતુલુસે હુકમ કર્યો.

" પણ સરકાર ! ..... સિસિલિયા તો .....

" તારી મતલબ ?

" ..... સિસિલિયા તો મરી ગઈ છે.

અટ્ટહાસ્ય કરતાં કરતાં અધ્યક્ષ બોલી ઊઠયો, " મરી ગઈ ? હંટર જોતાં જ મરી ગઈ ? બદમાશ, કેટલી મોટી–મોટી વાતો કરતી હતી ! .....

સિસિલિયાના મૃત્યુની વાત સાંભળતાં જ આંગણામાં સંપૂર્ણ ગમગીની છવાઈ ગઈ. થોડી વાર પછી કોઈ યુવકનો અવાજ સંભળાયો :

" નીચ અત્યાચારી ! ગરીબ સિસિલિયાનો પ્રાણ હરી લેતાં તને શરમ પણ ન આવી ?

આજ ત્રીજી વાર એ અવાજ સંભળાયો હતો. કોરભીનુસ દાંત કચકચાવતો આંગણાની તરફ ધસ્યો. પંક્રાસિઉસના જેવો એ અવાજ હતો. એથી કોરભીનુસના ક્રોધની જવાલા વિશેષે કરીને ધગધગી ઊઠી. ગલીની તરફ ભાગતાં–ભાગતાં કોરભીનુસે બૂમ પાડીને કહ્યું, " આ વખતે તો હું તને મજા ચખાડીને જ દમ લઈશ. મારા પિતાના અપમાનની કિંમત હવે તારા પોતાના લોહીથી ચુકવવી પડશે, બદમાશ !

પણ કોરભીનુસ જેવો ભીડ વીંધીને દરવાજાની તરફ ધસ્યો તે વખતે જ એક લક્ષ–૫+૪ લશ્કરી ઓફિસરે સામેથી આવીને તેને રોકી લીધો.

" ક્યાં જઈ રહ્યા છો, સરકાર !

" પેલા બદમાશ પંક્રાસિઉસને મોતને ઘાટ ઉતારવા જઈ રહ્યો છું.

" જરા ઠેરી તો જાઓ, સરકાર ! કવાદ્રાતુસે જોરથી કોરભીનુસનો હાથ પકડી રાખીને કહ્યું.

" નહિ, નહિ કવાદ્રાતુસ ! એ નાસી જશે. મારે મારા પિતા જીના અપમાનનો બદલો લઈને જ રહેવું છે.

કવાદ્રાતુસે ચારે તરફ નજર નાખી તો જણાયું કે પંક્રાસિઉસ નાસી છૂટ્યો હતો. પોતાના મિત્રને અદશ્ય થયેલો જોઈને તેને ઘણો આનંદ થયો. કોરભીનુસને ઉપર–ઉપરથી સહાનુભૂતિ દર્શાવતાં તે બોલ્યો, " સરકાર ! એ તો નાસી ગયો. હવે બીજી વાર મળે તો ખરો, ત્યારે એવી મજા ચખાડીશું કે તે જીવન–ભર યાદ કર્યા કરશે.

અપમાન પણ થયું. વળી શિકાર પણ હાથમાંથી છટકી ગયો અને કોરભીનુસ હાથ મસળતો રહી ગયો. ખિન્ન થઈને કટુલુસની ગમ ફરીને બોલ્યો, " એને લઈ જઈને ટાઈબર નદીમાં ફેંકી દે. હવે ત્યાં એનાં પાપ ઓગળશે.

ધીરે–ધીરે આંગણું બધું ખાલી થઈ ગયું. જલ્લાદ સિસિલિયાને ઉપાડવા જ લાગ્યો હતો કે પાછળથી એક ઓફિસરે તેના ખભા ઉપર હાથ મૂક્યા. કટુલુસે પાછળ ફરીને જોયું તો કોઈક રૂપિયાથી ભરેલી થેલી તેને છાનોમાનો પકડાવી રહ્યો હતો.

કટુલુસ વાત સમજી ગયો. તેણે ગુપચુપ થેલી લઈ લીધી અને બોલ્યો, " સરકાર ! કયાં પહોંચાડી દઉં ?

સેબસ્તિયને ધીમેથી ઉત્તર દીધો, " કપેના–દ્વારની બહાર સાધ્વી લૂસીનાનું ઘર છે, ત્યાં સૂર્ય આથમ્યા પછી એક કલાકે મૂકી આવજે.

" આપ નિશ્ચિંત રહેજો.

પ્રકરણ ૨૨મું

ધર્મ–સંકટના ઊંડા વમળમાં .....

રવિ–કિરણોનું તેજ ઢળવા લાગ્યું હતું. ઘોષણા અમલમાં આવ્યે સાત–આઠ કલાક વીતી ગયા હતા. છતાં અત્યાર સુધીમાં એક પણ ખ્રિસ્તીને પકડયાની વાત જાહેર થઈ નહોતી. સમ્રાટ મકસીમિયન ક્રોધથી ધૂંવાપૂંવા થઈ મહેલના ચોગાનમાં આવ્યો. ત્યાં તેણે જોયું તો આંગણું શૂનકાર પડેલું છે. પ્રેક્ષકોની મેદની પણ નિરાશ થઈને વિખરાઈ ગઈ છે. એથી સમ્રાટ ધમધમી ઊઠયો. જોડાના ધબકારાથી મહેલના ચોગાનની શાંતિનો ભંગ કરતાં તે ગજર્યો, '' કોઈ છે, કે એકેએક મરી ગયા ?

બરાબર તે જ સમયે એક લશ્કરી સિપાઈએ મહેલમાં પ્રવેશ કર્યો અને નમી–નમીને સલામ કરતાં, શાહી ઘોષણા–પત્ર ફાડી નંખાયાની હકીકત રજૂ કરી. એ સમાચારે સમ્રાટના અંતરમાં ધગધગતી અગ્નિની જવાલા પર તેલ રેડવા જેવું કામ કર્યું. તે અગ્નિનો ભડકો થઈ ઊઠયો. તેની આંખોમાં લોહી વરસવા લાગ્યું અને એક ઘાયલ સિંહની માફક આંગણામાં ઠેકડા મારતાં બોલ્યો, '' એ બદમાશને બાંધીને લઈ આવો. તેને પણ હમણાં મોતની ઘોર જોવી પડશે.

તેરતુલુસ તો પહેલેથી જ સમજી ગયો હતો કે જો કદાપિ સમ્રાટને રાતે બનેલી વાતની જાણ થઈ જશે તો તે કોરભીનુસને કાચો જ ખાઈ જશે. તેથી સિસિલિયાના શબને તેણે ટાઈબર નદીમાં ફેંકી દેવાનો હુકમ કર્યા પછી કોરભીનુસને સાથે લીધો અને રાજમહેલને રસ્તે પડયો, એ માટે કે ત્યાં જલદી જલદી પહોંચી જઈને પોતાના નાલાયક પુત્રનાં કાળાં કરતુતો ઉપર તે કોઈ પણ પ્રકારે પડદો પાડી શકે. ક્રોધની જવાળામાં બળી રહેલો સમ્રાટ હજુ સુધી ચોગાનમાં ચકકર મારી રહ્યો હતો. જેવી તેરતુલુસની દષ્ટિ તેની ખૂની મુખમુદ્રા પર પડી કે તેનો જીવ

સૂકાઈ ગયો. કોરભીનુસ તો બીકનો માર્યો દરવાજા ઉપર જ અટકી ગયો.

તેરતુલુસને આવતો જોઈને સમ્રાટ મકસીમિયન ખૂની વરુની જેમ આગળ ધસી આવ્યો અને ગર્જના કરીને બોલ્યો, " પેલો ઉલ્લુ કયાં છે ?

સમ્રાટનો ભયંકર પ્રશ્ન સાંભળતાં જ વયોવૃદ્ધ પિતા સમજી ગયો કે કપ્તાન–પુત્રની આજે સલામતી નથી. પણ તેનો ઉપાય ન હતો. તે ઘણા નમ્ર સ્વરથી બોલ્યો, " અમારા દેવાધિદેવ સમ્રાટના દર્શનની અભિલાષામાં બહાર ઊભો છે. નામદાર સરકારની સેવામાં હાજર થઈને તે વિનંતી કરવા ચાહે છે, કે ભાવિએ તેને ગઈ કાલે પગલે–પગલે કેવો દગો દીધો હતો.

" ભાવિ ? અગ્નિભર્યા હાસ્ય સાથે સમ્રાટ બોલ્યો અને ક્ષણ–ભર શાંત રહીને ફરીથી ગજર્યો, " ભાવિને વગોવતાં એને શરમ નથી આવતી? કાયર ! પોતાની મૂર્ખાઈ પર તે પડદો નાખવા ચાહે છે ? સમ્રાટ મકસીમિયનને તે ત દ્દન મૂર્ખ સમજે છે ? એને તરત અંદર લઈ આવો. હું એને ભાવિની મજા ચખાડવા ચાહું છું.

મહાશય કપ્તાન–કોરભીનુસ કાંપતો–કાંપતો આંગણામાં આવ્યો. મકસીમિયનની ખૂની આંખો પર નજર પડતાં જ તેનો રહ્યો–સહ્યો પ્રાણ પણ સુકાઈ ગયો. હજુ તો સમ્રાટના ચરણોમાં તેણે પોતાનું શિર પૂરેપૂરું નમાવ્યું પણ નહોતું, ત્યાં તો દેવાધિદેવના જોડાની એક જોરદાર લાતે તેને આંગણાંની સીડી પર ફેંકી દીધો. દમન–વિભાગના કપ્તાન સાહેબની આ ભયંકર દુર્દશા પર કદાચ સીડીએ પણ આંસુ સાયાँ હોય !

" ઊભો થઈ જા અને મને સાફ–સાફ કહી બતાવ, કે મારો ઘોષણા–પત્ર કેવી રીતે ચોરાઈ ગયો ?

લાતની પીડાથી ગરીબ કોરભીનુસનો જીવ નીકળી રહ્યો હતો.

તે શું બોલી શકે ? સમ્રાટ મકસીમિયન કાળ–સ્વરૂપે આગળ ઊભો હતો, તેથી ગભરાઈ જઈને કાંઈક આડી–અવળી વાતો કરવા લાગ્યો. એ સાંભળતાં જ સમ્રાટનો ક્રોધ વિશેષ સળગી ઊઠયો અને દાંત કચકચાવતાં બોલ્યો, " સિપાઈઓ ! આ બદમાશને સાંકળથી જકડીને બાંધી દો અને એના ટુકડે–ટુકડા કરી નાખો.

સમ્રાટના સૈનિકો પણ સમ્રાટથી ઓછા ઉતરે એવા કયાં હતા ? આજ્ઞા મળતાં જ પ્રત્યેકે પોતપોતાની તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢી. કોરભીનુસના ગળામાંથી હાયકારો નીકળી ગયો અને તે ગળગળો થઈને સમ્રાટના પગોમાં જઈ પડયો, અને ભયથી કાંપતો કાંપતો બોલ્યો, " દેવાધિદેવ ! મારો જીવ લેતાં પહેલાં એક નમ્રતાભરી જરૂરી વાત સાંભળવાની કૃપા કરશો ? દયાળુ !

" તારી વાતો બહુ સાંભળી છે, બદમાશ ! ... કાયર ! ... સિપાઈઓ! હમણાં તમારી તલવાર મ્યાન કરો. પહેલાં કોરડાથી જ એની ખબર લઈ નાખો.

પ્રભુના દરબારમાં ઢીલ છે પણ અંધેર નથી. પિતાની નજર સામે જ પુત્રના હાથ–પગ રસીઓથી જકડી દેવામાં આવ્યા. કપ્તાનની છાતી પર શોભી રહેલો શાહી ચાંદ, જમીન પર બેશુદ્ધ પડેલા પોતાના હીનભાગી સ્વામીની દુર્દશા પર નિઃશ્વાસ નાખી રહ્યો હતો. સમ્રાટે ફરી ઈશારો કર્યો અને કોરડા વિંઝાવા લાગ્યા. જલ્લાદો પણ સમ્રાટ મકસીમિયનના જ હતા. તે એવી ઘાતકી રીતે કોરડા મારતા કે જયાં જયાં સોળ પડતા ત્યાં ત્યાંથી લોહીની ધારા ફૂટી નીકળતી, અને કોરભીનુસનો ચિત્કાર સાંભળીને તેરતુલુસનો જીવ નીકળી જતો. પણ કરે શું ? સમ્રાટની સામે જીભ ખોલવી એ મોતને નોતરવા સમાન હતું.

ઘૃણા–ભર્યા અટ્ટહાસ્યથી મહેલનું વિસ્તૃત આંગણું એક વાર ફરીથી ગર્જી ઊઠયું. " રહો, ! હવે એને કહેવા દો, શું કહે છે ?

કોરભીનુસનું અંગેઅંગ વેદનાથી બળી રહ્યું હતું. પણ જેમ તેમ કરીને હૃદય મજબૂત રાખી બોલ્યો, " દેવાધિદેવ ! જે રાજદ્રોહી ગુંડાએ આપનો ઘોષણા–પત્ર ચોરી લીધો છે તેને હું ઓળખું છું.

" તે કોણ છે ?

" પંક્રાસિઉસ.

" પણ તું એને ક્યારથી ઓળખે છે ?

" દેવાધિદેવ ! હું એને નાનપણથી ઓળખું છું. ઘણો ચુસ્ત ખ્રિસ્તી છે. રોમમાં આપનો સૌથી મોટો શત્રુ કોઈ હોય તો તે એક જ છે. શાહી ફરમાનના તકતાની નીચે તેનું ચપ્પુ પડી ગયેલું હતું.

" પણ તે બદમાશ કચેરીમાં કેવી રીતે ઘૂસ્યો ?

" પહેરાવાળાની ભૂલથી, ભગવાન !

" તેં એ બદમાશને પકડવાનો પ્રયત્ન કર્યો ?

" દેવાધિદેવ ! હું તો સવારથી જ પ્રયત્ન કરું છું. બે વાર તો હાથમાં આવતાં–આવતાં બચી ગયો. હું પાછળ તો ખૂબ પડયો પણ બદમાશ હાથમાંથી છટકી જ ગયો.

" છટકી ગયો ! એમ બોલતાં શરમ પણ નથી આવતી ? કપ્તાન બન્યો છે ! નીકળી જા અહીંથી. અને યાદ રાખ, કે જો એ બદમાશને પકડીને મારી સામે હાજર ન કર્યો, તો તારી ચામડી ઉતરાવી દઈશ. આજ તો હું તને ક્ષમા કરું છું.

કેવી અદ્‌ભુત ક્ષમા ! મૂરઘી જીવથી ગઈ અને ખાનારાને મઝા સુદ્ધાં ન આવી. બિચારા કપ્તાનનાં પાંસળે–પાંસળાં અને હાડકે–હાડકાં ખોખરાં થઈ ગયાં, પણ દેવાધિદેવ સમ્રાટને માટે હવે ક્ષમા જ બાકી રહી. ભીંતનો ટેકો લઈને કોરભીનુસ ઘણી મુશ્કેલીથી ઊભો થયો અને સમ્રાટને પ્રણામ કરીને નિસરણીની તરફ ગયો. જાણે ' જીવ બચ્યો અને લાખો કમાણા.

" પણ ચપ્પુ જોઈને તને એવું શાથી સમજાયું કે તે પંક્રાસિઉસ જ હતો ? સમ્રાટે પાછળથી તેને પ્રશ્ન કર્યો.

કોરભીનુસે પાછાં આવીને ફરીથી પ્રણામ કર્યા અને બોલ્યો, " દેવાધિદેવ ! એ ઘણો બદમાશ છોકરો છે. નિશાળમાં તે મારો સહાધ્યાયી હતો. એ ચપ્પુ તે હંમેશાં પોતાના ગજવામાં જ રાખતો. અમો બંને કસ્સિયાનુસની શાળામાં સાથે અભ્યાસ કરતા હતા. ખબર મળી છે કે કસ્સિયાનુસે પણ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો છે.

" કસ્સિયાનુસ ! તે પણ શું ખ્રિસ્તી બની ગયો છે ? અને મારી પ્રજાનાં બાળકોને ભણાવે છે ? સમજયો, સમજયો. આ બધી આગ તે બદમાશની લગાડેલી છે. તેણે જ પંક્રાસિઉસને શીખવી-સમજાવીને મારો ઘોષણા-પત્ર ફડાવ્યો હશે. હવે તે પણ મારા ક્રોધાગ્નિમાં ભસ્મીભૂત થઈને જ રહેશે. પણ એ બદમાશ આજકાલ કયાં રહે છે ?

" દેવાધિદેવ ! મેં ઘણી મુશ્કેલીથી ખબર મેળવી છે. તોરકવાતુસ પણ તેની મંડળીનો સભ્ય હતો. ઘણા પ્રયત્ન પછી મેં તેને ખ્રિસ્તીઓના સાણસામાંથી મુકત કર્યો, અને હમણાં તે અમારા દેવાધિદેવના શરણમાં આવ્યો છે. તેણે મને કસ્સિયાનુસના ઘરનું ઠેકાણું બતાવ્યું છે.

" પણ એ તોરકવાતુસ કોણ છે ?

" ઘણો મહેનતુ યુવાન છે, દેવ ! બિચારો ભૂલથી ખ્રિસ્તી બની ગયો હતો. હમણાં જ થોડા વખત પર અધ્યક્ષ ક્રોમાસિઉસ, ખ્રિસ્ત-ભકતોની મંડળીને સાથે લઈને જયારે પોતાના ' મૂર્તિ-નિકેતન પર જવા લાગ્યો ત્યારે તોરકવાતુસને પણ તેની જોડે લઈ ગયો. ત્યાં તે કેટલાક દિવસો સુધી રહ્યો.

" ક્રોમાસિઉસ ! મારો ભૂતપૂર્વ અધ્યક્ષ ! ..... શું તે પણ ખ્રિસ્તી બની ગયો છે ?

માથું નમાવીને ક્રોરભીનુસે ધીરેથી ઉત્તર દીધો : " જી હા !

" બેઈમાન દુનિયા ! ટેબલ પર હાથ પછાડીને સમ્રાટ ક્રોરભીનુસની તરફ વળ્યો અને બોલ્યો, " એ વિશ્વાસઘાતી ક્રોમાસિઉસને પકડી લાવ. હું એક પછી એક એ બધાને મોતનો દરવાજો દેખાડીશ. ગુણચોર ક્રોમાસિઉસ, તેની બદમાશ મંડળી, કસ્સિયાનુસ અને પેલો તોરકવાતુસ એ બધાને પકડીને મારી સામે હાજર કર.

" પણ દેવાધિદેવ ! તોરકવાતુસ તો હવે આપના આ ચરણોનો પૂજારી બની ચૂક્યો છે.

" બકવાટ ન કર. સમ્રાટે જે આજ્ઞા ફરમાવી છે તેનું પાલન કર, સમજ્યો ? કે મારો કોરડો તને સમજાવે ?

કોરડાનું નામ સાંભળતાં જ ગરીબ કપ્તાનનો પ્રાણ કંપી ઊઠયો. તેણે ઝટ પ્રણામ કર્યા અને ઘરનો રસ્તો લીધો.

* * * * * * *

સિસિલિયાને અધ્યક્ષ તેરતુલુસની કચેરીમાં મૂકી દઈને ફુલભીઉસ સીધો ઘેર ગયો. અને જતાંની સાથે જ બધી વાત પોતાના વૃદ્ધ સાથી યૂરોતસને કહી સંભળાવી. યૂરોતસે ઘણી જ ધીરજથી ફુલભીઉસની સર્વ હકીકત સાંભળી અને ગંભીર બની ગયો. કાંઈ રસ બતાવ્યો નહિ. ઊલટાનો નિરાશ થઈને બોલ્યો, " ફુલભીઉસ ! સિસિલિયાએ તમને જે ખબર દીધી છે તેનાથી કાંઈ વિશેષ લાભ થવાનો નથી.

" નહિ, યૂરોતસ ! લાભ અવશ્ય થશે. આગ્નેસને એક વાર સપડાવા તો દો, પછી જોજો.

" પણ એમાં તો બહુ જ વાર લાગશે.

" પણ જલદી કામ કરવાનો કોઈ ઉપાય જ નથી.

યૂરોતસે મૌન થઈને વિચાર્યા ક્યું. કેટલીક વાર પછી તે બોલ્યો, " ફુલભીઉસ ! આશા તો મને પણ છે. હવે જુઓ શું થાય છે. સિસિલિયાની વાતથી ઓછામાં ઓછું એટલું તો સ્પષ્ટ થઈ જ ગયું છે કે આગ્નેસ ખ્રિસ્તી છે.

" તેથી જ તો હું કહું છું કે હવે તે મારી જાળમાંથી બચી શકવાની નથી. મૃત્યુના ભયથી કદાપિ લગ્નને માટે તૈયાર પણ થઈ જાય. પછી તો પાંચે આંગળીઓ ઘીમાં છે, બાબા !

લગ્નની વાતથી યૂરોતસના હૃદય પર આઘાત જેવું થઈ આવ્યું. તે ચિંતિત ભાવે બોલ્યો, " ફુલભીઉસ ! હું જોઉં છું કે તમે ધીરે–ધીરે આપણા ઉદ્દેશને ભૂલી જતા જણાઓ છો. મને લાગે છે કે તમને હમણાં યાદ નથી રહ્યું કે આપણે કેવી ભારે મુશ્કેલીમાં રોમ પહોંચ્યા હતા. તમને યાદ છે, આપણો કયો ઉદ્દેશ હતો ? ફુલભીઉસ ! એક સમય એવો હતો કે આપણું કુટુંબ એક ધનવાન કુટુંબ હતું. હીરા–જવાહીર, નોકર–ચાકર અને સુખ–વૈભવનાં સમસ્ત સાધન આપણા વડીલોની પાસે હતાં. આજુબાજુનાં ગામડાંનાં લોકો પણ આપણી સામે મસ્તક નમાવ્યા કરતાં હતાં. પણ મારા પિતાજી ! હવે તો તેમનો સ્વર્ગવાસ થઈ ગયો છે, તેથી કાંઈ કહેવા ઈચ્છતો નથી. પરંતુ ફુલભીઉસ ! ખરું પૂછો તો તેમના કારણથી જ એવડો મોટો કુટુંબ–પરિવાર પાયમાલ થઈ ગયો. તેની ભૂંડી આદતોએ ઘરની ઈંટેઈંટ વેચાવી દીધી અને આપણે ભિખારી બની ગયા. મને એ વાતથી બહુ દુઃખ થતું, તેથી મેં નિશ્ચય કર્યો કે હું કોઈ પણ પ્રકારે આપણા ઉજ્જડ થઈ ગયેલા કુટુંબ–પરિવારને વૈભવના એ જ ઊંચા શિખર પર પહોંચાડીને, અને જેવું તે પહેલાં શોભાયમાન હતું તેવું જ ફરીથી બનાવીને જંપીશ. પિતાજીનો તો સ્વર્ગવાસ થઈ ગયો હતો. મોટા ભાઈ જ ઘર–વ્યવહારનું કામકાજ સંભાળતા હતા. તેથી મેં મારો બધો

અધિકાર પણ તેમને સોંપી દીધો અને તેના બદલામાં મેં તેમની પાસે કેવળ એક જ ચીજ માગી લીધી અને તે તો, છો તમે. ઘણા પ્રેમથી મેં તમને ભણાવ્યા–ગણાવ્યા અને જયારે તમે જુવાન થઈ ગયા ત્યારે તમને સાથે લઈને હું રોમની સફરે નીકળી પડયો, એ માટે કે આપણ બંને મળીને ઠીક–ઠીક ધન પેદા કરી શકીએ.

બોલતાં બોલતાં યૂરોતસ અટકી ગયો. થોડી વાર પછી ફુલભીઉસ પર સ્નેહ–ભરી દષ્ટિ કરતાં ઘણા પ્રેમ–ભાવથી બોલ્યો, '' ફુલભીઉસ ! જેને તમે આજ સુધી પોતાનો નોકર સમજતા રહ્યા છો તે તો ખરેખર તમારા પોતાના કાકા છે. તેથી તો જયારે તમને ભૂલો કરતાં જોઉં છું ત્યારે મને દુઃખ થાય છે. આગ્નેસની સાથેના લગ્નની વાત સાંભળીને તો મને ઘણું જ દુઃખ થયું. પાગલ ન બનશો, બેટા ! આપણો દેશ છોડીને આપણે રોમ આવ્યા છીએ. પ્રેમની દુનિયા વસાવવા નહિ, પણ આપણા ઉજજડ થઈ ગયેલા કુટુંબનો વૈભવ પુનઃપ્રાપ્ત કરવા આવ્યા છીએ.

કાકા યૂરોતસની રહસ્ય–ભરી વાતો સાંભળીને ફુલભીઉસ સ્તબ્ધ બની ગયો. તેનો તમામ મનોભાવ ક્ષણમાત્રમાં શાંત થઈ ગયો. હૃદયને આઘાત તો સખત થયો પણ યૂરોતસની સામે મોં ખોલી ન શકયો. થોડી વાર શાંત રહીને વૃદ્ધ કાકાએ ફરી સમજાવવાનું શરૂ કર્યું, '' ફુલભીઉસ ! ઘેરથી આપણે જે કાંઈ લાવ્યા હતા, અહીં આવીને તે પણ ખોઈ બેઠા છીએ. હવે તો આપણી પાસે એક પૈસો પણ નથી રહ્યો અને તમે તો પ્રેમની દુનિયા વસાવવાના ચકકરમાં પડી ગયા છો. આંખો ખોલો, ફુલભીઉસ ! કેટલો બધો સમય વ્યર્થ વીતી ગયો છે ! જો તમે ધારત તો એટલા વખતમાં લાખો રૂપિયા પેદા કરી લેત અને આજ આપણે આપણા ઘેર પાછા ફરવાની તૈયારીમાં હોત. ફુલભીઉસ ! હવે વધારે ભૂલ ન કર. આગ્નેસનો પરિવાર ઘણો ધનવાન પરિવાર છે. આગ્નેસ

અને તેના કુટુંબ–પરિવારમાંના સૌને જેમ બને તેમ જલદી સમ્રાટને સ્વાધીન કરી દે, તો જ આપણા દિવસો ફરી શકે એમ છે. અને યાદ રાખ! આવા સોનેરી અવસર વારંવાર નથી આવતા. જો તેં આ છેલ્લી તક પણ ગુમાવી દીધી તો આપણને ભૂખે મરવાનો વખત આવશે.

ફુલભીઉસ એક ભારે ધર્મ–સંકટમાં આવી પડયો હતો. એક બાજુ રૂપસુંદરી આગ્નેસ હતી, જેને મેળવવાની આશામાં બિચારાએ સમ્રાટનાં અસહ્ય અપમાન સહી–સહીને પણ સરકારી નોકરી કર્યા કરી હતી અને બીજી બાજુએ કુટુંબની ઈજ્જતનો સવાલ ઘૂરકિયાં કરી રહ્યો હતો.

થોડી વાર મૌન રહ્યા પછી યૂરોતસે ફરીથી કહ્યું, "ફુલભીઉસ! ઘેર બધા તારી રાહ જોઈ રહ્યા હશે. પ્રેમનાં એ સ્વપ્નોને તજી દઈને ધન કમાવવાની ચિંતા કર.

શરમના માર્યા ફુલભીઉસે કોટની અંદરના ભાગમાં પોતાનું મોં ઢાંકી લીધું. યૂરોતસ એ તરુણ પ્રેમીના હૃદયમાં ઊછળી રહેલાં તોફાનો સારી રીતે જાણી ગયો હતો. તેને સાંત્વન આપતાં ઘણી જ મમતાથી બોલ્યો, "બેટા! હવે એ ચિંતાને જવા દે. વીરતા સહિત તારા નિશાનની ગમ આગળ વધ. વખત લાગી જાય તો લાગી જાય, પણ હવે કામ પૂરું કરીને જ જંપવું જોઈએ. વિચારમાં ને વિચારમાં જ જો કદી આ અવસર પણ હાથમાંથી જતો રહ્યો તો આપણે ક્યાંયના ય નહિ રહીશું.

કાકા યૂરોતસની વાતો સાંભળીને ફુલભીઉસને વીતી ગયેલો જમાનો અને ઘરની ગરીબાઈની એકેએક વાત યાદ આવી ગઈ, અને સાથે ને સાથે જ આગ્નેસ–પ્રાણથી અધિક પ્યારી આગ્નેસ, જેને હમણાં તે પોતાના જીવનનો એકમાત્ર દિલાસો અને આધાર સમજવા લાગ્યો હતો તે પણ યાદ આવી ગઈ, અને તેના કંઠમાંથી સહસા જ એક દર્દ–ભર્યો હાયકારો નીકળી પડયો, ને તે માથાના વાળ પીંખતો–પીંખતો

પાગલની માફક સૂવાના ઓરડાની તરફ દોડી ગયો.

. તે આખા દિવસનો થાકેલો હોવાથી પલંગ પર પડતાં જ આંખ મળી ગઈ, પણ દીવો આછા–આછા તેજે રાત–ભર જલતો રહ્યો.

પ્રકરણ ૨૩મું

પાપોનો પશ્ચાતાપ કર્યા પછી .....

પ્રભુ–ભક્તોને પકડાવ્યાના બદલામાં બિચારો તોરકવાતુસ પોતે જ પકડાઈ ગયો. કોરભીનુસ અને તેના સિપાઈઓને સાથે લઈને જેવો તે સાંકડી ગલીઓમાં ઘૂસ્યો કે તરત જ તેને નીચેની ગુફામાં જતી એક સીડી મળી. એ સીડી જોઈને તોરકવાતુસ બહુ જ ખુશી થયો. પણ જેવો તેણે પોતાનો એક પગ સીડીની પગથી પર મૂકયો તેવો જ તે અચાનક ભૂંડી હાલતમાં લપસી પડયો અને ઊંધે માથે નીચેના ભોંયરામાં જઈ પડયો.

લાંબા સમય સુધી બિચારો બેશુદ્ધ બનીને કણતો રહ્યો, પણ એવી અંધારી ગુફામાં તેની કોણ ખબર લે ? કોરભીનુસને તો એવો વહેમ થઈ આવ્યો હતો કે તોરકવાતુસ દગો દઈ ગયો છે, તેથી જ તો તે સિસિલિયાને પકડીને તરત બહાર નીકળી આવ્યો હતો.

ઘણા વખત પછી તે ભાનમાં આવ્યો. જયારે તેની આંખો ઊઘડી ત્યારે એક અંધારી ગુફામાં પોતાને એકલો જ જોઈને ભયથી ધ્રુજવા લાગ્યો, અને વીતી ગયેલી વાતોને યાદ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

પણ અતિશય ગભરાટને લીધે તેને એક પણ વાત યાદ આવી નહિ. કાંઈક સમય પછી તેને પોતાની મીણબત્તીઓની યાદ આવી, તેથી તેણે ગજવામાં હાથ ઘાલ્યો અને તેમાંથી એક મીણબત્તી બહાર કાઢીને સળ ગાવી. તેના આછા–આછા ઉજાસમાં બહાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ અભાગીઓ નીકળે કેવી રીતે ? બીજા ભોંયરાની ગલીઓમાં ઘણા વખત સુધી તે પાગલની માફક ચકકર મારતો રહ્યો. પણ છેવટે થાકી–પાકીને બેસી ગયો. ધીમે–ધીમે તેની મીણબત્તીઓ ખલાસ થવા આવી. બિચારા ગરીબ પંખીનો પ્રાણ મૃત્યુના ભીષણ ભયથી એક વાર ફરીથી કંપાયમાન થઈ ઊઠયો.

હવે છેલ્લામાં છેલ્લી મીણબત્તી બળી રહી હતી. ગુફામાંથી બહાર નીકળવાની તેની આશા રફતે–રફતે અદશ્ય થઈ જવા લાગી. બીજી બાજુ ભૂખના માર્યા પણ તેનો જીવ ટળવળતો હતો. આખરે તેની ધીરજ તદ્દન ખૂટી ગઈ અને તે બૂમેબૂમ પાડીને રોવા લાગ્યો.

રોતાં–રોતાં ગરીબનો સાદ પણ બેસી ગયો. આંસુઓથી તેનું ગળું અને કપડાં ભિંજાઈ ગયાં, પણ કોઈએ આવીને તેની ખબર સુદ્ધાં પૂછી નહિ. ધીરે–ધીરે તેની છેલ્લી મીણબત્તી પણ બળીને ખલાસ થઈ ગઈ અને પાછો પહેલાંના જેવો જ મૃત્યુ સરખો ભીષણ અંધકાર ખાઉં ખાઉં કરવા લાગ્યો. ગભરાટના કારણથી તેણે આંખો મીંચી લીધી અને ડચકાં ખાતો–ખાતો મનોમન વિચારવા લાગ્યો. " કયાં ગયા પેલા પ્રેમ–ભર્યા દિવસો ? પેલી આનંદની લહરીઓ ? કાકા ક્રોમાસિઉસનો પેલો મન–મોહક 'વિજય–નિકેતન ? મંડળીનાં ભકિત–ભર્યાં ગીતો? ત્યાગ અને તપશ્ચર્યાનું પવિત્ર જીવન. એ બધું રિસાઈને કયાં ચાલ્યું ગયું ?

વીતી ગયેલી વાતો યાદ આવતાં જ તેની ધીરજ બંધાવા લાગી. ડચકાં રોકાયાં, પણ આશાનું એક હલકું કિરણ હમણાં આ ઘોર

અંધકારમાં તેના અંતરમાં ઊતર્યું હતું, તોપણ બિચારો પાછો રોઈ પડયો. '' હું તો વિશ્વાસઘાતી છું. દુષ્ટ કોરભીનુસ અને ફુલભીઉસની સાથે મળીને મેં મારા પ્રભુ–ભકત સાથીઓને ફસાવ્યા છે. તેમના જીવનમાં મેં મારે પોતાને હાથે આગ લગાડી છે. હવે તો મને મંડળી ક્ષમા કરશે નહિ. અને પ્રભુ પણ હવે તો મને મારાં પાપની ક્ષમા કરશે નહિ. મારે આવી રીતે તરફડી–તરફડીને મરવું પડશે ..... તરફડી–તરફડીને..... એવા વિચારો આવતાં જ હતૃભાગી તોરકવાતુસ જોર–જોરથી રોવા લાગ્યો.

ઘણા લાંબા સમય પછી જયારે તેનું હિચકવું બંધ થયું ત્યારે તેણે મંદ–મંદ ગતિએ ગવાતાં ગીતો સાંભળ્યાં. તોરકવાતુસ ચમકી જઈને ઊભો થઈ ગયો અને જળ–તરસ્યાં હરણાંની પેઠે અહીં–તહીં જોવા લાગ્યો. જોવામાં તો કાંઈ આવ્યું નહિ, પણ તે મન–મોહક ગીત–ધ્વનિ પળે–પળે સ્પષ્ટ થતો જતો હતો. ઈસુ નામનાં મધુર કિર્તનો ભાગ્યહીન તોરકવાતુસના કાનોમાં ગુંજાતાં હતાં અને તેનો પ્રાણ, મીઠો આસ્વાદ અનુભવતો હતો. ભય–ભર્યા ભીષણ અંધકારમાં પ્રભુ–પ્રેમનાં વિમળ કિરણો આવી પહોંચ્યાં હતાં.

થોડા જ સમય પછી આછો એવો પ્રકાશ તેના જોવામાં આવ્યો. તેણે ચોકની તરફ આગળ વધીને જોયું તો ભકતોની એક નાની સરખી ટોળી કોઈનું શબ ઉપાડીને સામેની દિશાએ ચાલી જતી દીઠી.

દૂધથી ઉજળાં વસ્ત્રમાં શબ લપેટેલું હતું અને તેના પર ફૂલ–માળાઓ પાથરેલી હતી. ભકત–ભગિનીઓ હાથોમાં મીણબત્તીઓ લઈને શબની આગળ–આગળ ચાલતી હતી. શબની પાછળ આઠ–દસ વર્ષનો એક નાનો બાળક હાથમાં ધૂપદાની પકડીને ચાલતો હતો. એ ધૂપની સુગંધ ચોમેર પ્રસરી રહી હતી. ભકત–બાળકની પાછળ–પાછળ પાદરીઓ અને સેવકોની સાથે–સાથે ભકત શિરોમણિ મહાન ધર્માચાર્ય

ચાલી રહ્યા હતા. એ જોઈને તોરકવાતુસને ખાતરી થઈ ગઈ કે કોઈ પ્રાણાર્પણ કરનાર ખ્રિસ્ત–ભકતનું શબ જઈ રહ્યું છે. તેણે મનોમન વિચાર્યું, કે "પ્રભુ–ભકતનું આ શબ કયાંય ગુફા પરના અમારા સવારના આક્રમણનું ફળ તો નથી ? શું, મુજ પાપીને કારણે જ ..... એવા વિચાર આવતાં તેનું હૃદય ફરીથી ધડકવા લાગ્યું. "હવે તો મંડળી મને કદી જ ક્ષમા કરશે નહિ, અને જરૂર પ્રભુ પણ હવે મને ક્ષમા કરશે નહિ. એ વિચારે તોરકવાતુસને ઘોર નિરાશાએ ઘેરી લીધો અને તે દીવાલને ચોંટીને રોવા લાગ્યો.

ધીરે–ધીરે ગીતના સૂરો પણ બંધ થઈ ગયા. ટોળી દૂર નીકળી ગઈ હતી. પ્રકાશના અભાવથી ગુફાની તે સાંકડી ગલી ફરીથી ખાઉં–ખાઉં કરવા લાગી. થોડોએક સમય વીત્યા પછી ફરીથી પ્રકાશ એકાએક તેના જોવામાં આવ્યો. તોરકવાતુસે ધ્યાનથી જોયું તો પરમ ભકત સેબસ્તિયન, જેણે તેને પહેલી વાર ખ્રિસ્ત–ભકત બનાવ્યો હતો તેને ચાલી જતાં જોયો. દયાના ભંડાર સેબસ્તિયનને જોઈને તોરકવાતુસનો વિશ્વાસ બંધાયો અને તે છાનોમાનો સેનાપતિની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

સેબસ્તિયન સાંકડી ગલીઓમાં વળતાં–વળતાં એક સુંદર ખંડમાં પહોંચ્યો, જયાં ભકત–મંડળી પ્રાર્થનાને માટે શબની ચારે બાજુએ ફેલાઈને બેઠી હતી. સેબસ્તિયનના આવતાંની સાથે જ પ્રાર્થના શરૂ થઈ. સમૂહમાં મળીને સર્વેએ દયાના સાગર પરમ કૃપાળુ પ્રભુનાં સ્તોત્રો ગયાં અને હસતાં–હસતાં પ્રભુના નામ પર પ્રાણોનું બલિદાન દેવાની શકિત માગી.

કબર તો પહેલેથી જ તૈયાર હતી. તોરકવાતુસ ખંડની બહાર ઊભો રહીને બધું સાંભળતો હતો. તેનું હૃદય પણ મંડળીમાં સામેલ થઈ બેસી જવા અને પ્રાર્થનામાં ભળી જવા બેચેન થઈ રહ્યું હતું. પણ ભયના

કારણથી બિચારો ગુપચુપ ઊભો રહ્યો. પ્રાર્થના સમાપ્ત થયા પછી તમામ ભકતોએ મળીને શબને પૂર્ણ વિશ્વાસની સાથે તૈયાર કરેલી સુંદર કબરમાં મૂકી દીધું. કબરની ઉપરના ગોળ છતમાં પ્રભુ ખ્રિસ્તનું અતિ સુંદર ચિત્ર પાડેલું હતું. તોરકવાતુસની નજર સહજ જ તે ચિત્ર ઉપર પડી. દુ:ખોની કરાળતામાં પણ હસી રહેલા પ્રભુને જોઈને તોરકવાતુસના અંતરમાં એક નવીન આશાનો સંચાર થયો. બાબા દિયોજેનિસે ક્ષમાના સંબંધમાં કરેલી વાતોનું તેને એકાએક સ્મરણ થઈ આવ્યું. એ વાતોની યાદ આવતાં જ હિંમત કરીને તેણે પાસે ઊભેલા એક ખ્રિસ્ત–ભકતને ધીરેથી પૂછયું, '' આ કોની કબર છે ?

'' પરમ કલ્યાણિની બહેન સિસિલિયાની. તે ઘણી જ મહાન પ્રભુભકત હતી. નેત્રહીન હોવા છતાં પણ બિચારી રાત–દિવસ પ્રભુની સેવામાં લાગુ રહેતી. સમ્રાટના સિપાઈઓએ આજે આ ગુફા પર આક્રમણ કર્યું અને બિચારી સિસિલિયા પકડાઈ ગઈ. દમન–વિભાગનો કપ્તાન એને બાંધીને લઈ ગયો હતો. પણ સિસિલિયા વહાલા ખ્રિસ્ત–પ્રભુના પ્રેમ પર ન્યોછાવર થઈને તેમના પવિત્ર ચરણોમાં સદાનો વિશ્રામ લેવા પહોંચી ગઈ છે.

સિસિલિયાના બલિદાનની રોમાંચક અને હૃદય–ભેદક વાત સાંભળીને તોરકવાતુસનાં રોમેરોમ સણસણી ઊઠયાં, '' મેં જ બિચારી સિસિલિયાનું જીવન હણી લીધું. હું જ હત્યારો છું ..... હત્યારો ..... હત્યારો. એવો વિચાર આવતાં જ તેના હૃદયમાં તોફાન જાગી ઊઠયું. દીવાનાની માફક ઉછળતો–ઉછળતો તે આગળ દોડી ગયો અને સંતચરિત મહાન ધર્માધ્યક્ષના ચરણમાં ઢળી પડયો. આ કરુણ દશ્ય જોઈએ ભકત–મંડળી સ્તબ્ધ બની ગઈ. તોરકવાતુસની આંખોમાંથી આંસુઓની ચોધાર ધારા ફૂટી નીકળી. મહાન ધર્માધ્યક્ષના બંને ચરણો પકડી લઈને તે બાળકની માફક વિલાપ કરવા લાગ્યો.

તોરકવાતુસના શિર પર પોતાના પ્રેમ–ભર્યા હાથો ફેરવતાં–ફેરવતાં મહાન ધર્માધ્યક્ષ મધુર સ્વરમાં બોલ્યા, " આવી રીતે બેચન કેમ બનો છો, બેટા ! તમારી આંખો તો ઊંચી કરો.

લજ્જાને કારણે નમી પડેલી તેની આંખો ઊંચી ન થઈ. નિસાસા નાખતાં–નાખતાં તોરકવાતુસે ઉત્તર દીધો, " પિતાજી હું મહા પાપી છું. નીચ પાપી છું. મને બેટા કહીને ન બોલાવો. હું પુત્ર કહેવાવા યોગ્ય જ નથી. હું તો મહા પાપી છું. ..... પાપી ..... પાપી .....

પ્રેમાળ ધર્માધ્યક્ષે તોરકવાતુસના ખભા પકડીને તેને ઊભો કર્યો અને પોતાની છાતી સાથે લગાડીને બોલ્યા, " રો નહિ, બેટા ! ઈશ્વરના ઘરનાં દ્વાર તો પાપીને માટે જ ખુલ્લાં છે. પાપીઓના ઉદ્ધારને માટે તો આપણા પ્રભુએ જન્મ લીધો હતો.

પ્રકરણ ૨૪મું
સેબસ્તિયનનો આદેશ મેળવીને .....

વાયુની મંદ–મંદ શીતળ લહેરો કલ્લોલ કરતી વાઈ રહી હતી. તારાઓની વણજાર વ્યોમ–પથથી વિદાય થઈ ચૂકી હતી, પણ પૂર્વનું દ્વાર ખુલવાની હજુ વાર હતી. પંક્રાસિઉસ ભર–ઊંઘનો મીઠો આનંદ માણી રહ્યો હતો. તેવે સમયે કોઈકે બહારથી આવીને તેના શયન–ખંડના દ્વાર પર જોરથી ધક્કો માર્યો કે તરત પંક્રાસિઉસની આંખો ઊઘડી ગઈ.

ખંડમાં પ્રવેશ કરનારને પંક્રાસિઉસે પૂછ્યું, " શું છે ભાઈ ?

" પંક્રાસિઉસ ! તરત તૈયાર થઈ જાઓ. ઘોડા બહાર તૈયાર ઊભા છે. કવાઝ્દ્રાતુસને સાથે લઈને તમારે વિના વિલંબે રોમમાંથી બહાર

નીકળી જવાનું છે.

સેબસ્તિયનનો કડક આદેશ સાંભળીને પંક્રાસિઉસને આશ્ચર્ય થયું. આંખ ચોળતાં–ચોળતાં તે બોલ્યો, " પણ ભાઈ કયાં જવાનું છે ?

સેબસ્તિયને કઠોર સ્વરમાં ઉત્તર દીધો, " કયાં અને કેમ એ સમજાવવાનો અત્યારે સમય નથી. કપડાં બદલીને તરત તૈયાર થઈ જાઓ. કવાદ્રાતુસ તમને તમામ વાત સમજાવશે.

આજ્ઞાનું પાલન કરતાં પંક્રાસિઉસે તરત કપડાં પહેરી લીધાં અને તૈયાર થઈને બોલ્યો, " ભાઈ ! આવા ઘોર સંકટના સમયમાં તમે મને કયાં મોકલી રહ્યા છો ? રોમવાસી પ્રભુ–ભકતોને આવી ભારે મુસીબતોમાં છોડીને બહાર જવાને મારો જીવ માનતો નથી. તમે કહેતા હો તો .....

" પંક્રાસિઉસ ! ભાવનાઓમાં તરવાનો સમય વીતી ચૂકયો છે. હવે તો જીવન પ્રત્યે કઠોર બનીને આગેકૂચ કરવાની છે.

" પણ ભાઈ ! આવા કપરા સમયમાં રોમ છોડીને નાસી જવું એમાં શું કાયરતા નથી ?

વિલંબ થવાના કારણથી સેબસ્તિયન ચિંતાતુર બની રહ્યો હતો. તે કડક અવાજે બોલ્યો, " પંક્રાસિઉસ ! ભાવનાઓમાં પાગલ ન બનો. યાદ રાખો ! ભાવનાથી કર્તવ્ય ઊંચું છે, અને એ જ કર્તવ્યના પાલનને માટે હું તમને બહાર મોકલી રહ્યો છું. કવાદ્રાતુસ તમને રજે–રજ માહિતી આપી દેશે.

" પણ ભાઈ ? .....

સેબસ્તિયનનું ધૈર્ય તૂટતું જતું હતું. તે આ વખતે ક્રોધિત થઈને બોલ્યો, " પંક્રાસિઉસ ! ચૂપચાપ આજ્ઞાનું પાલન કરો.

બિચારા પંક્રાસિઉસને તેના શિરે ઝઝૂમી રહેલા સંકટનો

આભાસ પણ ન હતો. તે કચવાતે મને શયન–ખંડમાંથી બહાર નીકળ્યો, પણ હવેલીના દરવાજા પર જઈને અટકી ગયો, અને ઘણા જ દુઃખભર્યા શબ્દોમાં બોલ્યો, " બંધુ સેબસ્તિયન ! આજ સુધી હું આંખો બંધ કરીને તમારી આજ્ઞાઓનું પાલન કરતો રહ્યો છું, આજે પણ કરીશ. પરંતુ ભાઈ ! રોમની બહાર મોકલીને તમે મારા હૃદયને પીડા દઈ રહ્યા છો. કદાપિ તમે એમ સમજતા હશો કે તમારો પંક્રાસિઉસ કોરડાઓનો માર સહી નહિ શકે પણ ભાઈ ! તમે ભૂલ કરી રહ્યા છો. મેં પ્રેમનું અમૃત પીધું છે. હું એની કિંમત ચૂકવવાનું પણ જાણું છું. એમ બોલતાં–બોલતાં ભકત–બાળકની આંખોમાંથી પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી.

વિલંબ થઈ રહ્યો હતો, તેથી નિરુપાયે સેબસ્તિયનને કહેવું પડયું, " પંક્રાસિઉસ ! તમે ખોટું અનુમાન કરો છો. મને તમારા પર અખંડ વિશ્વાસ છે. હું જાણું છું કે તમે આપણા પ્યારા સ્વામી ઈસુના નામને લીધે કોરડાઓનો માર સહી શકો છો. એમ્ફીથિયેટરના અત્યાચાર સહી શકો છો. હસતાં–હસતાં પ્રાણીની આહુતિ આપી શકો છો. પણ ... પણ તમને બહાર મોકલવાનું કારણ તો કંઈક બીજું જ છે. કદાપિ તમને ખબર નથી કે કોરભીનુસ અને સમ્રાટ એ બેઉને પાકે પાયે જાણવા મળ્યું છે, કે શાહી ઘોષણા–પત્ર તમે જ ફાડયો છે. તમારું ચપ્પુ નોટિસ–બોર્ડની પાસે પડી ગયેલું તે તેમના હાથમાં આવ્યું છે.

પંક્રાસિઉસ અવાક્ બની ગયો. થોડી જ વાર પછી સેબસ્તિયને ફરીથી કહેવા માંડયું, " પંક્રાસિઉસ ! ઘોડા પર સવાર થઈને સૂર્યોદય પહેલાં જ રોમથી બહાર નીકળી જાઓ. પોતાના સિપાઈઓને સાથે લઈને કોરભીનુસ તમારી આ હવેલી તરફ હમણાં આવતો જ હશે. અને સાંભળો ! અહીંથી નીકળીને સીધા ' મૂર્તિ–નિકેતનમાં જજો અને કાકા ક્રોમાસિઉસને સાવધાન કરી દેજો. સમ્રાટને એમનો ભેદ પણ મળી ગયો છે. એમના 'મૂર્તિ–નિકેતન પર પણ આજે જ આક્રમણ

થવાનું છે. તેથી કાકા તેમની મંડળીને લઈને કયાંક દૂર નીકળી જાય એવી સૂચના દઈને તમે તરત ફુંદી પહોંચી જજો. ગુરુજીના ઘર પર પણ આજે જ આક્રમણ થશે. તેમને પણ ત્યાંથી બીજે સ્થળે પહોંચાડી દેજો. અને તમે બંને ? તમારા બેઉનું ઘર તો હવે આસમાની નભની નીચે છે. જયાં પણ' સંતાઈ જવાનું સ્થાન મળે ત્યાં સંતાઈ જજો. '' જય ખ્રિસ્ત !

'' જય ખ્રિસ્ત !

* * * * * * *

પવનવેગે બંને ઘોડા દોડી રહ્યા હતા. સૂર્યોદય થતાં–થતાં પંક્રાસિઉસ અને કવાદ્રાતુસ ' મૂર્તિ–નિકેતન પર પહોંચી ગયા. નિકેતનના આંગણામાં બેસીને ભકત–જનો બિલકુલ નિર્ભયપણે પ્રભુઈસુનું કિર્તન કરી રહ્યા હતા. પંક્રાસિઉસ અને કવાદ્રાતુસને ઘોડા પર બેસીને આવતા જોઈ બધાનાં દિલો પર ચિંતાની છાયા ફરી વળી. ઘણા પ્રેમ–સહિત તેમનું સ્વાગત કરતાં કાકા ક્રોમાસિઉસ બોલ્યા, '' આવો બેટા ! આવો.

ઘોડા પરથી ઊતરતાં જ પંક્રાસિઉસે વૃદ્ધ દાદાને તમામ હકીકત કહી સંભળાવી. આક્રમણની ખબર મળતાં જ કાકા ક્રોમાસિઉસે મંડળીને સાથે લઈને ' મૂર્તિ–નિકેતન છોડી દેવાનો નિશ્ચય કરી લીધો. આજ્ઞા મળતાં જ પ્રભુ–ભકતોએ પોતપોતાનો સામાન ઉપાડયો અને પંક્રાસિઉસની નજર સામે જ સર્વ માણસો નિકેતનમાંથી ચાલી નીકળ્યા.

પંક્રાસિઉસ અને કવાદ્રાતુસ બંને પૂરેપૂરા થાકી ગયા હતા. પણ આરામ કરવાનો વખત કયાં હતો ? દાદા પાસેથી વિદાય માગીને બંનેએ તરત ફુંદી ગામનો રસ્તો લીધો.

ફુંદી પહોંચતાં આશરે એક કલાક લાગી ગયો. ગામની બહાર આવેલા એક જૂના તબેલામાં જ પોતાના ઘોડા બાંધીને બંને ગુરુજીના

ઘરની તરફ ચાલી નીકળ્યા. પૂછતાં–પૂછતાં જયારે ગુરુજીને ઘેર પહોંચ્યા ત્યારે જોયું તો વયોવૃદ્ધ કસ્સિયાનુસ આંગણાની દીવાલને અઢેલીને સૂર્ય–સ્નાન કરી રહ્યા છે. પોતાના વહાલા શિષ્યને આવતો જોઈને તેમનું હૃદય ગદ–ગદ થઈ ગયું. પંક્રાસિઉસને છાતી સાથે લગાડીને કહ્યું, '' ભૂલીને આજે કેવી રીતે આવી ચઢયા, બેટા ?

પંક્રાસિઉસે ગુરુજીને બધી વાત સંભળાવી અને છેવટે કહ્યું, '' પાપી કોરભીનુસ હવે આવતો જ હશે. આપ ફુંદીથી હમણાં જ નીકળી જાઓ, નહિ તો .....

ઘણી ધીરજથી ગુરુજીએ બધી વાત સાંભળી પણ આખરે ઉદાસ થઈને બોલ્યા, '' નહિ બેટ્રા ! હવે હું નાસી જઈને જીવ બચાવવા નથી ચાહતો. મારા હાથોને જુઓ, કરચલીઓ વળી ગઈ છે. આપણા પ્યારા પ્રભુ–ખ્રિસ્તના વિયોગમાં વર્ષો વીતી ગયાં છે. વિરહનું દુઃખ હવે તો સહ્યું પણ નથી જતું. હવે તો પ્રભુ–મિલન થઈ જાય તો બહુ સારું. એવું કહેતાં જ વૃદ્ધ દાદાની આંખોમોથી અશ્રુબિંદુ છલકવા માંડયાં. આંગણામાં નીરવતા છવાઈ ગઈ. નીલ ગગન તરફ એક આશાભરી મીટ માંડીને દાદા બોલ્યા, '' બેટા ! આવડા મોટા ગામમાં બસ, કેવળ બે ખ્રિસ્ત–ભકત રહે છે. એક હું અને બીજો મારો આ વૃદ્ધ નોકર. આ ગામમાં અમારા બીજા કોઈ સાથી પણ નથી. મોટાં મોટાં ઘરોના છોકરાઓ ભણવા આવે છે. તેમને ભણાવ્યા કરું છું, પણ હવે હૈયું કામ નથી કરતું. મન પણ નથી થતું. હવે તો પ્રભુ પોતાની પાસે બોલાવી લે તો ઠીક છે. સમ્રાટની દમન–ઘોષણા પણ શરૂ થઈ ગઈ છે અને સુભાગ્યે કોરભીનુસ જ કપ્તાન બન્યો છે. નાનપણની વાતોનો બદલો લેવામાં તેને આનંદ પણ બહુ જ આવશે.

પંક્રાસિઉસે સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ કાંઈ પરિણામ ન આવ્યું. ગુરુજી છેવટ સુધી ના જ પાડતા રહ્યા. આખરે

નિરાશ થઈને પંક્રાસિઉસે ગુરુજીના વફાદાર નોકરને કહ્યું, '' ભાઈ ! હું તો હારી ગયો. શત્રુની સેના આવી રહી છે, પણ ગુરુજી તો માનતા જ નથી. તમે એક કામ કરો. અમે બંને પાસેના પેલા પહાડમાં સંતાઈ જઈએ છીએ. હમણાં બે–એક દિવસ ત્યાં રહીશું. પ્રભુ કરે ને એ સમય દરમ્યાન વિપત્તિ દૂર પણ થઈ જાય. એમ છતાં યે તમે છાની રીતે આવીને કોઈ કોઈ વખતે અમને ગુરુજીની ખબર આપતા રહેજો.

પ્રભુ–ભકત નોકરને બધી વાત સમજાવીને પંક્રાસિઉસ અને કવાદ્રાતુસે ગુરુજીને પ્રણામ કર્યા. પંક્રાસિઉસને આશીર્વાદ આપતાં ગુરુજીએ કહ્યું, '' પંક્રાસિઉસ ! હું ગૌરવ લઉં છું કે તમારા જેવો એક વીર યુવક મારો શિષ્ય છે. મને વિશ્વાસ છે કે તમારું નામ એક દિવસ રોમન ઈતિહાસના પાનાંઓ પર સુવર્ણ અક્ષરોમાં લખાયા વિના નહિ રહે.

પ્રકરણ ૨૫મું

પોતાની નિષ્ફળતા પર આંસુ સારીને .....

સૂર્યોદય થઇ ચૂકયો હતો. લશ્કરી સૈનિકો ઘોડા પર સવાર થઈને તેરતુલુસના મહેલે આવી પહોંચ્યા હતા. પણ કોરભીનુસ ?..... હૈયાફુટો કોરભીનુસ બિછાનામાં પડયો–પડયો હજુ સુધી ઘોરતો હતો. શરીરની અસહ્ય વેદનાને લીધે આક્રમણ વગેરેની બધી વાતો તે ભૂલી ગયો હતો. દાસીએ આવીને જેવી સૈનિકોના આવી પહોંચ્યાની ખબર દીધી કે તરત બિચારો ગભરાઈને પથારીમાંથી બેઠો થઇ ગયો, અને લશ્કરી પોશાક પહેરીને તાબડતોડ બહાર નીકળ્યો, કેમ કે 'મૂર્તિ–નિકેતન પર ઘેરો ઘાલવાનો સમય વીતી જતો હતો. શરીરની નસેનસ દુઃખતી હતી તેથી એક વાર તો કોરભીનુસની ઈચ્છા થઇ કે

સિપાઈઓને પાછા મોકલી દે અને બીજે દિવસે ' મૂર્તિ–નીકેતન ને માટે નીકળે એવું જણાવે. પણ સમ્રાટ મકસીમિયનની ખૂની આંખો યાદ આવતાં જ તે કંપી ઊઠયો, અને પોતાના સિપાઈઓને આજ્ઞા કરતાં કહેવા લાગ્યો, " મારે માટે ટમટમ તૈયાર કરો. હું 'મૂતિ–નિકેતન તરફ એકદમ તમારી સાથે આવું છું.

હુકમ મળતાં જ ટમટમ તૈયાર કરી દેવામાં આવી, અને કોરભીનુસ પોતાના સિપાઈઓની સાથે ' મૂતિ–નિકેતન તરફ ચાલી નીકળ્યો. રસ્તો ઘણો જ લાંબો હતો તેથી ' મૂર્તિ–નિકેતન પર જઇ પહોંચતાં દસેક વાગી ગયા. સમ્રાટના સિપાઈઓ જયારે નિકેતનની પાસે પહોંચ્યા ત્યારે તેમના આનંદ અને ઉત્સાહનો પાર રહ્યો નહી. ઘોડાઓને ઝડપથી દોડાવતાં–દોડાવતાં તેઓએ નિકેતનના દરવાજામાં પ્રવેશ કર્યો. પણ તેઓ જયારે અંદર ગયા કે તરત નિકેતન નિર્જન જણાયો. ત્યાં પ્રભુ–ભકતોની મંડળી નહોતી; તેમના ધર્મ–પુસ્તકો નહોતાં અને તેમનાં ધર્મ–ચિહ્નો પણ નહોતાં. આવી હાલત જોઈને કોરભીનુસ અને તેના સાથીઓ સૂનમૂન જેવા થઇ ગયા. સિપાઈઓએ નિકેતનના તમામ વિભાગો અને ખંડો ખુંદી નાખ્યા પણ કોઈ વ્યકિત જોવામાં આવી નહિ. ઘણા સમય પછી બગીચામાં કામ કરતો એક માળી તેમના જોવામાં આવ્યો. તેની પાસે જઈને કોરભીનુસે પૂછયું, " માળી ! આ ઘરવાળા કયાં ગયા ? માળીએ કાંઈ ઉત્તર આપ્યો નહિ, તેથી તેના પર ક્રોધે ભરાઈને કોરભીનુસે ફરીથી પ્રશ્ન કર્યો, " તમારા માલિક કયાં ગયા ?

" ન જાની.

" ન જાણ્યું ? ઉલ્લું કહીંના ! કેમ ન જાણ્યું ?

" જાની કૈસે ? માલિક ન બોલે નૌકર કો.

" પણ તેઓ કઈ તરફ ગયા ?

" ગેટ તરફ.

" ગેટથી પછી કઈ તરફ વળ્યા ?

" ગેટ તરફ. ફીર જાની ન.

" કેમ ન જાણ્યું, કઈ તરફ વળ્યા ?

" ઈહાં મૈં કામ કરતા રહા, ઉહાં ઊ ગએ ; કૈસી જાની ?

કોરભીનુસને કાંઈ જ ભેદ મળી શકયો નહિ, તેથી છેક માળીની નજદિક જઈને તેણે પૂછયું, " ઠીક, ઠીક ; માળી ! ભલા એ તો બતાવો કે તમારા માલિક કયારે ગયા ?

" રોમસે દો આયા, તબ ગએ.

" કોણ બે આવ્યા ?

" એક જવાન ; અચ્છા સુંદર, અચ્છાં કપડાં, અચ્છા જૂતા. દૂસરા બડા ; બહુત મજબૂત. મોટા મોટા હાથ, મોટી આંખ, ઓ બાબા રે !

કોરભીનુસ સમજી ગયો. દાંત પીસતાં–પીસતાં મનમાં જ બબડયો, " મારું કામ બગાડવાને એ જ બદમાશ આવ્યો હોવો જોઈએ. ઠીક છે, પણ જે દિવસે હાથમાં આવી ગયો તે દિવસે બધી કસર વાળી લઈશ.

સિપાઈઓ થાકી ગયા હતા તેથી બધાએ લાંબો સમય ત્યાં આરામ કર્યો. ' મૂર્તિ–નિકેતન સુધી આવતાં–આવતાં કોરભીનુસની નસે–નસ ઢીલી થઈ ગઈ હતી. તોપણ જયારે સૂર્ય આથમવા લાગ્યો ત્યારે કોરભીનુસે ફુંદી તરફ કૂચ કરી જવાની આજ્ઞા કરી.

આશરે એક કલાકમાં તેઓ ફુંદી જઈ પહોંચ્યા. ફુંદી પહોંચતાં જ કોરભીનુસે ત્યાંના મુખીની મુલાકાત લીધી, અને ફુંદીમાં પોતાના આવવાનું કારણ જણાવતાં તે બોલ્યો, " દેવાધિદેવનો ભયંકર શત્રુ કસ્સિયાનુસ જે આ ગામમાં રહે છે, તેને મારે આજે જ દંડ દેવો છે.

સમ્રાટની સેવા કરવાનો અને તેની પ્રસન્નતા મેળવવાનો આ શુભ અવસર આવેલો જોઈ ફુંદીનો રાજયપાલ (મુખી) ઘણો જ ખુશી થયો અને બોલ્યો, " આપ મારે ઘેર પધાર્યા છો, એમાં હું મારું સુભાગ્ય સમજું છું. દેવાધિદેવ સમ્રાટની ઈચ્છા જરૂર પૂરી થશે. મારા સિપાઈઓ આપની સાથે આવશે, અને આપની હરેક પ્રકારે મદદ કરશે.

" મારી પાસે સિપાઈઓ તો ઘણા છે. કેવળ એક સિપાઈને મોકલી દો કે જે અમને તેનું ઘર બતાવી શકે.

ફુંદીના એક સિપાઈને પોતાની સાથે લઈને કોરભીનુસ તથા તેના સાથીઓ વૃ+દ્ધ ભકત કસ્સિયાનુસના ઘર તરફ ચાલી નીકળ્યા. સાંજ પડવા આવી હતી. એ વખતે ગુરુજી ઘરની બહાર આંગણામાં ઊભા–ઊભા સૂર્યાસ્તનું મનોહર દશ્ય નિહાળી રહ્યા હતા. જેવી તેમની નજર પોતાના શિષ્ય કોરભીનુસની ઉપર પડી કે તરત તેઓ અત્યંત પ્રસન્ન થયા, અને તેનું સ્વાગત કરવાને માટે તેઓ હસતાં–હસતાં આગળ ગયા ; પણ જયારે તેઓ પાસે આવ્યા ત્યારે કોરભીનુસે પ્રણામ કરવાને બદલે તેમના હાથો પર સોટી મારી. " આ બદમાશે જ બધી આગ સળગાવી છે. ગુરુ થઈને પક્ષપાતની દષ્ટિ રાખી છે. સમ્રાટ ભકત વિદ્યાર્થીઓને તો ફુટેલી આંખથી પણ જોવા નહોતો ચાહતો. આ દગાબાજને થાંભલાની સાથે બાંધી દો. પોતાના સાથીઓને ઉદ્દેશીને કોરભીનુસે હુકમ કર્યો.

તુચ્છ સાંસારિક પ્રલોભનોમાં ફસાઈને મનુષ્ય કદી–કદી કેટલો બધો અધોગતિના ઊંડા કલણમાં ખૂંચી જાય છે !

ગુરુજીને થાંભલાની સાથે બાંધીને અત્યાચારીઓએ તેમને ખૂબ ઝૂડયા, કોરડાઓના મારથી તેમનું આખું શરીર છોલાઈ ગયું, અને લોહીની ટશરો ફૂટી નીકળી. કોરભીનુસે જોયું કે હવે કસ્સિયાનુસનો પ્રાણ નીકળી જવાની અણી પર છે તેથી તેમને થાંભલાથી છોડીને

આંગણામાં ફેંકી દીધા અને કણકણતા મૂકી દઈને તે પોતાના સિપાઈઓની સાથે ચાલી નીકળ્યો.

અંધકાર વ્યાપી ગયો હતો. ગુરુજી આંગણામાં પડયા–પડયા કણતા હતા, અને અંગે–અંગમાંથી રકત–બિંદુઓ ટપકી રહ્યાં હતાં. તેમના પર દષ્ટિ પડતાં જ પંક્રાસિઉસના હોઠોમાંથી હૃદય–ભેદક ચિત્કાર નીકળી પડયો અને તે ગળગળો થઈને ગુરુજીની પાસે બેસી ગયો. તેની આંખોમાંથી અશ્રુ–પ્રવાહ વહેવા લાગ્યો.

પરંતુ ગુરુજી તો વિદાયની તૈયારી કરી ચૂકયા હતા. પંક્રાસિઉસે ગુરુજીના મોં પર પાણી છાંટયું અને કપડાનો એક નાનો ટુકડો ભીનો કરીને તેમના માથા પર મૂકયો. થોડી વાર પછી ગુરુજીની આંખો ઊઘડી ત્યારે તેમના જોવામાં આવ્યું કે પંક્રાસિઉસ તેમને પોતાના ખોળામાં લઈને બેઠો છે. અંતિમ વેળાએ પોતાના પ્યારા શિષ્ય પંક્રાસિઉસને પોતાની પાસે જોઈને વૃદ્ધભકતનું પ્રેમ–ભર્યું અંતર એક વાર ફરીથી પુલકિત થઈ ઊઠયું. તેમનાં રોમેરોમ અસહ્ય પીડાથી બળી રહ્યાં હતાં. એવું હોવા છતાં ગુરુજીના મોં પર સ્મિત છવાઈ ગયું. તેમના ઘાયલ હાથો ધીરે–ધીરે ઊંચા થયા અને તે દયાળુ હાથો પંક્રાસિઉસના કોમળ કપાળ પર જઈ પડયા. તેની આંખોમાં આંખો ભેરવીને ગુરુજીએ કહ્યું, " હું ભાગ્યવાન છું, પંક્રાસિઉસ ! અને આંખો મીંચી લીધી.

ગુરુજીના એ અંતિમ શબ્દો ખરેખર સુવર્ણ અક્ષરોથી લખવા યોગ્ય છે. આ સંસારમાં સૌથી ભાગ્યવાન મનુષ્ય ખરા અર્થમાં તો તે જ છે, કે જેઓ પોતાના પ્યારા પ્રભુને માટે કષ્ટ વેઠે છે, અપમાન સહે છે, વિવિધ જાતના માર ખાય છે અને અંતે પ્રેમની વેદી પર હસતાં–હસતાં પોતાના પ્રાણોની આહુતિ આપી દે છે. ખરેખર તે ભાગ્યશાળી છે.

ગુરુજી સુખ અને શાંતિની અનંત નિંદ્રામાં સૂઈ ગયા હતા. પંક્રાસિઉસ ઘણી વાર સુધી તેમને પોતાની ગોદમાં લઈને બેસી રહ્યો.

થોડી–થોડી વાર તેની આંખો ભરાઈ આવતી, પણ તે પોતાના ખમીશથી તેને લૂછી નાખતો. જાણે કે પોતાના સ્વર્ગીય ગુરુજીથી એ આંસુઓને હજુ પણ છુપાવવા ચાહતો હોય.

* * * * * * *

પાપી કોરભીનુસે પોતાના પ્રેમાળ ગુરુજીનો પ્રાણ તો લઈ લીધો, પણ તેને શાંતિ ન મળી શકી. ઊલટું પાછા ફરતી વખતે રસ્તામાં તેને તેના હૃદયનો કીડો ખાઈ જવા લાગ્યો. પોતાના એ નીચ કૃત્યની યાદ આવતાં જ તે ગભરાઈ ઊઠતો. તેને એક વાતની બીજી પણ બીક હતી. તેના પિતા તેરતુલુસ શ્રી કસ્સિયાનુસનું બહુ જ સન્માન કરતા હતા, તેથી કોરભીનુસ ડરતો હતો કે જો કદાપિ આ બધી વાતોની પિતાજીને જાણ પડી જશે તો તેઓ તેની ખબર લઈ નાખ્યા વિના રહેશે નહિ.

રાત પડી ગઈ હતી અને માર્ગ ઘણો જ લાંબો કાપવાનો હતો. નહેરને કિનારે–કિનારે ઘણી જ લાંબી મજલ કાપ્યા પછી કોરભીનુસના ઘોડા થાકી ગયા, તેથી ધીરે–ધીરે ચાલવા લાગ્યા. સિપાઈઓ બહુ દૂર નીકળી ગયા હતા અને તે એકલો પાછળ રહી ગયો હતો. રાતના વધતા જતા અંધકારની સાથે–સાથે તેનો ભય પણ વધતો જતો હતો. તેવામાં એકાએક વેગથી ધસમસતા આવતા કોઈના તેજસ્વી ઘોડાના ડાબલા તેના સાંભળવામાં આવ્યા. તેથી તેને ખાતરી થઈ ગઈ કે કોઈ શત્રુઓ મારી પાછળ પડયા છે. કોરભીનુસ ગભરાઈ ગયો અને ઘોડાઓ ઉપર ચાબૂક વરસાવવા લાગ્યો. ઘોડા સવારથી ચાલી–ચાંલીને થાકથી લોથપોથ થઈ ગયા હતા. અતિશય ચાબૂકના મારથી ઘોડા પાછા હટવા લાગ્યા, જકકી બની જઈને ઝાડ થઈ જવા લાગ્યા, અને ગાડીને જોરથી લાતો મારીને હણહણતા આમતેમ માથાં પછાડવા લાગ્યા.

કવાદ્રાતુસ અને પંકાસિઉસ બંને ફુંદીથી પાછા વળી રહ્યા હતા.

કોરભીનુસના ઘોડાના પગોનો અવાજ સાંભળીને તેઓ સમજયા કે કોઈની ટમટમ ગાડીના ઘોડા બગડી બેઠા છે. તેને બચાવવાને માટે તેઓ ઘણા વેગથી ટમટમની પાછળ પડયા. કેટલેક દૂર ગયા પછી તેઓને જણાયું કે ટમટમ એક ઊંચા ઝાડની સાથે અથડાઈને ભાંગી ભુકકો થઈ ગઈ છે, અને ટમટમનો હાંકનાર માણસ નહેરમાં ડૂબી રહ્યો છે. ત્યાં આવી પહોંચતાં જ પંક્રાસિઉસ ઘોડા પરથી નીચે ઊતર્યો અને નહેરમાં કૂદી પડયો. તેણે જઈને ગાડીવાનને તરત પકડયો અને તેને બચાવીને કિનારા પર લઈ આવ્યો. કિનારા પર લાવતાં જ તેણે કોરભીનુસને ઓળખી લીધો અને ઘણા આશ્ચર્ય સાથે કવાદ્રાતુસને કહેવા લાગ્યો, " કવાદ્રાતુસ ! આ તો કોરભીનુસ છે.

કવાદ્રાતુસ અટ્ટહાસ્ય કરી ઊઠયો, અને બોલ્યો, " ઠીક થયું, ઠીક થયું; આ બદમાશને એ જ મોતથી મરવા દો.

" શું કહી રહ્યા છો, પ્યારા ભાઈ કવાદ્રાતુસ ! મરવા દો ? આપણા પ્રભુએ શું આપણને એવું શીખવ્યું છે ? એમ કહીને પંક્રાસિઉસ પોતાના એક સૂકા કપડાથી કોરભીનુસનું શરીર લૂછવા લાગ્યો. ઘણા સમય પછી જયારે કોરભીનુસને કળ વળી, હોંશમાં આવ્યો અને આંખો ખુલી ત્યારે પ્રેમના ઉમળકાથી પંક્રાસિઉસે તેને કહ્યું, " ભાઈ કોરભીનુસ! તમને ઘણું કષ્ટ પડયું છે. ચાલો, હું તમને રોમ પહોંચાડી દઉં. અને આ લો તમારી રૂપિયાની થેલી.

કોરભીનુસ આશ્ચર્ય–ચકિત બની રહ્યો. પંક્રાસિઉસે કોરભીનુસની રૂપિયાની ભરેલી થેલી તેના હાથમાં મૂકી દીધી અને તેને કહ્યું, " કોરભીનુસ! તમે મારી સાથે ચાલશો ? અથવા .....

" નહિ, હું એકલો જ ચાલ્યો જઈશ. રોમ તો હવે નજાદેક જ છે.

પંક્રાસિઉસે પોતાનું પેલું ચપ્પુ, જેને તે પહેલાં કચેરીમાં ઘાડી

આવ્યો હતો તેને ઉઠાવીને પોતાના ખિસ્સામાં મૂકી દીધું અને કોરભીનુસથી વિદાય લેતાં–લેતાં તે બોલી ઊઠયો, " ભાઈ કોરભીનુસ ! હું જાઉં છું. પ્રેમી ઈસુ તમારું કલ્યાણ કરો.

પ્રકરણ ૨૬મું

હાથોમાં ગૌરવી બેડીઓ પહેરીને .....

ખ્રિસ્ત–જયંતીનો પવિત્ર તહેવાર સંસારવાસીઓને માટે મહાભારત આનંદની વધાઈનો સંદેશ લઈને આવે છે. પ્રભુ ખ્રિસ્તના શુભાગમનની પુણ્યસ્મૃતિમાં માનવજાત તે દિવસે આનંદ કરે છે. વન–પ્રદેશમાં જઈને મધુર–મધુર વાર્તાલાપો કરે છે. સ્વર્ગીય સંગીત જેવાં રસ ઝરતાં ગાયનો ગાય છે. પોતાના બંધુઓની સાથે મેળાપ કરીને હાસ્ય–વિનોદથી દિલને ભરી દે છે. જમાના જૂની એ વાત અત્યારે સાંભરી આવે છે કે ખ્રિસ્ત–જન્મનો એ પવિત્ર તહેવાર એક સમયે રોમમાં પણ આવ્યો હતો કે જયારે મકસીમિયન સમ્રાટના પગની એડીથી રોમ ધ્રૂજી ઊઠયું હતું. ત્યારે એ તહેવાર આનંદની વધામણી લઈને નહિ, પણ ત્યાગ, બલિદાન અને કઠોર પ્રેમ–પરીક્ષાનો સંદેશ લઈને આવ્યો હતો.

સમ્રાટની દમન–ઘોષણા લાગુ થયે કાંઈક દિવસો વીતી ગયા હતા. દરમિયાનમાં પ્રભુ–ખ્રિસ્તના ભકતોને પકડીને તેમને મોતના મુખમાં હડસેલી મૂકવાના પ્રયત્નો ઘણા વેગથી ચાલી રહ્યા હતા. છતાં એમ્ફીથિયેટરનાં પિંજરા હજુ સુધી ખાલી પડયા હતાં. રોમની જનતાનો ઉત્સાહ દિવસે–દિવસે ઘટતો જતો હતો. પહેલે જ દિવસે માણસોને જયારે ઘોષણા–પત્ર ફાડી નંખાયાની વાત સાંભળવા મળી ત્યારે જ

તેમનો અર્ધો ઉત્સાહ મંદ પડી ગયો હતો. છતાં યે લોકોને આશા હતી કે બે–એક દિવસમાં દસ–વીસ પ્રભુ–ભક્તો જરૂર પકડાઈ જશે અને એમ્ફીથિયેટરના ખેલોનો આનંદ માણવા મળશે. પણ જયારે કાંઈક દિવસો વીતી ગયા અને કપ્તાન કોરભીનુસ મહાશય 'મૂર્તિ–નિકેતન થી પણ નિષ્ફળ થઈને પાછા વળી આવ્યા છે એવી વાત તેમના જાણવામાં આવી ત્યારે તો લોકોનો ઉત્સાહ ઠંડોગાર થઈ ગયો.

આ બાજુ કોરભીનુસનો જીવ સુકાઈ જતો હતો, કારણ કે સમ્રાટ મકસીમિયનનો જન્મ–દિવસ નિકટ આવી પહોંચ્યો હતો અને અત્યાર સુધી એક પણ પ્રસિદ્ધ ઈસુ–ભક્ત પકડાવા પામ્યો ન હતો.

પોતાના જન્મ–દિવસને અનુસરીને મકસીમિયનને શાહી એમ્ફીથિયેટરમાં ખેલોનો પ્રબંધ કરવાની આજ્ઞા મોકલી દીધી. શાહી ફરમાન મળતાં જ કોરભીનુસ ઘોર ચિંતામાં ડૂબી ગયો. તે જાણતો હતો કે જો સમ્રાટના જન્મ–દિવસ સુધીમાં બે–ચાર નામાંકિત ખ્રિસ્તીઓને એમ્ફીથિયેટરમાં નહિ મોકલાવી દઉં તો નિર્દય સમ્રાટ મારું લોહી પી જશે. તેથી બપોરનું ભોજન કરી લઈને તરત જ તેણે પોતાના ચતુર મિત્ર કટુલુસને પોતાની સાથે લીધો અને કોઈ નવા શિકારની શોધમાં ઘરથી નીકળી પડયો.

બંને સીધા ડાઓકલેશિયન સ્નાન–ગૃહ પર જઈ ઊભા. સમ્રાટનું આ વિશાળ સ્નાન–ગૃહ હજુ સુધી પૂરેપૂરું તૈયાર થઈ ગયેલું નહોંતુ. દેશના જુદાં જુદાં બંદીખાનાંમાંથી સેંકડો ખ્રિસ્તી મજૂરોને આ સ્નાનગૃહમાં કામ કરવાને માટે લાવવામાં આવ્યા હતા. તેઓ અત્યાર સુધી અહીં જ કામ કરતા હતા. રબિરિઉસ કરીને એક માણસ આ કેદી મજૂરોનો ઉપરી હતો. કોરભીનુસ બારોબાર રબિરિઉસની પાસે ગયો અને બોલ્યો, '' રબિરિઉસ ! સમ્રાટની આજ્ઞા મળવાથી હું તમારી પાસે આવ્યો છું. તમે જાણો છો કે દેવાધિદેવ સમ્રાટનો જન્મ–દિવસ નિકટ

આવી પહોંચ્યો છે. પોતાના જન્મ–દિવસ પર તેઓ એમ્ફીથિયેટરમાં પણ પધારશે. તેમની પ્રસન્નતાને માટે અમોએ ખેલોનો એક વિરાટ કાર્યક્રમ નકકી કર્યો છે. બધી તૈયારીઓ થઈ ગઈ છે. પણ હજુ સુધી જંગલી જાનવરોની સાથે યુદ્ધ કરવાને માટે કોઈ ખ્રિસ્તી પકડી શકાયો નથી. તમે જાણો જ છો કે એ બદમાશોને પકડવા કેટલા મુશ્કેલ છે. હું કંઈક દિવસોથી રખડપટ્ટી કરી રહ્યો છું, પરંતુ હજી સુધી ખાસ સફળતા મળી નથી. તેથી મેં વિચાર કર્યો છે કે આ ખ્રિસ્તી કેદીઓમાંથી જ બે–ચારને લઈ જઈશ, કારણ કે જન્મોત્સવ પર દેવાધિદેવ સમ્રાટને પ્રસન્ન કરવાનું આવશ્યક છે.

રબિરિઉસને કોરભીનુસની વાત બહુ જ ખરાબ લાગી, પણ તે કેવળ એટલું જ બોલ્યો, " શ્રી કોરભીનુસજી ! આપ અમારા સરદાર છો તે કારણથી ખ્રિસ્તીઓને આપને હવાલે કરવામાં મને કાંઈ પણ મુશ્કેલી નથી. પરંતુ એટલું તો ચોકકસ છે કે તેમના ચાલ્યા જવાથી મારું કામ અટકી પડશે. આપ પણ જાણો છો કે મારે હવે થોડા જ દિવસોમાં આ સ્નાન–ગૃહને પૂરેપૂરું તૈયાર કરાવી દેવાનું છે. તેથી જો આપ મને એ સંબંધમાં ક્ષમા કરો તો બહુ સારું થાય.

રબિરિઉસની વાત સાંભળીને કોરભીનુસ બળીને ખાખ થઈ ગયો. તેણે રબિરિઉસને કહ્યું, " તમારી મુશ્કેલી હું સમજું છું, પણ સમ્રાટને પ્રસન્ન કરવાનું પણ આવશ્યક છે. જો તમને મજૂરોની એટલી બધી તંગાશ અને જરૂરત હોય તો હું ખ્રિસ્તીઓની જગાએ કામ કરવા બીજા મજૂરોને મોકલી દઈશ.

કોરભીનુસની આવી અનુચિત માગણી અને અસભ્ય વહેવાર જોઈને રબિરિઉસને ક્રોધ તો ઘણો વ્યાપી ગયો, પણ બિચારો કાંઈ બોલી શકયો નહિ. થોડી વાર પછી કોરભીનુસે કહ્યું, " ચાલો, તમારા ખ્રિસ્તી મજૂરોની પાસે મને લઈ જાઓ.

એક મોટા ઓરડામાં ઘણા મજૂરો કામ કરી રહ્યા હતા, અને સ્નાનગૃહનો એક મોટો થાંભલો તૈયાર કરતા હતા. તેઓની પાસે પહોંચતાં જ કટુલુસની તીક્ષ્ણ આંખો બે સુંદર યુવકો પર પડી, જેઓ ગુલામોનાં જેવાં ફાટયાં–તૂટયાં જૂનાં કપડાં પહેરીને ફરી એકાગ્રતાથી પોતાના કામમાં લાગી ગયા હતા. કોરભીનુસનું ધ્યાન તેમની તરફ કેન્દ્રિત કરીને તે ધીમેથી કાનમાં બોલ્યો, '' કોરભીનુસ ! ... આ બંનેને ... જરૂર ખ્રિસ્તી છે ... કેટલા આનંદિત થઈને કામ ...

કટુલુસનો ઈશારો થતાં જ કોરભીનુસે રબિરિઉસની તરફ ફરીને કહ્યું, '' આ બંનેને મારી સાથે મોકલી દો. બસ, મારું કામ બની જશે.

કોરભીનુસનો દુરાગ્રહ જોઈને રબિરિઉસનો પ્રાણ ઘૃણાથી ભભૂકી ઊઠયો. તે ખિન્ન મને બોલ્યો, '' કોરભીનુસજી ! આપ ક્ષમા કરો. હું તેઓને નહિ મોકલી શકું. એ બંને મળીને છ માણસના જેટલું કામ કરી નાખે છે. જો એ બંનેને આપ લઈ જાઓ તો મારું બધું કામ રોકાઈ જશે

રબિરિઉસનો કઠોર વિરોધ જોઈને કોરભીનુસ હિંમત કરી શક્યો નહિ, કે તે ફરીથી એ બે યુવકોની માંગણી કરે. હસી પડતાં કોરભીનુસે કહ્યું, '' ભલે, ભલે ! જવા દો એ વાત. હું કોઈ બીજા બંદીવાનોને લઈ જઈશ. પણ રબિરિઉસ ! એ બેનાં નામ શું છે ?

'' લારગુસ અને સ્મરાગ્દુસ. બિચારા એ બંને મોટા ખાનદાનના છોકરા છે. અહીં બંદીવાન થઈને આવ્યા છે, અને દિવસ–રાત મજૂરોની માફક ઘસાય છે. બંને બહુ જ મહેનતુ છે. એમ કહીને રબિરિઉસ, કોરભીનુસ અને તેના તાથી કટુલુસને સ્નાન–ગૃહના બીજા ઓરડામાં લઈ ગયો. બધી જગાએ મજૂરો કામ કરી રહ્યા હતા. કટુલુસની તીવ્ર આંખો ખ્રિસ્તીઓને બરાબર ઓળખી કાઢી શકતી હતી. આખા

સ્નાન–ગૃહમાં ફરી વળીને તેઓ એક નાના ખંડમાં જઈ પહોંચ્યા, જયાં કેટલાક થાકી ગયેલાં મજૂરો બેસીને થોડી વારને માટે આરામ કરી રહ્યા હતા. તેમની પાસે જઈને જોયું તો કોરભીનુસે એક વયોવૃદ્ધ બંદીવાનને તેઓની વચ્ચે બેસીને વાતો કરતાં જોયો. ખાડામાં ઊંડી ઊતરી ગયેલી તેની આંખો, લાંબી બરફના જેવી સફેદ દાઢી અને પગોમાં પડેલી ભારે–ભારે બેડીઓ ભાળીને કોરભીનુસ ઠરી ગયો.

" કોરભીનુસજી ! આપ સતુર્નિનુસને આપની સાથે લઈ જાઓ. બિચારો એંસી–બ્યાસીએ પહોંચીને ઘણો જ વૃદ્ધ થઈ ગયો છે. ગરીબથી હવે કામ પણ થતું નથી. દસ–દસ શેરની આ બેડીઓ બિચારાથી ઉપાડી પણ શકાતી નથી. એ તો સિરીયાકુશ અને સિસીનિયુસની કૃપા છે કે તેઓ આ ગરીબની આખો દિવસ સહાયતા કર્યા કરે છે. તેના પોતાના બળથી તો એ બિચારો ઊઠી–બેસી પણ શકતો નથી, તોપણ આપના કામમાં તો એ જરૂર આવી જશે.

રબિરિઉસના છેલ્લા શબ્દો સાંભળીને કોરભીનુસ ઘણો તપી ગયો, જાણે કે રબિરિઉસે ખેંચીને તેની છાતી પર વાગ્બાણ માર્યાં હોય! રબિરિઉસ પર ઘણી જ ક્રોધભરી દષ્ટિ કરતાં તે બોલ્યો, " હું એટલો બધો મૂર્ખ નથી કે એવા–એવા અર્ધ–મૂઆ કૂતરાઓંને એમ્ફીથિયેટરમાં લઈ જઈને મારી મજાક કરાવી લઉં. મને તો તમારા જેવા કોઈ લઠ્ઠ–પઠ્ઠ યુવકની જરૂર છે, જે મરવા અગાઉ જંગલી જાનવરો સાથે બે હાથ વડે લડાઈ તો કરી શકે ; નહિ તો સમ્રાટ અને પ્રેક્ષકોને આનંદ કેમ કરીને આવશે ? વારુ ઠીક ! હવે કયા કયા બંદીવાનો રહી જાય છે, તે મને બતાવો.

રબિરિઉસ, કોરભાનુસ અને કટુલુસને પાસેના એક બીજા ખંડમાં લઈ ગયો અને ત્યાં કામ કરતા કેદીઓને એક પછી એક દેખાડવા લાગ્યો. અચાનક કોરભીનુસની દષ્ટિ દૂર ઊભેલા એક યુવક પર પડી

અને તે રબિરિઉસનો હાથ પકડીને ધીમેથી બોલ્યો, " રબિરિઉસ ! પેલો યુવક કોણ છે ? સાદાં કપડાં પહેરીને આ કેદીઓની વચમાં કેમ ફરી રહ્યો છે ?

" નામની તો મને ખબર નથી. હા, એટલું તો જરૂર જાણું છું કે તે એક ભલો છોકરો છે. આખો દિવસ અહીં રહે છે અને આ ગરીબ બંદીવાનોની સહાયતા કરે છે. બિચારો બહુ જ દયાવાન છે.

" અહીં શું કરે છે ?

" જયારે કોઈ બંદીવાન થાકી જાય છે, ત્યારે એ યુવક તેને આરામ કરવા બેસાડી દે છે અને તેની જગાએ તે પોતે કામ કરવા લાગી જાય છે. ઘણો જ મહેનતુ યુવાન છે.

" તમે એનું નામ નથી જાણતા ?

" નહિ, નામ જાણવાથી મને શો લાભ થાય ?

" પણ, મને તો લાભ થાય એમ છે ને ? એમ બોલતાં–બોલતાં તો કોરભીનુસ ઝડપથી તે યુવકની તરફ ધસ્યો, અને ત્યાં પહોંચતાં જ જોરથી ગર્જી ઊઠયો, " પકડી લો ! આ બદમાશને પકડી લો.

કોરભીનુસનો અવાજ સાંભળતાં જ સિપાઈઓના એક મોટા ઝુંડે તે યુવકને ઘેરી લીધો. પોતાના પ્રિય સાથીને એવી રીતે ઘેરી લીધેલો જોઈને કેદીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. કોરભીનુસે પાસે આવીને તે યુવકના હાથોમાં તરત હાથ–કડીઓ પહેરાવી દીધી.

હાથોમાં હાથ–કડીઓ પહેરેલો પંકાસિઉસ હસી રહ્યો હતો. તેના પ્રફુલ્લિત અધરોમાંથી સહસા જ આ શબ્દો સરી પડયા, " પ્રભુ ઈસુ તમે કેટલા કૃપાળુ છો ! તમારા પ્રેમની શું કોઈ સીમા છે ? દુઃખોના સાગરરૂપ આ હાથ–કડીઓ તમારા પરમ પ્રેમની વિજય–માળા છે. મારા પ્રભુ ! અને તે ફરીથી હસ્યો.

પ્રકરણ ૨૭મું
બલિદાનની વેદી પર બીજું ફૂલ .....

સૂર્યાસ્ત થઈ ગયો હતો. આકાશમાં કાલિમા પથરાયે જતી હતી. રોમની સાંકડી ગલીઓમાંથી સંધ્યાનો ભૂખરો ઉજાસ પણ હવે વિદાય લઈ રહ્યો હતો. ઘરોનાં આંગણાં પ્રેક્ષકોની ભીડથી ખીચોખીચ ભરાઈ ગયાં હતાં. હાથોમાં ભારે ભારે હાથકડીઓ પહેરેલો પ્રેમનો ભ્રમર પંક્રાસિઉસ કારાગૃહની તરફ ચાલ્યો જતો હતો. તેના લાવણ્ય–ભર્યા હોઠો પર મન હરી લે તેવી સ્મિત–લહરી પ્રસરી રહી હતી. જાણે કે પોતાના પ્રિયતમની તરફથી આજ પહેલીવાર જય–માળાનું સન્માન તેને પ્રાપ્ત થયું હોય !

એ દશ્ય જોનારાઓના આનંદ અને ઉત્સાહ કાંઈ ઓછા નહોતા. તેઓની આંખો પણ આવા દશ્યને જોવા દિવસોથી તલસી રહી હતી. એક તરુણ ઈસુ–ભક્તને હાથ–કડીઓમાં આવી રીતે પોતાની નજરે જકડાયેલો જોઈને તેમની પ્રસન્નતાનું ઠેકાણું ન રહ્યું. કેટલેક સ્થળ તો લોકો પથ્થર પણ મારતા અને તરુણ ભક્તની સાથોસાથ પ્રભુ–ખ્રિસ્તને ગાળો પણ દેતા. પણ આ બધી વાતોથી પંક્રાસિઉસના મુખ ઉપર એક રજ પણ ફેરફાર જણાતો ન હતો. તે સ્મિત વેરતો ચાલ્યો જતો હતો અને તેના પ્રેમી પ્રભુની આ પ્રેમ–વાણી યાદ કરતો જતો હતો : " જે કોઈ મનુષ્ય મારા માર્ગ પર ચાલવા ચાહે છે તેણે પોતાનું સર્વસ્વ ત્યાગ કરીને વધસ્તંભ ઊંચકવો જ પડશે, કાંટાઓની પથારી પર સૂવું જ પડશે, દુઃખોના ઓઘની નીચે દબાઈ જવું જ પડશે ; પણ જે મનુષ્ય પોતાના જીવનની રક્ષા કરવા ચાહશે તે પોતાના જીવને ખોઈ બેસશે. કેમ કે તે જ વ્યકિત એ પરમ જીવનને પ્રાપ્ત કરી શકે છે કે જે મારે અને સુવાર્તા (શુભ સમાચાર) ને માટે પોતાના સમગ્ર જીવનને ન્યોછાવર કરી

દે છે.

રોમનાં બજારોને વીંધીને પંક્રાસિઉસ અને સિપાઈઓની ટોળી બંદીખાનાના દરવાજે પહોચી. તરુણ ભકતે રૂપિયાથી ભરેલી થેલી પોતાના ગજવામાંથી કાઢી અને પાસે ઊભેલા સિપાઈના હાથમાં છાનીમાની મૂકી દીધી અને કહ્યું, " આ લો અને ત્વરાથી જઈને સેબસ્તિયન અને મારાં માતાજીને ખબર કરી દો કે તેઓ કાલે સવાર થતાં જ મને મળી જાય.

મમેરટાઈન જેલની એ અંધારી કરાળ–કોટડીઓ કે જેણે એ હૃદય–હીન સામ્રાજયના અત્યાચારોને એક–એક કરીને જોયા છે એ અંધારી કોટડીઓ રોમન ઈતિહાસનાં પાનાં પર અમર થઈ ગઈ છે. એનાં બિહામણાં ભોંયરાં કે જેમાં પ્રભુ–ભકતોને ગોંધી રાખવામાં આવતા હતા, એ કદી ભૂલી શકાય એમ નથી. એક કરાળ કોટડીઓના કષ્ટનું વર્ણન થઈ શકે એમ નથી. તેમાં બે ભાગ હતા અને એ બંને ભાગની વચ્ચે લોઢાના સળિયા નાખીને એક પ્રકારની છત જેવું બનાવી લેવામાં આવ્યું હતું. ઉપર અને નીચે બંને ભાગમાં દાખલ થવાને માટે લોઢાના બે નાના–નાના દરવાજા કરવામાં આવ્યા હતા.તેમાં થઈને બંદીવાન મહામુશ્કેલીથી અંદર પેસી શકતો. જયારે નીચેનો ભાગ કેદીઓથી ખીચોખીચ ભરાઈ જતો ત્યારે નીચેના ભાગનો દરવાજો બંધ કરી દેવામાં આવતો. અને થોડા બચી ગયેલા કેદીઓને ઉપરના ભાગમાં ભરી દેવામાં આવતા. કોટડીમાં પુષ્કળ અંધારું રહેતું અને હવા પણ આવતી નહિ. જયારે ઉપરના ભાગમાં પણ બંદીવાનો ભરાઈ જતા, ત્યારે નીચેના ભાગમાંના કેદીઓના શ્વાસ ગુંગળાવા લાગતા. કેવળ એટલું જ નહિ પણ નીચેના ભાગમાં સખત મરડિયા કાંકરાઓથી ઉપસેલા પથ્થરો જડવામાં આવ્યા હતા. એવી કાંકરિયાળી જમીન ઉપર કોરડાના મારથી ઘાયલ થયેલા બંદીવાનોને સૂવું પડતું ત્યારે આકાશના દેવદૂતોની

આંખોમાંથી આંસુઓની ધારાઓ ગળવા લાગતી. આવી કરાળ કોટડીઓના અસહ્ય કષ્ટોને લીધે ઘણા જ બંદીવાનો તો એમ્ફીથિયેટરમાં જતા પહેલાં જ પોતાનો જીવ ખોઈ બેસતા હતા. તેઓને એમ્ફીથિયેટરનાં ખૂની જાનવરોની સામે જવાની જરૂર જ રહેતી નહિ. મમેરટાઈન બંદીવાસની એ જ અંધારી વિકરાળ કોટડીમાં આજે ભગવતી લૂસીનાનો એકનોએક આશાભર્યો અને લાડકવાયો યુવાન પુત્ર પંક્રાસિઉસ પ્રભુ ખ્રિસ્તના અમર પ્રેમને માટે પોતાના પ્રાણનું બલિદાન દઈ જીવન સાર્થક કરવા આવી પહોંચ્યો હતો. •

પંક્રાસિઉસને આખી રાત એ જ કોટડીમાં રહેવું પડયું. કષ્ટ તો પાર વિનાનું થતું હતું, પણ પ્રેમના પરવાના કષ્ટોની પરવા કયારે કરે છે ! તે સવાર પડતાં જ ઊઠયો અને ભરી–ભરી ભાવનાથી, આનંદભેર ખ્રિસ્તના પ્રેમથી રસળતાં ગીતો મંદ ધ્વનિએ ગાવા લાગ્યો. સૂર્યોદય થતાં જ કેદખાનાના કોઈ મોટા અધિકારીએ આવીને તેને કચેરીમાં જવાને માટે તૈયાર થઈ રહેવાનો હુકમ કર્યો, ત્યારે પંક્રાસિઉસે હસતાં હસતાં જવાબ દીધો, " ભાઈ ! હું તો કયારનો ય તૈયાર છું.

ઉપર પ્રમાણે પ્રત્યુત્તર સાંભળીને અમલદાર દરવાજા પર જ અટકી ગયો, અને અત્યંત ભાવ–ભર્યા નેત્રથી તરુણ ભકતની તરફ તાકી રહ્યો ; જાણે કે પંક્રાસિઉસે તેને મોહની લગાડી દીધી હોય નહિ ! કાંઈક સમય મૌન થઈ રહ્યા પછી અમલદારે કહ્યું, " પંક્રાસિઉસ ! તમને ફાંસી મળવાની છે તોપણ તમે પ્રસન્ન છો ?

" કેમ નહિ ? ફાંસી પર લટકવામાં આનંદ પણ બહુ જ છે, ભાઈ !

અધિકારીનો જીવ ચાહતો હતો કે તે આખો દિવસ પંક્રાસિઉસનું વદન નિહાળ્યા કરે ; પણ જયારે તેણે પીઠ ફેરવીને પાછળ જોયું તો તેણે રોમના મુખ્ય અધ્યક્ષ તેરતુલુસને આવતો દીઠો, તેથી તે આગળ વધ્યો.

કાળ–કોટડીની પાસે આવીને તેરતુલુસ અટકી ગયો, અને પંક્રાસિઉસે લોઢાના સળિયામાંથી હસીને તેને પ્રણામ કર્યા. વયોવૃદ્ધ અધ્યક્ષ ઘણી વાર સુધી મૂંગો ઊભો રહીને પંક્રાસિઉસને જોઈ રહ્યો. સોળ વર્ષના એ નવ–યુવક જેણે આવા વિશાળ રોમન સામ્રાજયમાં પ્રભુ–પ્રેમનું આંદોલન મચાવી મૂક્યું હતું ; તે નવ–તરુણ સામો ઊભો રહીને હસતો હતો. તેની કમળ સમાન સુંદર આંખોમાંથી આવી અવસ્થામાં પણ દયા, પ્રેમ અને આનંદની કિરણાવલિ ચમકી રહી હતી. તેરતુલુસ પંક્રાસિઉસના મહાન વ્યકિતત્વથી પ્રભાવિત થયા વિના ન રહી શક્યો. તેના હૃદયમાં કુદરતી રીતે જ દયાનો ભાવ જાગી ઊઠયો, અને એક પળને માટે તો તેને ઈચ્છા થઈ આવી કે તે પંક્રાસિઉસને કાળ–કોટડીમાંથી મુકત કરી દે. પણ બીજી જ પળે તેને પેલી જૂની વાતો, પેલું ભારે અપમાન અને પેલી અગણિત મુસીબતો યાદ આવી. જે તેને આ વિદ્રોહી તરુણને લીધે સહન કરવી પડી હતી. તે કારણથી તેરતુલુસના મનોભાવ તરત બદલાઈ ગયા, અને ભયંકર રૌદ્ર સ્વરૂપમાં તેણે પંક્રાસિઉસને કહ્યું, " પંક્રાસિઉસ! છેવટે તમે ફસાઈ જ ગયા ને ? પણ તમને પકડતાં અમને ભારે કષ્ટ વેઠવું પડયું છે, હો. હવે તો તમારા અપરાધોનો બદલો તમારે ચૂકવવો જ પડશે. જયારથી તમે ઘોષણા–પત્ર ફાડયું છે ત્યારથી દેવાધિદેવ સમ્રાટ તમારા પ્રત્યે આગનો ભડકો બની બેઠા છે. ખૂની ચિત્તા અને ભૂખ્યા ડાંસ સિંહોની પાસે નાખી દઈને તેઓ તમારા ટુકડે–ટુકડા કરાવી નંખાવવાને તલપી રહ્યા છે, પણ મને તો તમારા પર દયા આવે છે. હું તો નથી ચાહતો કે તમને આવી નિર્દય રીતે ખૂની સિંહોની પાસે નાખી દેવામાં આવે. હજુ તો તમે બાળક જ છો, જીવનનો કોઈ આનંદ પણ હજુ સુધી માણ્યો નથી, તેથી હું તમને બચાવી લેવા ઈચ્છું છું. મારી વાત માનો અને હમણાં જ મારી સાથે રાજમહેલમાં ચાલો. અમારા દેવાધિદેવ સમ્રાટના ચરણોમાં પડી જઈને તમારા અપરાધોની ક્ષમા માગી લો. તેઓ જ આ પૃથ્વીના

ભગવાન છે. કદાચને તેઓ ક્ષમા કરી પણ દે. વળી જો તેમની કૃપાદષ્ટિ થઈ ગઈ તો માલેતુજાર બની જશો.

મુખ્ય પ્રધાનના આ મૂર્ખતા–પૂર્ણ પ્રયાસ પર તરુણ ભકતને હસવું આવી ગયું. જે પોતે જ ભિખારી છે તે કોઈને શું ધનવાન કરી શકશે ? જે પોતે જ દયાને પાત્ર છે તે કોઈના ઉપર શી દયા કરી શકશે? પોતાના હાથોના સંકેતથી પંક્રાસિઉસે વધસ્તંભનું કલ્યાણ પ્રતિક બનાવ્યું અને ઊંડા દર્દ–ભર્યા અવાજે બોલ્યો, " પ્રધાનજી ! મને સમ્રાટની કૃપા નથી જોઈતી, અને જીવન–ભિક્ષા મેળવવાની પણ આકાંક્ષા નથી. હું તો ખ્રિસ્ત–ચરણોનો સેવક છું. અને મરતાં–મરતાં પણ તેમના શરણમાં રહેવા ચાહું છું. એ જ ચરણોમાં મારું કલ્યાણ છે અને આપના શ્રી સમ્રાટ ? તે તો પોતે જ દયાને પાત્ર છે. પાપોની આગમાં તે પંડે જ દિન–રાત બળ્યા કરે છે. તે કોઈના પર શું દયા કરશે ? અને આપની આ મૂર્તિઓ ! તે તો ખરેખર નાશવંત છે. આજે નહિ તો કાલે, કે કાળાંતરે તેને નષ્ટ થવું જ પડશે. પછી એની પૂજાથી .....

" ખેંચી લો ! બદમાશની જીભ ખેંચી લો ! અને એના પર કોરડા વીંઝો. પંક્રાસિઉસનું વાકય હજુ પૂરું પણ થયું નહોતું ત્યાં તો ક્રોધમાં લાલચોળ બનીને અધ્યક્ષ મહાશય ગર્જી ઊઠયો.

આજ્ઞા મળતાં જ મારાઓ પોતાના લાંબા–લાંબા કોરડાઓ લઈને પંક્રાસિઉસની તરફ આગળ વધ્યા. પંક્રાસિઉસ પૂર્ણ–પણે સ્વસ્થ અને શાંત ઊભો હતો. તે ઘણા જ સ્પષ્ટ ભાવથી બોલ્યો, " પ્રિય અધ્યક્ષજી ! આપની મધુર આજ્ઞાનો હું ખરા અંતઃકરણથી સત્કાર કરું છું. આપ નકકી માનજો કે મારાં રોમેરોમ આપને ધન્યવાદ દઈ રહ્યાં છે. આપની કૃપાથી જ મને પ્રેમ–પરીક્ષાનું આ પરમ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે.

પંક્રાસિઉસની વાતો સાંભળીને તેરતુલુસ સ્તબ્ધ બની ગયો.

મારાઓના કોરડા નીચા નમી ગયા. અધ્યક્ષની ક્રોધ–ભરી આંખો પણ લજ્જાને લીધે નીચે નમી ગઈ અને તે છાનોમાનો આગળ ચાલ્યો ગયો. પંક્રાસિઉસને અધ્યક્ષનો હુકમ સંભળાવ્યો. સમ્રાટને ઈશ્વર ન માનવો અને ખ્રિસ્તની પૂજા કરવી, એ અપરાધના સંબંધમાં પંક્રાસિઉસને સમ્રાટ મકસીમિયનના જન્મોત્સવના દિવસે એમ્ફીથિયેટરના પિંજરામાં નાખી દેવાનો નિર્ણય થઈ ગયો હતો.

રોમની નાસ્તિક પ્રજા જે આનંદ–ભર્યા દિવસની આતુરતાથી રાહ જોઈ રહી હતી, તે દિવસ બિલકુલ નજદિક આવી પહોંચ્યો હતો. એક બાજુએ રાજમહેલમાં સમ્રાટના જન્મોત્સવની તૈયારીઓ થઈ રહી હતી અને બીજી બાજુએ પંક્રાસિઉસ અને એમ્ફીથિયેટરના ખેલોની ચર્ચાઓ ચાલી રહી હતી. ઉત્સવને આગલે દિવસે આખા રોમમાં દાંડી પિટાવવામાં આવી કે " દેવાધિદેવ સમ્રાટના જન્મોત્સવને દિવસે સમ્રાટની હાજરીમાં ઈસુ–ભકત પંક્રાસિઉસને ફલાવિયન થિયેટરમાં આફ્રિકન સિંહોની આગળ નાખી દેવામાં આવશે.

સમ્રાટ મકસીમિયનની આજ્ઞા હતી, કે એમ્ફીથિયેટરના પાંજરામાં નાખ્યા પહેલાં એક દિવસ અગાઉ અપરાધીઓને થોડા સમયને માટે મુકત કરવામાં આવે, જેથી કરીને કેદખાનાની ચાર ભીંતોની વચ્ચે તેઓ પોતાનાં સગાંસંબંધીઓને ખુલ્લા દિલે મળી શકે. એ છેલ્લા દિવસે સરકારની તરફથી ગુનેગારો અને તેમનાં સ્નેહીજનોને માટે વિવિધ પ્રકારનાં ખાનપાનનો ખાસ આકર્ષક પ્રબંધ કરવામાં આવતો. કેદખાનાના એક ઉઘાડા ખંડમાં મેજ શણગારવામાં આવતી. ત્યાં બેસીને બંદીવાન પોતાના મિત્રોની સાથે ભોજન કરતો. કાળ–કોટડીમાં આવ્યા પછી અપરાધીઓને પોતાના પ્રિયજનોના પ્રેમભરપૂર મિલનનો આ પહેલો અને છેલ્લો અવસર મળતો. પંક્રાસિઉસનો પરમ સ્નેહી સેબસ્તિયન શાહી સેનાપતિ હોવાથી પ્રતિદિન કારાવાસમાં

આવી જતો. આગલે દિવસે સમ્રાટનો જન્મોત્સવ હતો, તેથી સાંજને સમયે સેબસ્તિયન બીજી વાર કારાવાસમાં આવ્યો. જેવો તે કાળ –કોટડીના દરવાજામાં પેઠો તેવો જ પંક્રાસિઉસ હાસ્ય વેરતાં બોલી ઊઠયો, " સેબસ્તિયન, વહાલા બંધુ ! ત્યાં જુઓ, તમારી પાછળ કોણ છે ? સેબસ્તિયને પાછળ ફરીને જોયું તો કિરણ–દાતા દિનકર પંક્રાસિઉસને પોતાના કર પ્રસારી અંતિમ આશીર્વાદ દઈને હસતો–હસતો વિદાય લઈ રહ્યો હતો.

" વહાલા સેબસ્તિયન ! પેલો દિવસ યાદ છેને ? તે આવો જ સમય હતો કે જયારે કિરણ–દાતા દિનકર પશ્ચિમી ગિરિમાળાની સોડમાં આવી રીતે જ વિશ્રામ લેવા જઈ રહ્યો હતો, અને આપણે બંને મહેલના ઝરુખામાં ઊભા રહીને વાતો કરી રહ્યા હતા, ત્યારે એકાએક સંધ્યાની નીરવતાનો ભંગ કરતો વન–પશુઓની ગર્જનાનો એક અવાજ આપણા સાંભળવામાં આવ્યો હતો. વળી ભાઈ ! તમને એ પણ યાદ હશે કે તે દિવસે આપણે એક વિજય–સ્તંભની કલ્પના કરી હતી.

વિજય–સ્તંભની યાદ આવતાં જ સેબસ્તિયન ભાવનામાં તરબોળ થઈ રહ્યો. તે પ્રેમથી રસળતા સ્વરમાં બોલ્યો. " હા, પંક્રાસિઉસ, મારા નાનેરા બંધુ ! મને તે યાદ છે. તે વખતે તમે કહ્યું હતું, કે હું પણ એક દિવસ ફલાવિયન એમ્ફીથિયેટરમાં મારા પ્રભુનો વિજય–સ્તંભ લહેરાવીશ.

" ભાઈ ! આખરે તે ગૌરવી ઘડીઓ આવી જ પહોંચી. પ્રભુ કેટલા કૃપાળુ છે ! કાલે જ મારી કલ્પનાનો એ સ્તંભ લહેરાશે અને મારું જીવન કૃતાર્થ થઈ જશે. ભાઈ ! હું કેટલો ભાગ્યવાન છું ; તેથી જ તો આ અમર ઉજ્જવળતાની સાથે તેમણે મારું એ સોનેરી સ્વપ્ન પૂરું કરી દીધું.

સેબસ્તિયને પાછા ફરીને જોયું તો તેના ગુલાબી ગાલો પર

મોતી–બિંદુ સરી આવ્યાં હતાં અને સૂર્યનાં અંતિમ કિરણો તેમાં ચમકી રહ્યાં હતાં. તે ભાવ–મુગ્ધ થઈ બોલ્યો, " પંક્રાસિઉસ ! ખરેખર તમે બહુ ભાગ્યશાળી છો. તમારા પર પ્રભુ–કૃપાની વર્ષા થઈ છે. તેઓ કરુણાના સાગર છે. તેમની અપાર કૃપા વિના આવું પરમ સુભાગ્ય કોઈને પણ મળી શકતું નથી. કાલે તમારી પ્રેમ–પરીક્ષાનો દિવસ છે. તમે આનંદ–મગ્ન તો છો ને ?

" આનંદ ? ભાઈ કાલનો દિવસ તો મારે માટે પરમ આનંદનો દિવસ છે. એક દીર્ઘકાલીન વ્યથા–ભરપૂર વિયોગ પછી હું કાલે મારા પ્યારા સ્વામીને ઘેર પહોંચીશ. તેમના પવિત્ર દર્શનને માટે તૃષાતુર બની રહેલી મારી આંખો વર્ષો પહેલાં જે દિવસની વાટ જોઈ રહી હતી, તે દિવસ : મારા પ્રિયતમના મિલનનો દિવસ : મારો મિલન તહેવાર કાલે આવી પહોંચશે.

પ્રેમના આત્યંતિક ભાવાવેશથી પંક્રાસિઉસની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી, અને તે નાના બાળકની માફક હીબકી–હીબકીને રોવા લાગ્યો. સેબસ્તિયન મંત્ર–મુગ્ધ થઈને ભકત–બાળકની તરફ જોઈ રહ્યો. પોતાના શ્વેત ખમીશના છેડાથી પોતાની ભીની પાંપણો લૂછતાં–લૂછતાં પંક્રાસિઉસ બોલ્યો, " ભાઈ ! મારા આ પરમ ભાગ્ય પર કોઈ કોઈ વાર તો હું પોતે આશ્ચર્ય–ચકિત થઈ જાઉં છું. કોઈ કોઈ વાર તો મને ભય લાગે છે, કે મારા આ સૌભાગ્યની જયમાળા અરે ! કોઈ છીનવી તો નહિ લેને ! પણ ભાઈ ! તમે મને તે દિવસે રોમમાંથી પરાણે બહાર કેમ મોકલી દીધો
હતો ? શું મને આ સોનેરી ભાગ્યથી વંચિત કરવા ચાહતા હતા ને ?

સેનાપતિની આંખો ભરાઈ આવી હતી, તેણે ગુંગળાતા સ્વરમાં ઉત્તર દેતાં કહ્યું, " તમે નથી સમજતા, પંક્રાસિઉસ ! એમાં એક ઊંડો હેતુ હતો. તમે સમ્રાટનો ઘોષણા–પત્ર ચોર્યો હતો, તેથી રોમની સમસ્ત સેના

તમારી પાછળ લાગેલી હતી. જો તમે રોમથી બહાર ન જાત તો તેઓ તમને ક્યાંય ને ક્યાંય પકડી જ લેત. તે વખતે ચોરના રૂપમાં તમારે અહીં આવવું પડત. પણ જે મહાન ગૌરવની સાથે તમે આજે અહીં આવ્યા છો તે ગૌરવથી સદાને માટે વિમુખ રહી જાત. શૂળી કે ફાંસી તો તમને ત્યારે પણ મળત, પરંતુ ખ્રિસ્ત–ભકિતના ગૌરવમય અપરાધને માટે નહિ, કિંતુ ચોરીના અપરાધને માટે જ તેમ બનત. મને એની જ ભારે ચિંતા હતી. એ કારણે મેં તમને એવા દુર્ભાગ્યથી બચાવી લીધા હતા.

હવે જ ખરેખરી વાત પંક્રાસિઉસના સમજવામાં આવી. સેબસ્તિયનની સત્યતા અને તેના નિઃસ્વાર્થ બંધુ–ધર્મનું તેને ઉજ્જવળ પ્રમાણપત્ર મળ્યું. ઘણા પ્રેમથી પંક્રાસિઉસ બોલ્યો, " ભાઈ, સેબસ્તિયન! તમે કેટલા ભલા છો ? ભૂલ મારી જ હતી, મને ક્ષમા કરો ; કોઈ બીજી વાત કહો. હવે સમય પણ બહુ જ થોડો રહ્યો છે.

" બસ, પંક્રાસિઉસ ! હવે મારું કર્તવ્ય પૂરું થઈ ચૂક્યું. કાંઈક દિવસો પહેલાં તમારાં વંદનીય માતાજીએ મને તમારો હાથ પકડાવ્યો હતો, તે દિવસથી મને એમ લાગતું હતું કે જાણે મારા ખભા પર તમારો ભાર હોય નહિ ? હું આ વાતથી ઘણો પ્રસન્ન છું, કે અગાધ પ્રભુ–કૃપા અને તમારા અપૂર્વ ત્યાગને લીધે આજે હું મારા એ કર્તવ્ય–ભારથી મુકત થઈ ગયો છું. અધ્યક્ષ તેરતુલુસની કચેરીમાં જે દિવસે તમારા મુકદ્દમાનો ફેંસલો સંભળાવવાનો હતો ત્યારે રોમની તમામ જનતા કચેરી પર ઊતરી પડી હતી. એક ખૂણામાં ઊભો રહીને આ તમારો સાથી પણ ઘણી અધીરતા સહિત અધ્યક્ષના આવવાની વાટ જોઈ રહ્યો હતો. તમારા ભાગ્યની સાથે–સાથ તમારા આ ગરીબ સાથીના નિઃસ્વાર્થ પ્રયત્નોનો પણ ફેંસલો થવાનો હતો. પંક્રાસિઉસ ! જે સમયે અધ્યક્ષ તેરતુલુસે તમારા પ્રાણ–દંડનો ફેંસલો વાંચી સંભળાવ્યો ત્યારે તમારો આ સાથી ગળગળો થઈ ગયો. તેનાં તમામ કર્તવ્યો, તેના તમામ પ્રયત્નો

સફળ થઈ ગયા. હવે તમે વિજયી થઈ ચૂક્યા છો, વીર !

સેબસ્તિયનની વાતો સાંભળીને પંક્રાસિઉસની અંતર–સરિતામાં એક વાર ફરીથી ભાવનાઓનાં મોજાં ઊછળી આવ્યાં. વીર સેબસ્તિયનના ખભા પર શિર ટેકવીને તે દ્રવી ઊઠયો, " ભાઈ, સેબસ્તિયન ! ખરેખર તમે દેવદૂત છો. મારા જીવનમાં તમે ઈશ્વરની સાક્ષાત્ કૃપા બનીને આવ્યા છો. તમારા ઉપકાર, તમારી નીતિમતા, તમારો પ્રેમ ... ભાઈ ... ભાઈ ... હવે તમે છૂટી જશો ; પણ આજે થોડો સમય તો મારી સાથે રહો. મારાં માતાજીને માટે કાલે અંતિમ સમયે હું તમને એક સંદેશો દઈશ. બિચારી તેને તે પહોંચાડી દેજો. આવતી કાલે મારી પાસે રહેશો ને ?

" ધૈર્ય રાખો, પંક્રાસિઉસ ! હું કાલે અંત સમય સુધી તમારી સાથે જ રહીશ. રડો નહિ, ભાઈ ! મારા પ્રાણ–બંધુ ! આપણે હવે લાંબા કાળ સુધી એક બીજાથી જુદા નહિ રહી શકીએ. આ કડવા વિયોગનો તરતમાં જ અંત આવશે. આપણે એ કિરણ ઝરતા પવિત્ર ચરણોમાં શીઘ્ર જ મળીશું, મારા પ્યારા બંધુ !

* * * * * * *

ફલાવિયન એમ્ફીથિયેટર પર ઘણું કરીને આજ પહેલી જ વાર એવો સમારંભ યોજવામાં આવ્યો હતો, કે સમ્રાટ મકસીમિયનના સ્વાગતને માટે એનો ખૂણે–ખૂણો શણગારી દેવામાં આવ્યો હતો. પ્રેક્ષકોને માટે ચારે બાજુએ મોટા–મોટા વરંડાઓ તૈયાર કરી દેવામાં આવ્યા હતા અને તેને ફૂલ–પાન તથા ધજા–પતાકાથી સુશોભિત કરી મૂકવામાં આવ્યા હતા. એ ઉપરાંત પૂર્વની બાજુએ એક અતિ સુંદર મંચ પણ તૈયાર કરવામાં આવ્યો હતો, જેના પર બેસીને સમ્રાટ અને તેની સંસદના સભ્યો જંગલી જાનવરોના ખેલો અધિક સરળતાથી જોઈ શકે.

રોમના નાગરિકોની આંખો પણ એ વિચિત્ર ઉત્સવ જોવાને

માટે કોણ જાણે કયારથી ય તલસી રહી હતી. પંક્રાસિઉસના પકડાયા પછી તો રોમની નાસ્તિક જનતામાં ઉત્સાહનું એક ભારે મોજું ઊછળી રહ્યું હતું. તેથી જન્મોત્સવને દિવસે સવાર થતાં જ એમ્ફીથિયેટરનું વિશાળ ચોગાન ભરાવા લાગ્યું. લોકોના આનંદની કોઈ સીમા નહોતી. કોઈક માણસો તો ખૂની સિંહોના પાંજરા પાસે જતા અને સીટ્ટિયો વગાડીને એ ભૂખ્યા–ડાંસ સિંહોને ચીડવી એક પ્રકારનો આનંદ માણતા.

બપોરે બરાબર બાર વાગે રોમન સમ્રાટ મકસીમિયને એમ્ફીથિયેટરમાં પ્રવેશ કર્યો તેવો જ પ્રેક્ષકોની તાળીઓથી સભા–મંડપ ગૂંજી ઊઠયો. પોતાનું શાહી કુટુંબ અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓને સાથે લઈને, જયારે સમ્રાટ પોતાના સિંહાસન પર જઈને બેસી ગયા ત્યારે સૌથી પહેલાં રોમના પ્રખ્યાત યોદ્ધાઓનાં ખેલો શરૂ થયા. તલવારો અને પટાબાજીના એ ખેલો લાંબા સમય સુધી થતા રહ્યા. પ્રેક્ષકોની ધીરજ ઓસરતી જતી હતી. ખ્રિસ્તીઓ અને ભૂખ્યા સિંહો વચ્ચેનું યુદ્ધ જોવાને તેઓ અધીર થઈ રહ્યા હતા. માણસોની ખીચોખીચ ભરેલી મેદનીમાંથી એકાએક આવો અવાજ ઊઠયો, " આ ખેલો બંધ કરો ; બંધ કરો. ખ્રિસ્તીઓના ખેલો ચાલુ કરો.

જનતાનો આતુર આગ્રહ જોઈને યોદ્ધાઓના તમાશા બંધ કરી દેવામાં આવ્યા. આ તરફ પ્રેમના પરવાના પણ તૈયાર થઈને બેઠા હતા. તેઓને સવાર થતાં જ કાળ–કોટડીમાંથી કાઢીને એમ્ફીથિયેટરના એક મોટા અને સુસજ્જિત ખંડમાં મોકલી દેવામાં આવ્યા હતા અને હાથ–કડીઓ કાઢી નાખવામાં આવી હતી. ભકત–મંડળી સવારથી જ પ્રભુ–પ્રેમથી ભરપૂર ગીતોનો આનંદ લૂટી રહી હતી. કપ્તાન કોરભીનુસ અચાનક તે જ ખંડમાં દાખલ થયો અને પંક્રાસિઉસની પાસે જઈને વ્યંગાત્મક ભાવે બોલ્યો, " ધન્ય છે મારા દેવતાને ! કે જેણે મને આ શુભ દિવસ જોવા દીધો. હવે તો હું મારી બધી અભિલાષાઓ પૂરી કરી લઈશ.

કોણ જાણે કેટલાંયે કષ્ટો ઉઠાવ્યા પછી આ સૌભાગ્યનું દર્શન કરવા પામ્યો છું.

કોરભીનુસની વાતો સાંભળીને પંક્રાસિઉસ મૌન જ રહ્યો, કાંઈ બોલ્યો નહિ. કોરભીનુસે દાંત પીસતાં–પીસતાં પંક્રાસિઉસના હાથોમાં બહારની બાજુએ હાથ–કડીઓ નાખીને તુચ્છકાર ભરેલા શબ્દોમાં કહેવા માંડયું. " હવે મોતથી બીએ છે, કાં ?

" નહિ તો ! મોતની બીક કેવી ? એ તો સન્માનની એક નિશાની છે. અતિશય શાંત ભાવથી પંક્રાસિઉસે પ્રત્યુત્તર દીધો, અને પોતાનો બીજો હાથ પણ વધારે આગળ લંબાવી દીધો.

હાથોમાં હાથ–કડીઓ પહેરાવીને કોરભીનુસે ફરી એકવાર સંત યુવકની તરફ જોયું અને ઘણા જ લજજા–હીન શબ્દોમાં કહ્યું, " બદમાશ ! મહિનાઓ સુધી હેરાન–પરેશાન કરીને હવે સાધુનો સ્વાંગ સજે છે, કાં ?

પંક્રાસિઉસે ધૈર્ય સાથે બધું સાંભળ્યા કર્યું. છેવટે તે બોલ્યો, " કોરભીનુસ ! તમે જે ચાહો છો તે કહી લો, પણ તમારે આવી વાત ન કરવી જોઈએ કે મેં તમને સતાવ્યા છે. તે દિવસે રાતને સમયે ફુંદીથી પાછા ફરતી વખતે જે દયાજનક બીના બની રહી હતી તેને તમે આટલી જલદીથી ભૂલી ગયા ?

" દયાજનક ? કઈ દયાજનક બીના ? આશ્ચર્ય સહિત કોરભીનુસે પૂછયું.

" પેલી વાત, યાદ કરો. જયારે તમે ફુંદીથી પાછા ફરતી વખતે નહેરમાં પડી ગયા હતા, તમારો રથ ભાંગીને ભુકકો થઈ ગયો હતો અને તમે બેશુદ્ધ થઈને નહેરમાં તણાતા જતા હતા ; એ વાત યાદ કરો. ત્યારે મેં જ તમને બહાર કાઢયા હતા, તોપણ તમે કહો છો કે હું તમારો શત્રુ છું. પંક્રાસિઉસની વાત સાંભળીને કોરભીનુસે એવું ધારી લીધું કે કદાપિ

પેલી રાતનો ભેદ ખુલ્લો થઈ જશે. તેથી તે ગભરાઈ ગયો, અને તરત જ તેણે નિર્ણય કરી લીધો કે સૌથી પહેલાં પંક્રાસિઉસને જ એમ્ફીથિયેટરમાં મોકલી દેવો કે પાછળથી ન રહે ' વાંસ અને ન રહે વાંસળી. તે બહાર ઊભેલા સિપાઈઓને બોલાવવા લાગ્યો કે તરત પંક્રાસિઉસે તે કહ્યું, '' કોરભીનુસ ! તમે મને જેવો સમજતા હો તેવો ભલે સમજો, પણ હું તમને આજ સુધી પોતાનો ભાઈ જ સમજતો આવ્યો છું. તે દિવસે હું પણ ફુંદીથી પાછો રોમ તરફ આવી રહ્યો હતો. રસ્તામાં તમારો તૂટેલો રથ મારી નજરે પડયો. મેં મારા ઘોડા પરથી ઊતરીને જોયું તો તમારા ઘોડા મરેલા પડયા હતા અને તમે નહેરમાં ડૂબી રહ્યા હતા. મેં જ તમને નહેરમાંથી બહાર કાઢયા અને મારા કપડાથી ઘસી–ઘસીને તમને કોરા બનાવી દીધા. તમારી રૂપિયાની થેલી મેં સંભાળીને તમને આપી દીધી હતી, પણ તમારું આ ચપ્પુ હું મારી સાથે લઈ ગયો હતો. લો, મારી આખરી નિશાની સંભાળીને તમારી પાસે રાખજો.

ચપ્પુ જોઈને કોરભીનુસ સ્તબ્ધ બની ગયો. પંક્રાસિઉસનું મહાન વ્યકિતત્વ, તેની અસીમ ઉદારતા અને અગાધ ક્ષમાશીલતાની કોરભીનુસના હૃદય પર છાપ પડી ગઈ. શરમના માર્યા તેનું શિર નમી પડયું.

તેનાથી થઈ ગયેલાં બધાં પાપો તેની આંખો સામે ઘૂરકવા લાગ્યાં. શાળામાંથી ઘેર પાછા ફરતાં પંક્રાસિઉસ પર તેણે જે નિષ્ઠુર પ્રહાર કર્યો હતો, કટાકુમ્બમાં સંતાઈ રહીને પ્રભુની આરાધના કરનારા નિર્દોષ ભકતો પર તેણે જે સિતમ વરસાવ્યો હતો, બિચારી આંધળી સિસિલિયાનો તેણે જે ભયંકર ક્રૂરતાથી જીવ લીધો હતો, ગુરુજી પર જે અત્યાચાર કર્યો હતો, અને એવી રીતે કોણ જાણે કેટલી યે વાતો તેને યાદ આવવા લાગી અને તેનું હૃદય અતિશય આત્મ–પરિતાપમાં બળવા લાગ્યું. લાંબા સમય સુધી મૌન બની રહી ઊભો–ઊભો વિચારતાં

ગરક થઈ ગયો. પછી હાથ જોડીને આસ્તેથી બોલ્યો, '' પંક્રાસિઉસ ! ક્ષમા કરો.

સત્યનો એક બીજો વિજય ! ભકત–બાળકે હસતાં હસતાં પોતાના હાથો કોરભીનુસના ખભા પર મૂકયા અને વિરલ પ્રેમથી બોલ્યો, '' કોરભીનુસ ! મેં તમને હૃદયથી ક્ષમા કરી દીધી છે. આ વખતે તો મારાં રોમે–રોમ તમને આશીર્વાદ દઈ રહ્યાં છે. કેમ કે તમારી જ કૃપાથી મને આજે આ શુભ દિવસનું : પ્રેમ–પરીક્ષાના સોનેરી દિવસનું દર્શન થયું છે. હવે ઈશ્વરની વાત કરું ? તેમના વિષે તમે જાણો જ છો કે તેઓ તો કરુણાના અસીમ સાગર છે. જો તમે તન–મનથી એક વાર પણ તેમનું શરણ લો અને ક્ષમા માગો તો તેઓ તમને ક્ષમા કરી દેશે. ધ્યાન રાખજો, કોરભીનુસ ! પ્રાત:ઉષામાં ધોવાયેલી પુષ્પ પાંખડીઓની પેઠે પશ્ચાતાપનાં આંસુઓમાં જીવનનાં ભયંકરમાં ભયંકર પાપો ગળી જાય છે : ધોવાઈ જાય છે.

કોરભીનુસ શાંત મને બધું સાંભળી રહ્યો હતો. જાણે કે જીવનમાં આજે પહેલી વાર તે પંક્રાસિઉસને સમજવાનો પ્રયત્ન કરતો હોય ! વળી થોડો સમય શાંત રહ્યા પછી પંક્રાસિઉસ ફરીથી બોલ્યો, '' ભાઈ, કોરભીનુસ ! આ ક્ષણભંગુર જીવનનું કાંઈ ઠેકાણું નથી. કોણ જાણે કયારે મૃત્યુનો પેગામ આવી પહોંચે અને આપણે ચૂપચાપ તેની સાથે ચાલતા થવું પડે. તેથી તમારે હવે વિલંબ ન કરવો જોઈએ. પ્રભુના ચરણોનું શરણ લઈને તમારે આજથી જ તમારા કલ્યાણના પંથે ચડી જવું જોઈએ.

અહીં કપ્તાન કોરભીનુસ પ્રેમ–મુગ્ધ થઈને પંક્રાસિઉસની વાતો સાંભળી રહ્યો હતો અને ત્યાં એમ્ફીથિયેટરમાં પ્રેક્ષકો શોર મચાવી રહ્યા હતા. એટલામાં એક સિપાઈ દોડતો–દોડતો આ ખંડમાં આવી પહોંચ્યો અને કોરભીનુસને કહેવા લાગ્યો, '' કપ્તાન સાહેબ ! આપ

અહીં શું કરી રહ્યા છો ? આ લોકોને જલદી લઈ ચાલો. થિયેટરમાં લોકો તોફાન મચાવી રહ્યા છે. જો કદી સમ્રાટને પણ ક્રોધ આવી ગયો તો આપણે બધા માર્યા જઈશું.

માર્યા જવાની વાત સાંભળતાં જ કોરભીનુસનો દુર્બળ જીવ ભયથી કંપી ઊઠયો અને તેણે ખ્રિસ્તીઓને એકદમ એમ્ફીથિયેટરની તરફ ચાલવાનો હુકમ કર્યો.

ભકત–મંડળી એક સાંકડા વરંડામાં થઈને પાંજરાની તરફ વધવા લાગી. કેટલેક છેટે ગયા પછી પંક્રાસિઉસની નજર વીર સેબસ્તિયન પર પડી. ભકત–બાળકે ધ્યાનથી જોયું તો સેબસ્તિયનની ઓથમાં કાળો સાળુ ઓઢીને એક આધેડ સરખી સ્ત્રી ઊભેલી દીઠી. તેની પાસે પહોંચતાં જ પંક્રાસિઉસ ઊભો રહ્યો અને આગળ આવીને તે ચિર–પરિચિત હાથ પકડી લીધો. તે જ હાથોમાં ભકત–બાળકનું ભોળું બાળપણ હસતાં–રમતાં વીત્યું હતું. હાથોમાં હાથકડી જકડાઈ રહી હતી, તેથી માની આગળ પ્રેમ–ભાવે નમીને તેણે પ્રણામ કર્યા અને ધીરેથી બોલ્યો, " મા ! ખરેખર તમે કેટલા બધાં ભાગ્યવંત છો ? તમારી કલ્પનાનો પેલો સોનેરી દિવસ ; જુઓ, કેટલો જલદી આવી પહોંચ્યો ! હવે તમે મને આશીર્વાદ દો, મા ! કે હું બહુ જલદી આપણા પ્યારા પ્રભુના ચરણોમાં પહોંચું. બાપુજી પણ મારી રાહ જોઈ રહ્યા હશે.

" તને ધન્ય છે, બેટા ! અને ધન્ય છે તારા પિતાને ! તારી માતાનું જીવન પણ આજે ધન્ય થઈ ગયું છે. અને આપણા પ્રભુ ? તેઓ તો પોતાના સંતોની સાથે ઊભા રહીને તારી રાહ જોઈ રહ્યા છે. બેટા ! જા, વીરતાપૂર્વક તારા પ્રભુ–પ્રેમનો પરિચય દે, ધ્યાન રાખજે બેટા ! તારા ગળામાં તારા શહીદ પિતાની છેલ્લી નિશાની લટકી રહી છે. તેની લાજ રાખજે, મારા લાલ !

" ચિંતા ન કર, મા ! મારા શહીદ પિતાની છેલ્લી નિશાનીની

હું લાજ રાખીશ. શહીદ પુત્રના રકતમાં ભિંજાઈને તે એથી વિશેષ પવિત્ર બનો .....

હજુ વાત પણ પૂરી થવા પામી નહોતી ત્યાં તો કોઈએ પાછળથી આવીને જોરથી ચાબૂક માર્યો. '' બદમાશ ! પહેલાં વિચાર કર્યો નહિ અને હવે રડે છે ? ચાલ, આગળ વધ. ચાબૂક મારતાં–મારતાં બંદીવાનોનો ઉપરી ગર્જયો.

માની આંખો સામે પુત્ર પર આટલો નિષ્ઠુર પ્રહાર ! પણ લૂસીનાના હોઠોમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. તે કેવળ એટલું જ બોલી, '' તારી પ્રેમ–પરીક્ષા સફળ બનો. !

સેબસ્તિયન લશ્કરી પોશાકમાં સજજ હતો. તે ધીરેથી મંડળીની સાથે થઈ ગયો. અને સિપાઈઓની નજર ચૂકવીને ચૂપકીથી બોલ્યો, '' પંક્રાસિઉસ! તમે ખરેખર વીર છો. પ્રભુની અપાર કરુણા પણ તમારી સાથે છે. અને જુઓ! હું છેલ્લી ક્ષણ સુધી તમારી પાસે જ ઊભો રહીશ. તમારી અંતિમ પ્રાર્થનાઓમાં મને યાદ રાખશો ને ? હું તમારો સૌથી જૂનો સાથી છું.

'' ..... હા ..... હા ..... હા .....

સેબસ્તિયનને સહસા જ આ રહસ્ય સાંભળવામાં આવ્યું. સ્વર પણ પરિચિત જેવો જણાયો. તેણે મોં ફેરવીને પાછળ જોયું, તો થાંભલાની આડમાં કોઈ ઝડપથી આવીને સંતાઈ ગયું હતું. તેના લશ્કરી પોશાકની માત્ર એક કિનાર જ તેના જોવામાં આવી શકી.

તે તો ફુલભીઉસ હતો. તેને પ્રથમથી જ સેબસ્તિયન પર ખ્રિસ્તી હોવાનો વહેમ હતો. પંક્રાસિઉસની સાથે થતી તેની વાતો સાંભળીને ફુલભીઉસનો વહેમ આજે પૂરેપૂરા નિશ્ચિત સ્વરૂપમાં બદલાઈ ગયો. તે પ્રસન્ન મુખે મનોમન બોલ્યો, '' આજે સુંદર શિકાર ફસાઈ ગયો છે. હવે મારા ફાંસલામાંથી તે કેમ કરીને નીકળી શકશે ?

ભકત–મંડળી જેવી પાંજરાની પાસે આવી પહોંચી કે તરત ખેલો શરૂ કરી દેવામાં આવ્યા. પ્રભુ–ભકત બંદીવાનોને અનુક્રમે પાંજરામાં ફેંકી દેવામાં આવતા. મનુષ્યને પાંજરામાં જોતાં જ ક્ષુધાતુર સિંહો ગર્જના કરીને આગળ ધસી આવતા, અને તેના લોહી–તરસ્યા દાંતોમાં તેમને દબાવીને માંસના ટુકડે–ટુકડા કરી નાખતા. લોહીની ધારાઓથી પાંજરાની સપાટી લોહીથી ભરાઈ જતી. ત્યારે ખેલ જોનારાની તાલીઓથી આખો મંડપ ગાજી ઊઠતો. વારાફરતી તમામ પ્રભુ–ભકતોને પાંજરાંમાં નાખી દેવામાં આવ્યા, અને એકેએક ઈશ્વરના નામ પર શહીદ થઈ ગયા.

પંક્રાસિઉસને હજુ સુધી પાંજરાની બહાર જ રાખેલો હતો, એ માટે કે પેલાં કમકમો ઉપજાવનારાં દશ્યો જોઈને ભકત–બાળકનું દિલ ચલાયમાન થઈ જાય, તો તે કદાપિ ક્ષમા માંગી લે. પણ એ વિચાર કેટલો બધો મૂર્ખાઈથી ભરેલો હતો ? સત્તાના નશામાં ચકચૂર બનેલા રાજયના અધિકારીઓ શું સમજી શકે કે પ્રેમના પરવાનાઓ પોતાના પ્રેમને માટે મરી ફીટવામાં : પ્રેમને માટે ન્યોછાવર થઈ જવામાં જ સૌથી વિશેષ આનંદ મેળવે છે ! પંક્રાસિઉસ શાંતિ ધારણ કરીને બધું જોઈ રહ્યો હતો. તેના પ્રકાશમાન મુખ–મંડળ પર હજુ સુધી વિશ્વાસની એ જ પુરાણી સુરખી હતી. છતાંને આ નકામા દુઃખદાયી વિલંબને લીધે તેનું હૃદય અધીરું બની રહ્યું હતું. જયારે એકેએક ભકત–જનો પ્રેમની પવિત્ર વેદી પર ચડી ગયા ત્યારે પંક્રાસિઉસના હાથોમાંની હાથ–કડીઓ કાઢી લેવામાં આવી અને તેને એક મોટા પાંજરાની પાસે લઈ ગયા. એમ્ફીથિયેટરના સૌથી ભયાનક અને લોહી–તરસ્યા સિંહો આ પાંજરામાં ગર્જી રહ્યા હતા. પાંજરાનો દરવાજો ખોલી દેવામાં આવ્યો અને પંક્રાસિઉસ નિર્ભયપણે અંદર ચાલ્યો ગયો. અંદર જઈને પંક્રાસિઉસ આફ્રિકાથી આવેલા એ ભયાનક અને ખૂની સિંહોની વચમાં ચૂપચાપ

ઊભો રહી ગયો. હાથમાં વધસ્તંભની નિશાની બનાવીને તેણે પોતાના બંને હાથો આકાશની તરફ ઊંચા કર્યા અને તરત પ્રાર્થનામાં એકાગ્ર થઈ ગયો. તેની ચારે બાજુએ ટાંપી રહેલાં ભયાનક હિંસક પશુઓનું એને ભાન સુદ્ધાં રહ્યું નહિ. એકાએક બધા સિંહો શાંત થઈ ગયા. તેમની ભયંકર ગર્જના બંધ પડી ગઈ. અને તેઓ પ્રેમ–મુગ્ધ બનીને પંક્રાસિઉસની આજુબાજુ ચકકર મારવા લાગ્યા. પંક્રાસિઉસ આકાશની તરફ આંખો રાખીને પ્રાર્થના કરી રહ્યો હતો અને આફ્રિકાથી આવેલા એ ખૂની સિંહો ઘણા પ્રેમથી પોતપોતાના પૂછડાં હલાવી રહ્યા હતા. આ ખૂની સિંહોની સાથોસાથ પાંજરાના બીજા ભાગમાં એક ભયંકર સાંઢ પણ હતો. પંક્રાસિઉસ પર ઊતરી પડવા માટે એક વાર સાંઢ આગળની બાજુએ ધસ્યો પણ તેની પાસે આવીને એકાએક થંભી ગયો. કોણ જાણે કેમ પણ તે આશ્ચર્ય પમાડે એવી રીતે પાછો હટી ગયો અને પોતાના માથામાં ધૂળ નાખવા લાગ્યો.

આવું અજાયબ જેવું દશ્ય જોઈને આખા એમ્ફીથિયેટરમાં ચૂપકીદી પ્રસરી ગઈ. પ્રત્યેક વ્યકિત સૂમસામ બનીને પાંજરામાં જોઈ રહી. સમ્રાટ ક્રોધાંધ બનીને ભભૂકી ઊઠયો અને પોતાના સિંહાસન ઉપરથી ઊભો થઈ ગર્જના કરતાં બોલી ઊઠયો, “ કાયર ! કાયર ! આગળ જઈને સાંઢની સાથે યુદ્ધ કેમ કરતો નથી ?

સમ્રાટના શબ્દો પંક્રાસિઉસના કાનોમાં પડયા. આકાશની તરફ એમના એમ હાથ રાખીને ભકત–બાળક સાંઢની તરફ ગયો. તેને પોતાની પાસે આવતો જોઈને સાંઢ પાછો હટવા લાગ્યો અને છેવટે પંક્રાસિઉસની તરફ પોતાની પીઠ ફેરવીને માથું નીચું કરતો–કરતો પાંજરાના બારણાની તરફ દોડયો. પાંજરાના દરવાજા પાસે આવીને તેણે દરવાનને પોતાનાં મોટાં શિંગડાંથી એવી રીતે માર્યો કે બિચારા દરવાનનો જીવ નીકળી ગયો.

સાંજ પડવા આવી હતી. કિરણોનો દાતા હવે વિદાયની તૈયારી કરવા લાગ્યો હતો. પાંજરાના સળિયામાંથી હવે તેની સુવર્ણમય મંગલ કામનાઓ ભકત–બાળક સુધી આવી રહી હતી. પંક્રાસિઉસ પ્રાર્થનામાં એકાગ્ર હતો. તેવામાં ભીડમાંથી એકાએક અવાજ આવ્યો, '' બદમાશ, જાદુ જાણે છે. જુઓ, પેલી રહી જાદુની ડબ્બીઓ. દેવાધિદેવ ! આપ એને દૂર ફેંકરાવી દો, દેવાધિદેવ ... આપ એને દૂર ફેંકાવરાવી દો ..... દેવાધિદેવ .....

ચારે બાજુએથી અવાજ આવવા લાગ્યા. મકસીમિયન ઊઠયો અને પ્રેક્ષકોને શાંત રહેવાનો સંકેત કરીને બોલ્યો, '' પંક્રાસિઉસ ! તારી જાદુની ડબ્બીઓ ગળામાંથી કાઢી નાખીને ફેંકી દે.

પાંજરામાં બંદીવાન બનેલા બાળકે દઢતાથી જવાબ આપ્યો, '' શ્રી સમ્રાટજી ! આ ડબ્બીઓ જાદુની ડબ્બીઓ નથી. એ તો મારા પરમ પૂજય પિતાશ્રીએ આપેલી તેમની છેલ્લી નિશાની છે. મારી માફક તેઓ પણ એક મહાન પ્રભુ–ભકત હતા. આ જ જગાએ જયાં હું આજે મારા પ્રાણની આહુતિ આપી રહ્યો છું એ જ જગાએ મારા પિતાજીએ પણ પોતાનો પ્રાણ ખ્રિસ્ત–પ્રેમની વેદી પર ન્યોછાવર કર્યો હતો. આ સંસારથી વિદાય લેતી વખતે તેઓ મારે માટે પોતાની આ છેલ્લી નિશાની મૂકી ગયા હતા. એને મેળવીને હું પણ એ જ પંથનો પથિક બન્યો. મારા પ્રભુ–ખ્રિસ્ત તો બધાના ઉપર દયા રાખે છે. તેમની કૃપા મારા ઉપર પણ થઈ અને આજ મને પણ આ સદ્ ભાગ્ય પ્રાપ્ત થયું છે. મારા પ્રભુના પ્રેમમાં મેં મારું સર્વસ્વ સમર્પણ કરી દીધું છે. કેવળ મારા પિતાજીની આ છેલ્લી યાદગીરી જ મારી સાથે છે. મારું બલિદાન મારા પિતાજીની આ અંતિમ નિશાનીની શોભાને વિશેષ ને વિશેષ દિપાવશે. આપ મારી પાસેથી આ નિશાની ન ઝૂંટવી લો. અને આપના આ સ્નેહો ? કોણ જાણે કેમ બિચારા મૂંગા થઈ ગયા છે ! મારા સમજવામાં કાંઈ આવતું નથી.

આપ એક કામ કરો. મેં સાંભળ્યું છે કે મારા પિતાજીના શિર પર વિજય–મુગટ મુકાવવાનું માન કોઈક ચિત્તાને મળ્યું હતું. આપ આ સિંહોને બહાર કઢાવીને કોઈ ચિત્તાને જ પાંજરામાં મુકાવી દો, જેથી આપની ઈચ્છા પૂરી થઈ શકે અને હું પણ એ ચરણોમાં સ્થાન મેળવી શકું. એમનો વિયોગ હવે મારાથી સહ્યો જતો નથી.

પંક્રાસિઉસની એ વાત સાંભળીને એક વાર તો સર્વ પ્રેક્ષકો સ્તબ્ધ થઈ ગયા. જાણે કે તેઓના હૃદય પર તરુણ ભકતના અપૂર્વ પ્રભુ–પ્રેમ અથવા ત્યાગની છબી ઊઠી આવી હોય ! પંક્રાસિઉસને જણાયું કે કેટલાક માણસોની આંખોમાં દયાનો ભાવ ઊતરી આવ્યો છે એવું જોઈને તેને નિરાશા ઉપજી. તેણે વિચાર્યું કે, '' રખેને મારું આ દુર્લભ સૌભાગ્ય મારી પાસેથી ઝુંટાઈ જાય; અતિશય રાહ જોયા પછી સ્વર્ગનાં ખુલી ગયેલાં દ્વાર રખેને ફરીથી બંધ ન થઈ જાય ! એવા વિચાર આવતાં જ તેના ગુલાબી કપાળ પર ઘોર ચિંતાની રેખાઓ જણાવા લાગી અને તે નિરાશ નેત્રોથી નીલ ગગન તરફ જોવા લાગ્યો. ભાવ–ભીના સ્વરમાં તેણે પ્રભુને સ્તવ્યા, '' કૃપાળુ પ્રભુ ! કયા અપરાધના બદલામાં તમે મને આ કષ્ટ દઈ રહ્યા છો ? મારી આંખો તરફ કાં જોતા નથી ? ' દર્શન વિના દુઃખવા લાગ્યાં નેન તોપણ તમે કૃપા નથી કરતા ! પણ તમે તો કરુણાના સાગર છો, પિતા ! તો પછી તમારા આ બાળકની સાથે આમ રૂસણાં કેમ લઈ બેઠા છો, નાથ ! હવે તો તમારો વિજય થઈ ચૂકયો છે, મારા સ્વામી ! આ બધા દર્શકોના હૃદય–પટ પર ખ્રિસ્ત–પ્રેમના મહિમાની છાપ લાગી ગઈ છે. મારું કર્તવ્ય હવે પૂરું થઈ ગયું છે તો પછી હવે શા માટે સતાવો છો, કૃપાળા ! હવે તો સહન પણ થતો નથી, તમારો .....

ભકત–બાળકની આંખોમાંથી પહેલી વાર બે નીર–બિંદુ ટપકી પડયાં અને જમીનના ઉદરમાં સમાઈ ગયાં. આકાશની તરફ એમ ને એમ

હાથો જોડેલા હતા, અને આંખો અશ્રુભીની મિંચાયેલી હતી.

" ચિત્તા લાવો ; ચિત્તા લાવો. સિંહોને લઈ જાઓ ; ચિત્તા લાવો. શાંતિ ફેલાયેલા જન–સમૂહમાંથી એકાએક કેટલાક લોકોએ પોકારો કર્યા. ત્યારે પંક્રાસિઉસના ફિકકા પડી ગયેલા હોઠો પર અરુણની સુંદરતમ ઉષાવેલીનાં શ્વેત પુષ્પો સમાન મુખ–મંડળમાંથી હાસ્ય ઝરો વહી નીકળ્યો અને તે પુલકિત બની ઊઠયો.

સમ્રાટની આજ્ઞા થઈ અને જમીનમાં છુપાવી રાખેલું લોઢાનું એક પાંજરું તરત બહાર કાઢવામાં આવ્યું. તેનો દરવાજો ખોલતાંની સાથે જ એક વિકરાળ ચિત્તો ઊછળીને બહાર નીકળી આવ્યો. ઘણા સમય પછી પાંજરાંમાંથી મુકત થવાને લીધે તેના આનંદની અવધિ નહોતી. પણ હજુ તો તે પેટ ભરીને ઉછળ્યો કે કૂદ્યો પણ નહોતો એટલામાં તો તેની નજર સામે ઊભેલા એક તરુણ પર પડી. તેને જોતાં જ તે પોતાનું ખેલવા–કૂદવાનું ભૂલી ગયો અને સીધો તેની તરફ ધસ્યો. પંક્રાસિઉસ હજુ સુધી આકાશની તરફ આંખો માંડીને પ્રાર્થનામય સ્થિતિમાં મૌન ઊભો હતો.

ચિત્તાને પંક્રાસિઉસની તરફ ફાળ ભરતો જોઈને પ્રેક્ષકોએ ખૂબ જોરથી તાલીઓ પાડવા માંડી. એક બાજુથી સીટ્ટિઓનો અવાજ પણ આવ્યો, તોપણ પંક્રાસિઉસ આકાશની તરફ દષ્ટિ રાખીને મૌન ઊભો હતો. તેની આંખો શાંત હતી અને અધરો પર કોઈનું પ્યારું નામ રટાતું હતું. ભકત–બાળકની પાસે જઈને ચિત્તો પોતાના પેટ ઉપર ભાર દઈને બેસી ગયો અને તેનો આગલો પંજો પંક્રાસિઉસની છાતી પર જોરથી માર્યો. પંક્રાસિઉસ ત્યારે પ્રાર્થનાના અત્યાનંદમાં ડૂબી રહ્યો હતો. પંજો લાગતાં જ તે ધરણી પર ઢળી પડયો. નીચે પડતાં જ ચિત્તાએ પોતાનો એક પંજો તેની છાતી પર રાખ્યો અને બીજા પંજાથી તેનું ગળું દબાવી દીધું. રકતની એક પરમ પુનિત ધારા પંક્રાસિઉસની પ્રેમ–ભરી

છાતીમાંથી ફૂટી નીકળી, જેનું એક–એક રજકણ આપણને છેલ્લા મહા–ઇન્સાફ સુધી એ સર્વોત્તમ પ્રેમીનું સ્મરણ કરાવ્યા કરશે.

ચિત્તો ઘૂરરરાટ કરતો એક વાર પાછળ હટયો અને પંક્રાસિઉસ સાહસ કરીને ઊભો થઈ ગયો. તેનાં વસ્ત્રો હવે રકત–રંગી થઈ ગયાં હતાં. પિતાની આપેલી અંતિમ નિશાની શહીદના રકતથી પૂરેપૂરી તરબોળ થઈ ગઈ હતી. સેબસ્તિયન પર પોતાની આખરી પ્યાર–ભરી દષ્ટિ કરતાં જ પંક્રાસિઉસ ભૂમિ પર ઢળી પડયો.

પ્રકરણ ૨૮મું

પોતાના પરમ સૌભાગ્ય પર .....

સ્વર્ગના સ્ફટિકમણિથી વિરાજિત મહેલમાં પ્રવેશ કરતાં પહેલાં, પ્રભુ–પ્રેમમાં જીવન સમર્પણ કરીને પૃથ્વી પરથી પ્રયાણ કરતાં–કરતાં ભકત–બાળકના હોઠો પર પ્રાણ પ્યારા પ્રભુ ઈસુનું નામ રટાતું જતું હતું, અને પ્રેમનો અમર ભકત પંક્રાસિઉસ આ ક્ષણભંગુર સંસારથી વિદાય થઈ ગયો. પણ પોતાની પાછળ એવી યાદગીરી મૂકતો ગયો છે, કે જે આપણને દુનિયાના અંત સુધી પ્રેમ અને ત્યાગના પથ પર આગળ ધસવાની પ્રેરણા આપ્યા કરશે. દેશ–વિદેશના યાત્રીઓ હમણાં પણ રોમની યાત્રાએ જાય છે, ત્યારે ઔરેલિયનવે પર બંધાયેલા ગગનચુંબી પ્રભુ–મંદિરને જોઈને ભાવનામાં રંગાઈ જાય છે, અને તેના ઊંચા બુરજો જોઈને ભકત–બાળક પંક્રાસિઉસના આદર્શ બલિદાનની કથા યાદ આવી જાય છે, ત્યારે અગાધ શ્રદ્ધાથી તેમનાં શિર મંદિર પાસે નમી જાય છે.

પંક્રાસિઉસના મરણ પછી પણ સમ્રાટની તૃષા ન છિપાઈ શકી.

તેની દમન–લીલા એવી જ રીતે ચાલતી રહી. દિન–પ્રતિદિન એમ્ફીથિયેટર સજાયે જતું અને ખ્રિસ્ત–ભકતોને હિંસક પશુઓની આગળ ફેંકી દઈને આનંદ લૂટાતો જતો.

પંક્રાસિઉસના ગયા પછી હવે સમ્રાટની નજર ક્રોમાસિઉસ અને તેની ભકત–મંડળી ઉપર જઈ પડી. ઘણી દોડા–દોડ થઈ રહી હતી, પણ ક્રોમાસિઉસ અને તેની ભકત–મંડળીનો કાંઈ પણ પત્તો લાગતો નહોતો. એકવાર સવારનો સમય હતો અને રોમના ભૂત–પૂર્વ ન્યાય–મંત્રી નિકોસ્ત્રાતુસનાં ધર્મ–પત્ની પ્રભુભકત જોય, સંત પીતરના મંદિરમાં બેઠાં બેઠાં પ્રાર્થના કરી રહ્યાં હતાં કે એકાએક મોટો શોરબકોર તેમના સાંભળવામાં આવ્યો. બિચારાંએ જયાં આંખો ખોલી કે તરત જ હુલ્લડખોર લોકોના એક ભયંકર ટોળાને હુમલો કરવા દોડતા આવી રહેલા જોયા.

દેવળમાં ઘૂસતાં જ ઘાતકી લોકોએ શ્રીમતી જોયનું કોમળ શરીર રસીઓથી બાંધી દીધું, અને ગાળોનો વરસાદ વરસાવતા તેમના સમ્રાટની પાસે લઈ ગયા. સમ્રાટ પણ કેટલો બધો દયાળુ હતો ! તેણે તરત હુકમ કર્યો કે ભડભડ બળતી અગ્નિની ભઠ્ઠીમાં જોયને નાખી દેવામાં આવે. સમ્રાટનો હુકમ થતાં જ લાકડાંનો એક ગંજાવર ઢગલો તૈયાર થઈ ગયો અને તેની ભડભડ બળતી આગમાં ભકત–નારીને ફેંકી દેવામાં આવી. જોત–જોતામાં જ ભકત–નારીનું વિનાશી શરીર બળીને ખાખ થઈ ગયું. આ બનાવની અગાઉ કેટલાક દિવસો પહેલાં ભકત–નારી જોયના પતિ શ્રી નિકોસ્ત્રાતુસ પણ પકડાઈ ગયા હતા અને પ્રભુ–પ્રેમના અપરાધને માટે તેને પણ ફાંસી દઈ દેવામાં આવી હતી.

એ હકીકત બન્યા પછી બે–ચાર દિવસની વાત છે. મારકુસ અને મરસેલીનુસના વૃદ્ધ પિતા ત્રાંકવીલીનુસ જેને વીર સેબસ્તિયને શ્રી નિકોસ્ત્રાતુસની કચેરીમાં જ ખ્રિસ્ત–ભકત બનાવ્યો હતો. તે બિચારો

મહાધર્માધ્યક્ષના કબરસ્તાનમાં બેસીને પ્રાર્થના કરી રહ્યો હતો, ત્યાં જઈને રોમની ક્રૂર જનતાએ તેને ઘેરી લીધો. તે વખતે વૃદ્ધ ભકત પ્રાર્થનામાં તલ્લીન હતો. એકાએક ચારે બાજુથી પથ્થરોનો વરસાદ વરસવા લાગ્યો અને થોડી વારમાં જ વૃદ્ધ ભકતનાં અંગે–અંગ ઘાયલ થઈ ગયાં, પણ તેના હાથો હજુ સુધી પોતાના પ્રભુની તરફ મંડાયેલા હતા. એ જોઈને કોઈક નિષ્ઠુર તેની પાસે ગયો અને દયાહીનપણે વૃદ્ધ ભકતની છાતીમાં મોટો પથ્થર જોરથી મારી દીધો. પથ્થરોની વર્ષા ચાલુ હતી અને થોડી વારમાં જ વૃદ્ધ ભકતનું પ્રાણ–પંખેરું આ નાશવંત જગતને છોડીને પોતાના પ્યારા પ્રભુના ચરણોમાં જઈ પહોંચ્યું. ત્રાંકવીલીનુસના સ્વર્ગવાસ પછીના બે–ત્રણ દિવસે તેના બંને પુત્રો પણ પકડાઈ ગયા તે બંનેએ હસતાં–હસતાં પ્રેમની અમર વેદી પર પોતાના પ્રાણોની આહુતિ દઈ દીધી.

થોડાક જ દિવસોમાં સેંકડો પ્રભુ–ભકત, સમ્રાટના સંહાર–કાંડના શિકાર બની ગયા. તોરકવાતુસનો વિશ્વાસઘાત બહુ જ મોંઘો પડી ગયો. શાહી જાસૂસ ફુલભીઉસે પહેલા બે–ત્રણ દિવસોમાં તેની પાસેથી ઘણી બાતમી મેળવી લીધી હતી, એ કારણથી તેને આટલા બધા પ્રભુ–પ્રેમીઓનો સંહાર કરવાની સફળતા પ્રાપ્ત થઈ. પણ એ સર્વ હત્યાઓથી તેને અધિક ધન પ્રાપ્ત ન થઈ શકયું. જે થોડું–ઘણું ધન મળ્યું તે તેની કામગીરીની સાથે જ ખર્ચ થઈ ગયું તેથી યૂરોતસ અને ફુલભીઉસ બંને ઘણા ચિંતાતુર રહેતા.

આ તરફ ફુલભીઉસ કંઈક દિવસોથી કોઈક શ્રીમંત ખ્રિસ્તીને સપડાવવાના સંકલ્પમાં રખડયા કરતો હતો ખ્રિસ્તીઓના હત્યાકાંડોની ખુશાલીમાં સમ્રાટ મકસીમિયને ૯મી જાન્યુઆરીના દિવસે એક ખાસ દરબાર ભરવાનો નિશ્ચય કર્યો. રોમના મોટા–મોટા રાજય–ભકત શ્રીમંતો અને અમીરોને આમંત્રણ મોકલી દેવામાં આવ્યું. શાહી જાસૂસ

ફુલભીઉસને પણ નિમંત્રણ મળ્યું.

દરબાર ભરાયેલો હતો. અત્યાચારી મકસીમિયન સફળતાની બેસુમાર ખુશીમાં સિંહાસન પર બેઠો–બેઠો મૂછો પર તાવ દઈ રહ્યો હતો. રોમના તમામ શ્રીમંતો અને રાજયના મોટા–મોટા અધિકારીઓ સમ્રાટની સામે બેઠા હતા. તેવામાં એકાએક ફુલભીઉસ ઊભો થયો અને પોતાના દેવાધિદેવ સમ્રાટ મકસીમિયનની પાસે જઈને પ્રણામ કરતાં–કરતાં બોલ્યો, " દેવાધિદેવ ! આપનો દાસ આપના ચરણોમાં હજારોવાર પ્રણામ કરે છે અને સાથોસાથ આપને એક નવી વાત કહેવાની વિનંતી કરે છે, જો નામદાર સમ્રાટની આજ્ઞા હોય તો .....

સમ્રાટે તેની ઠેકડી કરતાં કહ્યું, " આજ વળી કોઈ નવી વાત બનાવીને લાવ્યા છો શું ?

" દેવાધિદેવ ! આપના આ વીર સૈનિકનો ઉત્સાહ આપ વારંવાર ઠંડો પાડી નાખો છો.

" ઠીક, બોલો ખરા. એક ટીખળ–ભર્યું હાસ્ય કરીને સમ્રાટે આજ્ઞા કરી.

" દેવાધિદેવ ! મેં એક નવા કાવતરાનો પત્તો મેળવ્યો છે. એ જાણીને આપને આશ્ચર્ય થશે, કે આ આવું નીચતા–ભરેલું અને આશ્ચર્યજનક કાવતરું આ દેશના ઈતિહાસમાં પહેલાં કદી નથી થયું.

" કોણે આવું ભયાનક કાવતરું કર્યું છે ? જિજ્ઞાસા–પૂર્વક સમ્રાટે પૂછયું.

" પેલા નીચ માણસે, કે જે આ વખતે બરાબર આપની પાસે ઊભો છે, તેણે.

સમ્રાટે ક્રોધિત થઈને ઉત્તર દીધો, " આવી નકામી જીભા–જોડી મને ગમતી નથી. ખુલે–ખુલી વાત કરો, નહિ તો તમારી જીભ ખેંચી લઈશ.

ફુલભીઉસ થડકી ગયા, પણ એકદમ પોતાનો હાથ આગળ લંબાવીને બોલ્યો, " સેબસ્તિયન, આપનો મુખ્ય સેનાપતિ, તેના વિષે આપ નથી જાણતા કે તે મહાનમાં મહાન ચુસ્ત ખ્રિસ્તી છે ?

પોતાના મુખ્ય સેનાપતિ ઉપરનો આવો આક્ષેપ સાંભળીને સમ્રાટના ક્રોધની સીમા ન રહી. તે ફુલભીઉસ તરફ ગર્જના કરીને બોલી ઉઠયો, " ખબરદાર ! મારા વફાદાર સેનાપતિના સંબંધમાં જો આવી જૂઠી વાત કરી છે, તો તારું લોહી પી જઈશ.

" જૂઠી નથી, દેવ ! બિલકુલ સાચી વાત છે. ઘણા જ નમ્ર સ્વરમાં ફુલભીઉસે ઉત્તર દીધો.

" કોઈ પ્રમાણ છે ?

ચતુર ફુલભીઉસે હસતાં–હસતાં પોતાના ગજવામાંથી એક ધર્મપત્ર કાઢયો અને સમ્રાટના હાથમાં ધરીને બોલ્યો, " આ એનું પ્રમાણ છે, આપ ...

હજુ વાકય પૂરું પણ થયું નહોતું અને સેબસ્તિયન આગળ આવ્યો. સમ્રાટની સામે નમીને પ્રણામ કરતાં ઘણી જ શાંતિ અને નમ્રતાથી બોલ્યો, " નામદાર સમ્રાટ ! આ એ ધર્મ–પત્ર વાંચવાની માથાકૂટમાં પડશો નહિ. હું વાસ્તવમાં ખ્રિસ્તી છું, અને મને એ વાતથી ગૌરવ પણ છે, કે મેં મારું આખું જીવન પ્રભુ ખ્રિસ્તની સેવામાં સમર્પણ કયું છે.

પોતાના જ મુખ્ય સેનાપતિના મુખની એ વાત સાંભળીને સમ્રાટના રોમે–રોમમાં આગ લાગી ગઈ. જાણે કે એ શબ્દો વીજળી બનીને તેને બાળી મૂકતા હોય, તેમ તેનાં અંગે–અંગ કંપવા લાગ્યાં. તેની આંખોમાંથી અગ્નિના તણખા ખરવા લાગ્યા. સિંહાસન પર જોરથી હાથ પછાડતાં તે બરાડી ઊઠયો, " બદમાશ ! હલકટ ! મારા જ રોટલાથી પેટ ભરતો રહ્યો અને મારી જ વિરુદ્ધ તરકટ ? બદમાશ !

નીચ ! નાલાયક ! હલકટ ! .....

એવાં ઉગ્ર વાગ્બાણ ફેંકતાં મકસીમિયન ક્રોધમાં ધુંધવાતો, સિંહાસનથી ઊભો થઈ ગયો અને સેબસ્તિયનની પાસે જઈને તેના ગાલ પર જોરથી થબડાકો મારવા લાગ્યો. થબડાકો મારીને થાકયા પછી તે ગર્જી ઊઠયો, '' મારી આંખો સામેથી દૂર થઈ જા. નીચ, તારું કાળું મોઢું હું જોવા નથી માગતો.

ક્રૂર હાથોની પાંચે આંગળીઓ પ્રભુ–ભકત સેનાપતિના ગાલો પર ઊઠી આવી. તેના ગાલ ઉપરનું લોહી જામી જવાથી ગાલ કાળા–મેશ બની ગયા, પણ મુખમાંથી ' આહ સરખો એક શબ્દ પણ ન નીકળ્યો. સેબસ્તિયન શાંત ઊભો રહીને પોતાના અજ્ઞાની સમ્રાટની તરફ દયા ભરેલી આંખોથી જોવા લાગ્યો. મકસીમિયન ગાંડાની માફક ઠેકડા મારતો–મારતો ફરીથી વિકરાળ સિંહની માફક ગર્જી ઊઠયો, '' મારી સામેથી ચાલ્યો જા, નરાધમ! વિશ્વાસઘાતી !

સેબસ્તિયન અત્યાર સુધી શાંત ઊભો હતો. તે અતિશય પ્રેમ–ભર્યા અવાજે બોલ્યો, '' નામવર સમ્રાટ ! આપને જે કાંઈ કહેવું હોય તે ખુશીથી કહો, પણ મને કૃપા કરીને વિશ્વાસઘાતી કહીને ન પોકારશો. ખ્રિસ્તી લોકો વિશ્વાઘાતી નથી હોતા.

'' શું ! ખ્રિસ્તીઓથી વધીને મોટા વિશ્વાસઘાતી આ દુનિયામાં કયાંય મળી શકે એમ છે ?

'' નામવર સમ્રાટ ! આપની ભૂલ થાય છે. ખ્રિસ્તી કદી જ વિશ્વાસઘાતી નથી હોતા. પણ ખરું પૂછો તો હું કહીશ કે આપના આ વિશાળ સામ્રાજયમાં જો કેટલાક માણસો ખરા અર્થમાં આપના વફાદાર છે તો તે ખ્રિસ્તી જ છે. ખ્રિસ્તી લોકો પોતાનાં માલિકને માટે શરીરનું છેલ્લામાં છેલ્લું રકતબિંદુ વહેવડાવી દેવામાં બિલકુલ પાછી પાની નહી કરે. જો આપ નામદારને વિશ્વાસ ન આવતો હોય, તો આપ મારી સાથે

ચાલો; હું આપને કાળ–કોટડીઓમાં લઈ જઈને બતાવીશ કે જયાં બિચારા નિર્દોષ ખ્રિસ્તીઓ પ્રભુ–ભકિતના અપરાધને માટે સતાવાઈ રહ્યા છે. રોજ–રોજ તેમના પર કોરડાનો વરસાદ વરસ્યા કરે છે, તોપણ તેઓ પોતાના હોઠો પર પોતાના સમ્રાટ વિરુદ્ધ એક શબ્દ પણ લાવતા નથી. આપ આપની કચેરીઓમાં ચાલો, જયાં પ્રભુ–પ્રેમના અપરાધને લીધે તેમને બંદીવાન કરીને લઈ જવામાં આવે છે અને દિવસોના દિવસો સુધી ભૂખ્યા–તરસ્યા રાખીને તેમને રિબાવવામાં આવે છે ; તોપણ તેઓ મોંમાંથી એક શબ્દ પણ કાઢતા નથી. આપ કેદખાનાની છાવણીમાં ચાલો, જયાં એની દીવાલોની સાથે પ્રભુના એ સાચા અને પુનિત પૂજારીઓ આખો દિવસ ખડે–પગે ઊભા થઈ રહેલા આપને જોવા મળ શે. તેમના હાથો અને પગોમાં જકડેલી કાંટાળી બેડીઓ અને રગેરગમાંથી વહી રહેલું રકત જોઈને આપનો પ્રાણ પણ કંપી ઊઠશે. એવું ભીષણ દુઃખ વેઠવા છતાં આપના કલ્યાણ માટેની જ પ્રાર્થના આપના સાંભળવામાં આવશે.

સમ્રાટની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ હતી. તે દાંત પીસીને બોલ્યો, '' અને એ જ ખરી ઈમાનદારીનું તું જીવતું–જાગતું પ્રમાણ છે ને ?

'' સમ્રાટ ! શું આપને મારી વફાદારી પર અંદેશો આવે છે ? જો કદાપિ હું વફાદાર ન હોત તો ઘણું કરીને આજે આ વાતો ન થાત. હું નિશદિન આપની સાથે રહ્યો. દરેક રીતે આપની સેવા કરવાનો મેં પ્રયાસ કર્યો. કેટલાયે સ્થળે મારી જિંદગીના ભોગે મેં આપના પ્રાણની રક્ષા કરી, ત્યારે આજે આપ કહો છો, કે હું વિશ્વાસઘાતી છું !

'' હવે ઈમાનદાર બને છે ? આજ સુધી તારો ધર્મ મારાથી સંતાડતો રહ્યો. કાયર ..... વિશ્વાસઘાતી ! .....

'' આપ ગમે તે કહો, પણ મારું હૃદય જાણે છે, કે હું

વિશ્વાસઘાતી નથી. જયાં સુધી આપની સાથે રહ્યો છું ત્યાં સુધી બરાબર પ્રામાણિકપણાથી મેં આપની સેવા કરી છે, અને હવે કેટલાં યે વર્ષો પછી હું એ ભારથી મુકત થાઉં છું, એ મારું સદ્‌ભાગ્ય છે. ' મરવા અગાઉ મને મારા પ્રભુની સેવા કરવાને માટે થોડો અવસર આપવામાં આવે. જીવનનો એ છેલ્લો સમય તેની સમક્ષતામાં હું વ્યતીત કરવા ઈચ્છું છું.

એ પ્રમાણે બોલતાં–બોલતાં યુવક સેનાપતિનો કંઠ રુંધાઈ ગયો. છતાં થોડો સમય વીતાવીને ફરીથી બોલ્યો, '' નામદાર સમ્રાટ ! મારા બધા સાથીઓ હવે મારાથી વિખૂટા પડી ગયા છે. તેઓ મારાથી વિશેષ કૃપા–પાત્ર હતા. પ્રભુનાં દર્શનોનું સદ્‌ભાગ્ય તેમને મારાથી પહેલાં પ્રાપ્ત થયું. હું ઈચ્છું છું, કે હવે મને વધારે રાહ ન જોવી પડે. અરેરે ! મારા પ્રિયતમના ચરણો કોણ જાણે કયારથી ય મારી રાહ જોઈ રહ્યા હશે !

પ્રભુ–પ્રેમની અમૃત–ધારા યુવકના કંઠમાં ઊભરાઈ આવી હતી. તે બોલ્યો, '' સમ્રાટ ! આ પૃથ્વી પરનું મારું કર્તવ્ય હવે સમાપ્ત થઈ ગયું છે. પરમ પિતાએ મને જે કામને માટે મોકલ્યો હતો તે પૂરું થઈ ગયું છે ; હવે આપ મારા પર કૃપા કરો.

સેબસ્તિયનની વાતો સમ્રાટના દિલમાં તીરની માફક ખૂંચી રહી હતી. તેની આંખોમાં લોહી નીતરી રહ્યું હતું. તે દાંત કચકચાવતાં બોલ્યો, '' કૃપા ! તે તો હવે જ થશે અને તે બહુ જ સારી રીતે થશે. ફાંસી દઈને નહિ, પણ રિબાવી–રિબાવીને તારો જીવ ખેંચી કાઢવામાં આવશે, જેથી કરીને તને મારી કૃપાનો પૂરેપૂરો પરિચય થઈ શકે.

'' ધન્ય છું હું અને ધન્ય છે મારું સુભાગ્ય ! મારા પ્રભુ કેટલા કૃપાળુ છે ! જેમણે મારા પર આ કરુણા કરી. તેમના પ્રેમના માર્ગમાં અણુએ–અણુ અર્પી દેવાનું પરમ સૌભાગ્ય, ભલા કયાં મળી શકે છે !

સમ્રાટ ?

" બકબકાટ બંધ કર, બેશરમ ! તારા સમ્રાટની સામે મુખ ખોલતાં શરમ નથી આવતી? એ પ્રમાણે કહીને તેની સામે એક લશ્કરી કપ્તાનની તરફ મોં ફેરવીને તે ગર્જયો, " ઉલ્લુ ! જોઈ શું રહ્યો છે ? આગળ આવીને આ બદમાશને ચાબૂક કેમ ફટકારતો નથી ?

" નહિ સમ્રાટ !

" કેમ ?

" કેમ કે હું ય પણ એક ખ્રિસ્ત–ભકત છું.

એ ઉત્તર સાંભળતાં જ સમ્રાટના મગજમાં તોફાન મચી ગયું. " અધ્યક્ષ ક્રોમાસિઉસ ખ્રિસ્તી, ન્યાયાધીશ નિકોસ્ત્રાતુસ ખ્રિસ્તી, લશ્કરનો મુખ્ય સેનાપતિ ખ્રિસ્તી અને મારા મહેલનો મારો પ્રાણ–રક્ષક આ કવાદ્રાતુસ પણ ખ્રિસ્તી ? શું બધા મુખ્ય–મુખ્ય અધિકારીઓ ખ્રિસ્તી બની ગયા છે ? હીફૈકસ ! અહીં આવો. દીવાનાની માફક માથું ધુણાવીને સમ્રાટે મારાને બોલાવ્યો.

લઠ્ઠ–પઠ્ઠ ભારે શરીર ! ભૂતના જેવો રંગ ! એવો, હાથમાં એક લાંબું ધનુષ પકડીને આફ્રિકન જલ્લાદ હીફૈકસ દોડીને આગળ આવ્યો અને સમ્રાટને પ્રણામ કર્યા. સૂર્યનાં સીધાં કિરણોમાં એનું સોનેરી ધનુષ ચમકી રહ્યું હતું. જલ્લાદને આજ્ઞા કરતાં સમ્રાટે કહ્યું, બહાદુર હીફૈકસ ! તૈયાર થઈ જા. તારો શિકાર તારી સામે ઊભો છે. એને મોતને દરવાજે પહોંચાડી દેવાનું માન હું તને જ દેવા ચાહું છું. આ બદમાશ કવાદ્રાતુસને તો હમણાં જ : આ વખતે જ મારી સામે તારી તલવારથી વીંધી નાખ. પણ આ વિશ્વાસઘાતી સેબસ્તિયન! એને તો તું ચૂપચાપ તારે ઘેર લઈ જજે. આખી રાત એને તારા મકાનમાં બંધ રાખજે. સવાર થતાં જ એને તારા ઘરની સામેના પેલા જંગલમાં લઈ જજે અને કોઈ જાડા થડવાળ ા ઝાડની સાથે સારી પેઠે બાંધી દેજે. પણ જોજે ! આ બદમાશ

શરત–ચૂકથી ભાગી ન જાય. અને બીજું સાંભળ ! એને ઝાડની સાથે બાંધીને ધીરે–ધીરે તારાં તીરોથી ઘાયલ કરતો રહેજે. પરંતુ યાદ રાખજે ! એનો જીવ તરફડી તરફડીને નીકળવો જોઈએ. જોજે હો, ક્યાંય જોર કરીને તારું એક પણ તીર મારી ન બેસીશ, નહિ તો એક ક્ષણમાં ખેલ ખલાસ થઈ જશે અને એને મારી કૃપાનો પૂરેપૂરો પરિચય નહિ મળી શકે, સમજયો ! ધીરે–ધીરે, કે જેથી કરીને તરફડી–તરફડીને–તરફડી–તરફડીને આ બદમાશનો જીવ નીકળે.

પ્રકરણ ૨૯મું

પોતાના અંતર–પ્રેમીના દુઃખ–ભર્યા વિયોગમાં .....

એટલો અપાર આનંદ રૂપસુંદરી ફબીઓલાના જીવનમાં કદાપિ કદી જ નહિ આવ્યો હોય ! બાગની મનોહર હરિયાળી કોણ જાણે શાથી આજે એટલી બધી આહ્લાદક લાગી રહી હતી ! સંધ્યા સમીરણની જોબન–ભરપૂર લહરીઓ આવતાં જ નવ–તરુણીને ભાવ–વિભોર કરી જતી. ઘેર પાછાં ફરતાં વિહંગોને જોતાં જ તેને એવું લાગતું કે જાણે તેના એકાકી જીવનનો એક–માત્ર સહારો, તેનો પ્યારો સેબસ્તિયન હવે આવનાર જ હોય ! ફબીઓલા આનંદમાં નાચી ઊઠી અને ગાવા લાગી:

" સાંજ થઈ ઘર પક્ષી આવ્યાં –
હે પ્રીતમ ! ઘર આવી જા, રે !

પણ ફબીઓલાના જીવનમાં, જન્મ પામનારી એ વહાલ–ભરી ક્ષણ : જેને મેળવવાને તેનાં રોમ–રોમ નાચી ઊઠયાં હતાં ; તે મધુરી

ક્ષણ સંધ્યાના રકતવર્ણી કિરણોની માફક જોત–જોતામાં અંતર્ધાન થઈ ગઈ. તે એવી તો ગઈ કે જીવનમાં ફરીથી ભૂલેચૂકે રાહ બદલીને પાછી ન ફરી.

પ્રીતમના મિલનની આશામાં ફબીઓલા ગીત ગાઈ રહી હતી. સીરાને પોતાની તરફ ઝપાટાબંધ દોડી આવતી જોઈને તે એમ સમજી કે સેબસ્તિયન આવી પહોંચ્યા છે. દાસીની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં અધીર વ્યાકુળતાની સાથે તે બોલી, " તેઓ આવી ગયા ?

પણ સીરાએ કશો જવાબ ન દીધો. તેની ઉદાસ આંખો પર દષ્ટિ પડતાં જ ફબીઓલાએ ચિંતિત થઈને પૂછયું, " સીરા ! જવાબ કેમ દેતી નથી ? સેબસ્તિયન નથી આવ્યા ?

" સ્વામિની ! તેઓ તો ..... એટલું બોલીને સીરા ચૂપ થઈ ગઈ. ચિંતાતુર ભાવે ફબીઓલાએ ફરીથી પૂછયું, " તેઓ તો એટલે શું? શું તેઓ આજે નહિ આવે ?

" નહિ, સ્વામિની ! તેઓ હવે કદી પણ નહિ આવે.

ફબીઓલાની છાતી પર જાણે સીરાએ તીર માર્યું હોય એવી વેદના અનુભવતાં તેના ખભા જોરથી હલાવીને તે બોલી ઊઠી, " સીરા! તારી બોલવાની મતલબ શી છે ? જેવું હોય તેવું કેમ કહેતી નથી ?

દાસીનું ગળું રુંધાઈ ગયું હતું. અટકી–અટકીને તે બોલી, " માનનીય સ્વામિની ! એવું જાણવામાં આવ્યું છે, કે આજે સમ્રાટની ભરી રાજય–સભામાં સેબસ્તિયને સ્વીકારી લીધું છે કે તેઓ ખ્રિસ્તી છે.

" અને પછી ? સ્તબ્ધ થઈ જઈને ફબીઓલાએ પૂછયું.

" ખ્રિસ્ત–પ્રેમના અપરાધમાં સમ્રાટ મકસીમિયને પોતાના મુખ્ય સેનાપતિ સેબસ્તિયનને ફાંસીની સજા સંભળાવી દીધી છે.

" ફાંસી ? ફબીઓલા મૂર્છિત થઈને જમીન પર ઢળી પડી.

* * * * * * *

આંખો ખુલી ત્યારે જોયું તો દીપક બળી રહ્યો છે અને સીરા તેને પોતાની ગોદમાં લઈને બેઠી છે. ઘણી જ વાર સુધી ડૂમો ભરાઈ આવેલા પોતાના કંઠમાં હૃદયનું તમામ દર્દ એકઠું કરીને રોમન તરુણી બોલી, " સીરા! સેબસ્તિયન ખ્રિસ્તી હતા ?

" હા, સ્વામિની !

" શું, હવે તેમના બચાવનો કોઈ ઉપાય નથી ?

દાસીએ કાંઈક સમય વિચાર કરીને પ્રત્યુત્તર દીધો, " કદાચને આફરા તે કહી શકે !

" ડૂબતાને તરણાનો સહારો. ફબીઓલાએ ધીરેથી કહ્યું, " સીરા! જા, આફરાને બોલાવી લાવ.

ફરમાન થતાં જ સીરા આફરાને બોલાવવા ચાલી ગઈ. ફબીઓલાની આંસુડે નહાતી આંખો દરવાજા પર મંડાઈ રહી હતી. થોડી વારમાં જ આફરાએ પ્રવેશ કર્યો અને પાસે જઈને પ્રણામ કરતાં કરતાં બોલી, " મારાં માનવંત સ્વામિની ! આજ્ઞા દો.

આફરાને પલંગની પાસે બોલાવીને ફબીઓલાએ ધીમેથી કહ્યું, " આફરા ! સેબસ્તિયનની વાત તેં સાંભળી ?

" હા, સ્વામિની ! કાલે સવાર થતાં જ એ બિચારાને તીરોનું નિશાન બનાવી દેવામાં આવશે. કેટલો ભલો હતો, બિચારો !

" પણ આફરા ! શું એમના બચાવનો કોઈ ઉપાય નથી ?

" ઉપાય તો છે, પણ .....

" પણ શું ? જલદી બોલ બહેન.

દુઃખની હાલતમાં ફબીઓલા એ પણ ભૂલી ગઈ કે તે એક ગુલામ દાસીની સાથે વાતો કરી રહી છે. તેની એવી દુઃખી હાલત જોઈને આફરાને અંદર ને અંદર હસવું આવી ગયું. ઘણી વાર સુધી મૂંગા મૂંગા વિચાર કર્યા પછી તે ધીરેથી બોલી, " અતિ, માનનીય સ્વામિની ! ઉપાય

તો છે, પણ નાણાં ઘણાં ખર્ચ થઈ જશે.

" પણ કેટલાં ?

" કાંઈ આઠસોક પૌંડ.

આફરાને આવો સોનેરી અવસર જીવનમાં કોઈ વાર મળ્યો ન હતો. કાંઈક વિચાર કરીને તે બોલી, " માનવંત સ્વામિની ! આપે મારી એક વાત માનવી પડશે.

" તે કઈ ? અધીરતાથી ફબીઓલાએ પૂછયું.

" સેબસ્તિયનનો જીવ બચતાં જ આપે મને ગુલામીનાં બંધનોથી મુકત કરી દેવી પડશે. મારો જીવ પણ ચાહે છે, કે હું સ્વતંત્ર .....

આફરાનું વાકય હજુ પૂરું પણ થયું નહોતું કે ફબીઓલાએ ઉત્તર દીધો, " આફરા ! સેબસ્તિયનને બચાવી દે. હું તને તરત મુકત કરી દઈશ. હવે તું જલદી જા. જોજે, કયાંય મોડું ન થઈ જાય ; કયાંય રોકાઈ ન જતી.

" આપ ગભરાઓ નહિ, સ્વામિની ! દેવ–કૃપાથી બધું જ ઠીક થઈ જશે.

* * * * * * *

ફબીઓલાથી વિદાય લેતાં જ આફરાએ આફ્રિકન સરદારના મહેલનો રસ્તો પકડયો. આફ્રિકન તીરંદાજોનો સરદાર હીફૈકસ ઘણો જ કદરૂપો હતો. ભૂતના જેવા કાળા મોઢા પર ચળકતી એની જંગલી આંખોએ એના વિરૂપ અસૌન્દર્યને વિશેષ વધારી મૂકયું હતું, પણ આફરાની દષ્ટિએ સંસારનો એ સૌથી સુંદર પુરુષ હતો. કદાપિ તેથી જ હીફૈકસની એકેએક છટા પર કાળાં વાદળાંની પેઠે તે નાચી ઊઠતી. સાચું પૂછો તો આફરાના હૃદયના ખૂણેખૂણામાં હીફૈકસના પ્યારે ઘર કર્યું હતું. કેટલી યે વાર તેને ઈચ્છા થતી હતી કે તે પોતાના હૃદયની વાત પ્રિય

હીફૈકસને કહી દે, પણ પોતાની અત્યંત ગરીબીને કારણે બિચારી મોઢું ખોલી શકતી નહિ. હીફૈકસ પણ આફરાને ચાહતો હતો પણ આફરા ગુલામ હતી, તેથી તે પણ પોતાના હૃદયનો ભેદ આફરાને બતાવી શકતો નહિ. તેઓ બંને લાચારીની બેડીઓમાં જકડાઈ ગયાં હતાં.

આફરા હીફૈકસના મહેલ તરફ ચાલી જતી હતી. રસ્તામાં તેણીએ વિચાર કર્યો, " કાલે સવાર થતાં જ હું મુકત થઈ જઈશ. આઠસો પૌંડ પણ મારી પાસે હશે, તેથી હીફૈકસ મને અવશ્ય અપનાવી લેશે. તેના નોકર-ચાકર મને સ્વામિની કહીને બોલાવશે ..... એવી મધુર કલ્પનાઓથી ગરીબ દાસીને કોણ જાણે કેટલો બધો આનંદ પ્રાપ્ત થયો!

હીફૈકસના ઉતારે પહોંચી જવામાં આફરાને વધારે વખત ન લાગ્યો. તેણીએ આગળ જઈને જોયું તો આફ્રિકન સેનાપતિ આંગણામાં ફરી રહેલો જણાયો. સેબસ્તિયન બહારના ઓરડામાં બંધ પડયો હતો. હીફૈકસ જાણતો હતો, કે જો કદાપિ તે ઓરડામાંથી નાસી જશે તો હૃદયહીન સમ્રાટ મારો જીવ લીધા વિના રહેશે નહિ. કદાચને એ જ ભયથી તે આટલો બધો ચિંતિત થઈને પહેરો ભરી રહ્યો હતો. આફરાને રાતને સમયે પોતાને ઘેર આવેલી જોઈ હીફૈકસ આશ્ચર્ય પામતાં બોલ્યો, " શી ખબર છે, આફરા ? તું આ સમયે અહીં ? કુશળ તો છે ને ?

" હા, હા. ગભરાવાની કાંઈ જરૂર નથી. હું એક અગત્યના કામને માટે તમારી પાસે આવી છું. એમ બોલતાં જ આફરાએ પોતાના આફ્રિકન ભાઈનો હાથ પકડી લીધો, અને ગુપચુપપણે કાનમાં મોં રાખીને બોલી, " પેલો તમારો બંદીવાન ક્યાં છે ?

" કોણ ? સેબસ્તિયન !

" હા.

આફરાને ઓરડાના દરવાજા પાસે લઈ જઈને સામેની બાજુએ આંગળી ચીંધીને કહ્યું, " અહીં જો ! તે તો ભર ઊંઘમાં પડયો છે. પાગલને

મોતનો પણ ભય નથી ! મને તો ભારે આશ્ચર્ય થઈ રહ્યું છે. કેવો નિર્ભય યુવક છે, આફરા ! એને ખ્યાલ પણ નથી કે કાલે સવાર થતાં જ પારધીનાં તીર એ પાગલના પ્રાણનો અંત લાવી દેશે.

" અંત નહિ થશે, હીફૈકસ ! હીફૈકસની આંખમાં આંખ પરોવીને દાસી ગંભીરતા–પૂર્વક બોલી, અને સરદાર આશ્ચર્ય–સહિત તેની સામે જોવા લાગ્યો.

" તારી મતલબ ?

" એ જ કે કાલે સેબસ્તિયનના પ્રાણનો અંત નહિ થશે.

" શા માટે ?

" કેમ કે મારો તમારી સાથે વિવાહ થવાનો છે.

" તું ગાંડી થઈ છે કે શું ?

" હીફૈકસ હું ગાંડી નથી. જે કાંઈ કહી રહી છું ; સમજી–વિચારીને કહી રહી છું. કાલે આપણ બંનેના વિવાહ થશે.

" પણ આફરા ! તું વારંવાર ભૂલી જાય છે, કે તું એક ગુલામ દાસી છે અને હું છું સેનાપતિ. પ્રેમ હોવા છતાં પણ હું તારો સ્વીકાર નથી કરી શકતો.

" પંરતુ, હીફૈકસ ! હવે તમારી આફરા અધિક સમય સુધી ગુલામ નહિ રહેશે. કાલે આપણા બંનેના વિવાહ અવશ્ય થશે. ચિંતા ન કરો. કાલે સવાર થતાં જ ગુલામીનાં તુચ્છ બંધનોથી સદાને માટે મુકત કરી દેવાઈશ.

" પણ આફરા ! મને લગ્ન–પહેરામણીના રૂપમાં શું મળશે?

" તમે શી પહેરામણી ચાહો છો ?

આફરાનો પ્રશ્ન સાંભળીને હીફૈકસ કંઈક વાર સુધી વિચારમાં પડી ગયો. પણ આખરે તે બોલ્યો, " આફરા ! તું તો જાણે છે જ કે મને અત્યારે પૈસાની ભારે તંગી છે. વળી વિવાહમાં પણ કાંઈ ને કાંઈ ખર્ચ

થશે જ. તેનો અંદાજ કાઢતાં ઓછામાં ઓછા ત્રણસો પૌંડ તો હોવા જ જોઈએ.

" ત્રણસોને તમે રડો છો ! અરે, હું તો તમને આઠસો પૌંડ દઈ દઈશ; પણ એક શરત છે.

" તે શી ?

" મેં આવતાંની સાથે જ તમને કહ્યું હતું ને, કે ' હું એક ખાસ અગત્યના કામને માટે તમારી પાસે આવી છું જો તે કામ પૂરું ન થયું તો ન આ રૂપિયા તમને મળવાના અને ન આપણા વિવાહ પણ થવાના !

આફરાની વાત સાંભળીને હીફૈફસની આનંદિત મુખમુદ્રા પર એક ક્ષણ-ભરને માટે ચિંતા છવાઈ ગઈ. તે બોલ્યો, " કયું કામ છે ?

"હીફૈકસ ! સેબસ્તિયનનો જીવ તમારે બચાવવો પડશે.

" તારી મતલબ ? મહાન આશ્ચર્યની સાથે આફ્રિકન સરદારે પ્રશ્ન કર્યો.

" એ જ કે તમારાં તીરોથી એ યુવકનો જીવ ન નીકળવો જોઈએ, નહિ તો .....

" નહિ તો શું ? મારો જીવ પણ મને વહાલો છે ! જો મેં સેબસ્તિયનને જીવતો છોડી દીધો તો સમ્રાટના ક્રોધની બળી રહેલી આંખો મને જ ક્ષણ-ભરમાં બાળીને ખાખ કરી મૂકશે. હું લાચાર છું ..... હું લાચાર છું ..... હું ..... માથું ધુણાવતાં ધુણાવતાં હીફૈકસે ઉત્તર દીધો. આફરા ફરીથી બોલી, " હીફૈકસ ! તમે સરદાર તો બની ગયા પણ તમારામાં બુદ્ધિ ન આવી !

" આફરા ! તને ઠીક લાગે તે કહી દે. પણ હું તને ખરેખર કહું છુ, કે જો હું સેબસ્તિયનને જીવતો છોડી દઈશ તો સમ્રાટ મારું ખૂન પી જશે. તેમની આંખો આજે ક્રોધમાં બળી રહી હતી.

ઠઠ્ઠાના રૂપમાં આફરાએ જવાબ દીધો, '' સરદાર ! તમારી સમજણ બહુ મોટી છે. પણ તમે મારી વાત સાંભળો. હું તમને એક ઉપાય બતાવું છું. જેથી ' સાપ પણ મરી જાય અને લાકડી પણ ન ભાંગે, સમજયા ?

'' તે ઉપાય કયો ? જિજ્ઞાસા સહિત હીફૈકસે પૂછયું.

'' સેબસ્તિયનને એવી રીતે તીર મારજો, કે માણસો તો એવું સમજે કે સેનાપતિ મરી ગયો, પણ અંદરખાને તે જીવિત હોય.

'' જો કદાપિ તે બચીને સાજો–તાજો થઈ જાય તો પછી મારી શી વલે થાય ?

'' તમે એની ચિંતા બિલકુલ કરશો નહિ. સેબસ્તિયનના ખ્રિસ્તી બંધુઓએ તેને બહાર મોકલી દેવાનો નિશ્ચય કરી લીધો છે.

હીફૈકસને પૈસાની બહુ તંગી હતી. તેણે જોયું કે આઠસો પૌંડ પણ મળે છે અને આફરાનો પ્રેમ પણ ! આફ્રિકન સરદાર લાલચમાં પડી ગયો હતો તેથી ઘણો લાંબો સમય વિચાર કરી જોયા પછી ખૂબ સાવધાનીથી બોલ્યો, '' કામ તો ઘણું જ કપરું છે, પણ જયારે તું કહે છે તો મારે તે કરવું જ પડશે. પણ આફરા ! મને નાણાં કયારે મળશે ?

'' ચોવીસ કલાક સુધી સેબસ્તિયન જીવતો રહી જાય ત્યારે.

'' ચોવીસ કલાક ?

'' હા, હીફૈકસ ! કોઈ પણ ઉપાયે તેણે ચોવીસ કલાક સુધી જીવિત રહેવું જ જોઈએ. ખરું પૂછો તો મને એના જીવવા–મરવાની કશી પડી નથી. પણ, હીફૈકસ ! ચોવીસ કલાક ન થાય ત્યાં સુધી મને નાણાં નહિ મળે.

આફ્રિકન સરદાર ગંભીર થઈને કાંઈક સમય સુધી વિચારમાં ડૂબી ગયો. તેની ઈચ્છા તો હતી કે આફરાની વાત માની લ+ઉં, પણ સમ્રાટની વાત યાદ આવતાં જ તે ગભરાઈ ગયો અને બોલ્યો, '' આફરા,

મારાથી આ કામ નહિ થઈ શકે.

" કેમ ?

" કેમ કે ચોવીસ કલાકનો સમય બહુ જ લાંબો થાય છે. હું વધારેમાં વધારે બાર બલાક સુધીની ખાતરી આપી શકું છું.

હીફૈકસની વાત સાંભળીને આફરાનો આનંદ ઘેરી નિરાશામાં ફેરવાઈ ગયો. તે માથું નમાવીને ધીરેથી બોલી, " સારું, હીફૈકસ ! તમારી મરજી. એમ કહીને આફરા આંગણાની તરફ પાછી જવા લાગી.

આફરા આંગણાંના પગથિયાંની નીચે ઊતરી રહી હતી તેવામાં હીફૈકસે પાછળથી સાદ કર્યો, " આફરા ! જરા ઊભી રહે. મને જરા વિચાર કરી લેવા દે.

આફરા ત્યાં જ અટકી ગઈ. આફ્રિકન સરદારના હૃદયમાં મચી રહેલા દ્વન્દ્વ યુદ્ધને તે સારી રીતે સમજી ગઈ હતી. તે મૌનપણે ત્યાં જ ઊભી રહી. હીફૈકસ ઘણા લાંબા સમય સુધી કોણ જાણે શા શા વિચાર કરતો રહ્યો! ત્યાર પછી તેની પાસે આવીને કહેવા લાગ્યો, " આફરા! હું તને નિરાશ કરવા ચાહતો નથી. હું જરૂર પ્રયત્ન કરીશ. પણ જરા સાંભળ. તારે મારા નોકરોને પણ ઈનામ આપવું પડશે. બોલ, છે મંજૂર ?

આફરાની ભગ્ન થયેલી આશા ફરી પ્રફુલ્લ બની ગઈ. તે આફ્રિકન સરદારના હાથ ચૂમીને બોલી, " હીફૈકસ ! તમે કેટલા ભલા છો ? મને તો વિશ્વાસ હતો કે તમે મને નિરાશ નહિ જ કરો. હવે સાંભળો, તમારા નોકરોને માટે મેં સો પૌંડ બચાવીને જુદા રાખી મૂકયા છે. તેનાથી હું તેમને રાજી કરી દઈશ, તો તો કાલે આપણા વિવાહ અચૂક થશે ને ? હવે જોજો હોં ! સેબસ્તિયનને ચોવીસ કલાક જીવતો રાખવાનો છે.

" તેની તું ચિંતા ન કર. ગમે તેમ કરીને તેને ચોવીસ કલાક સુધી જીવતો રાખીશ. એટલું કહીને હીફૈકસે આફરાને પ્રેમ–ભીની વિદાય આપી.

આફ્રિકન સરદારના મહેલે આફરાને ઘણો સમય લાગી ગયો હતો. તેથી ઘેર પાછા ફરતી વખતે તેના કાળા પગો, ચંદ્રની ચાંદનીમાં ઉજળી જણાતી કેડીઓ પર ઝડપથી ઉપડવા લાગ્યો. જયારે તે કપ્તાન કોરભીનુસના મહેલની બારી નીચેથી પસાર થઈ ત્યારે તે ખડખડાટ હસી પડી. જાણે કે એ બારીને જોતાં જ તેને કોઈ વીતી ગયેલી વાત યાદ આવી ગઈ હોય ! એકાએક કોઈએ પાછળથી તેના ખભા પર હાથ મૂકયા તેથી તે ચમકી ગઈ. પણ પાછળ ફરીને જોવા લાગી તો કોરભીનુસ તેની સામે હસતો–હસતો ઊભો રહેલો જણાયો.

" આફરા ! શી વાત છે, કે તું આજે આટલી બધી આનંદમાં છે ?

" તમારી જ વાતનો વિચાર કરી રહી હતી. તમને યાદ હશે કે આપણ બંને કંઈક મુદત પહેલાં અહીં મળ્યાં હતાં.

" સારી રીતે યાદ છે. મૂર્ખ બનાવીને તું મારી પાસેથી સોનાની વીંટી અને રૂપિયા ભરેલી થેલી લઈ ગઈ હતી. તે દિવસે તેં મને ખૂબ ઠગ્યો, પણ આજે ખરેખરું કહી દે કે મારું કામ કયારે બનશે ?

ચતુર આફરાએ તરત જ જવાબ દીધો, " શું કહું, કોરભીનુસ! મેં તો ઘણો પ્રયત્ન કર્યો પણ પેલા બુઢ્ઢા ફબિઉસના જીવતાં ફબીઓલાને ઠગવી એ ભારે મુશ્કેલીની વાત હતી.

" પણ હવે તો ફબિઉસ ચાલ્યો ગયો, હવે કોની નડતર છે ? હવે તો કોઈની નડતર રહી નથી.

" તેથી તો કહું છું, કે તમારું કામ બની જવામાં હવે વિલંબ નહિ થાય. અને હવે તો કેવળ ફબીઓલા એકલી જ નહિ, પણ તેનું બધું ધન

અને તેની અપાર સંપત્તિ પણ તમારા હાથોમાં આવી પડશે. ફબિઉસની પછી હવે તો તે જ એકલી ઘરબારની માલિક છે.

" આફરા ! શું તારા જ જાદુએ ફબિઉસનો જીવ લીધો ? ઠંડાશથી કોરભીનુસે પ્ર શ્ન કર્યો.

" એમાં વળી સંદેહ શો છે ? દાસીએ નિર્લજ્જતાપૂર્વક ઉત્તર દીધો.

એ ઉત્તર સાંભળીને કોરભીનુસ કંપી ગયો. તે મનોમન બોલ્યો, " કેટલી ભયંકર સ્ત્રી છે ?

એના વળગણથી નાસી છૂટીને તે મહેલની તરફ ચાલવા જ લાગ્યો હતો કે આફરાએ તરત તેના જામાનો છેડો પકડી લીધો અને બોલી, " કોરભીનુસ ! મને એટલી બધી ખરાબ ન સમજશો. હું તમને હૃદયથી ચાહું છું. તમને પ્રસન્ન કરવાને માટે જ મારે આ બધું કરવું પડયું.

પ્રકરણ ૩૦મું

સ્વપ્નાની ઉજડેલી દુનિયામાં .....

સેબસ્તિયન ભર નિદ્રામાં પડયો હતો. હીફૈફસ વારંવાર દરવાજા પર આવતો અને એ યુવકની અદ્‌ભુત નિશ્ચિંતતા પર આશ્ચર્ય પામીને ઘડી–ભર આડે પડખે થઈ જતો.

સવાર થવામાં હવે એક પહોરની વાર હતી. ચન્દ્રમણિ આકાશના માર્ગ પર અમૃતની વર્ષા કરતો–કરતો, મકાનની બારીમાંથી પ્રેમના અમર પૂજારી સેબસ્તિયનનાં દર્શન કરવા પશ્ચિમના ક્ષિતિજ પર આવી પહોંચ્યો હતો.

પક્ષીઓના કિલકિલાટ સાંભળીને તેની આંખો ખુલી ગઈ, હવે તેનો થાક પૂરી રીતે દૂર થઈ ગયો હતો.

પથારીમાંથી ઊઠતાં જ તે પ્રાર્થનામાં બેસી ગયો. જમીન પર ઘૂંટણો ટેકવીને તેણે પોતાની મૌન આંખો આકાશની તરફ માંડી અને બોલ્યો, " પ્યારા પ્રભુ ! હે દયાના ભંડાર ! હે અમૃતના સાગર ! હવે તમારી કૃપા મારા પર પણ વરસાવો ; કે જે કૃપા મારા અગાઉના સાથીઓ મેળવી શકયા છે, તે પરમ સૌભાગ્યને હું પણ મેળવી શકું. હે સ્વામી ! હું તો તમારો એક તુચ્છ દાસ છું. પણ આ મીઠી કલ્પના વડે હું આનંદથી તરબોળ થઈ જાઉં છું, કે આજે સૂર્યોદય થતાં જ મારા સદ્‌ભાગ્યનો સૂર્ય પણ ઊગી નીકળશે. તમારા પ્રેમ–માર્ગમાં પારધીનાં તીરો મધુ સમાન મીઠાં સમજીને હું મારાં અંગે–અંગને ધરાવીશ અને હસતો–હસતો તમારા પવિત્ર ચરણોમાં આવી પહોંચીશ. જે ચરણોનો દુઃખભર્યો વિયોગ આ મારી નિર્દોષ આંખોને હંમેશા સતાવ્યા કરે છે. હે નાથ ! હવે વખત ન લગાડો. હે સ્વામી .....

હીફૈકસ દરવાજાની પાસે ઊભો રહીને સેબસ્તિયનની પ્રાર્થના સાંભળી રહ્યો હતો. જીવનમાં પહેલી વાર એને એવા મધુર શબ્દો સાંભળવા મળ્યા. સેબસ્તિયનના કંઠમાંથી જાણે કે અમૃતની ધારાઓ વહી રહી હોય નહિ ! એની પ્રેમ–ભરપૂર સ્થિર આંખો પર દષ્ટિ પડતાં જ જલ્લાદનું પથ્થર જેવું હૈયું માખણની માફક પીગળી ગયું. અને આગળ જઈને તેણે બંદીવાનની સામે પોતાના ઘૂંટણ ટેકવી દીધા.

હીફૈકસનું હૃદય પીગળી ગયું હતું. સેબસ્તિયનની તરફ તેના હૃદયમાં દયા અને પ્રેમ ઊભરાઈ આવ્યાં. તેને ઈચ્છા થઈ આવી કે તે સેબસ્તિયનને મુકત કરી દે, પણ જયારે સૂર્યોદય થયો અને ગરીબ હીફૈકસની આંખો સામે જાલીમ મકસીમિયનની ખૂની આંખો ઘૂરકાતી જોવામાં આવી કે બિચારાનો પ્રાણ ભયથી કંપી ઊઠયો.

* * * * * * *

સૂર્યોદય થઈ ચૂકયો હતો. હીફૈકસ લાંબા સમય સુધી મૂંઝવણમાં પડી વિચારી રહ્યો હતો. વારંવાર તેને ઈચ્છા થતી હતી કે તે સેબસ્તિયનને મુકત કરી દે, પણ જયાં હૃદય–હીન સમ્રાટની તેને યાદ આવતી કે બિચારો હારી જતો.

ઘણો સમય વીત્યા પછી તેણે ઓરડામાં પ્રવેશ કર્યો અને માથું નમાવીને કરુણા–જનક સ્વરમાં બોલ્યો, " માનવંત સેબસ્તિયન ! ચાલો, સમય થઈ ગયો છે.

વીર સેનાપતિ આનંદિત ચહેરે ઊઠયો અને હીફૈકસની સાથે સામેના જંગલ તરફ ચાલી નીકળ્યો. સમ્રાટના હુકમની ખબર આખા શહેરમાં વીજળી વેગે ફેલાઈ ગઈ હતી. સેબસ્તિયન જંગલમાં પહોંચ્યો ત્યારે ત્યાં જોનારાઓની બહુ ભીડ થઈ રહી હતી. લોકો તાલીઓ અને સીટ્રિઓ વગાડી રહ્યા હતા. હીફૈકસના સાથીઓએ સેબસ્તિયનનું ગુલાબી શરીર ઉઘાડું કરી નાખ્યું અને જાડી–જાડી રસીઓથી એક મોટા ઝાડની સાથે બાંધી દીધું. એનાં માખણ સમાન સુંદર ગાત્રો ઝાડની ખરબચડી છાલ સાથે ભોંકાતાં જતાં હતાં. સરદારે હુકમ કર્યો અને પહેલા તીરંદાજે પોતાનું ધનુષ ખેંચ્યું. એક ધીમો અવાજ સાંભળવામાં આવ્યો અને પહેલું તીર પ્રભુ–પ્રેમીના જમણા ખભામાં ખૂંચી ગયું તે જ ક્ષણે ખળ ખળ કરતું લોહી ઊડવા અને વહેવા લાગ્યું. બીજું તીર ફરીથી છોડવામાં આવ્યું ; પછી ત્રીજું અને છેવટે ચોથું. ચાર તીર લાગતાં જ સેબસ્તિયન બેશુદ્ધ થઈ ગયો અને જોનારાંઓને વિશ્વાસ બંધાઈ ગયો કે મરી ગયો છે. હીફૈકસની રમત સફળ થઈ ગઈ. તે મનમાં અતિશય આનંદિત હતો. તરત તે ઝાડની પાસે ગયો અને લાંબી જાડી–જાડી રસીઓ તલવારના ઝટકાથી કાપી નાખી ત્યારે સેબસ્તિયન ભૂમિ પર ઢળી પડયો અને

તાલીઓના અવાજથી વાયુ–મંડળ ગૂંજી ઊઠયું.

કોણ જાણતું હતું કે પેલે પાર પણ તાલીઓ વાગી રહી છે ?

સેબસ્તિયન નીચે ઢળી પડતાં જ હીફૈકસે તેનું શરીર તેના ખ્રિસ્તી બંધુઓને હવાલે કરી દીધું. પ્રભુ–ભકતો પણ સમજી ગયા હતા કે સેબસ્તિયન મરી ગયો છે. તેને ઉપાડીને તેઓ કટાકૂમ્બની તરફ લઈ જવાની તૈયારી કરી જ રહ્યા હતા ત્યાં તો આફરા દોડતી દોડતી આવી પહોંચી અને એક પ્રભુ–ભકતના કાનમાં ધીમેથી કહેવા લાગી, કે " સેબસ્તિયન હજુ જીવે છે, તે બચી જશે. એટલું બોલીને તે ઝડપથી ત્યાંથી જતી રહી.

આફ્રિકન દાસીની વાત સાંભળીને સેબસ્તિયનના સાથીઓ હકક–બકક થઈ ગયા અને ભકત સેનાપતિના શાંત મુખની તરફ જોવા લાગ્યા. ધ્યાન દઈને જોવાથી તેમને પણ વિશ્વાસ આવી ગયો કે સેબસ્તિયન જીવતો છે. તેને ઉપાડીને તેઓ તરત ઐરેનના મહેલમાં જઈ પહોંચ્યા.

ઐરેન કટુલુસનાં ધર્મપત્ની હતાં. એ દંપતીને સેબસ્તિયને ખ્રિસ્ત ભકત બનાવ્યાં હતાં. કેટલાક દિવસ ઉપર સુભાગી કટુલુસ પકડાઈ ગયો હતો અને તેને પ્રભુ–પ્રેમના અપરાધને માટે ફાંસી દઈ દેવામાં આવી હતી, પણ ઐરેન હજુ સુધી જીવિત હતાં. પ્રેમના આ બેશુદ્ધ પડેલા ઉપાસકની કરુણા–જનક દશા જોઈને બિચારીની આંખો ભરાઈ આવી. તેણે ઝડપથી પલંગ બિછાવી દીધો અને તેના પર સેબસ્તિયનને સુવાડી દીધો. સેબસ્તિયનના સાથીઓને ઘડી–ભર ત્યાં ઊભા રહેવાનું કહીને તે સીધી યૂફોસીનને ઘેર ગઈ અને થોડી વારમાં જ યૂફોસીનને સાથે લઈને ઘેર પાછી આવી.

અત્યાર સુધીમાં ઘણું રકત વહી ગયું હતું, પણ જીવ હજુ સુધી કાયમ હતો. સેબસ્તિયનને બરાબર તપાસીને ઐરેનને કહ્યું, " ચિંતા

કરવાનું કાંઈ કારણ નથી ; ઘા બહુ ઊંડા છે નહિ. સેબસ્તિયન બચી જશે, પણ ધીરજ રાખવી પડશે. સમય જરૂર વધારે લાગી જશે.

યૂફોસીને સેબસ્તિયનના ઝખમો પર પાટાઓ બાંધી દીધા. વીર સેનાપતિ બેશુદ્ધ પડયો હતો. દવા આપતાં તે બોલી, " હવે હું જાઉં છું. દવા પીવાડતા રહેજો. હું ફરીથી આવીશ. એમ કહીને યૂફોસીન ચાલી ગઈ. રકત ઘણું વહી જવાથી તેનું સુંદર વદન ફિકકું પડી ગયું હતું. ઐરેન માથા પાસે બેસીને એકીટશે સેબસ્તિયનને જોઈ રહી હતી. ભકત–નારીની થરથરતી આંગળીઓ વીર સેનાપતિના ભવ્ય કપાળ પર ફરી રહી હતી. અને વારંવાર તેના હોઠોમાંથી આવો અવાજ નીકળતો હતો " હે પ્રભુ !

પ્રત્યેક અર્ધા કલાકે આફરા આવતી અને સેબસ્તિયનની ખબર પૂછી જતી. આફ્રિકન દાસીનો આ અકુદરતી પ્રેમ ઐરેનની સમજમાં આવી શકયો નહિ. જયારે પૂરા ચોવીસ કલાક થઈ ગયા ત્યારે આફરા ફબીઓલાને સાથે લઈને ઐરેનના આવાસે આવી પહોંચી, જેથી તે સેબસ્તિયનને જીવતો બતાવીને પોતાના આઠસો પૌંડ સાચા કરી લે.

સેબસ્તિયન, જેને રોમન તરુણી હવે પોતાના જીવનના એક છેડાથી બીજા છેડા સુધીનો સ્વામી સમજવા લાગી હતી, તે તો બેશુદ્ધ પડયો હતો. ફબીઓલાના હૃદયમાં કારી ઘા લાગ્યો હતો પણ કાંઈ બોલી નહિ ; એવી આશાથી કે સેબસ્તિયન થોડા સમયમાં સાજા થઈ જશે. એ આશ્વાસનથી તેના દુઃખિત હૃદયને દિલાસો મળ્યો.

આફરા વર્ષો થયાં ગુલામીની ચકકીમાં પીસાતી હતી. એક–એક પૈસાને માટે તેને તલસાવું પડતું. જૂનાં ફાટેલાં કપડાં પહેરીને દિવસો કાઢવા પડતા. કોરભીનુસ જેવા મૂર્ખ યુવકની ખુશામત કરવી પડતી. જડીબુટ્ટીઓની શોધમાં કબરસ્તાનની ધૂળ ઉડાડતાં–ઉડાડતાં તેનો જીવ ગળે ભરાણો હતો. સેબસ્તિયનની કૃપાથી બિચારી હવે મુકત થઈ ગઈ.

તેની ઝોળીમાં પૂરા આઠસો પૌંડ જોઈને પોતાની જાત પર તેને આશ્ચર્ય થવા લાગ્યુ. ફબીઓલાના ચરણોમાં પ્રણામ કરીને પ્રસન્ન વદને તેણે વિદાય લીધી.

હીફૈકસ પણ આંફરાની યાદમાં બેચેન બની રહ્યો હતો. પૌંડથી ભરેલી થેલી સાથે તેને આવતી જોઈને આફ્રિકન સરદારની ખુશાલીનો પાર ન રહ્યો. તે દોડીને સીડીની નીચે ઊતર્યો અને આફરાનો આવકાર કરીને તેને પોતાના દીવાનખાનામાં લઈ ગયો.

તે રાત આફરાના જીવનની પહેલી સુખ–ભરી રાત હતી.

* * * * * * *

ઐરેનને ઘેરથી પાછા ફરતી વખતે ફબીઓલા તેને રૂપિયાથી ભરેલી થેલી દઈ આવી, કે જેથી કરીને બીમારની માવજત બહુ જ સારી રીતે થઈ શકે. ઐરેને તેને વિશ્વાસ કરાવ્યો કે સેબસ્તિયન જરૂર બચી જશે. એ ઉપરાંત ફબીઓલાની દાસીઓ દિવસમાં દસ–દસ વાર આવતી અને સેબસ્તિયનની ખબર પૂછી જતી. સેબસ્તિયન પ્રત્યે ફબીઓલાનો આવો અજાયબ જેવો પ્રેમ જોઈને ઐરેનને એ વાતનો પૂરો વિશ્વાસ થઈ ગયો, કે ફબીઓલા પણ પ્રભુ–ભકત છે. તેથી એક દિવસે ફબીઓલાને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું.

ભગવતી ફબીઓલા રાતના જમણ પર ઐરેનને ઘેર આવી ત્યારે વૃદ્ધાએ તેને ખ્રિસ્ત સંબંધીની ઘણી ખરી વાતો કહી સંભળાવી. ફબીઓલા ભકિત–ભાવથી બધું સાંભળતી રહી. પોતાના આખા જીવનમાં તે આજ પહેલી વાર એક ખ્રિસ્ત–ભકતના પરિવાર વચ્ચે જમવા આવી હતી. પ્રભુ–ભકતોનું એ નાનકડું કુટુંબ તેને બહુ જ આદર્શમાન લાગ્યું. ભોજનથી પરવારીને તેણે ઐરેનને કહ્યું, “ મા ! મારો જીવ ચાહે છે કે હું દરરોજ અહીં આવ્યા કરું. સેબસ્તિયનની ખબર

પણ પૂછી જઈશ અને તમારી સાથે વાતો કરવાનો આનંદ પણ આવશે.

" કેમ નહિ, દીકરી ! આ તો તમારું ઘર છે.

તે દિવસથી ફબીઓલા ઐરેનને ઘેર દરરોજ આવવા લાગી. આ બાજુએ સેબસ્તિયન દિન–પ્રતિદિન સાજો થતો જતો હતો. તેનું દૂરપણું હવે ફબીઓલાને ખટકવા લાગ્યું. તે ઈચ્છતી હતી કે હવે તે પોતાના હાથોથી સેબસ્તિયનની સેવા કરે. બીતાં–બીતાં તેણે એક દિવસ ઐરેનને કહ્યું, " મા! હું એક વાત કહેવા ચાહું છું. જો તમને દુઃખ ન લાગે તો .....

" કહો, ફબીઓલા ! મને તો તમારી વાતોથી આનંદ આવે છે.

" મા ! મારો જીવ ચાહે છે, કે સેબસ્તિયનને હવે મારે ઘેર લઈ જાઉં. ત્યાં હું તેમની ખૂબ સેવા કરીશ. જો તમને કંઈ દુઃખ .....

" નહિ, નહિ, ફબીઓલા ! હું તમારા પ્રેમને સમજું છું. મને કંઈ દુઃખ નથી લાગવાનું, પણ ઓછામાં ઓછું સેબસ્તિયનને પૂછી જોવું તો જોઈએને ?

" તમે એ બાબતમાં ચિંતા ન કરો, હું એમને મનાવી લઈશ. એમ કહેતાંની સાથે જ ઐરેનને સાથે લીધા અને બંને સેબસ્તિયનના ખંડમાં આવ્યાં. બીતાં–બીતાં તેણે સેબસ્તિયનને બધી વાત કહી સંભળાવી.

ઐરેનના ઘરમાં આવ્યા ત્યારથી અત્યાર સુધી સેબસ્તિયન બિલકુલ મૌન રહ્યો હતો. સ્થિર આંખો રાખીને તે આકાશની તરફ જોયા કરતો પણ તેના હોઠોમાંથી એક પણ શબ્દ નીકળવા પામતો નહિ. એ અરસામાં ફબીઓલા પણ કેટલીયે વાર તેને જોવા ચાહતી હતી, પણ તેની સાથે સુદ્ધાં તે બોલતો નહિ. પણ આજે ફબીઓલાના મુખથી વાત સાંભળીને અતિશય દુઃખભર્યા સ્વરમાં તે બોલ્યો, " ફબીઓલા ! તું મારા

અને મારા પ્રભુની વચમાં આવવાની મહેનત ન કર. તારા નાના સરખા સુખને માટે તેં મને કેટલી વેદના પહોંચાડી છે ! તે કદાપિ તું સમજી પણ નહિ શકે. હું તારા પ્રેમને સમજું છું, ફબીઓલા ! પણ તું ભકતની અંતર–વેદના નથી સમજી શકતી. તેથી હું તમને વિનંતી કરું છું, કે તું મને ક્ષમા કર. પાગલ ! મારી સાથે પ્રેમ કરીને તને શું મળવાનું હતું ? જા, અને એની સાથે પ્રેમ કર, કે જે ચંદ્ર અને તારાઓનો સ્વામી છે. તેના પ્રેમમાં જ તારું કલ્યાણ છે, બહેન !

પ્રકરણ ૩૧મું

બલિદાનની વેદી પર ત્રીજું ફૂલ .....

સેબસ્તિયનને શય્યા પર પડયા પડયા કાંઈક દિવસથી સળ વળાટ થઈ રહ્યો હતો. તેની એકેએક ક્ષણ અકળામણમાં વીતતી. તેને વારંવાર ઈચ્છા થઈ આવતી, કે ' હું દોડી–ભાગીને રાજયમહેલ સુધી પહોંચી જાઉં અને સમ્રાટને કહી દઉં કે હું અત્યાર સુધી જીવતો છું. પણ તેની દુર્બળતાને લીધે તે બિચારો ઊઠીને ઊભો પણ રહી શકતો ન હતો. આજે તો તેની ધીરજનો પ્યાલો બિલકુલ ભરાઈ ગયો હતો. તેના સુકાઈ ગયેલા પગોનો આશરો લઈને તે મહામહેનતે ઊઠયો અને પડતો–આખડતો સીધો રાજયમહેલ પર જઈ પહોંચ્યો. સમ્રાટ મકસીમિયન મહેલની ફરસબંધી પર આંગણામાં આંટા મારી રહ્યો હતો. સેબસ્તિયન સીધે–સીધો તેની પાસે ગયો અને આંગણામાં આવેલી એક થાંભલીને પકડી ઊભો રહી ગયો. મકસીમિયને સેબસ્તિયનને ઝટ ઓળખી લીધો અને આશ્ચર્ય–ચકિત થઈને બોલ્યો, " સેબસ્તિયન તું ?

" હા, સમ્રાટ ! હું સેબસ્તિયન ..... આપનો સેનાપતિ.

ઠઠ ા–ભર્યું હાસ્ય કરતાં–કરતાં મકસીમિયન બોલ્યો, '' પણ તું તો મરી ગયો હતો ને ? કબરમાંથી ઊઠીને આવ્યો છે ?

'' હા, કબરમાંથી ઊઠીને તને જણાવવા આવ્યો છું, કે તું હજુ પણ તારી મીંચાયેલી આંખોને ખોલી નાખે. અત્યાર સુધી તો તેં પેટ ભરી–ભરીને નિર્દોષ સંતોનાં લોહી વહેવડાવી નાખ્યાં છે. એક પછી એક એમ હજારો પ્રભુ–ભકતો તારી હોંસ પૂરી કરવા તારા પાપની વેદી પર ચઢી ચૂકયા છે. તેના રકતથી હવે તો તારી પ્યાસ બુઝાઈ ગઈ હશે. હવે તો તું તારી આંખ ખોલ. કેમ કે મકસીમિયન ! જો હજુ પણ તું તારી આંખો નહિ ખોલે તો તું રોઈશ. આજ નહિ તો કાલ તારે ઈશ્વરની સામે હાજર થવું જ પડશે. પ્રભુ પરમાત્માએ તારા એ બધા અત્યાચારો જોયા છે. એ પાપોના બદલામાં તને કોણ જાણે કેવી–કેવી ઘોર યાતનાઓ સહેવી પડશે. તેથી તને કહું છું કે હવે તું ઢીલ ન કર અને પ્રભુની સામે ઘૂંટણે પડીને તેમની પાસે તારાં પાપોની ક્ષમા માગ. તેમના સંતો અને ભકતો પર તેં અજ્ઞાનપણે જે અત્યાચાર કર્યા છે, તેને માટે આંસુઓ વહાવ. ઈશ્વર દયાના સાગર છે. તેઓ હજુ પણ તને ક્ષમા કરી દેશે.

રાજયમહેલના વિશાળ ચોગાનમાં મરણના જેવી નીરવતા છવાઈ ગઈ. મુડદામાંથી ઊઠીને આવેલા સેબસ્તિયનની વાતો સાંભળીને સમ્રાટ અને તેના નોકરો ભડકી ગયા. થોડીક વાર સુધી તો સમ્રાટને એવું લાગ્યું કે ખચીત સેબસ્તિયન મુડદાની વચમાંથી ઊઠીને આવ્યો હશે. પણ તરત જ તેની બુદ્ધિ પલટાઈ ગઈ. પોતાને સંભાળી લઈને તે ગર્જના કરતાં તાડુકી ઊઠયો, '' આ બદમાશને પકડી લો. તે દિવસે બચી જઈને ભાગી ગયો હશે, પણ આજ હું મારી આંખોની સામે તેને ઠંડો હિમ કરી દઈશ. એવું કહેતાં–કહેતાં મકસીમિયન તેના લશ્કરી સિપાઈઓની તરફ ફર્યો અને ગાજવીજ કરતાં બોલ્યો, '' શું જુઓ છો ? કોરડાથી આ બદમાશની ચામડી ઉતારી લો.

સેબસ્તિયન ઘણો જ અશકત થઈ ગયો હતો. તેનામાં હવે ઊભા રહેવાની તાકાત પણ ન હતી. સમ્રાટનો હુકમ થતાં જ સિપાઈઓ આગળ દોડી આવ્યા અને ઘાયલ થયેલા સેનાપતિની કમરમાં રસી ભેરવી દીધી. કમરમાં રસી ભરાવીને સિપાઈઓ તેને સીડીથી નીચે ખેંચવા લાગ્યા. પણ બિચારો કેવી રીતે ઊતરી શકે ? નીચે ઊતરવાની તે બિચારામાં હવે શકિત જ કયાં હતી ? બેકાબૂ બની જઈને ઘૂંટણભર થઈ ગયો. ઘૂંટણ–ભર થતાંની સાથે જ પીઠ પર જોરથી એક કોરડો વિંઝાણો અને ત્યાગ–મૂર્તિ સેબસ્તિયન ઊંધે માથે સીડી પર પછડાયો. બિચારો ગબડતો–ગબડતો ઠેઠ નીચે આવીને જોરથી પટકાઈ પડયો. નીચે પછડાતાં જ સમ્રાટે તુચ્છકાર–ભર્યા અટ્ટહાસ્યની સાથે સિપાઈઓને આજ્ઞા કરી, " સિપાઈઓ ! તમારું કામ શરૂ કરી દો. પરંતુ એક વાત યાદ રાખજો ! આ રાજદ્રોહી બદમાશના અપવિત્ર રકતથી, જો જો કયાંક મારું આંગણું ગંદુ ન થઈ જાય તેથી કોરડા એવી રીતે વીંઝજો કે એ બદમાશનો જીવ તો નીકળી જાય, પરંતુ મારા મહેલના સંગેમરમરના પથ્થર પર એના રકતનું એક બિંદુ પણ ન પડે.

પ્રકરણ ૩૨મું

તેરતુલિયન જેલની અંધારી કોટડીમાં .....

મારું મધુર સ્વપ્ન સૌ તૂટી ગયું,
ને પ્રેમમાં સૌ તારાજ થયું ;
આ ક્રૂર જગત બસ જીતી ગયું,
મારું સુંદર સ્વપ્ન તારાજ થયું.

આંખોમાં કોઈકની યાદનાં આંસુ ભરી–ભરીને ફબીઓલા

આખો દિવસ આ ગીત ગાઈ રહી હતી. અરે ! ગીત ગાઈ રહી હતી શું, બિચારી આંસુઓના ભારથી હળવી બનવાને માટે એક અફળ પ્રયત્ન કરી રહી હતી! આશાઓનાં રજકણો વીણી–વીણીને હતભાગિનીએ જીવનમાં સ્વપ્નોનો બસ એક જ મહેલ બનાવ્યો હતો. જુલમી તોફાને એને પણ સદાને માટે નષ્ટ કરી દીધો.

રૂસણાં લઈને ચાલી જનારા નિષ્ઠુરને ભૂલી જવાને માટે તેણે દરેક રીતે પ્રયત્ન કર્યો, પણ એ બધું વ્યર્થ ગયું. સેબસ્તિયનને ભૂલી જવાને તે જેટલો વિશેષ પ્રયાસ કરતી તેટલી વિશેષ એની સ્મૃતિ સજાગ બનીને ભભૂકી ઊઠતી. એનું તેજસ્વી મુખ–મંડળ, એનું નિષ્કપટ હૃદય, એનો પ્રેમી સ્વભાવ અને સૌથી વિશેષ એની દયા ભરેલી આંખો, તરુણીની આંખોમાં રહી–રહીને નાચી ઊઠતી. ત્યારે તે નિસાસા નાખી–નાખીને પાગલોની માફક જે મળે તેને પૂછી બેસતી, " આજે તમે નિષ્ઠુર થઈ ગયા છો ?

રિસાઈ ગયેલા પ્રેમીને પોકારતાં–પોકારતાં સવારથી બપોર થઈ ગયો અને બપોરથી સાંજ થઈ ગઈ, પણ રિસામણાં લેનારે એક વાર પણ ન પૂછયું, " ફબીઓલા ! તું કોને પોકારી રહી છે ? થાકીહારીને બિચારી પુસ્તકોનો સહારો મેળવવા ગઈ. પ્રેમ, વીરતા, તત્ત્વજ્ઞાન અને કોણ જાણે કેટ–કેટલા વિષયો પર લખાયેલાં પુસ્તકો તેણે એક પછી એક ઉપાડયાં. બધાંમાંથી એકાદ પાનું વાંચ્યું ન વાંચ્યું અને પુસ્તકને નીચે ફેંકી દીધું. આ બધાં પુસ્તકો કે જેને તે અનહદ પ્રેમથી વાંચ્યા કરતી હતી તે બધાં આજે તેને નકામાં ભાર–રૂપ લાગતાં હતાં. તેના પગોની પાસે પુસ્તકોનો ઢગલો થઈ ગયો, પણ ફબીઓલાનું મન મગ્ન ન થયું. તેનો દુઃખ–ભાર વધતો જ જતો હતો.

સૂર્ય ઢળવા લાગ્યો હતો, તેવામાં સીરાએ એકાએક એ ખંડમાં પ્રવેશ કર્યો અને નમીને પ્રણામ કરતાં–કરતાં સ્વામિનીને એક પત્ર

આપ્યો. ફબીઓલાએ પત્ર ખોલ્યો અને વાંચતાં જ ગાંડાની માફક બડબડતી ખુરશી પરથી ઊઠી અને ગભરાઈને બોલવા લાગી, " કોણ લાવ્યું ?

સીરાએ ફબીઓલાને આજ સુધી આટલી બધી દુ:ખી હાલતમાં કદી પણ જોઈ નહોતી. પત્ર વાંચ્યા પછી તો તે દીવાનાની માફક ચાળા કરવા લાગી. ઠંડાશ અને નમ્રતાથી દાસીએ જવાબ આપ્યો, " એક સિપાઈ લાવ્યો છે, સ્વામિની !

" તેને અહીં લઈ આવ. એવું બોલતાં–બોલતાં જ ફબીઓલાએ પોતાના હતભાગી કપાળ પર જોરથી હાથ મારવા માંડયા, અને જઈને પાછી ખુરશી પર બેસી ગઈ.

સિપાઈએ એ ખંડમાં પ્રવેશ કર્યો. વિખ્યાત રોમન તરુણી ફબીઓલાનો આવો વિચિત્ર દેખાવ જોઈને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પણ બિચારો છાનોમાનો ઊભો રહ્યો.

" તમે કયાંથી આવ્યા છો ? પોતાની જાતને જેમ તેમ કાબૂમાં રાખીને ફબીઓલાએ પૂછયું.

" માનવંત બહેન ! હું તેરતુલિયન બંદીખાનાનો પહેરેગીર છું.

" તમને કોણે મોકલ્યા છે ?

" ભગવતી આગ્નેસે.

" પણ, તે બંદીખાનામાં કેવી રીતે આવી ?

" બહેનજી ! મને બરાબર ખબર તો નથી, પણ સાંભળ્યું છે, કે શાહી જાસૂસ ફુલભીઉસે એમના પર ખ્રિસ્તી હોવાનો આરોપ મૂકયો છે. એ અપરાધને માટે આજે એમને બંદીવાન બનાવીને કારાવાસમાં લઈ જવામાં આવ્યાં છે.

ફુલભીઉસ શરૂઆતથી જ આગ્નેસ પર આંખો લગાવીને બેઠો

હતો. ફબીઓલાને ઘેર જયારે તે તેને પહેલી વાર મળ્યો હતો ત્યારથી જ તે તેને આંખમાં રાખીને બેઠો હતો. પણ અદશ્ય શકિતએ તેને કદી પણ ફાવવા દીધો ન હતો. તેની અથાક મહેનત હોવા છતાં તે આટલા દિવસો સુધી તેને પોતાની જાળમાં ફસાવી શકયો ન હતો. પણ પેલો દિવસ ? .....

..... કટાકૂમ્બથી પાછા ફરતી વખતે તેણે સિસિલિયાની સાથે વાતો કરી ત્યારે એ વાતોમાંથી તેણે બધો ભેદ મેળવી લીધો હતો, કે આગ્નેસ ખ્રિસ્તી છે. ત્યાર પછી તે કેટલાક દિવસો સુધી કામમાં ડૂબેલો રહ્યો હતો. પણ કામનો ભાર હલકો થતાં જ તેણે આગ્નેસને એક પત્ર લખ્યો :

પ્રિય આગ્નેસ !

મને વિશ્વાસપાત્ર વ્યકિત પાસેથી ' તમે ખ્રિસ્તી છો એવી ખબર જાણવા મળી છે. ઘણું કરીને તે જ કારણને લીધે વર્ષો સુધી તમારા વિષેની પૂરી તજવીજ કર્યા પછી હું તમારી પાસે મારા જીવનની સૌથી મોટી આકાંક્ષા રજૂ કરવાનું સાહસ કરું છું. તમારે મારી સાથે લગ્ન કરવું પડશે. નહિ તો .....

તમારો ફુલભીઉસ

પત્ર મળતાં જ આગ્નેસે ફુલભીઉસને સૂકેસૂકો જવાબ લખીને મોકલાવી દીધો, કે –

'' હું કોઈ પણ હાલતમાં તારી સાથે લગ્ન કરવા તૈયાર નથી.

એવો કડકડતો જવાબ સાંભળીને ફુલભીઉસ ધમધમી ઊઠયો. આઠ–દસ સિપાઈઓને સાથે લઈને તે સીધો આગ્નેસને ઘેર ગયો અને તેને બંદીવાન બનાવીને કેદખાનામાં લઈ ગયો.

બિચારી ફબીઓલાને અ વાતની બિલકુલ ખબર નહોતી. તેને તો એ પણ ખબર નહોતી કે આગ્નેસ ખ્રિસ્તી છે. તે તેને અત્યાર સુધી મૂર્તિપૂજક જ સમજતી હતી. તેથી ક્રોધિત થઈને બોલી, '' પણ, ફુલભીઉસે મારી બહેન પર એવો જૂઠો આરોપ કેમ મૂકયો ?

" મને તો માલૂમ નથી, ભગવતી !

" કયાંય બીજું તો કોઈ કારણ નથીને ?

" નાજી.

સિપાઈનો ઉત્તર સાંભળીને ફબીઓલાને ધીરજ આવી. આશાભર્યા સ્વરમાં તે બોલી, " તો તો કાંઈ જ ચિંતા નથી. હું હમણાં જ જઈને બધું ઠીક–ઠાક કરી નાખું છું, અને એ બદમાશ ફુલભીઉસને મજા ચખાડી આવું છું. બીજાઓ પર જૂઠા આરોપો મૂકતાં એને શરમ પણ નથી અવતી ? એમ બોલતાં–બોલતાં તે કબાટ તરફ ગઈ અને રૂપિયાથી ભરેલી થેલી કાઢીને સિપાઈને આપતાં બોલી, " તમે જે કષ્ટ ઉઠાવ્યું છે તે બદલ હું તમને અતિ ઘણા ધન્યવાદ આપું છું. લો, આ રૂપિયાની થેલી તેને તમે તમારા ઉપયોગમાં લેજો.

થેલી મળતાં જ સિપાઈનો બધો થકવાટ દૂર થઈ ગયો. તે પ્રણામ કરીને ખંડમાંથી બહાર નીકળ્યો અને બંદીખાનાને રસ્તે પડયો. સિપાઈના ગયા પછી ફબીઓલાએ ઝટઝટ કપડાં બદલ્યાં, કાળો બુરખો ઓઢયો અને કેદખાનાની તરફ ચાલી નીકળી.

કેદખાનાના દરવાજા સુધી પહોંચતાં–પહોંચતાં ફબીઓલાનો શ્વાસ મુંઝાઈ ગયો. બિચારી એક તો સવારથી હેરાનગતીમાં હતી. તેનાથી રૂસણાં લીધેલ અને ખોવાઈ ગયેલ સાથીની યાદગીરીમાં પહેલાં તો તે દિવસ–ભર રોતી રહી અને સાંજ થઈ તો આ નવી મુસીબત આવી પડી. કેદખાનાના દરવાજા પર ઊભેલા દરવાનને તેણે ચૂપચાપ રૂપિયા ભરેલી થેલી પકડાવી દીધી કે તરત તે તેને આગ્નેસની પાસે લઈ ગયો.

આગ્નેસ એક ઓરડીમાં એકલી બેઠી–બેઠી ઘણા આનંદ સહિત ગીત ગણ–ગણી રહી હતી. તે ફબીઓલાને જોઈને હસી પડી. બંને બહેનોએ ઘણા ઉમળકાથી સ્નેહાલિંગન કર્યાં. ત્યાર પછી આગ્નેસની પીઠ પર હાથ ફેરવતાં–ફેરવતાં ફબીઓલા બોલી, " તું અહીં કેવી રીતે

આવી ?

" બહેન ! મેં તો તમને લખી જણાવ્યું હતું, કે મને અહીં બંદીવાન બનાવીને લાવવામાં આવી છે. હજુ મને બે–ત્રણ કલાક જ અહીં આવતાં થયા છે.

" એ ફુલભીઉસ કેવો મૂર્ખ છે. માણસોને ઓળખવાની સુદ્ધાં એને ગમ નથી, અને બન્યો છે મોટો શાહી જાસૂસ. આગ્નેસ ! હું હમણાં અધ્યક્ષ તેરતુલુસની પાસે જાઉં છું અને તેને ધમકી આપતી આવું છું કે યાદ રાખજો, ' કોઈ પણ નિર્દોષ વ્યકિતને આવી રીતે સતાવવાનો તમને કોઈ અધિકાર નથી.

હસતાં–હસતાં આગ્નેસે ઉત્તર દીધો, " બહેન ! ફુલભીઉસ પર શા માટે નારાજ થાઓ છો ?

" તેણે તને શા માટે હેરાન કરી ? તારા પર ખ્રિસ્ત–ભકત હોવાનો જૂઠો આરોપ મૂકવાનો તેને કોઈ અધિકાર નથી.

પોતાની કોમળ હથેલીમાં વધસ્તંભનો આકાર બનાવતાં આગ્નેસ ગંભીરતા–પૂર્વક બોલી, " એ ખોટો આરોપ નથી, બહેન ! એ તો બિલકુલ સત્ય હકીકત છે. કદાચને તમને ખબર નહિ હોય કે હું પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર મન–પ્રાણથી પ્રેમ કરું છું.

આગ્નેસનો ઉત્તર સાંભળીને ફબીઓલા સ્તબ્ધ બની ગઈ. તેના તમામ ઉત્સાહ પર પાણી ફરી વળ્યું. બાજુમાં પડેલી ખુરશી પર બેસીને તે મનોમન વિચાર કરવા લાગી, " ખ્રિસ્ત–પ્રેમમાં કોણ જાણે શો જાદુ છે ! દરેક સમજુ વ્યકિતને એ જાદુ લાગી જાય છે. સેબસ્તિયન કેટલા ભલા હતા ! તેમનો સ્વભાવ કેટલો મધુર હતો ! તેમના સ્વરમાં કેટલી મીઠાશ હતી +! હૃદયના કેટલા નિર્મળ, કેટલા દયાળુ ! તેમને પણ આ જાદુ લાગી ગયો. અને આ આગ્નેસ? બિચારી કેટલી ભલી છે ! દીન–દુઃખીઓની કેટલી સેવા કરે છે ! તેને પણ એ જાદુ લાગી ગયો. ફબીઓલા કેટલાક

સમય સુધી વિચાર–વમળમાં ડૂબી ગઈ. પરિસ્થિતિનું ભાન થતાં અને મનમાં સ્વસ્થતા આવતાં તે બોલી, " આગ્નેસ ! મારી પ્યારી બહેન! ખ્રિસ્ત–પ્રેમનો આ જાદુ તને કયારથી લાગ્યો ?

" જન્મથી જ, બહેન ! મારાં માતાજી પ્રભુ–ભકત હતાં. તેમનું આખું જીવન પ્રભુ–સ્મરણમાં અને તેમના ચરણોની સેવામાં વીત્યું. તેમની દૂધ–ધારામાં જ પ્રભુ–પ્રેમનો રસ મળેલો હતો. તે રસ પીને હું મોટી થઈ, તો પછી હું પ્રભુ–ભકત કેમ ન બનું ? મારી તો નસે–નસમાં તેમનો પ્રેમ વહે છે.

પ્રભુ–મસ્તાની આગ્નેસના ગાલ પર પ્રેમ–ભરી ચીમટી લેતાં–લેતાં ફબીઓલાએ કહ્યું, " નટખટ ! આજ સુધી મારાથી એ વાત સંતાડતી ફરી. હું પરાઈ હતી, ખરું ને ? એમ કહેતાં જ ફબીઓલાના મુખ પર ઉદાસીનતા છવાઈ ગઈ. તેને એવું લાગ્યું કે જાણે કોઈ તેને કહી રહ્યું હોય, " પાગલ ફબીઓલા ! તું તારાં પોતાનાં સમજીને જેના પર પ્રેમ કરતી હતી, તે તો તને છેતરી ગયાં છે. તારી આગ્નેસ, જેને જોઈને તું ફૂલી સમાતી નહોતી ; તારો સેબસ્તિયન, જેને તું તારી કલ્પનાની દુનિયાનો રાજા સમજતી હતી ; તે દરેકે તને છેહ દીધો છે ..... છેહ દીધો છે ..... છેહ દીધો છે ..... છેહ !

ફબીઓલાના મુખ પર છવાઈ ગયેલી ઉદાસીનતા જોઈને આગ્નેસ તરત સમજી ગઈ. ઘણા પ્રેમ–પૂર્વક તેનો હાથ ચૂમીને તે કહેવા લાગી, " બહેન ! ઉદાસ ન થાઓ. હું તો તમને સદાય મારી પોતાની બહેન સમજતી આવી છું. નાનપણથી અત્યાર સુધી તમે મારા પર કેટલો બધો પ્રેમ કર્યો છે! તો ભલા હું તમારાથી વાત છુપાવું એવું બને ? હવે ખ્રિસ્ત–પ્રેમની વાત કરવાની બાકી રહી. ફબીઓલા, વડીલ બહેન ! તે સંબંધીની વાત કરતાં હું તમારાથી ડરતી હતી કે કદાપિ મારી પ્રભુ–ભકિત, આપણ બંનેના પ્યાર–ભર્યા સંબંધની વચમાં એક મોટી

દીવાલ બનીને આડી ઊભી ન રહી જાય. કદાચને વિરોધ થઈ જવાને લીધે આપણાથી જુદા ન પડી જવાય. કેવળ આ જ ભયને લીધે મારો એ પવિત્ર મર્મ હું તમને કહી શકતી નહોતી. ફબીઓલા, પ્રિય બહેન ! તમને એ જાણીને નવાઈ લાગશે, કે કેટલાક માણસો એવા હતા જેઓ અમારા ઉપર ખરા અંતઃકરણથી પ્રેમ કરતા હતા, અમારું સન્માન કરતા હતા અને અમારે માટે પોતાનું પવિત્ર રકત સુદ્ધાં દઈ દેવાને તૈયાર હતા. તેઓએ જયારે સાંભળ્યું, કે અમે પ્રભુ ખ્રિસ્તના ભકત છીએ, ત્યારે તેઓ સદાને માટે અમને તજી ગયા ; કેવળ એટલું જ નહિ પણ તેઓ અમને ભયંકર તુચ્છકારને પાત્ર સમજવા લાગ્યા અને તેઓમાંથી કેટલાક લોકોએ તો અમારા ઉપર પાર વિનાનાં સંકટો નાખ્યાં કે એવાં સંકટો અમારા શત્રુઓ પણ ન નાખી શકે ! આવી બીકથી, ફબીઓલા બહેન! હું મારા જીવનનું રહસ્ય આજ સુધી તમારાથી છાનું રાખતી આવી છું.

ભીની થઈ ગયેલી આંખોથી ફબીઓલાએ પ્રત્યુત્તર આપ્યો, "આગ્નેસ ! મને સમજવામાં તેં ભૂલ કરી છે. ઘણું કરીને તું નહિ જાણતી હોય, કે મેં મારા આખા જીવનમાં માત્ર બે વ્યકિતઓને હૃદયથી ચાહી છે. એક સેનાપતિ સેબસ્તિયન અને બીજી છે, તું. અગર જો મને એવું માલૂમ થઈ જાત કે તમે બંને ખ્રિસ્ત–ભકત છો, તોપણ તમારા પરના મારા પ્રેમમાં કાંઈ અંતર ન પડત. મારે માટે તો પ્રત્યેક અવસ્થામાં તમો બંને એ જ અગાધ પ્રેમનાં પાત્ર રહેત. પણ ખેર ! જવા દે એ વાત. હવે તો બહુ જ મોડું થઈ ગયું છે. આપણને સદાને માટે તજીને સેબસ્તિયન પોતાને ઘેર જઈ પહોંચ્યા છે. અને હવે તો તું પણ ..... !

ક્ષણભરને માટે ફબીઓલા મૌન થઈ ગઈ, અને પાછી કહેવા લાગી, " પણ આગ્નેસ ! તું ખરેખર સ્વીકાર કરી લઈશ, કે તું ખ્રિસ્ત–ભકત છે ?

ફબીઓલાની અંતિમ આશા પર પાણી ફેરવી વાળતાં

ભકતબાલિકાએ ઉત્તર દીધો, '' કેમ નહિ ? હું તો પ્રથમથી જ સ્વીકાર કરી ચૂકી છું, કે હું ખ્રિસ્તી છું અને પ્રભુ ખ્રિસ્તની સેવા કરવામાં જ હું મારું ગૌરવ માનું છું. કાલે સવાર થતાં જ મારે સમ્રાટના ન્યાયાસનની પાસે મારી હકીકત રજૂ કરવાની છે. બહેન, ફબીઓલા ! ભરી સભામાં હું કહીશ, કે હું પ્રભુ ખ્રિસ્તના પવિત્ર ચરણોની દાસી છું : તેમના પ્રેમમય ચરણોને જ હું ચાહું છું. એવું કહેતાં–કહેતાંમાં દેવ–બાલિકાની આંખોમાં આનંદનાં આંસુ ટપકવા લાગ્યાં.

'' કાલે સવારે જ ? ફબીઓલાના ધડકતા હૃદયમાંથી આ શબ્દો નીકળ્યા અને તેના બંને હાથો ગાલો પર જઈ પડયા ! તેની અકળામણ જોઈને આગ્નેસે કહ્યુ, '' એમાં ગભરાવાનું શું કારણ છે, ફબીઓલા ! તમારે તો ખુશી થવું જોઈએ. પ્રભુ–પ્રેમની વેદી પર તમારી બહેન કાલે પોતાનું જીવનદાન દઈ દેશે, ત્યારે સ્વર્ગનું દ્વાર તેના સ્વાગતમાં સજાવાશે. અને તેનો પ્રિય સ્વામી, જેની ચાહમાં તે આજ સુધી આંસુ વહાવતી રહી છે તે તેને પોતાની પ્રેમાળ છાતી સરસી ચાંપશે. તેનું હરાવાઈ ગયેલું સર્વસ્વ–જીવન કાલે પોતામાં સર્વસ્વરૂપે મેળવી લેશે, બહેન !

આગ્નેસની એ પ્રેમ–ભરપૂર વાતો સાંભળીને ફબીઓલા ફરીથી વિચારવા લાગી, '' ખ્રિસ્ત–ચરણોમાં કોણ જાણે શું આકર્ષણ છે ? તેને ઈચ્છા થઈ કે તે આખી રાત આગ્નેસની પાસે બેસી રહે અને પ્રભુ–પ્રેમની એ મધુર વાર્તા સાંભળ્યા કરે.

ફબીઓલાના હૃદયમાં જાગી ઊઠેલા એ ભાવોને આગ્નેસ સમજી ગઈ. પોતાના પ્યારા પ્રભુને હૃદયથી ધન્યવાદ દઈને હસતી હસતી તે બોલી, '' બહેન, ફબીઓલા ! કાલે હું તમારાથી અંતિમ વિદાય લઈશ; પણ પોહ ફાટતાં પહેલાં જ એક વાર અહીં આવી જજો. હું તમારી રાહ જોતી રહીશ.

પ્રકરણ ૩૩મું

પિતાની ખલ–નીતિમાં વિશ્વાસ મૂકીને .....

આ તરફ જેલની એકાંત ઓરડીમાં આગ્નેસ અને ફબીઓલાની વચ્ચે વાતો થઈ રહી હતી અને પેલી તરફ કોરભીનુસ, અધ્યક્ષ–નિકેતનના એક વિશાળ સુસજ્જિત દીવાનખાનામાં બેસીને પોતાના પિતા તેરતુલુસની સાથે એક અગત્યની વાતચીત કરી રહ્યો હતો. એ વાતો ફબીઓલા અને આગ્નેસના સંબંધમાં જ થઈ રહી હતી. કોરભીનુસે કહ્યું, " પિતાજી ! આફરાએ ઠીક જ કહ્યું હતું, કે ' ફબીઓલાને ચાહનારા ખરી રીતે જોતાં ફબીઓલા ઉપર પ્રેમ નથી કરતા, પણ માત્ર એનું ધન હડપ કરી જવાને માટે તેની સાથે લગ્ન કરવા ચાહે છે. ફબીઓલા પણ એ વાતને સારી પેઠે સમજે છે. સંભવિત છે કે તે કારણથી જ તે પોતાના ઉપર જણાવ્યા તેવા પ્રેમીઓને રોકડે–રોકડું પરખાવી દે છે.

તેરતુલુસ ઘણો જ ધૂર્ત અધિકારી હતો. લોકોને પોતાની જાળમાં ફસાવવાની કળામાં તે ખૂબ નિપુણ હતો. સમજી–વિચારીને તે બોલ્યો, " તું ચિંતા ન કર, બેટા ! હું તને એક સફળ ઉપાય બતાવું છું. જોજે ! ફબીઓલા એ જાળમાં કેવી સપડાઈ જાય છે !

મૂર્ખ કોરભીનુસનું હૈયું આનંદમાં નાચી ઊઠયું. તે નિર્લજ્જતાપૂર્વક બોલ્યો, " પિતાજી ! જલદી બતાવોને.

" કાંઈક મોટી રકમ લઈને તું કાલે જ તેની પાસે પહોંચી જા, અને થેલી ભેટ કરીને તું તારો પ્રેમ તેની આગળ પ્રગટ કર. પછીથી જોઈ લેજે કે તે કેવી લટ્ટુ થઈને તારી તરફ ખેંચાય છે. તેને આજ સુધી એવો ત્યાગી પ્રેમી નહિ મળ્યો હોય.

જાદુઈ ઉપાય સાંભળીને કોરભીનુસનો આત્મ–દેવતા ઠંડોગાર

થઈ ગયો. ગાલ પર હાથ મૂકીને ભિંજાઈ ગયેલી બિલાડીની માફક ચૂપચાપ ખુરશી ઉપર બેસી ગયો, અને ઠંડો નિસાસો નાખતાં બોલ્યો, '' ડૂબ્યો તો ત્યારે જાણવો, કે જયારે શ્વાસ ન નીકળે. પિતાજી ! જો મારી પાસે મોટી રકમ જ હોત, તો આવી રીતે માર્યો–માર્યો ફરત જ કેમ ?

'' કોરભીનુસ ! તું નિરાશ ન થા. રકમનો પ્રબંધ પણ હું કરી દઉં છું.

'' પણ તે કેવી રીતે ? આતુરતા–ભરી જિજ્ઞાસાથી કોરભીનુસે પૂછયું.

'' દેવાધિદેવ સમ્રાટની આગળ આગ્નેસ કાલે પોતાની હકીકત રજૂ કરશે. મારી ખાતરી છે, કે હકીકત સાંભળતાં જ દેવાધિદેવ તેને ફાંસીની સજા સંભળાવી દેશે. અને હું ધારું છું કે બપોર થતાં પહેલાં જ તેને ફાંસી દઈ દેવામાં આવશે. તેનું મરણ થતાં જ તેના અપાર ધન અને તેની અખૂટ સંપત્તિનો સવાલ ઊભો થશે. ફુલભીઉસે આગ્નેસને ફસાવી છે, તે કારણથી સરકારી કાયદા પ્રમાણે આગ્નેસના મરવા પછી તેના ધનનો માલિક ફુલભીઉસ બની જાય છે. પણ તું જાણે છે કે દેવાધિદેવ સમ્રાટ ફુલભીઉસ પર અંદરખાનેથી ઘણા જ નારાજ થયેલા છે ; તેથી સંભવ છે કે આગ્નેસનું ધન ફુલભીઉસને પણ ન મળે અને કદાચ સમ્રાટ તેને સરકારી સંપત્તિ બનાવી લે. પણ તેથી આપણને શો લાભ ? આ સંબંધી ઊંડો–ઊંડો વિચાર કરીને મેં એક અજબ તરકીબ રચી રાખી છે, જો કદાપિ તે સફળ થઈ ગઈ તો મન પડે એટલી ઝોળીઓ ભરી–ભરીને ધન લઈ લેજે. અને એક ચપટી વગાડતાં જ ફબીઓલા મળી ગઈ સમજજે.

અતિ આતુર જિજ્ઞાસા–સહિત કોરભીનુસે પૂછયું, '' જરા જલદી બતાવોને, તે કેવી તરકીબ છે ?

ઠંડા કલેજે વાત કરતાં તેરતુલુસે કહ્યું, '' હું આગ્નેસના ધન

ઉપર જ બધું ધ્યાન લગાવીને બેઠો છું. પણ જરા મુંઝાઉં છું, કે જો સમ્રાટની પાસે એમાંથી મેં કાંઈ માંગ્યું તો ઊલટું લેતના-દેત થઈ જાય એવું છે. સમ્રાટ ક્યાંય ગુસ્સે ન થઈ જાય, તેથી મેં એક પેરવી રચી છે. આગ્નેસને ફાંસીનો હુકમ મળતાં જ એક સરકારી આજ્ઞા-પત્ર તૈયાર કરીને હું સમ્રાટની પાસે લઈ જઈશ. એ આજ્ઞા-પત્રમાં હું લખીશ, કે : ' આગ્નેસ ખ્રિસ્તી હતી. શાહી જાસૂસ ફુલભીઉસે એને પકડી અને અમારા દેવાધિદેવ સમ્રાટે એને રાજદ્રોહના અપરાધ-સર ફાંસીની સજા દીધી ; તેથી તેની બધી દોલત અને તમામ સંપતિ દેવાધિદેવ સમ્રાટ, તેની એકનીએક બહેન ફબીઓલાને દઈ દે છે. કેમ કે ફબીઓલા સમ્રાટ-ભકત છે અને દેવતાઓની વિધિપૂર્વક પૂજા કરે છે. મારું આ આજ્ઞા-પત્ર વાંચીને હું સમ્રાટને સમજાવીશ, કે ' આગ્નેસની વિશાળ સંપતિ અને તેનું લખલૂટ ધન ફુલભીઉસ જેવા અવિશ્વાસુ અને દગાબાજ આદમીને સોંપી દેવામાં કાંઈ સાર નથી. રાજય-ભકત ફબિઉસની પુત્રી ફબીઓલા તેની મોટી બહેન છે અને આપની તરફ અપાર ભકિત-ભાવ રાખે છે, તેથી આગ્નેસની તમામ મિલકત ફબીઓલાને જ દેવી જોઈએ. આપને માનનારી મૂર્તિ-પૂજક પ્રજા પણ તેથી ખુશ થઈ જશે. સમ્રાટ તો ફુલભીઉસ ઉપર પહેલાંથી જ ગુસ્સે ભરાયેલા છે. તેથી મને પૂરો વિશ્વાસ છે કે તે આજ્ઞા-પત્ર ઉપર ઘણી રાજીખુશીથી હસ્તાક્ષર કરી દેશે. બસ, એમના હસ્તાક્ષર મળવાની જ વાર છે. પછી તો મિનિટ-માત્રમાં જ તારું કામ બની જશે.

આજ્ઞા-પત્ર પર શાહી મહોર લગાવીને હું બારોબાર ઘેર આવીશ, ત્યારે તું તારો લશ્કરી પોશાક પહેરીને તૈયાર રહેજે. મારી પાસેથી આજ્ઞા-પત્ર લઈને તરત ફબીઓલાને ઘેર પહોંચી જજે. અને એ મોટી મિલકત દઈને તું જેવી તેની સાથે લગ્નની માગણી કરીશ તેવી જ તે રાજીખુશીથી સ્વીકાર કરી લેશે. ફબીઓલાની સાથે તારાં લગ્ન થતાં

જ આ ઘરનો વૈભવ પણ બદલાઈ જશે.

તેરતુલુસની ખલ–નીતિની વાત સાંભળીને કોરભીનુસના આનંદની કોઈ સીમા ન રહી. જાણે કે ફબીઓલા તેના હાથમાં જ આવી ગઈ હોય નહિ! તેના પિતાના હાથને ચૂમતાં તે બોલ્યો, " પિતાજી ! ખરેખર આપ બહુ જ બુદ્ધિશાળી છો. કદાપિ જો દેવતાઓની કૃપા થઈ ગઈ તો કાલે આપનો કોરભીનુસ ધનાઢય થઈ જશે. હર્ષાનંદમાં એવું બોલતાં–બોલતાં કોરભીનુસ પોતાના શયનખંડની તરફ દોડી ગયો.

* * * * * * *

હવે ફુલભીઉસ તરફ જઈએ અને તેના અંતરનો પડદો ઉખેળીએ. જુઓ, જુઓ, તે આગ્નેસને શાહી જેલમાં પહોંચાડીને પાછો ફરે છે. અને પોતાને ઘેર જાય છે. તે ઘેર જઈને જુએ છે તો યૂરોતસ જણાતો નથી. યૂરોતસ ક્યાંક બહાર ગયો હતો. તેથી પરસાળમાં પડેલી ખુરશી પર તે ચૂપચાપ બેસી ગયો અને શિર પર હાથ ટેકવીને ઘણી વાર સુધી કોણ જાણે શુંનું શું વિચારતો રહ્યો.

રાત્રે આશરે આઠેકને સુમારે યૂરોતસ ઘેર આવ્યો. તેને આશા હતી, કે આજે ફુલભીઉસ તેની અપૂર્વ સફળતાને લીધે ઘણો જ આનંદિત હશે. તેથી બજારમાંથી પાછો ફરતાં કાંઈક સારી–સારી મીઠાઈઓ પણ લઈ આવ્યો હતો. આનંદથી સીટ્ટિ વગાડતો–વગાડતો તે ઘરમાં દાખલ થયો. ફુલભીઉસને ઘોર ચિંતામાં પડેલો અને ખુરશી પર પડેલો જોઈને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે તેની પાસે જઈને ધીરેથી બોલ્યો, " શું વિચારમાં છે, ફુલભીઉસ ! આગ્નેસને ચોકસાઈથી બંધ કરાવીને તો આવ્યો છે ને ?

" હા, કાકા ! બંધ તો કરાવી આવ્યો છું, પણ .....

" પણ શું ?

" પણ, લોઢાની દીવાલમાં બંધ હોવા છતાંયે તેનો આત્મા પવનની માફક હમણાં પણ સ્વતંત્ર છે.

હળવેથી હસતાં–હસતાં વ્યંગ–ભર્યા સ્વરમાં યૂરોતસ બોલ્યો, " આત્મા તો એક મિનિટમાં સીધો દોર થઈ જશે, મારાઓના કોરડા વિંઝાવાની જ વાર છે. તું આપણા ઉપયોગમાં આવે એવી કામની વાત કર.

ફુલભીઉસ માથું નીચું રાખીને મૂંગો જ બેસી રહ્યો. બજારમાંથી આણેલી ચીજો ઘરમાં મૂકતાં–મૂકતાં યૂરોતસે પૂછયું, " પણ તેની ફાંસી તો નકકી જ છે ને ?

લેવાઈ ગયેલા મોંથી ફુલભીઉસે ઉત્તર દીધો, " મારી સમજણ પ્રમાણે તેને ફાંસી તો થઈ જશે. બાકી રહી તેના ઘનની વાત. તે તો સમ્રાટની ઈચ્છાની વાત છે. તેની ધારણા પર નિર્ભર છે. જોઈએ હવે તે શો ફેંસલો આપે છે ? પણ, યૂરોતસ ! મને તો એક ભયંકર આત્મ–દમનની પીડા થઈ રહી છે. મેં વિના–કારણ એટલી સુંદર, એટલી નિર્દોષ બાલિકાનો પ્રાણ લઈ લીધો.

તેના છેલ્લા શબ્દોમાં દયાનો ભાવ ઝળકી રહ્યો હતો. ચતુર યૂરોતસે જોયું કે ફુલભીઉસનું હૃદય હાલમ–ડોલમ થઈ રહ્યું છે. તેથી તે ગંભીર મોં રાખીને બોલ્યો, " ફુલભીઉસ ! હવે તો વાત બહુ દૂર નીકળી ગઈ છે. નકામા આવા ખોટા તરંગો કરવામાં કાંઈ માલ નથી. આગ્નેસ, લોઢાળી શાહી જેલમાં પહોંચી ગઈ છે. કાલે સવાર થતાં જ તેને ફાંસીએ લટકાવી દેવામાં આવશે. તેથી હવે દયા, પ્રેમ અને સચ્ચાઈની એવી ખાલી વાતો કરવી સાવ નકામી છે. જે થાય છે તે થવા દે. તને યાદ છે ? કાલે પેલી આપણી વાતને પૂરું એક વર્ષ થઈ જશે !

વીતી ગયેલી પોતાની પ્રતિજ્ઞાની વાત યાદ આવતાં જ ફુલભીઉસે શરમના માર્યા પોતાનું મોઢું નીચે ઢાળી દીધું. તે જોઈને બુઢ્ઢો

યૂરોતસ બોલ્યો, " મને પૂરેપૂરો વિશ્વાસ છે, કે આગ્નેસને ફાંસી થઈ જશે અને તેની તમામ મિલકત તને મળી જશે. પણ તે પછીનો કાર્યક્રમ શો છે ?

" બધો સામાન વેચી–સાટીને રોમથી ભાગી છૂટવાનો !

" માની લે, કે આગ્નેસની મિલકત સમ્રાટ મકસીમિયને તને ન આપી તો ?

" એ બિલકુલ ન બનવા જોગ છે. મેં તેને પકડી છે ; તેની મિલકત મને જ મળશે.

ગંભીર ભાવ ધારણ કરીને યૂરોતસે કહ્યુ, " પરંતુ હું પૂછું છું, કે જો કદાચને ન મળી તો ?

" તો તો આપણે પાયમાલ થઈ જઈશું. તમે તો જાણો જ છો, કે આપણે શહેરના માણસો પાસેથી હજારો ઉધાર લઈ બેઠા છીએ. તહેવારના મોટા દિવસથી જ હું તેમને લટકતા રાખી રહ્યો છું. અગર જો હજુ પણ હું તેમનું કરજ નહિ ફેડી શકું તો તેઓ આપણને ટોકીટોકીને મારી નાખશે. જો કદીકને આગ્નેસની મિલકત મને ન મળી તો આપણે કાલે જ અહીંથી ભાગીને ચોરી–છૂપીથી નીકળી જવું પડશે.

ફુલભીઉસ ગભરાઈ ગયો હતો. તેને વૃદ્ધ યૂરોતસે આશ્વાસન આપતાં કહ્યું, " ચિંતા ન કર, ફુલભીઉસ ! મને પૂરો વિશ્વાસ છે, કે તને આગ્નેસની માલમત્તા મળી જશે. પણ જોજે ! કયાંય દયા–ધર્મના ચકકરમાં ન પડી જતો.

પ્રકરણ ૩૪મું

ભક્ત–તરુણીનો સૂકો જવાબ સાંભળીને .....

ફુલભીઉસ આખી રાત અકળાતો–મુંઝાતો પડયો રહ્યો. ઘડીકમાં તેને આગ્નેસનું મનમોહક સૌન્દર્ય, તેની મૃગ સમાન સુંદર આંખો અને કાળી–ભમર ગુંછળિયાળી હવામાં લહેરાતી તેના વાળની લટો યાદ આવતી. તો વળી ઘડીકમાં પ્રેમના બદલામાં મળેલો જાકારો, તો ઘડીકમાં તેનો મધુર અવાજ યાદ આવતો. ઘડીકમાં તેને ઈચ્છા થતી, કે સવાર થતાં જ તે આગ્નેસને જેલમાંથી મુક્ત કરાવી દે. પણ જયાં તેના હૃદયમાં દયાના ભાવ ઉભરાઈ આવતા ત્યાં સામે જ તેની નગ્ન કંગાલિયત ફુંફાડા મારી ઊઠતી અને તે ગભરાઈ જતો. આવા કઠોર ઘર્ષણમાં આખી રાત પસાર થઈ ગઈ. પરોઢિયું થતાં જ તે પોતાના સુવાના ઓરડામાંથી બહાર નીકળ્યો અને યૂરોતસને ઘોરતો મૂકીને તેરતુલિયન જેલને માર્ગે ચાલી નીકળ્યો.

" ફુલભીઉસ ! ચાંદી અને સોનાના ટુકડાઓને માટે તું સૌન્દર્યની પ્રતિમા આગ્નેસનો જીવ લઈ રહ્યો છે ? એ જ આગ્નેસનો જીવ લઈ રહ્યો છે, કે જેના પર અત્યાર સુધી તું પ્રેમ કરતો હતો ! રહી–રહીને આ શબ્દો તેના કાનોમાં અથડાતા હતા અને તેના પગો ઝડપથી બંદીખાનાની તરફ આગળ વધતા હતા ... પણ હતભાગી ફુલભીઉસ ..... પોતાની કંગાલ ગરીબીને કેવી રીતે ભૂલી જાય ! લોકોની પાસેથી હજારો રૂપિયા કરજે લઈ ચૂક્યો હતો. જો કદાપિ તે આગ્નેસને છોડાવી દે તો નાણાં કયાંથી મળે ? દેવું શી રીતે વળે ? જો એમ બને તો લેણદારો તેને ટોકી–ટોકીને મારી નાખે. અને યૂરોતસ ? એ વૃદ્ધ કાકાની યાદ આવતાં જ તેનો બધો આનંદ અને ઉત્સાહ ઠંડોગાર થઈ જતો. બંદીખાનાની તરફ ઝડપથી ચાલતા તેના પગો એકાએક

અટકી જતા, ત્યારે તેને એવું જોવામાં આવતું કે જાણે યૂરોતસ સામે ઊભો રહીને કહી રહ્યો હોય ! " અરે, ફુલભીઉસ ! દયા–ધર્મની આ મૂર્ખતા–ભરી વાતોથી હવે કાંઈ લાભ થવાનો નથી. આપણે તો રૂપિયા જોઈએ, રૂપિયા ..... રૂપિયા જોઈએ, રૂપિયા ..... રૂપિયા ..... રૂપિયા .....

પોતાની કંગાલિયત–ભરી ગરીબાઈ, નાણાંની અતિશય આવશ્યકતા, યૂરોતસનો ભયંકર ભય, એ બધી વાતોનું સ્મરણ કરતાં કરતાં ફુલભીઉસ જેલ તરફ વધતો ગયો. એક સોનેરી આશા ... આગ્નેસને મેળવવાની ખોટી આશા આપી, જાણે જેલ તેને પોતાની તરફ ખેંચી રહી હોય ! વિચારમાં ને ચિંતામાં તે જેલને દરવાજે આવી ઊભો. શાહી જાસૂસ ફુલભીઉસને જોતાં જ દરોગાએ દરવાજો ખોલી દીધો અને તરત જ તે આગ્નેસની ઓરડીએ આવી પહોંચ્યો.

સવાર થઈ ગયું હતું. પક્ષીઓ કલરવ કરવા લાગ્યાં હતાં, આગ્નેસ તેના પ્રેમી પ્રીતમ ખ્રિસ્ત પ્રભુનું સ્મરણ કરતી બેઠી–બેઠી ગીત ગાઈ રહી હતી. અચાનક તેને કોઈનાં પગલાંના ધબકારા સંભળાયા અને તે એકદમ ચમકી જઈને ઊભી થઈ ગઈ. જોયું તો ફુલભીઉસ દરવાજા ઉપર હસતો–હસતો ઊભો હતો. એક પવિત્ર અને ગંભીર સ્વરમાં આગ્નેસે કહ્યું, " ફુલભીઉસ ! મારા વિષેનો તમારો ભ્રમ કદાપિ દૂર થઈ ગયો હશે. ખ્રિસ્ત–પ્રેમના અપરાધમાં હવે તો આગ્નેસ શાહી જેલમાં આવી પહોંચી છે. મારા નાના સરખા ભાગ્યવાન જીવનની છેલ્લી ક્ષણોમાં તમે મને મળવા આવ્યા છો. ગરીબ આગ્નેસ તમને કેવા શબ્દોમાં ધન્યવાદ દે ?

" છેલ્લી ક્ષણો કેમ ? આગ્નેસ ! હું તમારે માટે સુદીર્ઘ જીવનનો સંદેશો લઈને આવ્યો છું. બસ, માત્ર તમારા હોઠો ખૂલે એટલી જ વાર છે.

આગ્નેસ ફુલભીઉસની વાત સમજી ગઈ. તે દુઃખભર્યા સ્વરમાં બોલી, " ફુલભીઉસ ! વારંવાર યાદ કરાવવા છતાં પણ તમે ભૂલી જાઓ છો? હું તો પ્રભુ-ખ્રિસ્તની પૂજારણ છું. તેમના સુંદર ચરણો પર મારા જીવનનું સર્વસ્વ અર્પણ થઈ ચૂકયું છે. તેઓ જ મારા સ્વામી છે. ... તેઓ જ મારા પ્રીતમ છે. અને ફુલભીઉસ, સ્વામી-પ્રેમના અમૃત-રસથી આગ્નેસનું હૃદય એટલું બધું ભરાઈ ગયું છે, કે હવે એક બિંદુને માટે પણ તેમાં જગા રહી નથી.

" પણ, આગ્નેસ ! હું તો તને એમ નથી કહેતો કે તું ઈસુની ભકિત તજી દે. ખ્રિસ્તી રહીને પણ તું મારી સાથે લગ્ન કરી શકે છે. બસ, તારી હા પાડવાની જ વાર છે. હું તને હમણાં જ મુકત કરી દઉં છું. પાગલ! વ્યર્થ શા માટે જીવ દઈ દે છે. મારી સાથે ભાગી નીકળ. સમ્રાટને ખબર પણ નહિ પડે. તું ખરેખર બહુ જ સુખ મેળવીશ.

ફુલભીઉસની નિર્લજજતા જોઈને આગ્નેસને અતિશય દુઃખ થયું. તે શાંત પણ દઢ સ્વરમાં બોલી, " ફુલભીઉસ ! ઘણું કરીને તમે એ નથી જાણતા, કે પ્રેમનો પંથ સુખોનો નથી દુઃખોનો કાંટાળો પંથ છે. સાચા પ્રેમીઓના માર્ગમાં ફૂલોની ચાદર કદી નથી બિછાતી. એના માર્ગમાં તો કાંટાઓનો વરસાદ નિરંતર વરસ્યા કરે છે. અને ફુલભીઉસ ! યાદ રાખજો, કે પ્રેમના અલૌકિક મહેલ સુધી તો કેવળ તે જ પહોંચી શકે છે કે જે પ્રેમ-પંથના કાંટાઓને ફૂલો સમજે. પોતાના ચરણોના રકતથી દુશ્મનોની તરસ છિપાવવાની જેમના પ્રાણમાં હિંમત હોય !

આગ્નેસની કડકડતી સૂકી વાતો શાહી જાસૂસને બહુ જ કડવી લાગી. તેણે સમજી લીધું કે આગ્નેસ પ્રેમ-ભરી વાતોથી કદી જ માનશે નહિ. તેથી વજ્ર જેવો થઈને કઠોર અવાજે બોલ્યો, " આગ્નેસ ! ચૂપ રહી જા. હું તારો ઉપદેશ સાંભળવા નથી આવ્યો. તને કેવળ એટલું જ સમજાવવા આવ્યો છું, કે જો તું આ સમયે પણ તારી જીદ નહિ છોડશે

તો તારે પીલાઈ–પીલાઈને મરવું પડશે. સમ્રાટના જલ્લાદો તારા માંસની બોટી–બોટી કરી દેશે.

આગ્નેસ હળવેથી હસી પડી. તે બોલી, " ફુલભીઉસ ! પ્રભુ–પ્રેમને માટે જીવ દેવાનું સૌભાગ્ય કેવળ કોઈક ભાગ્યવાન માનવને જ પ્રાપ્ત થાય છે. એવું બોલીને ભકત–બાલિકા મૌન થઈ ગઈ. ફુલભીઉસ દરવાજા ઉપર ઊભો રહીને મૂર્ખની માફક તાકી રહ્યો હતો. માથા પર પોતાનો શ્વેત સાળુ ઓઢતાં–ઓઢતાં આગ્નેસે કહ્યું, " ફુલભીઉસ ! મારી પ્રાર્થનાનો સમય થઈ ગયો છે. તમારે હવે અહીંથી ચાલ્યા જવું જોઈએ.

ફુલભીઉસની ધૈર્યનો ખ્યાલો ભરાઈ ગયો હતો. તેની તમામ ઉમેદોનો અંત આવ્યો હતો. આગ્નેસનાં એ આખરી વેણો સાંભળીને તે ધૂંવાંપૂંવાં થઈ ગયો. ક્રોધમાં બળી રહેલી આંખો ફાડીને આગ્નેસ તરફ ઘૂરકતાં–ઘૂરકતાં બોલ્યો, " હું જાઉં છું, પણ કાન ખોલીને એકવાર સાંભળી લે. ' તારે જીવન જોઈએ છે કે મોત ?

ફુલભીઉસના તુચ્છ પ્રશ્નોનો આગ્નેસની પાસે કોઈ ઉત્તર ન હતો. તે બિચારી છાનીમાની ઊભી રહી. એકાએક પાછળથી કોઈએ જવાબ દીધો. " ફુલભીઉસ ! તારા જેવા નીચ પશુની સાથે લગ્ન કરવા કરતાં આગ્નેસનો જીવ દઈ દેવામાં મને ઘણો સંતોષ પ્રાપ્ત થશે.

એ જવાબ સાંભળીને ફુલભીઉસ ઠરી ગયો. પાછળથી બોલનાર તરફ જોયા વિના જ તેણે જેલના દરવાજા પરફ ચાલતી પકડી.

ઓરડીમાંથી પાપી ફુલભીઉસ બહાર નીકળતાં જ ફબીઓલા અંદર દાખલ થઈ. સૂરજનાં સોનેરી કિરણો ઓરડીને અજવાળી રહ્યાં હતાં. આગ્નેસ તેનાં હિમ–સરખાં શ્વેત વસ્ત્રોમાં શણગારેલી લગ્ન–કન્યા સમાન શોભી રહી હતી. તેના હોઠો પર નાચી રહેલું અવિરત હાસ્ય, બ્રહ્મચર્યથી ઝળકતાં મસ્તક પર બેખબરપણે લહેરાતી તેની કાળી ભમર

જેવી કુમાશદાર લટો અને પ્રીતમને મળવાની આશામાં દૂધે–ધોઈ તેની રમ્ય આંખો જોઈને ફબીઓલાને એવું લાગ્યું, કે જાણે આગ્નેસનાં લગ્ન થઈ રહ્યાં હોય ! પ્રેમના ભરપૂર ઉમળકાથી તેને ગળે લગાડીને તે બોલી, " આગ્નેસ ! ફબીઓલાને એકલી છોડી દઈને હવે તું પણ જઈ રહી છે ?

આગ્નેસની આંખો સજળ બની અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં. ફબીઓલાના બંને હાથ દબાવીને ઘણા જ પ્રેમ સાથે બોલી, " હા, ફબીઓલા! હું મારા સ્વામીને ઘેર જઈ રહી છું. પણ ત્યાં જઈને પણ તમારો પ્રેમ ભુલાયો ભુલાશે નહિ. તમારી મહોબ્બત, તમારી અજાયબ જેવી નીતિ અને વારે–ઘડીએ તમારું રૂસણું મને સદાયે સાંભર્યા કરશે. ક્ષણભર થંભી જઈને આગ્નેસે ફરીથી કહ્યું, " ફબીઓલા ! મારી દિલદાર બહેન ! વિદાય લીધા પહેલાં હું તમારી પાસે એક ચીજ માગવા ચાહું છું, આપશો ? આજ સુધી તો માગવાનું સાહસ ન કરી શકી. પણ હવે વિખૂટા પડવાનો સમય આવી પહોંચ્યો છે, તેથી વિચાર્યું કે લાવ માંગી લઉં !

ફબીઓલાનું હૈયું રડી રહ્યું હતું, જે આગ્નેસને તે આજ સુધી પોતાના જીવના જેવી રાખતી આવી હતી, તે જ આગ્નેસ આજે તેને એકાકી છોડીને જઈ રહી હતી. ઘણી વાર તેને ઈચ્છા થઈ આવતી કે તે આગ્નેસને સમજાવે. પણ ખૂબ પ્રયાસ કરવા છતાં પણ ફબીઓલાની જીભ ન ખૂલી શકી. પોતાની એ પરવશતાને લીધે હાથ મસળતાં મસળતાં બિચારીની આંખો ભરાઈ આવી. આગ્નેસને પોતાની દુઃખિયારી છાતી સાથે ચાંપીને નિસાસા નાખતી–નાખતી બોલી, " અરે, ગાંડી ! એ તું શું બકી રહી છે ? ફબીઓલાને તેં શું આજસુધી નથી ઓળખી ?

" નહિ, બહેન ! એવી વાત નથી. હું તમારા હૃદયને સારી રીતે ઓળખું છું. પણ ...

" પણ શું ? શું આગ્નેસ ! પવિત્ર પ્રેમમાંયે ' પણ હોય છે ?

" નહિ.

" નહિ, તો પછી બોલતી કેમ નથી ? વિશ્વાસ રાખ કે આ તારી ફબીઓલા પોતાનો પ્રાણ દઈને પણ તારી એ ઈચ્છાને પૂરી કરશે.

" આગ્નેસે પાછળ હટીને ફબીઓલાના બંને હાથ પકડી લીધા અને પોતાની ગંભીર આંખો આકાશ તરફ રાખીને બોલી, " ફબીઓલા! તમે બહુ જ ભાગ્યશાળી છો. ઈશ્વરે તમને ખરેખર બધા જ સદ્‌ગુણો આપ્યા છે, કે જે તમને ઠેઠ કલ્યાણકારી આદર્શ સુધી પહોંચાડી શકે એમ છે. તમારી તીક્ષ્ણ બુદ્ધિ, તમારું દયાવાન હૃદય, તમારો સરળ સ્વભાવ અને પ્રભાત–કમળ સરખું ચારિત્ર્ય. આવું બધું જોઈને મારો જીવ ચાહે છે, કે હું તમને કહું .....

બોલતાં–બોલતાં આગ્નેસ અટકી ગઈ. તેના હાથોમાંથી પોતાના હાથ છોડાવીને ફબીઓલા કસાણું મોં કરીને બોલી, " આગ્નેસ! તું વારંવાર અટકી જાય છે ! શું તને હજુ પણ મારા પર વિશ્વાસ નથી આવતો ?

" નહિ, નહિ.

" તો પછી બોલતી કેમ નથી ?

" મારો જીવ ચાહે છે, કે હું તમને કહું – પ્રભુ ખ્રિસ્ત પર પ્રેમ કરતાં શીખો. તેમના ઉપદેશોને સમજવાનો પ્રયત્ન કરો. જો તેઓ તમને પ્રિય લાગી જાય તો તેમને તમારા જીવનમાં સ્થાન આપો. કેમ કે, ફબીઓલા ! મારો વિશ્વાસ છે, કે ખ્રિસ્તના ઉજ્જવળ અને મહાન સિદ્ધાંતોનો આશરો લઈને તમે એક વાર સંસારનાં સર્વ શ્રેષ્ઠ આદર્શ સન્નારી બની શકશો.

આગ્નેસના શબ્દો ફબીઓલાના હૃદયને સ્પર્શી ગયા. ઘણા પ્રેમ

સહિત તેની પીઠ પંપાળતી-પંપાળતી તે બોલી, " જો તારી એવી જ ઈચ્છા છે તો હું પ્રભુ ખ્રિસ્તના સિદ્ધાંતોને અપનાવી લઉં છું. પણ, આગ્નેસ તું તો જાણે છે કે મારા પ્રાણમાં એ બળ નથી, જે તારામાં છે. તો પછી હું એ માર્ગ પર કેવી રીતે ચાલી શકીશ ! પ્રેમના એ મંદિર સુધી પહોંચવું શું મારે માટે સંભવિત થઈ શકશે ?

પ્રેમનો એક બીજો વધારે મહાન વિજય ! ફબીઓલાના મુખમાંથી પ્રભુ ઈસુનું નામ નીકળતું સાંભળીને આગ્નેસનું હૃદય ગદગદિત થઈ ઊઠયું. તે બોલી, " તમે ચિંતા ન કરો, બહેન ! ઈશ્વરની સહાયતાથી અસંભવિત પણ સંભવિત બની જાય છે. સ્નાન-સંસ્કાર પામતાં જ તમારું કલેવર બદલાઈ જશે. તમને એક નવું જીવન પ્રાપ્ત થશે. એક નવી જ શકિત મળશે અને તે શકિત પામીને તમારા ચરણો અમરત્વની તરફ અવિરત ગતિથી આગળ વધવા લાગશે.

" પણ, આગ્નેસ ! મને તો મારી પોતાની શકિતઓ પર સંદેહ આવે છે.

" એવું ન કહો, બહેન ! પ્રેમ-પથની પથિકા કદી પણ હારતી નથી. હા, સાહસ અને વિશ્વાસથી કામ કરવું પડશે. પણ ફબીઓલા ! હું પૂછું છું, કે તમને પોતાને તમારી પોતાની જાત પર સંદેહ કેમ થાય છે ? ઈશ્વર પર વિશ્વાસ રાખો, બહેન ! તમારો વિજય અવશ્ય થશે.

ઓરડીની તરફ સિપાઈઓને આવતા જોઈને આગ્નેસે વાત બદલી નાખી. તે બોલી, " બહેન ! મારા સૌભાગ્યનો સંદેશો લઈને સિપાઈઓ આવી રહ્યા છે. હવે મારે તેમની સાથે જવું પડશે. ઈશ્વર તમારું કલ્યાણ અને રક્ષણ કરે. એવું બોલતાં-બોલતાં આગ્નેસે ભાવનાના અતિરેકમાં થથરાતી આંગળીઓથી ફબીઓલાના શિર પર વધસ્તંભનું નિશાન બનાવી દીધું. ફબીઓલાની આંખો સજળ બની ગઈ.

સમ્રાટના સિપાઈઓ દરવાજા પર આવી પહોંચ્યા હતા.

તેમની આંખો નીચે નમેલી હતી. આગ્નેસ તેમના તરફ ફરીને બોલી, " ભાઈઓ! અંદર ચાલ્યા આવો. હું કયારનીય તમારી રાહ જોઈ રહી છું. ચાલો, હવે મને લઈ જાઓ.

ત્યાગ અને પ્રેમની એ પવિત્ર પ્રતિમાની સામે સિપાઈઓની આંખો ઊંચે થઈ શકી નહિ. એ બધા માથાં નીચે નમાવીને મૂંગા–મૂંગા ઊભા રહ્યા. આગ્નેસે આગળ આવીને કહ્યું, " ભાઈઓ ! તમે મૂંગા–મૂંગા કેમ ઊભા રહ્યા છો ? મને ચાલવાનો હુકમ કેમ દેતા નથી? હું કેટલી અધીર થઈને પૂછું છું? અને તમે તો કશું બોલતા પણ નથી. ત્યાં જુઓ ! સૂર્યનો ઉદય થઈ રહ્યો છે. મને હવે જલદી લઈ જાઓ.

તેમ છતાં પણ બધાનાં મસ્તક નમેલાં રહ્યાં. પ્રેમની જોગણને ફાંસીના માંચડા પર ચડી જવાની વાત કોણ કહે ? ઘણી વાર થયા પછી એક સિપાઈ આગળ આવી આગ્નેસને પ્રણામ કરીને ધીમે સાદે બોલ્યો, " ભગવતી ! આપ અધ્યક્ષ–નિકેતન પર જવાને તૈયાર થઈ જાઓ.

ઉદાસ બની ગયેલી આંખોમાં આનંદની લહેર ઉછળવા લાગી. પોતાની પ્રફુલ્લિત છાતી પર બંને હાથ ધરી રાખીને આગ્નેસે વ્યોમ પથ પર જોયું અને હાસ્ય–ભર્યા મધુર વદને બોલી ઊઠી, " તમે કેટલા કૃપાળુ છો, સ્વામી !

પ્રકરણ ૩૫મું

બલિદાનની વેદી પર ચોથું ફૂલ .....

અધ્યક્ષ–નિકેતન પર સૂર્ય–કિરણો હજુ હમણાં જ ઊતરી આવ્યાં હતાં, એટલામાં તો દર્શકોની ભીડ અકળાવા લાગી. આગ્નેસના

પકડાઈ જવાની વાત સાંભળીને રોમની પ્રજા પરોઢ થતાં પહેલાં જ તેરતુલુસના મહેલના ચોગાનમાં આવી પહોંચી હતી. બરફ જેવાં ઉજળાં કપડાંમાં પ્રેમની જોગણને આવતી જોઈને તાલીઓ વાગવા માંડી.

હોઠો પર દીપી રહેલા હાસ્ય સાથે આગ્નેસ આંગણાંમાં દાખલ થઈ. તેનું હાસ્ય–ભરપૂર મુખ જોઈને અધ્યક્ષ તેરતુલુસ મનમાં ને મનમાં ખૂબ બળી રહ્યો હતો. તે પોતાના સિપાઈઓને તતડાવતાં – તતડાવતાં બાલ્યો, " આંધળાઓ, એની હાથ–કડીઓ ક્યાં ગઈ ?

નમી–નમીને પ્રણામ કરતાં જલ્લાદ કટુલુસે ધીરેથી ઉત્તર દીધો, " હાથ–કડીઓની જરૂર નહોતી, દેવ ! અપરાધી બાળકી આપની સામે હાજર થવાને માટે પોતે જ આતુરતાથી વાટ જોઈ રહી હતી, અને અકળાતી હતી, તે કારણથી .....

હજુ વાક્ય પણ પૂરું થયું નહોતું ત્યાં તો તેરતુલુસ ગર્જી ઊઠયો, " ઉલ્લુ ! પતરાજી કરે છે ? એ ચાલાક ખ્રિસ્તીને તું શું સમજે? હાથકડી નાખ.

તેરતુલુસની ક્રોધમાં બળું–બળું થતી આંખો જોઈને બિચારા મારાનો પ્રાણ સુકાઈ ગયો. હુકમ થતાં જ બિચારો તે ઓરડાની તરફ દોડયો જયાં હથિયારો રાખવામાં આવતાં હતાં. હાથ–કડીઓના મોટા ઢગલામાંથી એક નાની સરખી હાથ–કડી શોધી કાઢીને કટુલુસ બહાર નીકળ્યો અને આગ્નેસની પાસે ગયો. ભકત–બાલિકાની સામે આવતાં જ તેની આંખો નીચી નમી પડી. જાણે કે ગભરુ બાળાના સુંદર સુકુમાર હાથોમાં લોઢાની હાથ–કડીઓ પહેરાવતાં–પહેરાવતાં જલ્લાદનું હૃદય રુદન કરી ઊઠયું હોય!

પણ આગ્નેસના હોઠો પર એ જ મધુર હાસ્ય રેલાતું હતું. હાથ–કડીઓ પહેરતાં જ તેણે બચ્ચાની માફક પોતાના બંને હાથની હાથ–કડીઓ આનંદે વગાડવા માંડી. તેમાંથી કોઈ મધુર ગીત–ધ્વનિ

સરી પડયો અને આગ્નેસ ખડખડાટ હસી પડી.

ત્યાર પછી કાંઈક સમય સુધી ચોતરફ પૂરેપૂરી નિઃસ્તબ્ધતા છવાઈ રહી. જોનારાઓ અધ્યક્ષના ફૈસલાની રાહ જોઈ રહ્યા હતા. આગ્નેસને પોતાની પાસે બોલીવીને તેરતુલુસે કહ્યું, " આગ્નેસ ! તારી કોમળ ઉંમર અને તારું આ ભોળપણ જોઈને મને દયા આવે છે. હું જાણું છું, કે તેમાં તારો કાંઈ જ દોષ નથી. તને નાનપણથી જ કોઈએ ઊંધે માર્ગે દોરવી છે અને ઊંધું શિક્ષણ આપ્યું છે, તેથી જ આજે તારી આ ભયંકર હેરાનગતી થઈ રહી છે. અગર જો તને સારું શિક્ષણ આપવામાં આવ્યું હોત, તો તને નાની ઉંમરમાં આવી રીતે મરવું ન પડત. ખેર, જે થયું તે થયું. હું તને હમણાં થોડી તક આપું છું. ખ્રિસ્તી ધર્મના મૂર્ખતા–પૂર્ણ સિદ્ધાંતોનો ત્યાગ કર. દેવાધિદેવનું શરણું સ્વીકારી લે અને આજથી જ દેવતાઓની પૂજાનો આરંભ કરી દે. તને સમ્રાટ ક્ષમા કરી દેશે. બહુ જ સુખ પામીશ.

પાપી તેરતુલુસના મોંથી દયા અને પ્રેમની વાતો સાંભળીને આગ્નેસે અટ્ટહાસ્ય કરીને આંગણું ગજાવી મૂક્યું. તે જોઈ તેરતુલુસને એવું લાગ્યું, – જાણે કે ભકત–બાલિકાએ તેના મોઢા પર બળ કરીને થબડાક મારી દીધી હોય ! તેની ક્રૂર મશ્કરી કરી હોય ! તેથી ધૂંવાપૂંવાં થઈને પોતાના મંત્રીને કહ્યું, " શિરેસ્તદાર ! મારો ચુકાદો લખ. આ મૂર્ખ ખ્રિસ્તીઓને સમજાવવા–પટાવવાથી કાંઈ લાભ થવાનો નથી. એ તો ' આકડાના દેવને ખાસડાની પૂજા. એ તો ખાસડાના દેવ છે, વાતોથી સમજે એવા નથી. અને તેમાંય આ આગ્નેસ ! આગ્નેસ ઉપર તિરસ્કાયુકત દષ્ટિ કરતાં કરતાં તે બોલ્યો, " આને તો હું બહુ સારી રીતે ઓળખું છું. ખ્રિસ્ત–ધર્મ પર પ્રેમ કરવો અને દેવતાઓની પૂજા ન કરવી એ ભારે અપરાધ તેણે કર્યો છે. એ અપરાધના બદલામાં હું એને ફાંસીની સજા દઉં છું.

" પણ, મહારાજ ! ફાંસી કઈ જગાએ દેવામાં આવશે ? મંત્રીએ બીતાં–બીતાં પ્રશ્ન કર્યો.

ગરીબ શિરેસ્તદાર પર તાડૂકીને અધ્યક્ષે ઉત્તર દીધો, " કઈ જગાએ ? મૂર્ખ ! અહીં જ અને અત્યારે, હમણાં જ. આ બદમાશને વધારે સમય સુધી જીવવાની તક પણ ન આપવી જોઈએ.

સૌન્દર્યની પૂતળી આગ્નેસનું ભોળપણ, બાળકની માફક તેનું હસવું અને તેનો આદર્શ–ભર્યો ત્યાગ જોઈને ભીડમાંથી કાંઈક લોકોની આંખોમાં આદર અને દયાનો ભાવ ઊતરી આવ્યો. તેરતુલુસની ચકોર આંખો એ ભાવ તરત પારખી ગઈ. તેને ભય જણાવા લાગ્યો, તેથી જલ્લાદ કટુલુસ તરફ ફરીને કહેવા લાગ્યો, " વીર કટુલુસ ! તારી તલવાર લઈ આવ અને આ પાપિણીને સદાને માટે છાની કરી દે.

આગ્નેસનો મહાન ત્યાગ અને તેની અચળ પ્રભુ–ભક્તિ જોઈને કટુલુસનું હૃદય પીગળી ગયું હતું. પણ હૃદય–હીન તેરતુલુસની કચેરીમાં દયા અને મમતાને સ્થાન કયાં હતું ? આજ્ઞા થવાથી બિચારો ફરીથી પેલા ઓરડામાં ગયો જયાં શસ્ત્ર–સરંજામ ભરેલો હતો.

દયામય સ્વામી પ્રભુ ખ્રિસ્ત હવે વિયોગનાં દુઃખદાયી બંધનોને ચૂપચાપ ખોલી દેશે, એ મધુર કલ્પનાથી પુલકિત થઈને આગ્નેસ ઘૂંટણ ટેકવીને બેસી ગઈ. તેના બંને હાથ પ્રભાતનાં સોનેરી કિરણોથી શ્રૃંગારિત વ્યોમ–પથની તરફ ઊંચા થયા અને આકાશ તરફ જોતી તેની આંખો સ્થિર થઈ ગઈ. કદાચને તે પોતાની મૌન હૃદયની ભાષામાં પોતાના પ્રીતમ પ્યારાને કહી રહી હોય, " તમારી ગરીબ પ્રેમ–પૂજારણની સાથે કયાંઈ તમે ખોટી રમત તો નથી રમી રહ્યા, મારા સ્વામી ?

આશા–નિરાશાના દુઃખદાયક ઝૂલા પર આગ્નેસને અધિક સમય સુધી ઝૂલવું ન પડયું. કટુલુસ પાસે જ આવી ગયો હતો. તેના હાથમાં તલવાર કંપી રહી હતી. " પણ આમ કેમ ? તેણે મનમાં ને

મનમાં વિચાર્યું, " આજ સુધી તો મેં જ હજારો નિર્દોષ મનુષ્યો પર આજ તલવાર ચલાવી છે. પહેલાં તો આ તલવાર કદી નથી કંપી, તો પછી આજે કેમ કંપી રહી છે ? કટુલુસે ધ્યાનથી જોયું તો તેને જણાયું, કે વાસ્તવમાં તલવાર નથી કાંપતી, પણ મારું હૃદય કંપાયમાન થઈ રહ્યું છે. એકાએક કડકડતી વીજળીની માફક અત્યાચારીના આ શબ્દો ચોગાનમાં ગૂંજી ઊઠયા, " મૂર્ખ ! શું વિચારે છે ? અધ્યક્ષની ગર્જના સાંભળતાં જ કટુલુસનો એક હાથ ઊંચો થયો. તેણે ભાવનામાં તણાઈ ગયેલી તેની આંખોને ઢાંકી લીધી. બીજો હાથ ઊંચો થયો અને તેણે આગ્નેસની ગરદન પર તલવાર .....

પ્રેમની જોગણનું સ્વપ્ન પૂરું થઈ ગયું. ભૂમિ પર તરફડિયાં લેતી, લોહીના ખાબોચિયાંમાં ખરડાતી, મૃતઃપ્રાય થઈ ગયેલી આગ્નેસંનાં હિમ સમાન શ્વેત વસ્ત્રો રકતમાં ઝબોળાઈ લાલ થઈ ગયાં. આગ્નેસ, જેનું પવિત્ર નામ, પ્રેમ–પથના યાત્રીઓને સદા પ્રેરણા દેતું રહેશે ; તે પોતાનું કર્તવ્ય પૂરું કરીને પોતાના સ્વામીની સેવામાં તેના પરમ પવિત્ર ઘરમાં પહોંચી ગઈ.

ફુલભીઉસ ઘણી વ્યગ્રતા–ભરી અધીરતાથી આ ક્ષણોની પ્રતીક્ષા કરી રહ્યો હતો. આગ્નેસને જમીન પર પડતાં જોઈને તેના હોઠો પર ખુશાલી છવાઈ ગઈ. જાણે કે આગ્નેસ શહીદ થતાં જ તેની આશા મંદિરનાં દ્વાર ઊઘડી ગયાં હોય !

ફબીઓલા ભીડના એક કિનારા ઉપર ઊભી હતી. તે આ હૃદય–વિદારક દશ્ય પોતાની આંખોથી જોઈ ન શકી. પોતાના કાળા બુરખામાં તેણે પોતાનું મોં ઢાંકી લીધું. આગ્નેસનો જમીન પર પડવાનો અવાજ સાંભળતાં જયારે તેને માલૂમ પડયું, કે હવે આગ્નેસનો જીવન–દીપક બુઝાઈ ગયો છે ત્યારે તે ધીરેથી આગળ વધી અને અધ્યક્ષની સામે જઈને ઊભી રહી. પણ તેની આંખમાં આંસુ નહોતાં. તે

ધીમેથી પણ સ્પષ્ટ સ્વરમાં બોલી, " સરકાર ! મારી એક પ્રાર્થના છે.

" તે શી ?

" ભૂમિ પર બેશુદ્ધ પડેલી અને દેહ છોડી ગયેલી આ આગ્નેસ મારી બહેન છે. તેથી મારી ઈચ્છા છે, કે હું તેનું શબ ઉઠાવીને મારે ઘેર લઈ જાઉં અને ત્યાં જ તેની કબર બનાવી લઉં.

પ્રાર્થનાને ઠુકરાવતાં હૃદય–હીન તેરતુલુસે તિરસ્કાર–ભર્યા શબ્દમાં ઉત્તર દીધો, " નહિ, શબ કોઈપણ હાલતમાં નહિ મળી શકે. કટુલુસ ! યાદ રાખ, આગ્નેસનાં હાડકાં પણ બીજા ખ્રિસ્તીઓની પેઠે નદીમાં જ પહોંચે, સમજયો ?

બિચારા કટુલુસે ધીમેથી માથું હલાવી દીધું. યુવતી ફરીથી બોલી, " અધ્યક્ષજી ! આપ મારી વિનંતી પર ધ્યાન દો. આજે એક અબળ ા આપની પાસે ભિક્ષા માંગવા આવી છે. આપ તેની વિનંતીનું આવી રીતે અપમાન ન કરો.

વ્યંગાત્મક સ્વરમાં અધ્યક્ષે પૂછયું, " શું તમે પણ ખ્રિસ્તી છો ?

ફકીઓલા પ્રત્યુત્તર વાળતાં પહેલાં તો કાંઈક અકડાઈ ગઈ. પણ પછી તરત જ બોલી ઊઠી, " નહિ, હું ખ્રિસ્તી નથી. હું તો આજ સુધી એઓનો વિરોધ કરતી રહી છું. પરુંત એટલું જરૂર કહીશ કે આજે મારી સગી આંખોએ આ બધું જોયા પછી મારું હૃદય ડોલી ઊઠયું છે.

" તમારી બોલવાની મતલબ ?

" એ જ, કે આજે મારી આંખોથી આ અન્યાય અને અત્યાચાર જોઈને મારું હૃદય ડગી ગયું છે.

" અન્યાય ?

" હા, અન્યાય. શું આપની સમજમાં આ અન્યાય નથી ? પ્રેમ, દયા અને માત્ર સેવા જ જેમના જીવનનું સર્વસ્વ મંડાણ છે, તેઓને તો

બિલકુલ ક્રૂરતાભરી રીતે મોતના મોઢામાં હડસેલી દેવામાં આવે છે. અને તે સુગાળવો–તુચ્છ–નરપશુ, જે કેવળ બીજાઓને સતાવવા અને મિટાવી દેવામાં જ પોતાના જીવનની સાર્થકતા સમજે છે, તે આઝાદ થઈને મોજ–મઝા માણે છે. શું આજ છે આપનું રાજય ? શું આવું રાજય તુચ્છકારને પાત્ર નથી ?

યુવતીની જીભ પરનો કાબૂ તૂટી ગયો હતો. તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ખળખળ વહેતા ઝરણાના સ્વરમાં તે ફરીથી બોલવા લાગી, " અધ્યક્ષજી ! આપ નથી જાણતા, કે આપના એક સંકેત–માત્રે જેનો જીવન–દીપ હોલવી દીધો, તે આગ્નેસ કેટલી મહાન હતી ? આપ નકકી જાણજો, કે આગ્નેસ પવિત્રતા, પ્રેમ અને સરળતાની એક આદર્શ પ્રતિમા હતી. દીન–દુખિયાં અને ગરીબોની સેવા કરવી એ જ એના જીવનનું એક–માત્ર લક્ષ્ય હતું. અધ્યક્ષજી ! હું આપને સત્ય કહું છું, કે આખી દુનિયામાં દીવો લઈને ઢૂંઢવા જાઓ, તોપણ આગ્નેસ જેવી સુશીલ તરુણ કુમારી નહિ મળી શકે. આપે કેવળ એક નીચ જાસૂસના કહેવાથી કોઈ પણ અપરાધ વિના એ બિચારીનો જીવ લઈ લીધો છે.

" કોના કહેવાથી ?

" એક એવા નીચ પુરુષના કહેવાથી, કે જે મારી આંખોમાં પશુ કરતાં કાંઈ જ અધિક સ્થાન નથી ધરાવતો. એ નિર્દોષ તરુણીની પાછળ –પાછળ તે મહિનાઓથી કૂતરાની માફક ઘૂમતો રહ્યો. ભલી ભોળી આગ્નેસને ફસાવવાને માટે તેણે બન્યા તેટલા પ્રયત્નો કર્યા, પણ જયારે આગ્નેસે તેને રોકડું પરખાવી દીધું ત્યારે એ નીચ માણસે .....

" પણ સાફ–સાફ બતાવોને, કોણે ?

ફુલભીઉસ તરફ આંગળી ચીંધતાં ફબીઓલાએ ઉત્તર દીધો, " પેલા નીચ પશુએ !

ફુલભીઉસ રાતો–પીળો થઈને ઊભો થઈ ગયો અને અધ્યક્ષ

તેરતુલુસની તરફ નમીને બોલ્યો, " સરકાર ! આ સ્ત્રી બિલકુલ જૂઠી છે. તેનો લવારો સાવ બંધ થઈ જવો જોઈએ. આગ્નેસ ખ્રિસ્તી હતી, તેને ફસાવીને પકડાવવાનું મારું કર્તવ્ય હતું. એમ કહીને ફુલભીઉસ બેસી ગયો. તેનું હૃદય ભયથી ધડકી રહ્યું હતું. તેનો ઉત્તર દેતાં ફબીઓલા બોલી, " અધ્યક્ષજી ! આપ ધ્યાન દઈને મારી વાત સાંભળો. આ નીચ ફુલભીઉસના કરતૂતો હવે ઉઘાડા પાડીને જ હું નિરાંત લઈશ. ફુલભીઉસની તરફ આગળ વધતી–વધતી તે બોલી, " ફુલભીઉસ ! તું આજે સવારમાં જ આગ્નેસની ઓરડીમાં નહોતો ગયો ? શું તેં તેને એવું નહોતું કહ્યું, કે જો કદાપિ તે તારી સાથે ભાગી છૂટવાનું સ્વીકારી લે, તો તું તેને મુકત કરી દેત ? અને તેં તેને એવું નહોતું કહ્યું, કે ખ્રિસ્તી રહીને પણ તે તારી સાથે જીવનના દિવસો વીતાવી શકશે ? અને શું તેં એવું નહોતું કહ્યું, કે સમ્રાટને તું એ ભેદની જાણ સુદ્ધાં ન પડવા દેત ? આગ્નેસને મેળવવાને માટે સમ્રાટને પણ છળવા તું તૈયાર નહોતો ? ફુલભીઉસ ! હું દરવાજાની બહાર ઊભી રહીને એ બધું સાંભળતી હતી, તેની તને ખબર છે ?

ફુલભીઉસના પગ નીચેથી જમીન સરકી જતી જણાઈ. ' ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ, અને ચોરની દાઢીમાં તણખલું. તેના ચહેરા પરથી એવું સ્પષ્ટ જણાવા લાગ્યું, કે ફબીઓલા જે કાંઈ કહેતી હતી તે સત્ય જ કહેતી હતી. તેરતુલુસને પણ વિશ્વાસ થઈ ગયો, તેથી તે ફુલભીઉસને ઘૂરકીને કહેવા લાગ્યો, " ફુલભીઉસ ! હું બધું જ સમજી ગયો છું. તેં દેવાધિદેવ સમ્રાટને પણ દગો દેવાનો પ્રયત્ન કર્યો છે. તેનો માત્ર એક જ દંડ છે અને તે ફાંસી. પરંતુ હું તારા પર દયા કરું છું. તું આજ ને આજ રોમથી નીકળી જા, નહિ તો બહુ જ ભૂંડી રીતે માર્યો જઈશ. તારા જેવા હલકટ, રાજદ્રોહી, વિશ્વાસઘાતી ગદ્દાઓને માટે મારા રોમમાં કોઈ સ્થાન નથી. નીકળી જા, અહીંથી ..... નીચ .....

નાલાયક .....

પોતાના લાંબા કાળા કોટમાં મોં સંતાડીને ફુલભીઉસ અધ્યક્ષ નિકેતનથી, ' જીવ બચ્યો તો લાખો કમાયા ને ન્યાયે નાસી છૂટયો. ફબીઓલાની તરફ ફરીને તેરતુલુસે પૂછયું, " તમારું નામ ?

" ફબીઓલા !

નામ સાંભળતાં જ તેરતુલુસ સ્તબ્ધ થઈ ગયો. તેને કલ્પના પણ નહોતી કે ધનવાન ફબીઓલા, જેની સાથે પોતાના પુત્ર વિષેની સારી આશાઓ બાંધવામાં આવી હતી, તે આવી ભર–સભામાં યાચક બનીને આવશે. તેણે તેનો સ્વર તરત બદલી નાખ્યો અને ઘણા જ આદર સહિત બોલ્યો, " કુમારી ! તમે આગ્નેસનાં બહેન છો, તેથી તમારી એ ઉચિત માંગણીનો હું સ્વીકાર કરું છું. તમે આ શબને જયારે ઈચ્છો ત્યારે લઈ જઈ શકો છો.

" ધન્યવાદ.

ફબીઓલાનો ઈશારો થતાં જ સીરા અને બીજી દાસીઓ તરત આગળ આવી. ફબીઓલા અને સીરા બંનેએ મળીને આગ્નેસના પવિત્ર શબને ભૂમિ પરથી ઉપાડીને એક શય્યા પર હળવેથી મૂકયું. એ અમર શહીદ પર પડેલી સોનેરી ચાદર પર સૂર્યનાં ત્રાંસા કિરણો નાચી ઊઠયાં.

અણનમ શહીદ આગ્નેસ ભૂમિ પર પડતાં જ પ્રેક્ષકોની ભીડ વિખરાવા લાગી. ફબીઓલાને શબ લેવાની પરવાનગી દઈને અધ્યક્ષ તેરતુલુસે તરત આજ્ઞા–પત્ર લઈ સમ્રાટના મહેલનો રસ્તો લીધો. મકસીમિયન ત્યારે રાજમહેલના સંગેમરમર જડેલા ચોગાનમાં ટહેલી રહ્યો હતો. તેની પાસે આવીને અધ્યક્ષે પ્રણામ કર્યા અને પ્રભુ–ભકત આગ્નેસની બધી હકીકત સંભળાવીને બોલ્યો, " દેવાધિદેવ ! જો આપ નામદારની આજ્ઞા હોય તો આગ્નેસની બધી મિલકત ફબીઓલાને દઈ દેવામાં આવે.

ફબીઓલાનું નામ સાંભળતાં જ સમ્રાટ મકસીમિયન ખડખડીને હસી પડયો અને તરત બોલ્યો, " ફબીઓલા, ફબિઉસની જુવાન પુત્રી? હું પણ તેને ઓળખું છું. પરમ દિવસે જ તેણે મારે માટે એક અતિ સુંદર વીંટી મોકલી હતી. કાલે તે સેબસ્તિયનના પ્રાણની ભિક્ષા માંગવા મારી હજૂરમાં પણ આવી હતી. પણ તેની યાચના પૂર્વે જ મારા બહાદુર સિપાઈએ એ રાજદ્રોહીને ઠંડો કરી નાખ્યો હતો. ફબીઓલા ઘણું કરીને તેના પર પ્રેમ કરતી હતી. હતભાગિની પર મને દયા તો ઘણી આવી, પણ ... તો શું, આગ્નેસનું ધન તમે તેને દેવાનો નિશ્ચય કર્યો છે ?

" દેવાધિદેવનું ફરમાન થાય તો !

" હા, હા ઠીક છે. તેને જ દઈ દો. દોલત મળવાથી કદાચને સેબસ્તિયનની જુદાઈનું દુઃખ તે ભૂલી જશે. બિચારીના દિલને ઊંડો ઘા લાગ્યો હશે. ઠેકડીના રૂપમાં આછું–આછું હસીને હૃદય–હીન સમ્રાટે ઉત્તર દીધો, અને હોઠો ચગળવા લાગ્યો. તે શું જાણે, હૃદયની પીડા કોને કહે છે ? –

ઝખમનાં દર્દો ઝખ્મી જાણે રે, વિણ ઝખ્મી શું જાણે ?

બંધુ–વિયોગનું દુઃખ તો કેવળ તે જ સમજી શકે છે, કે જેણે કદીક બંધુ–વિયોગનું દુઃખ સહન કર્યું હોય ! પાષાણ–હૃદયી સમ્રાટ શું સમજે ? ક્ષણ–ભર બોલતો અટકી જઈને તે ફરીથી બોલ્યો, " તેરતુલુસ આજ્ઞા–પત્ર તૈયાર કરીને મારી પાસે લઈ આવો. હું તેના પર હસ્તાક્ષર કરી દઈશ.

ગજવામાંથી આજ્ઞા–પત્ર કાઢતો–કાઢતો તેરતુલુસ સમ્રાટની સમીપ ગયો અને બોલ્યો, " અમારા કૃપાળુ સમ્રાટની ઈચ્છા વિષે દાસ પહેલેથી જ પરિચિત હતો તેથી આજ્ઞા–પત્ર તૈયાર કરીને પોતાની સાથે જ લેતો આવ્યો છે.

પ્રશંસાના શબ્દો સાંભળીને મકસીમિયન કચોરીની માફક

ફૂલીને દડો થઈ ગયો, અને પોતાના દાસની પીઠ થાબડતો–થાબડતો બોલ્યો, " તેરતુલુસ ! મને તમારા જેવા સ્વામી–ભકત સેવકને માટે ગૌરવ છે. એવું કહેતાંની સાથે જ તેણે આજ્ઞા–પત્ર પર હસ્તાક્ષર કરી દીધાં.

તેરતુલુસના આનંદની સીમા ન રહી. સમ્રાટના ચરણોને ચૂમીને તેણે વિદાય લીધી, અને આજ્ઞા–પત્રને પોતાના ગજવામાં સંતાડીને સીધો પોતાના મહેલને રસ્તે ચાલી નીકળ્યો.

તેરતુલુસ શાહી મહેલના દરવાજામાંથી નીકળ્યો, કે તરત શહેનશાહની તહેનાતમાં ગુપ્તચર ફુલભીઉસ દાખલ થયો. સમ્રાટની પાસે જઈને બિચારો પ્રણામ પણ કરવા નહોતો પામ્યો, ત્યાં તો દૂરથી જ તિરસ્કારભર્યા ઘોર અવાજે મકસીમિયન ગર્જી ઊઠયો, " તું અહીં કેમ આવ્યો ?

એવો અઘટિત સત્કાર પામીને ફુલભીઉસ તરત સમજી ગયો કે તેરતુલુસ તેનાં કાવતરાંનો ભેદ સમ્રાટને બતાવી ગયો છે. તેની બાકી રહેલી થોડી–ઘણી આશા પર પણ પાણી ફરી વળ્યું. તોપણ તેણે હિંમત કરીને કહ્યું, " અમારા દેવાધિદેવ સમ્રાટની સેવામાં હું એક પ્રાર્થનાની રજૂઆત કરવા હાજર થયો છું. આગ્નેસને મેં પકડી છે. આપની આજ્ઞા ન માનવી અને ખ્રિસ્તી ધર્મનું પાલન કરવાના અપરાધ બદલ આજે તેને ફાંસી દઈ દેવામાં આવી છે. હું આપની કૃપાદષ્ટિ ચાહું છું. તેનું ધન અને તેની તમામ મિલકત મને મળવાં જોઈએ.

" સાંભળી લીધું. બીજું કાંઈ ?

" બસ, આપની કૃપાદષ્ટિ ચાહું છું.

" કૃપાદષ્ટિ છે તેથી તો તું મારી સામે અત્યારે જીવતો ઊભો છે ; નહિ તો તારાં એ કાળાં કરતૂતો પછી તું એક મિનિટ પણ જીવતો રહેવા ન પામત. નાલાયક ! જા, મારી નજર સામેથી ચાલ્યો જા. અગર

જો તું જીવતો રહેવા માગતો હોય તો આજે જ મારી રાજધાનીની સીમામાંથી બહાર નીકળી જા, કે જેથી મારા ક્રોધના લપેટામાં ક્યાંઈ તું બળીને રાખ ન બની જા. વિશ્વાસઘાતી ! પોતાના જ માલિકની સાથે દગો ? અને તે માત્ર એક સ્ત્રીને લીધે જ ? મારી આંખો સામેથી દૂર થઈ જા, નહિ તો .....

ફુલભીઉસ થરથર કાંપવા લાગ્યો. ધન તો ગયું જ, પણ હવે તો પ્રાણ પણ સંકટમાં હતો. સમ્રાટના ચરણમાં પડી જઈને ગળગળતા અવાજે તે બોલ્યો, " દેવાધિદેવ ! આપ કૃપા અને દયાના ભંડાર છો. મુજ રંકની હાલત પર દયા દર્શાવો. હું બિલકુલ પાયમાલ થઈ ચૂક્યો છું. મારી પાસે એક પૈસો પણ નથી રહ્યો. એવી હાલતમાં હું રોમ છોડીને ક્યાં જાઉં ? ઓછામાં ઓછું મને આગ્નેસનું ધન તો અપાવી દો. ધન લઈને હું તરત રોમથી નીકળી જઈશ.

" આગ્નેસનું ધન તો મેં ફબીઓલાને દઈ દીધું છે. જો કદાપિ ન દીધું હોત તોપણ તારા જેવા નાલાયકને ન દેત. હવે જો જીવતો રહેવા ચાહતો હોય, તો આ જ હાલતમાં પહેરેલે કપડે અહીંથી ભાગી નીકળ, નહિ તો .....

મોતની બીકથી ફુલભીઉસનું દિલ ધડકવા લાગ્યું. સમ્રાટના ચરણો ચૂમીને ચૂપકીથી ઊઠયો અને પ્રણામ કરીને બહાર નીકળી આવ્યો.

છેલ્લી આશાના કાંગરા પણ ખરી ગયા હતા. ફુલભીઉસ મુડદાના જેવું મોઢું લઈને ઘેર ગયો. ત્યાં યૂરોતસ દરવાજા ઉપર ઊભો રહીને તેની રાહ જોઈ રહ્યો હતો. આગ્નેસ અને તેની માલમત્તા સંબંધી તે પહેલેથી જ બધું સાંભળી ચૂક્યો હતો. ભત્રીજાના મનની દુઃખી અવસ્થા જોઈને બોલ્યો, " જાણ પડે છે, કે કંઈ કામ નથી બન્યું.

" ના ! અને હમણાં જ આપણે રોમથી ભાગી નીકળવું પડશે

..... આજે જ ..... તરતોતરત ..... નહિ તો .....

" હું સમજું છું.

" તો તમે ઉપડવાની બધી તૈયારી કરી લીધી ?

" કેવળ બપોરના સમય સુધી થોડુંક કામ છે.

" તે કયું ?

" ઝેરની બાટલીઓ ભેગી કરવી છે.

" શા માટે ?

" ભૂલી ન જા, ફુલભીઉસ ! આપણે આપણા પરિવારનું ગુમાવી દીધેલું ગૌરવ પાછું મેળવવાનું છે. રોમ પડયું આગમાં ; કયાંય બીજે જઈને પ્રયત્ન કરીશું. નિરાશ થવાની કાંઈ જરૂર નથી, સમજયો ?

" સમજયો. તૂટી ગયેલા દિલમાંથી એક દુઃખ–ભર્યો અવાજ નીકળ્યો અને માથું નીચું રાખીને ફુલભીઉસ ઓરડીમાં દાખલ થયો, અને ચૂપચાપ ખુરશી પર બેસી ગયો. યૂરોતસે અંદરથી દરવાજાની સાંકળ ચડાવી દીધી, ત્યારે આંખો ઊંચી કરીને ફુલભીઉસ ફરીથી બોલ્યો, " યૂરોતસ ! હવે ઢીલ ન કરો, નહિ તો ઉધાર દેનારાઓ એક પછી એક આવી પહોંચશે. મને પેલા યહૂદી એફ્રાઈમની ભારે બીક લાગે છે. કદાપિ તે આવી ચડયો તો જીવ બચાવીને ભાગવું પણ ભારે થઈ પડશે. આપણી પાસે તો એક પૈસો પણ નથી. એવું બોલતાં જ તે ગભરાઈને ખુરશી પરથી ઊભો થઈ ગયો. પોતાનો સરકારી કોટ ઉતારીને જમીન પર ફેંકી દેતાં તે બોલ્યો, " યૂરોતસ ! હું તો હવે ભાગું છું. તમે ઘોડા પર સામાન લાદીને નીકળી આવજો.

" પણ તને હું કયાં મળું ?

" લેટિન–ગેટની બહાર, બરાબર ત્રીજી ક્રોશ–શિલા છે ત્યાં. સૂર્યાસ્ત સમયે હું ત્યાં પહોંચીશ. પણ બે કલાકથી વધારે સમય સુધી મારી રાહ ન જોશો. જો કદાપિ હું આઠ વાગતાં સુધીમાં ન આવ્યો તો સમજી

લેજો, કે હું સદાને માટે ખોવાઈ ગયો. તો પછી તમે એકલા જ નાસી છૂટજો.

પ્રકરણ ૩૬મું

ફુલભીઉસથી નિર્દય આઘાત પામીને .....

પ્રાણથી પ્યારી આગ્નેસને કબરમાં દફનાવીને ફબીઓલા પોતાને ઘેર પાછી આવી ત્યારે તેનું અંગેઅંગ દુઃખતું હતું. બિચારી આજ સુધી સુખ–વૈભવમાં ઊછરી હતી ; દુઃખના ઓછાયાથી પણ અજાણી હતી. તે કારણથી બે દિવસની સખત હાડમારીએ તે બિચારીને બેશુદ્ધ બનાવી દીધી. ખંડમાં પ્રવેશ કરતાં જ દાસીને કહેવા લાગી, " દાસી ! આંગણાની બાજુબાજુ કોઈ ન આવે, એનું લક્ષ રાખજે. હું આરામ કરવા ચાહું છું. જો કદાપિ કોઈ મળવાને માટે આવે તો તેને નમ્રતા–પૂર્વક જવાબ દઈ દેજે. મને બોલાવવાની જરૂર નથી, સમજી ? એમ કહીને ફબીઓલાએ શયન–ખંડમાં પ્રવેશ કર્યો. અંદરથી દરવાજો બંધ કરીને પલંગ પર ઢળી પડી, અને તકિયામાં મોં છુપાવી નિસાસા નાખી–નાખીને રોવા લાગી. પુત્રના ગુજરી જવાથી માની જે દશા થઈ જાય, તેવી જ દશા આગ્નેસનો વિયોગ થઈ જવાથી આ વખતે ફબીઓલાની થઈ રહી હતી. આંસુઓના ભારથી હલકા થવાથી તેણે બહુ જ મથામણ કરી, પણ ભાર ઊલટો વધતો ગયો.

ઘણે લાંબે ગાળે તેનાં ડૂસકાં બંધ થયાં, પણ હૃદય હજુ સુધી એવું ને એવું ભારે હતું. પથારીમાં બેઠી થઈને તે વિચારવા લાગી. " કેવી મહાન આશ્ચર્યની વાત છે ? જેની જેની સાથે મેં પ્રેમ કર્યો તે એકેએક પ્રભુ–ભકત નીકળ્યાં. આદરણીય કાકા ક્રોમાસિઉસ, વીર સેબસ્તિયન

અને પ્રેમની સુંદર પ્રતિમા આગ્નેસ ..... એ એકેએક માનવ જેઓના ઉપર હું પ્રેમ કરતી રહી, જેઓનો હું હૃદયથી આદર કરતી રહી તેઓ ખ્રિસ્તી નીકળ્યા. શું આ પ્રભુ–ખ્રિસ્તના સિદ્ધાંતોનો જ મહિમા તો નહિ હોય ! એવું વિચારતાં જ તેને આગ્નેસનો છેલ્લો સંદેશો યાદ આવી ગયો – " ફબીઓલા ! મને વિશ્વાસ છે, કે ખ્રિસ્તના ઉજ્જવળ અને મહાન સિદ્ધાંતો પર ચાલીને તું એક આદર્શ નારી બની શકીશ.

તેના હૃદયનો ભાર કાંઈક હલકો થયો. આશાનાં કિરણો દેખાવા લાગ્યાં જ હતાં, ત્યાં તો દરવાજાનો ખડખડાટ થવાથી તેનું ધ્યાન લોપ થઈ ગયું. શિરના વાળ ઠીકઠાક કરીને તે મહામુશ્કેલીએ ઊઠી અને દરવાજો ખોલીને જોયું તો કોરભીનુસ પોતાના હાથમાં એક લાંબો સોનેરી કાગળ લઈને ઊભો હતો.

કોરભીનુસને તેના શાહી ઠઠારામાં જોઈને ફબીઓલાને ભારે નવાઈ લાગી, પણ કાંઈ બોલી નહિ. ખુરશી પર બેઠી–બેઠી કપ્તાન મહાશયને ખૂબ ધ્યાનથી જોવા લાગી. નિર્લજ્જ કોરભીનુસ વગર બોલાવ્યે જ અંદર ગયો અને ફબીઓલાના ચરણો પર પેલો સોનેરી આજ્ઞા–પત્ર મૂકી દીધો. વાતો તો ઘેરથી જ પઢતો–પઢતો આવ્યો હતો, પણ એક ઝપાટામાં જ બધું બકી ગયો– ફુલભીઉસની ક્રૂરતા, અધ્યક્ષ તેરતુલુસનો અજાયબ પ્રયત્ન, આજ્ઞા–પત્ર અને પોતાનું હૃદય–સમર્પણ. એકી સાથે એવડી લાંબી ગડબડ–ગોટાળા ભરેલી વાત સાંભળી તો ખરી, પણ ફબીઓલા તેમાંનું કાંઈ જ સમજી શકી નહિ. તે કેવળ એટલું જ સમજી, કે સમ્રાટે પોતાના કપ્તાન કોરભીનુસની સાથે કાંઈ સંદેશો મોકલ્યો છે. આજ્ઞા–પત્ર પર તો તેણે નજર પણ ન નાખી. કોરભીનુસની બધી વાતો સાંભળીને તે બહુ જ ધીમા સ્વરમાં બોલી, " કોરભીનુસ! આ તકલીફ લેવાને માટે હું તમને ધન્યવાદ આપું છું. હમણાં હું ખૂબ થાકી ગઈ છું, તેથી જઈને સમ્રાટને કહી દેજો, કે ફબીઓલા મુશ્કેલીના કારણથી

આજે આવી શકી નથી, પણ કાલે સવારે એમની સેવામાં હાજર થઈ જશે.

એવો અજુકતો પ્રત્યુત્તર મળવાથી કોરભીનુસ ડઘાઈ જ ગયો. જે આજ્ઞા–પત્રને માટે પિતા–પુત્ર બંને મળીને અર્ધી–અર્ધી રાત સુધી યોજનાઓ ઘડતા હતા તે આજ્ઞા–પત્ર ફબીઓલાના પગોની પાસે પડયો–પડયો પોતાની હીન–દશાને માટે આંસુ વહાવી રહ્યો હતો. તેની તરફ તરુણીએ ધ્યાન સુદ્ધાં ન દીધું. તેથી કોરભીનુસ માથું ધુણાવીને ગુસ્સામાં બોલ્યો, "ફબીઓલા ! કદાચ તમને માલૂમ નહિ હોય, આ ધન તમને અપાવવાને મને અને મારા પિતાને કેટલું કષ્ટ ઉઠાવવું પડયું છે! આગ્નેસની બધી મિલકત જપ્ત થવાની હતી, પણ આ તો અમારા પ્રયત્નનું જ પરિણામ છે, કે એ બધું ધન અને એ વિશાળ સંપત્તિ તમને મળે છે.

કોરભીનુસની વાત સાંભળતાં જ ફબીઓલાનું ધ્યાન આજ્ઞા–પત્રની તરફ ગયું. તેણે પત્ર ઉપાડીને વાંચ્યો અને તેને બેપરવાઈથી મેજ ઉપર મૂકતાં બોલી, " આ પત્ર ? કોરભીનુસ ! આ પત્રમાં તો કોઈ નવી વાત છે નહિ. એ બધી વાતોનો નિશ્ચય તો ઘણા વખત પહેલાં જ થઈ ચૂકયો હતો. આગ્નેસના મૃત્યુ પછી તેની મિલકત મારા સિવાય બીજા કોને મળી જ શકે એમ છે ! અને મારી હયાતી દરમિયાન મારી બહેનની સંપત્તિને જપ્ત કરવાનો પણ કોઈને અધિકાર નથી.

ફબીઓલાનો કડકડતો કોરો જવાબ સાંભળીને કોરભીનુસ છક થઈ ગયો. તેણે કલ્પના પણ નહોતી કરી, કે – ફબીઓલાના હૃદયને જીતવાની અને તેની સાથે લગ્ન કરવાની એ મધુર યોજનાઓ અને બધા પ્રયત્નો ઉપર છેવટે આવી દુઃખમય રીતે ક્ષણભરમાં પાણી ફરી વળશે. ફબીઓલાની વાત સાંભળીને એનાં મીઠાં સ્વપ્નો ઓગળી જવા લાગ્યાં.

કાંઈક સમય સુધી બિચારો મૂંગો થઈને ઊભો રહ્યો. પણ પછી જરા હિંમત લાવીને તોતડાતો–તોતડાતો બોલ્યો, " ફબીઓલા ! તમે બહુ જ સુંદર છો તમને જોવાથી મને આનંદ આવે છે. તમારી સાથે મારાં લગ્ન થઈ જાય તો .....

મૂર્ખ કોરભીનુસની વાતોથી ફબીઓલાને ગુસ્સો પણ આવતો હતો અને સાથે હસવું પણ. તેની દરકાર કર્યા વિના તે બોલી, " કોરભીનુસ ! હમણાં તો તમે જાઓ. હું બહુ જ થાકી ગઈ છું. મને ફરીથી કોઈક વાર મળજો. હું મન દઈને તમારી બધી વાતો સાંભળીશ. એમ કહીને કપ્તાન મહાશયથી કોઈપણ રીતે પોતાનો પીછો છોડાવ્યો. પણ મૂર્ખ કોરભીનુસ ! દિલાસાથી ભરેલા એ બે શબ્દો સાંભળીને આનંદિત થઈ ગયો. ખંડમાંથી બહાર નીકળ્યો ત્યારે તે હસતો હતો. જાણે કે તેની કરમાઈ ગયેલી આશા ફરીથી લીલી થઈ ગઈ હોય !

કોરભીનુસના બહાર નીકળતાં જ ફબીઓલાની આંખો ભરાઈ આવી. હાસ્ય અને ખુશાલીમાં વીતી ગયેલા જીવનની એકેએક વાત તેને યાદ આવવા લાગી. સેબસ્તિયન સાથેની તેની પહેલી મુલાકાત, સાથે બેસીને કરેલું ભોજન, તેને મળવાને માટે રાહ જોઈ–જોઈને કાઢેલો સમય, આગ્નેસનું ભોળપણ, તેનાં હિમ–સમાન શ્વેત વસ્ત્ર–જેમાં તે લગ્ન–કન્યા સમાન તે લાગ્યા કરતી હતી. એ બધી વાતો બિચારી ફબીઓલા એક ક્ષણમાં તે કેવી રીતે ભૂલી જાય ? ખુરશી પરથી ઊઠીને તે પલંગ પર આડી પડી. અને તકિયામાં માથું નાખી દઈને ફરીથી ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. હીબકાં તો ધીરે–ધીરે બંધ થઈ ગયાં, પણ આંખોમાંથી આંસુઓ તો કોણ જાણે ક્યાં સુધી વહેતાં રહ્યાં. – દયાવાન સૂર્યે પશ્ચિમના ઝરુખામાંથી ધ્યાન દઈને જોયું, તો ભિંજાઈ ગયેલા તકિયા પર પડેલી દુઃખિયારીની આંખો મળી ગઈ હતી.

સ્વપ્નોની દુનિયાથી ફબીઓલા એકાએક ચમકી ઊઠી અને

ચિત્કાર કરતી બોલી ઊઠી, ' પાપી ! પાપી !

તેના કંઠમાંથી શબ્દો પૂરેપૂરા નીકળવા પણ પામ્યા નહોતા ત્યાં તો સામેનો દરવાજો ઊઘડયો અને કોઈકે હસતાં હસતાં પ્રશ્ન કર્યો, " માનનીય બાનુ ! આવી રીતે અકળાતા દિલે આપ કોને યાદ કરી રહ્યાં છો ?

ફુલભીઉસને સામે જોઈને રોમન તરુણીના રોમ–રોમ તુચ્છકારથી હાલી ઊઠયાં. તે પલંગમાંથી ઊઠીને દરવાજા તરફ ગઈ અને ક્રોધથી બળબળતા શબ્દોમાં બોલી, " તને જ તો. તારાથી વધીને નીચ, નાલાયક અને પાપી આ દુનિયામાં બીજો કોણ હશે ? પણ, તું કોની આજ્ઞાથી અહીં આવ્યો? નિર્લજ્જ ! તીર મારીને હવે પાટો બાંધવા આવ્યો છે ? નીકળી જા, મારા ઘરમાંથી. નહિ તો .....

" નહિ તો ?

" નહિ તો, ધક્કા દઈને બહાર હાંકી કાઢીશ. તારા જેવા કસાઈ આદમીનું મોં પણ હું જોવા નથી માંગતી.

ફબીઓલાના અપમાન–ભર્યા શબ્દો શાહી જાસૂસની છાતીમાં કાતિલ તીરની માફક ખૂંચી ગયા હતા. જો તેની સત્તા ચાલતી હોત તો તે ફબીઓલાનો જીવ લઈ લેત. પણ સત્તા તો ન ચાલી શકી. તોપણ દઢ તાપૂર્વક તે બોલ્યો, " ફબીઓલા ! શાંત રહો. એવી રીતે તો બળ –જબરીથી તો હું બહાર નીકળવાનો નથી. આજ્ઞા વિના હું તમારા ઘરમાં જરૂર આવ્યો છું, પણ લાચારીને કારણે જ આવ્યો છું. હું રોમથી હંમેશને માટે જઈ રહ્યો છું, પણ જતાં પહેલાં તમારી સાથે કાંઈક ખાસ જરૂરી વાતોનો ફેંસલો કરવા ચાહું છું. તેથી મારે અહીં સુધી આવવું પડયું. દરવાજા પર તમારી દાસીએ મને રોકયો. તેણે મને કહ્યું, કે અંદર જવાની કોઈને પણ આજ્ઞા નથી, ત્યારે મારે જૂઠાઈનો આશરો લેવો પડયો. મેં તેને કહ્યું, કે હું સમ્રાટનો એક તાકીદનો સંદેશો લઈને આવ્યો છું. તેથી

તે મને આ ખંડ સુધી લઈ આવી. પરંતુ, ફબીઓલા ! હું સમ્રાટનો સંદેશો લઈને નથી આવ્યો. મારો પોતાનો સંદેશો લઈને આવ્યો છું. મારે આજે તમારી સાથે ઘણી જ વાતોનો ફૈસલો કરવાનો છે. એવું બોલતાં–બોલતાં ફુલભીઉસ આગળ વધ્યો.

ફબીઓલા શરમની મારી પાછળ ખસી ગઈ. ફુલભીઉસની લઘરવઘર દશા, તેના વિખરાયેલા વાળ અને તેનું ક્રોધાયમાન મોઢું જોઈને તે મનમાં મુંઝાતી હતી, પણ કાંઈ બોલી નહિ. એ ચંડાળથી પાનું છોડાવીને બહાર નીકળી જવાનો તે વિચાર કરી રહી હતી, ત્યાં તો ફુલભીઉસ હાથ મસળતો–મસળતો બોલ્યો, " ફબીઓલા ! શાંત રહીને મારી વાત સાંભળો. આજ મારા જીવનના એક મોટા અને મહત્ત્વના અધ્યાયનો દુઃખભર્યો અંત થઈ જવા આવ્યો છે. મારા એ અધ્યાયનો આરંભ તમારા જ ઘરમાં થયો હતો. તમને કદાપિ તે યાદ હશે. ઘણા દિવસોની વાત છે. તમારા સ્વર્ગીય પિતા શ્રી ફબિઉસ રાતના ભોજન પર મને પોતાની સાથે ખેંચી લાવ્યા હતા. આ ઘરમાં હું તે દિવસે પહેલી જ વાર આવ્યો હતો. આગ્નેસને મેં પહેલી વાર અહીં જોઈ. એ પહેલી જ મુલાકાતમાં મારું હૃદય તેને ચાહવા લાગ્યું. મારી હતભાગી આંખો તેને પોતાની સમજવા લાગી. હું જ એકલો કેમ ? તે પોતે પણ મને પોતાનો સમજવા લાગી હતી. તેના હૃદયનો પ્યાર મારી આંખોથી સંતાઈ ન શકયો .....

" નહિ, ફુલભીઉસ ! તમે સમજવામાં ભૂલ કરી. તેના હૃદયમાં તમારે માટે કોઈ જ સ્થાન ન હતું. એવી પ્રભુ–ભકતોના પ્રેમની વાતો તમારા જેવાના મોઢાને શોભા પણ નથી દેતી.

" ફબીઓલા ! તમને કાંઈ જ ખબર નથી. હું જે કહું છું તે બિલકુલ સત્ય છે.

" પણ, તેનું કોઈ પ્રમાણ ?

" તમારા સ્વર્ગીય પિતાજી જ એ વાતનું સૌથી મોટું પ્રમાણ છે. મારી એ મુલાકાતના બે જ દિવસ પછી શ્રી ફબીઉસે મને કહ્યું હતું, કે આગ્નેસ તમને હૃદયથી ચાહે છે. હવે વિશ્વાસ બંધાયો ?

ફુલભીઉસની વાત ખરી હતી. તેનો ફબીઓલા શો જવાબ દે? પોતાના સ્વર્ગીય પિતા પર તેને હૃદયમાં ક્રોધ ચઢવા લાગ્યો, તોપણ અજાણ જેવી થઈને બોલી, તેવી વાતની તો મને કશી ખબર નથી. બની શકે છે કે મારા પિતાજીને એવો વહેમ થઈ ગયો હોય. પરંતુ, ફુલભીઉસ! હું એ સારી રીતે જાણું છું, કે આગ્નેસના હૃદયમાં તમારે માટે કોઈ સ્થાન નહોતું. અગર જો એવી વાત હોત તો તે મને જરૂર કહેત.

ફુલભીઉસની આંખો વેર લેવાની બળતરામાં બળી રહી હતી. જાણે કે તેનું ઘાયલ થયેલું હૃદય ઝણઝણાટ–ભર્યા સ્વરમાં તેને વારંવાર કહી રહ્યું હોય, " આ ચાંડાલિનીએ તારા પ્રેમની લીલીછમ દુનિયામાં આગ લગાડી છે..... આ ચાંડાલિનીએ ..... આ ચાંડાલિનીએ ..... તેના ધૈર્યનો કટોરો ભરાઈ રહ્યો હતો. વાતને ઉડાવી દેતાં બોલ્યો, " કેવળ પોતાનો ધર્મ સંતાડતી હતી.

" નહિ.

" જૂઠી ! હું બધું જ જાણું છું. તું મને એટલો મૂર્ખ ન સમજ. હું સારી પેઠે જાણું છું, કે તેં જ મારા સોનેરી સંસારમાં આગ લગાડી છે. આગ્નેસ મારા પર પ્રેમ કરતી હતી. પહેલી જ મુલાકાતમાં તેનું હૃદય ફુલભીઉસના પ્રેમથી ભરાઈ ગયું હતું. તેં જ એ પ્રેમમાં ઝેર રેડયું. તેં જ એના હૃદયમાં મારા પ્રત્યેનો તુચ્છકારજનક ભાવ પેદા કર્યો. તેં જ મારા હૃદયમાં એ તીર માર્યું. ફબીઓલા! તેં જ પોતે ! ફુલભીઉસના હોઠો થથરી રહ્યા હતા. ક્ષણભર રોકાઈને ફરીથી બોલ્યો, " ફબીઓલા ! તેં મને કયાંયનો વહેવા ન દીધો. તેં મારા હૃદયની દુનિયા ઉઝેડી નાખી. તેં મારી આશાઓમાં આગ લગાડી. આગ્નેસને મારી પાસેથી ઝૂંટવી લીધી.

મને દેશવટો અપાવ્યો. ફબીઓલા ! તેં મને ઘર–ઘરનો ભિખારી બનાવીને છોડી દીધો. શું એથી પણ તારું પેટ નથી ભરાયું ? હજુ તારો જીવ નથી ધરાયો ? હવે શું તું મારી રહી–સહી મિલકતને પણ ડાકુ બનીને હડપ કરી જવા માંગે છે ?

આશ્ચર્ય–ચકિત થઈને ફબીઓલા ધીરેથી બોલી, " તારી મિલકત ?

" હા, મારી મિલકત. ઘણાં–બધાં દુઃખો વેઠીને કમાયેલી મારી મિલકત, જેના પર તું ડાકુ બનીને બેઠી છે.

"ફુલભીઉસ ! જીભ બંધ કર. મારા જ ઘરમાં મારું અપમાન? કોઈ ખાનદાન સ્ત્રીને ડાકુ કહેતાં લજજા નથી આવતી ?

" લજજા, શાની ? જૂઠું હોય તો લજજા લાગે !

" જૂઠું નહિ તો, શું એ સાચું છે ?

" હા, પૂર્ણપણે સાચું છે. આગ્નેસને મેં સપડાવી છે. તેના ધનનો ખરો માલિક હું છું. મારું એ ધન હવે તું લૂંટી રહી છે.

ફબીઓલા શાહી આજ્ઞા–પત્રનો ખ્યાલ વીસરી ગઈ હતી. તેથી ફુલભીઉસની વાત તેની સમજમાં ન આવી શકી. " અરે, ફુલભીઉસ ! કયાંય પાગલ તો નથી થઈ ગયો ને ? તેણે મનોમન વિચાર કર્યો અને પાછળ ખસીને બોલી, " ફુલભીઉસ ! તમારી વાતો આ વખતે મારી સમજમાં નથી આવતી. બીજીવાર આવજો. હમણાં તો તમે જાઓ. રૂપિયાની જો કદાપિ થોડી–ઘણી જરૂર હોય તો થોડા લેતા જાઓ, પણ હમણાં તમે જાઓ. તમારી આ આડી–અવળી વાતો આ વખતે મારા સમજવામાં નથી આવતી.

" આડી–અવળી વાતો ? ફબીઓલાની આંખો સામે પોતાની ક્રોધ–ભરી આંખો કાઢીને ફુલભીઉસ બોલ્યો,

" આડી–અવળી વાતો નહિ તો બીજું શું ? ભલા, આગ્નેસની

મિલકત સાથે મારો શો વાસ્તો ?

" શો વાસ્તો ? દોલતને માટે બહેનનો જીવ લીધો અને હવે કાલી બને છે, કાં ? દાંત પીસતાં–પીસતાં શાહી જાસૂસે ઉત્તર દીધો.

આગ્નેસના સંબંધમાં પોતાની એવી વાતો સાંભળીને ફબીઓલાના હૃદયમાં ભારે દર્દ થયું. હળવા અવાજે તે બોલી, " ફુલભીઉસ ! તમે પાગલ થઈ ગયા છો. આગ્નેસ તો મને મારા પ્રાણથી પણ અત્યંત વહાલી હતી. એની તુચ્છ મિલકતને માટે હું એનો જીવ લઉં? તમે એવી વાતોનો હલકો વિચાર કરી શકો છો. બાકી મને તો તેમાં પણ નવાઈ લાગે છે.

" નવાઈ ? તમારી નવાઈ ? ફબીઓલા ! તમારી નવાઈ હવે ઢંકાઈ રહી નથી શકતી. સમ્રાટે મને બધું જ કહી દીધું છે. એમ બોલતાં–બોલતાં ફુલભીઉસની નજર પેલા શાહી આજ્ઞા–પત્ર પર જઈ પડી, જે ફબીઓલાની પડખે એક મેજ પર પડયો હતો. દાંત પીસતો–પીસતો આગળ વધ્યો અને આજ્ઞા–પત્ર ઉઠાવી લઈને ફબીઓલાની તરફ આગળ વધતો–વધતો બોલ્યો, " જો ભોળી–ભલી બનીને બીજાઓને બનાવતાં તને શરમ નથી આવતી ? હવે કહે, એ આજ્ઞા–પત્ર કોણે તૈયાર કરાવ્યો છે ? આ સોનેરી છપાઈ, આ ફૂલ–પાનના ગુચ્છા, આ સુંદર ચર્મપત્ર ! શું એ બધું એક કલાકમાં જ તૈયાર થઈ ગયું ? હવે બોલતી કેમ નથી, પાપિણી ? શું, એથી જ તેં એ બિચારી આગ્નેસનો જીવ લીધો? શું, એ માટે જ તું મારા માર્ગમાં પથરા નાખી રહી છે ..... ? કમબખ્ત ..... ?

" મોઢું બંધ કર. નીકળી જા, અહીંથી.પાગલ કૂતરા.

" પાગલ કૂતરો હું નથી, તું છે. તેં જ આગ્નેસનો જીવ લીધો. મને બરબાદ કર્યો. પણ હવે કાન ખોલીને સાંભળી લે. હું તારી સાથે છેવટનો ફેંસલો કરવા આવ્યો છું. અગર જો તું તારું ભલું ચાહતી હોય

તો આગ્નેસની બધી મિલકત મારા નામ પર લખાવી દે. અહીં અને આ ઘડીયે જ નહિ તો ..... આડું અવળું જોઈને દબાયેલા અવાજમાં બોલ્યો, " નહિ તો આ ઘરમાંથી તારું ખૂન કરીને જ નીકળીશ. મને બરબાદ કરીને હવે તું જીવતી રહેવા નહિ પામે. મારી ખૂની તલવાર .....

ક્રોધમાં બળી રહેલી ફુલભીઉસની મુખમુદ્રા જોઈને ફબીઓલા સમજી ગઈ, કે ફુલભીઉસ એનું નુકસાન કર્યા વિના બહાર નહિ નીકળે. હિંમત બાંધી, નિર્ભય થઈ, ફુલભીઉસની તરફ જોઈને બોલી, " ફુલભીઉસ ! ફબીઓલા મોતની ધમકીઓથી ડરવાવાળી નથી, તે મરવાને તૈયાર છે. પણ મરતાં પહેલાં તને પોતાના સ્પષ્ટ શબ્દોમાં બતાવી દેવા ચાહે છે, કે પુણ્યાત્મા આગ્નેસની અપાર સંપત્તિમાંથી એક પૈસો પણ તે તારા જેવા નીચ પાપીને નહિ દે. આગ્નેસના હીરા–જવાહીર તો દરવાજા પર આવનારા ગરીબ ભિખારીઓને ભલે ખુશીથી લૂંટાવી દઈશ, પણ તને નહિ દઉં. મરીને પણ નહિ દઉં. તારા જેવા પતિત પાપીની છાયા પણ એ પુનિત ધન પર નહિ પડી શકે. એ આત્મા–ભરપૂર પ્રેમ–મૂર્તિનો એક–એક પૈસો દુઃખીઓની સેવામાં ખર્ચ કરવામાં આવશે. પણ તારી આ ધમકીઓ ! હું એને માટે તૈયાર છું. પોતાના જીવનું બલિદાન દઈને આગ્નેસ મને પણ પ્રાણ દેવાનું પરમ કર્તવ્ય શીખવી ગઈ છે.

" ફબીઓલા ! હું ફુલભીઉસ છું. મારે તો હવે ભટકી–ભટકીને મરવાનું જ છે, પણ તને મારીને ; એ માટે કે મારા એ ધનનો આનંદ તું પણ લૂટી ન શકે.

કહેતાં–કહેતાં જ ફુલભીઉસ ક્રોધાવેશમાં કંપાયમાન થઈને ફબીઓલાની તરફ ધસ્યો અને તેની ગરદન પર હાથ દબાવીને પાછળ ની બાજુએ જોરથી ધક્કો દીધો. ફબીઓલા એકદમ ખુરશી પર પટકાઈ

પડી. ખુરશી પર પડતાં જ પાપી ફુલભીઉસે તેના લાંબા–લાંબા વાળ પકડીને ખેંચી કાઢયા અને તેની છાતી પર જમણો પગ મૂકી દીધો. કોમળ છાતી પર નરપશુના પગોનો આઘાત લાગતાં જ તેની આંખો ફાટી ગઈ, અને એક નાનું સરખું ચમકતું હથિયાર તેને પોતાની છાતી પર આવતું દેખાયું, અને તેની આંખો બંધ થઈ ગઈ.

પણ હથિયારને બદલે કોઈકનું કોમળ શરીર તેના પર પડયું. રકતની ગરમ ધારાઓ તેની છાતી પરથી દદડતી–દદડતી તેના ખુલ્લા હાથો પર થઈને નીચે જમીન પર ઊતરી પડી અને સાથોસાથ જ કોઈકનો ચિરપરિચિત જેવો સ્વર સંભળાયો, " ઓરોનસિઉસ ! ઓરોનસિઉસ ! એ તો હું મરિયમ હતી ; તમારી બહેન !

અને ત્યાર પછી કોઈ વિદેશી ભાષાના કાંઈક શબ્દો ફબીઓલાના કાનો પર અથડાયા, પણ તે તેમને સમજી ન શકી. તેણે ગભરાઈને આંખો ખોલી તો જણાયું, કે ફુલભીઉસ બબડતો–બબડતો ઓરડામાંથી બહાર દોડાદોડ જઈ રહ્યો હતો.

સીરા રકતથી તરબોળ થયેલી હાલતમાં જમીન પર બેશુદ્ધ થઈને પડી રહી હતી અને તેની ગરદનમાંથી રકતની ધારા વહી જતી હતી.

સ્વામી–ભકત સીરા ! રુધિર–ઝરતી સીરા ! ખ્રિસ્ત–ભકત સીરા! ફબીઓલાનો પ્રાણ બચાવવા પોતાનું બલિદાન દઈ રહી હતી.

પ્રકરણ ૩૭મું

આશાનાં સોનેરી કિરણો મેળવીને .....

ભકત–દાસી સીરાનું ખૂન કરીને ફુલભીઉસ નિકેતનથી

ભાગતો–ભાગતો જઈ રહ્યો હતો. તેને એવી રીતે ભાગતો જોઈને બીજી દાસીઓ ગભરાઈ ગઈ. તેઓને એકાએક ફબીઓલાનો તીણો કરુણ ચિત્કાર સંભળાયો અને દોડાદોડ ફબીઓલાના શયન–ખંડ તરફ ગભરાતી–ગભરાતી આવી પહોંચી. દ્વાર ખોલીને જોયું તો સીરાનું તમામ શરીર રકતથી ભિંજાયેલું પડયું હતું અને ફબીઓલા પોતાના થરથરતા હાથોથી તેના ખભા હલાવી રહી હતી.

દાસીઓ ખંડમાં આવી પહોંચી હતી. ફબીઓલાએ હાથના મૌન ઈશારાથી તેમને પાછા બહાર ચાલ્યા જવાની આજ્ઞા કરી. કેવળ યૂફ્રોસીનને તેણે રોકી લીધી, અને એ ગ્રીક દાસીને પાસે બોલાવીને કહ્યું, " જા ! આગ્નેસના ઘરથી વૈદ્યજીને દોડીને લઈ આવ.

" શ્રી દીઉનીસિઉસને ?

" હા. કહેજે, જલદી બોલાવ્યા છે.

હુકમ થતાં જ દાસી ઊપડી ગઈ, અને થોડા જ સમયમાં બાબા દીઉનીસિઉસે હાથમાં દવાઓનો થેલો લઈને ઓરડામાં પ્રવેશ કર્યો.

તે વખતે ક્રોધ–ભર્યા ચહેરા સાથે ફુલભીઉસને ફબીઓલાના શયન–ખંડમાં પ્રવેશ કરતો જોઈને સીરા ચેતી ગઈ હતી. તેથી દરવાજાની આડે ઊભી રહીને તેણે બધી વાતો સાંભળ્યા કરી. ક્રોધમાં થરથરતા ફુલભીઉસના હોઠો જોઈને તેનું હૈયું ધડકવા લાગ્યું હતું. ફુલભીઉસે ફબીઓલાની ડોક પર જેવો હાથ દીધો કે તરત સીરા પોતાની સ્વામિનીની સહાયતા કરવા દોડી, અને .....

..... અને તે ચમકતું હથિયાર ફબીઓલાની છાતી સુધી પહોંચતાં પહેલાં જ દાસીની ડોકમાં ખૂંચી ગયું. ચપ્પુ ડોકનાં હાડકાં સુધી પહોંચી ગયું હતું. ડોક પર પાટો બાંધીને બાબા દીઉનીસિઉસે આશ્વાસન દેતાં કહ્યું, " બેટી ! ગભરાવા જેવું નથી. પ્રભુ ખ્રિસ્તની કૃપાથી સીરાને સારું થઈ જશે.

દુઃખોના ભારથી દબાઈ ગયેલી રોમન તરુણીના પ્રાણને પ્રભુ ખ્રિસ્તનું નામ આ વખતે જેટલું મધુર લાગ્યું, તેટલું ભાગ્યે જ અગાઉ મધુર લાગ્યું હોય ! ઘૂંટણો ટેકીને તેણે બાબાના બંને હાથ પૂરા જોરથી પકડી લીધા અને પોતાની અશ્રુભીની આંખો ઊંચી કરીને બોલી ઊઠી, " બાબા ! મારી સીરા ખરેખર બચી જશે ?

રોમન તરુણીના કરુણ સ્વરમાં વ્યાકુળતાનો સાગર ઊછળી આવ્યો હતો. દીઉનીસિઉસે ધીમા અને શાંત અવાજે ઉત્તર દીધો, " ફબીઓલા ! તું ચિંતા ન કર. પ્રભુ–કૃપાથી સીરા થોડા જ દિવસમાં સાજી થઈ જશે ; પણ રાતના બાર વાગ્યા સુધી ઘણી જ સાવધાની રાખીને આ દવા પીવડાવ્યા કરજે. હું કાલે વહેલી સવારે ફરીથી આવીશ.

* * * * * * *

સીરા બેભાનદશામાં પડી હતી ત્યારે સ્વામિનીના બંને હાથ પોતાની પ્રિય દાસીની સેવામાં લાગેલા હતા. બીજી દાસીઓ બહારના આંગણામાં અંગેઠી સળગાવીને બેઠી–બેઠી કોણ જાણે શું ગુસપુસ ગુસપુસ કરી રહી હતી. બુઢ્ઢા બાબાની આજ્ઞાનુસાર ફબીઓલા રાતના બરાબર બાર વાગ્યા સુધી દવા પા પા કરતી રહી. હવે બિચારીની આંખોમાં નિંદ્રા ભરાઈ આવી હતી, પણ સીરાને બેભાનદશામાં છોડીને તે કેવી રીતે સૂએ ? પ્રેમથી સળવળાટ લેતી તેની આંગળીઓ થોડી–થોડી વારે સીરાના ફિક્કા પડી ગયેલા મસ્તક પર ફરી વળતી, ત્યારે તેના અધરોમાંથી વારંવાર આ શબ્દો નીકળી પડતા, " નિષ્ઠુર !

હવે તો બાર વાગી ગયા હતા. બહાર બેઠેલી દાસીઓની ગુસપુસી શાંત થઈ ગઈ હતી. સીરા પર પોતાની ગરમ શાલ ઓઢાડીને ફબીઓલા ખુરશી પર જઈ બેઠી. રાત્રીના ઘોર કાળોખમાં તેને વીતી ગયેલી વાતો ફરીથી સાંભરી આવી. ગામડાનું આનંદ–ભર્યું જીવન,

ગુલામ દાસી પ્રત્યે તેની અગાધ લાગણી અને સરોવરના તટ પર સીરાએ સમજાવેલી પેલી વાતો. જેને નરાતાળ ગાંડપણ સમજીને ફબીઓલા હસી દેતી હતી, તેને તે એક પછી એક યાદ આવવા લાગી, અને તે મનમાં ને મનમાં બોલી, " સીરાની બધી વાતો સાચી હતી. સેવા, ત્યાગ, પ્રેમ, પ્રભુ–ભક્તિ ..... સીરાની નિઃસ્વાર્થ સેવા, સજીવ ત્યાગ અને તેના નિર્લોભી પ્રેમનું ઉજળું પ્રમાણ ફબીઓલાને મળી ચૂકયું હતું. ઘણું કરીને તેથી જ રોમન તરુણીના હૃદયમાં સીરાના સિદ્ધાંતો પ્રત્યે આટલી મમતા ઉત્પન્ન થઈ હતી, " સીરા એક આદર્શ દાસી છે. આદર્શ સેવિકા, આદર્શ સખી, આદર્શ પ્રેમ–પૂજારણ, આદર્શ ..... અને ન સમજાય એવા કેટલાય ઉજજવળ આદર્શ તેને સીરાના મહાન ચારિત્ર્યમાં દેખાવ દેવા લાગ્યા. તે મનમાં ને મનમાં બોલી, " સીરા કેટલી મહાન છે ! પ્રેમ, સેવા, ત્યાગ વિષેની જેટલી–જેટલી વાતો તેણે મને સમજાવી હતી તે બધી તેણે પોતાના જીવનમાં ઉતારી છે. તેના સિદ્ધાંતોનો આધાર પાગલપણા પર નહિ, પણ વજ્ર સમાન સત્ય પર છે. મેં જ મૂર્ખ બનીને તેના સિદ્ધાંતોનું અપમાન કર્યું, ઉપહાસ કર્યો. એવા વિચારો આવતાં જ ફબીઓલા બેચેન થઈ ગઈ, અને તેને ભયંકર આત્મ–દુઃખનો અનુભવ થવા લાગ્યો. તેને અત્યંત ઈચ્છા થતી હતી, કે તે સીરાને એ જ વખતે ઊંઘમાંથી જગાડે અને તેની પાસે પોતાના અપરાધો અને બેપરવાઈની માફી માંગે. પણ બાબા દીઉનીસિઉસની સખત આજ્ઞાએ બિચારીનું કાંઈ જ ન ચાલવા દીધું. આત્મ–દુઃખના ભારથી પીડિત દશામાં તેણે આખી રાત અકળામણના ઉજાગરામાં કાઢી, આખી રાત હૃદય–આઘાતના તરફડાટથી વિતાવી.

રજની વીતી ગઈ. તારાઓની વણજાર આંખો પરથી ધીમે–ધીમે અલોપ થઈ ગઈ. ઉષા–વાયુની મંદ–મંદ લહરીઓને સાથે લઈને બાબા દીઉનીસિઉસે ' ફબિઉસ–નિકેતન માં પ્રવેશ કર્યો. સાંકળ ખખડતાં જ

ફબીઓલાએ દ્વાર ખોલ્યું, અને ઘણા આદર સહિત વૃદ્ધ–ભકતનો સત્કાર કર્યો.

દરદીની હાલત રાતને મુકાબલે ઘણી જ સારી હતી. ફબીઓલાની આંખોમાં આનંદ તરવરતો હતો. સીરાને માટે બીજી નવી દવા દઈને બાબા દીઉનીસિઉસ ઘણા પ્રેમથી બોલ્યા, " ફબીઓલા ! સીરાને હવે સારું છે ?

" હા, બાબા. ધીમા સ્મિત સાથે ફબીઓલાએ ઉત્તર દીધો.

સૂર્યોદય થતાં જ સીરામાં પાછી ચેતના આવી. પાસું બદલતાં જ તેણે આંખો ખોલી ત્યારે જણાયું, કે ફબીઓલા તેના ચરણોની પાસે બેઠી હતી. ગરીબ દાસી શરમિંદી બની ગઈ. " પ્રણામ, સ્વામિની ! ફબીઓલાને પ્રણામ કરતાં જ સીરાએ ધીમેથી કહ્યું.

આનંદના અતિ વેગમાં ફબીઓલા જવાબ દેવાનું પણ ભૂલી ગઈ. એકદમ દોડીને સીરાની પાસે ગઈ અને દાસીનું મસ્તક ચૂમીને બોલી, " હવે ઠીક છે ને ?

" હા, સ્વામિની !

ફબીઓલાની મૌન આંખો ઘણી વાર સુધી મટકું માર્યા વિના સીરાને જોઈ રહી. જાણે કે એક પળને માટે પણ પોતાની આંખોથી તેને દૂર જવા દેવા ન ચાહતી હોય ! સીરાની સાથે વાતો કરવા તેનું મન વ્યગ્ર બની રહ્યું હતું, પણ બાબા નિષેધ કરીને ગયા હતા તેથી બિચારી નિરુપાયે મૂંગી થઈને બેસી રહી. એવી રીતે આખો દિવસ વીતી ગયો. સંધ્યા સમયે દીઉનીસિઉસે આવીને જોયું તો રોગીમાં કોઈ આશ્ચર્યજનક પ્રગતિ થઈ ચૂકી હતી. તેઓ આનંદિત થઈને બોલ્યા, " લે, બચ્ચી ! હવે તો તારી દાસી તંદુરસ્ત પણ થવા લાગી.

" પણ, બાબા ! એને ભોજન ..... ?

" ચાહે તો આજ રાતથી જ આરંભ કરી શકે છે.

" અને વાતો ?

ફબીઓલાના આવા ભોળા બચપણ ઉપર બાબા ખડખડાટ અવાજ કરીને હસી પડયા અને બોલ્યા, " વાતો પણ કરી શકે છે, પણ ઓછી.

બસ, બાબાને બહાર નીકળવાની જ વાર હતી, કે ફબીઓલા ઝટ સીરાની પાસે આવી અને તેનું મસ્તક ચૂમીને બોલી; " સીરા ! હું તને કયા મોઢે ધન્યવાદ દઉં ? તારો ત્યાગ ખરેખર એટલો મહાન છે કે તેનો બદલો વાળી શકાય જ નહિ. સીરા ! તું ખરેખર સ્વર્ગીય દૂત છે.

ફબીઓલાની વાત સાંભળીને સીરાની આંખોમાં ઉદાસીનતા છવાઈ ગઈ. ઘણા જ હૃદય–ભેદક સ્વરમાં તે બોલી, " સ્વામિની ! આપ આ શું કહી રહ્યા છો ? હું તો આપની ગુલામ દાસી છું. પોતાના માલિકની રક્ષાને માટે પ્રાણ દેવો એ પ્રત્યેક દાસીનું પહેલું કર્તવ્ય છે. મેં તો કાંઈ વિશેષ નથી કર્યું. માત્ર મારું કર્તવ્ય બજાવ્યું છે. આપ ભૂલી કેમ જાઓ છો, સ્વામિની ! સીરાનું આ શરીર મારું નથી, આપનું છે.

" એવું ન કહે, બહેન ! મને ઘણું જ દુઃખ થાય છે. તારા અપાર પ્રેમે અને તારા મહાન ત્યાગે મને સદાને માટે જીતી લીધી છે. અને સીરા ! આ દુનિયાનાં સાધારણ મનુષ્યોથી તું ઊંચા વૈભવ સુધી પહોંચી ચૂકી છે. પ્રભુ ખ્રિસ્તના ઉપદેશોએ તને ઉન્નતિના પર્વત શિખર પર પહોંચાડી દીધી છે, જેને હું હમણાં તલસતી આંખોથી જોવા લાગી છું.

ધીરેથી હસીને દાસીએ ચૂંટકી ખણી, " પણ, તે તો મારું પાગલપણું હતું.

ફબીઓલા શરમાઈ ગઈ. આંખો નીચે ઢાળી દઈને બોલી, " સીરા! હવે મને વધારે ન શરમાવ. હું માનું છું કે હું ત્યારે ભૂલમાં હતી અને તું સત્યના માર્ગ પર આરુઢ હતી ! ખરેખર, પ્રભુ ઈસુ મહાન કૃપાળ છે.

"હા, દેવબાલા ! આનંદમાં ડૂબી જઈને સીરાએ ઉત્તર દીધો. ભાવનાના અતિ વેગને લીધે તેની પાંપણોમાં આંસુ ભરાઈ આવ્યાં હતાં. તે ફબીઓલાના હાથો પકડીને બોલી, " પ્રભુ ઈસુ, ખરેખર ઘણા જ કૃપાળુ છે. પાપો અને દુઃખોમાં ડૂબેલા જીવોનો ઉદ્ધાર કરવાને માટે જ તેઓ આ જગતની ધરતી પર જન્મી આવ્યા. મનુષ્યનો સ્વભાવ ધારણ કર્યો. તેમનો એકેએક ઉપદેશ, એક–એક અમૂલ્ય હીરા જેવો છે : અકથનીય છે. મોક્ષ–માળાના એક પવિત્ર મણકા જેવો : કલ્યાણદાયી કૂંચી જેવો : સ્વર્ગીય ઘરને ઉઘાડનારો વાટસરુનો દૈવી નકશો છે. નિશ્ચલ પ્રેમ અને અચલ નિષ્ઠાથી આપણે તેમના ઉપદેશોનું પાલન કરવું જોઈએ. તો જ આપણા ચરણો એ પરમાર્થ–પથ પર અધિક વેગથી આગળ વધી શકશે. તો જ આપણું ખોયેલું સ્વર્ગ–સદન ફરીથી હાંસલ કરી શકીશું.

સીરાના મધુર શબ્દો ફબીઓલાના અંતઃસ્તલમાં મીઠપ રસ બનીને સમાતા જતા હતા. ભાવનાથી ભરેલું હૃદય રોમન તરુણીએ દાસીની છાતી પર ઢાળી દીધું અને પોપચાં બંધ કરીને સાંભળવા લાગી. સીરાને પણ દીર્ઘ–કાળ પછી આવો સુંદર અવસર મળ્યો હતો, તેથી ધીરે ધીરે આદિથી અંત સુધી પોતાના પ્યારા પ્રભુ ઈસુની જીવન–કથા ફબીઓલાને સંભળાવી દીધી પછી છેવટે બોલી, " બહેન ! સંત જોને ઠીક જ કહ્યું છે, કે – ખ્રિસ્ત પ્રભુ હતા.

બસ, એ પ્રમાણે બોલીને સીરા ચૂપ થઈ ગઈ.

ફબીઓલાએ આંખો ઉઘાડી ત્યારે દાસીની શાંત આંખોમાંથી અવિરત અશ્રુધારા વહી રહી હતી. અગાધ પ્રેમ અને અસીમ શ્રદ્ધાથી ફબીઓલાએ સીરાનું પવિત્ર મસ્તક ચૂમી લીધું અને પોતાના શ્યામ પાલવથી દાસીની આંખો લૂછતાં લૂછતાં બોલી, " સીરા ! પ્રભુ ઈસુ ખ્રિસ્તની જીવન'કથા એટલી પવિત્ર છે કે તે સાંભળીને માથું આપોઆપ

તેમની પાસે નમી પડે છે. મારું તો હૃદય ભિંજાઈ ગયું. તારી વાતો કેટલી મધુર, કેટલી હૃદયના મર્મ સ્થળને સ્પર્શી જાય એવી અને કેટલી સૃત્યતાથી ભરપૂર છે ? કિંતુ, સીરા ! એક વાત મારા સમજવામાં નથી આવી શકતી.

" તે કઈ ? દેવબાલા !

" એ જ કે ખ્રિસ્ત પ્રભુ હતા અને સાથોસાથ મનુષ્ય પણ ભલા, સીરા! પ્રભુ મનુષ્ય કેવી રીતે બની શકે છે ? જો તેઓ મનુષ્ય બનીને આ પૃથ્વી પર આવ્યા તો તેમના પિતા કોણ હતા ?

ગંભીર મુખ–મુદ્રા ધારણ કરીને દાસીએ ઉત્તર દીધો, " આ સંસારનાં સમસ્ત પ્રાણીઓમાં જે જીવ મૂકે છે તે જ એમના પિતા હતા. અને મરિયમ, એમના જ આત્મ–યોગે ઉદરમાં ઉતરેલ બાળકને ગર્ભાધાનમાં ઝીલનાર, જન્મ આપનાર, પય–પાન કરાવનાર અને ઉછેરીને પ્રાકૃત મનુષ્યના રૂપમાં દુનિયાની આગળ ધરનાર પવિત્ર માનવ–પ્રભુની જનેતા. દેવબાલા ! તે માતા ખરેખર કેટલાં ભાગ્યશાળી હતાં ! જેના ખોળામાં અમારા પ્રભુનું ભોળું બાળપણ વીત્યું ! આજથી આશરે અગિયારસો વર્ષ પહેલાંની વાત છે. ત્યારે યહૂદીઓના એક પેગંબરે તમામ માનવ–જાતને ચેતવણી આપતાં કહ્યું હતું, કે ' હે લોકો! જાગૃત થઈ જાઓ ; કુમારીને પેટે એક બાળકનો જન્મ થશે અને તેનું નામ ' ઈમાનુએલ એટલે દેવ–મનુષ્ય પાડવામાં આવશે. તે પ્રમાણે પેગંબરની વાત બિલકુલ સાચી ઠરી. ભવિષ્ય–વાણીનાં આઠસો વર્ષ પછી કુમારી મરિયમને ઉદરે અમારા પ્રભુએ દુ:ખી અને પાપીઓનો ઉદ્ધાર કરવાને માટે જન્મ લીધો.

ધીરેથી બારણું ઊઘડયું અને ગ્રીક દાસી ભોજનની થાળી સહિત અંદર દાખલ થઈ અને મેજ પર થાળી મૂકીને પાછી બહાર નીકળી ગઈ. દીપક બળી રહ્યો હતો. પોતાના હાથનો ટેકો દઈને ફબીઓલાએ દાસીને

ઉઠાડી અને તકિયાને પીઠની પાછળ મૂકીને હળવેથી બેસાડી. રોટલીનો એક નાનો સરખો ટુકડો દૂધમાં પલાળીને જેવો તેણે દાસીના હોઠો સુધી આણ્યો કે તરત સીરાના મુખ પર શરમના શેરડા પડી ગયા અને સાથે હસી પણ દીધું.

સીરાને દૂધ, રોટલી ખવડાવીને ફબીઓલા જેવી થાળી નીચે મૂકવા ગઈ કે દાસીએ તેના હાથ પકડી લીધા અને બોલી, " આપ પણ ભોજન કરી લોને !

" મને ભૂખ નથી, સીરા ! આજ તો તારી મીઠી–મીઠી વાતોથી જ જીવ ધરાઈ ગયો છે.

સીરાના અત્યંત આગ્રહથી ફબીઓલાને બે ટુકડા લેવા જ પડયા. ત્યાર પછી તેણે સીરાને ધીમેથી બિછાના પર સુવાડી દીધી. તેના પર ગરમ કામળ ઓઢાડીને પાસે પડેલી ખુરશી પર ફબીઓલા બેસી ગઈ અને કહેવા લાગી, " સીરા ! હું જાણું છું કે આજે તું બહુ જ થાકી ગઈ છે. એ કારણથી મારે સમજવું જોઈએ કે તને વિશ્રામ કરવા દઉં. પણ, શું કરું ? મારું મન નથી માનતું. તું કાંઈક બીજી વાત કર. પ્યારા પ્રભુની વાતો આજે મને બહુ જ મીઠી લાગી રહી છે.

ફબીઓલાના મુખથી વારંવાર 'પ્યારા પ્રભુ નું નામ સાંભળીને આજે સીરા કેટલી પ્રસન્ન બની રહી હતી ? એ જોવાનું ભાગ્ય તો કેવળ પેલા પ્રકાશિત દીપકને જ પ્રાપ્ત થવા પામ્યું. પ્રેમ–રસમાં ભિંજાયેલા શબ્દોમાં દાસીએ પ્રભુની જીવન–કથા ફરી શરૂ કરી દીધી. તેમાં ખ્રિસ્ત–જન્મનું રહસ્ય, ઈસનું ભોળું બાળપણ, યુસફની દુકાનમાં કરેલો પરિશ્રમ અને પ્રભુ ઈસુના નામની પ્રચારક ગાથાઓ, સીરા એક પછી એક સંભળાવ્યે જતી હતી, ત્યારે ફબીઓલાની આંખોમાંથી એક–એક અશ્રુબિંદુ ટપકી પડતું હતું. પ્રભુ પર ચલાવવામાં આવેલા જૂઠા મુકદ્દમાની વાત પણ સીરાએ સંભળાવી અને એવું પણ જણાવ્યું કે તેમના

એક વિશ્વાસપાત્ર સાથીએ એમને ખરેખરો દગો દીધો. એમ બધી જીવન–ગાથા સંભળાવીને અંતે બોલી, "આવી રીતે દુઃખોની એક–ધારી ઝડીઓમાં, અપમાનોની વચમાં, કોરડાઓનો માર ખાઈખાઈને પ્યારા ખ્રિસ્ત–પ્રેમનો દીપ પ્રગટાવ્યો. અને એ જ પરમ પુનિત અપરાધમાં સ્વર્ગના રાજા ઈસુ પ્રભુને કાંટાઓનો તાજ પહેરાવીને વધસ્તંભ પર લટકાવી દેવામાં આવ્યા. પુષ્પની પાંખડીઓ સમાન એમના એ સુંદર સુકુમાર હાથોમાં, જે હાથો રકતપિત્તી, આંધળા, લુલા, બીમાર અને અનેક જાતનાં દર્દોથી હાલાક થઈ ગયેલા દીન–દુઃખીઓની સેવામાં લાગેલા રહેતા, તે હાથોમાં ચમકતા તીક્ષ્ણ ખીલાઓ જડી દેવામાં આવ્યા. અને એમના પવિત્ર ચરણોમાં પણ એવા જ ખીલાઓ ઠોકી બેસાડવામાં આવ્યા જેમાંથી પર્વત–સરિતાની માફક પ્રતિ–પળ અમૃત ઝરતું રહેતું હતું. ધન્ય હતી એ સૌભાગ્યવતી સંધ્યા !

દરદીના હૃદયમાં ભાવોનાં તોફાન ઊછળી આવ્યાં હતાં. તેનું હિબકવું ચાલુ થયું. સીરાને શાંત કરતાં ફબીઓલાએ કહ્યુ, "રો નહિ, બહેન! આંખો દુઃખવા લાગશે.

"નીહ, સ્વામિની ! આજે તો મારી આંખોનું દર્દ દૂર થઈ રહ્યું છે. જે સમયની હું વર્ષોથી રાહ જોઈ રહી હતી, તે સમય આજે મારા અસ્તિત્વને સાર્થક કરવા આવી પહોંચ્યો છે. સ્વામિની ! આપ કાંઈ બીજું પૂછો. હું ચાહું છું કે આજનો દિવસ જ આપના સાત્વિક જીવનનો પ્રથમ દિવસ હોય ! એ માટે કે આજે આપ આપના હૃદયના સર્વ સંદેહો દૂર કરી લો.

ફબીઓલા કાંઈક સમય સુધી મૌનપણે વિચાર કરી–કરીને છેવટે બોલી, "સીરા ! મને તો બહુ જ નિરાશા થઈ રહી છે. સાવ પાગલપણામાં હતભાગિની ફબીઓલા પોતાના કૃપાળુ પ્રભુની વિરુદ્ધ કોણ જાણે શું શું બોલતી રહી. અભિમાનમાં આંધળી થઈને મેં તારું

અપમાન કર્યું, પ્રભુ ખ્રિસ્તનું અપમાન કર્યું અને તેમના પવિત્ર ઉપદેશોનું પણ અપમાન કર્યું. સીરા ! પ્રભુ ઈસુ મારા જેવી પાપિણીને કેવી રીતે ક્ષમા કરશે ?

ફબીઓલાએ હિબકિયાં લેતાં–લેતાં દાસીની ચાદરમાં પોતાનું મોં છુપાવી દીધું. અપાર મમતાથી તેના ખભા પર હાથ ફેરવતાં સીરા બોલી, " સ્વામિની ! આપ આવી રીતે નિરાશ ન થાઓ. આપના પર પ્રભુની કૃપા અવશ્ય થશે. પશ્ચાતાપનાં આંસુઓમાં આપનાં તમામ પાપો ધોળાઈ ગયાં છે. આપને એક વાત કહું ? પ્રભુ ઈસુના સમયમાં એક સુંદર યુવતી તે દેશમાં હતી. તેનું નામ પણ મરિયમ હતું એ હતભાગિની મરિયમનું આખું જીવન ઘોર પાપોમાં વીત્યું હતું. તે સમયમાં તે બહુ જ પ્રખ્યાત વેશ્યા હતી. ઉછાળા મારતા યૌવન અને જૂઠા સૌંદર્યના નશાએ તેને આંધળી બનાવી દીધી હતી. આશ્ચર્યકારક રીતે એક વાર એકાએક તેના પર પ્રભુ–કૃપા થઈ. પ્રભુને તે પહેલ વહેલી કયાં મળી અને કેવી રીતે મળી એ રહસ્ય તો આજ સુધી કોઈ જાણી નથી શકયા, પણ મને એટલી ખબર છે કે પ્રભુ–કૃપા થતાં જ મરિયમનું હૃદય શ્રદ્ધા અને ભકિતના ભાવથી ભરપૂર થઈ ગયું. પ્રભુનું દર્શન કરવા તે વ્યાકુળ થઈ ઊઠી. પણ તે કેવી રીતે મળી શકે ? કારણ કે તે તો નગરની પ્રસિદ્ધ વેશ્યા ગણાતી. પ્રભુ ઈસુની પાસે જવામાં તેને ભારે લાજ અને સંકોચનો અનુભવ થઈ રહ્યો હતો.

એક દિવસ ખ્યારા પ્રભુ એક અમીરને ઘેર પરોણા બનીને ગયા. એ વાતની મરિયમને ખબર પડી, અને બધી લાજ–શરમ મૂકીને દોડતી–દોડતી પેલા ધનવાનને ઘેર ગઈ. ઘણાં જ માણસો પ્રભુને ઘેરીને +ઊભાં હતાં. પ્રભુની સમીપ જતાં જ તે તેમના ચરણોમાં પડી ગઈ, અને પ્રભુના પગ પકડીને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. પોતાની અશ્રુધારામાં તેમના પવિત્ર ચરણો ધોઈને મરિયમે પોતાના સુવર્ણ–રંગી લાંબા–લાંબા

વાંકડિયા કુમાશદાર વાળોથી તે લૂછી નાખ્યા, અને સંગેમરમરની ડબ્બીમાંનું પરિમલ–ભરપૂર સર્વોત્તમ જટામાસીનું અત્તર ચોળવા લાગી, અને પછી ભક્તિભાવથી ભરેલી પોતાની આંખો ઊંચી કરીને પ્રભુનાં નેત્રોમાં તાકી રહી. તેની ઊંચી થયેલી આંખોએ જોયું તો આસપાસ ઊભેલા લોકો ક્રોધ અને તુચ્છકારથી તેના તરફ તાકી રહ્યા હતા. એ બધું જોવા છતાં મરિયમ ચૂપ રહી. પરંતુ સર્વજ્ઞ પ્રભુ જે બધું જાણતા હતા તેઓ ઘણા પ્રેમ સહિત બોલ્યા, ' ભાઈઓ ! તમે હવે આને ખરાબ ન સમજશો. હવે તે પાપિણી નથી રહી. પ્રેમ–પૂજારણ બની ગઈ છે. પશ્ચાતાપનાં આંસુઓમાં એનાં બધાં પાપ ધોવાઈ ગયાં છે. જોતા નથી, પોતાનાં આંસુઓથી તેણે મારા ચરણો કેવા પખાળી નાખ્યાં છે !

નિરાશાના ઘેરા અંધકારમાં આશાનાં કિરણોએ પ્રવેશ કર્યો અને પોતાની આંખો ઊંચી કરીને અત્યંત વ્યગ્રતા–ભરી અધીરતાથી ફબીઓલા બોલી, " પછી મરિયમનું શું થયું ?

વિશ્વાસથી પોતાના બંને હાથો જોડીને સીરાએ ઉત્તર દીધો, " પાપો અને દુઃખોની અંધારી ખીણમાં ખૂંચેલા હતૂભાગી માનવોને પોતાના દયાવાન હાથોનો ટેકો દઈને બહાર કાઢનારા અને ધર્મના પ્રકાશમાન ગિરિ–શિખર સુધી પહોંચાડનારા, દયાની પ્રતિમા–સમા પ્રભુ ઈસુની સંનિદ્ધિમાં કાલવરીના પ્રખ્યાત પહાડ પર માત્ર બે જ સ્ત્રીઓ હતી. તેમાં એક હતાં માતા મરિયમ, અને બીજી હતી પ્રભુને આશરે આવેલી એ પશ્ચાતાપી મરિયમ.

બીમારની થાકી ગયેલી આંખોમાં ભારે ઊંઘ ઊતરી આવી. સીરાનાં પોપચાં બિડાઈ ગયાં, પણ ફબીઓલા ? .....બાવરી કોણ જાણે કયાં સુધી બેસીને પાગલની માફક મોતીઓની માળા પરોવી–પરોવીને વિચારમાં ડૂબી ગઈ હતી.

રાત ઘણી જ પસાર થઈ ગઈ હતી. એકાએક જ સીરાની આંખો

ઊઘડી ત્યારે, તેણે જોયું, કે ફબીઓલા મીઠી નિદ્રામાં તેના પગોમાં લપેટાઈને પડી છે.

પ્રેમનો એક બીજો મહાન વિજય.

પ્રકરણ ૩૮મું

દાસીની માર્મિક જીવન–ગાથા સાંભળીને .....

આગલા જ દિવસથી ફબીઓલાનું મન પવિત્ર જળ–સંસ્કાર (બાપ્તિસ્મા) લેવાને માટે દિવસ–રાત કળવિકળ થવા લાગ્યું. તે વારંવાર સીરાને પૂછતી, "સીરા ! હવે વાર શા માટે ? જળ–સંસ્કાર ક્યારે થશે ?

ફબીઓલાની આતુરતા જોઈને ગરીબ દાસીના આનંદનું ઠેકાણું ન રહેતું. તે હસતાં–હસતાં કહી નાખતી, " હજુ ઘણા દિવસો બાકી છે. ત્યારે ફબીઓલા રિસાયા જેવી થઈને ચાલી જતી.

ઈસ્ટર (ઈસુનું મરણમાંથી સજીવન થવું તે)નો તહેવાર નિકટ આવી પહોંચ્યો હતો, તેથી સીરાએ વિચાર્યું કે તે જ દિવસે ફબીઓલાનો જળ–સંસ્કાર (બાપ્તિસ્મા) કરાવવામાં આવે. વૃદ્ધ આયા યૂફ્રોસીન અને ગ્રીક દાસીએ પણ ખ્રિસ્ત–ધર્મ સ્વીકારી લીધો હતો, તેથી તેમના જળ–સંસ્કાર (બાપ્તિસ્મા)ની ક્રિયા પણ ઈસ્ટરને દિવસે જ નકકી થઈ.

સીરાની હાલત દિવસે–દિવસે સારી થતી ગઈ. ઘા પણ ધીરે–ધીરે ભરાવા લાગ્યા. શરીરમાં કાંઈક શકિત આવી. તેવામાં એક દિવસ ફબીઓલા તેના જમણા હાથમાં પોતાની એક સુંદર વીંટી પહેરાવતાં બોલી, " સીરા ! હું કેટલાક દિવસોથી વિચાર્યા કરતી હતી, કે હું તને એક વાત કહું, પણ તારી દુર્બળતા જોઈને છાની રહી જતી.

હવે તો તું સાજી થઈ ગઈ છેને ?

"હા, સ્વામિની ! હવે તો હું સાજી થતી જાઉં છું. કહો, શું કહેવું છે ?

પણ સીરાનો એ ઉત્તર સાંભળીને ફબીઓલાને સારું લાગ્યું નહિ. પોતાની ઉદાસ આંખો સીરાની આંખો તરફ માંડીને તે દુઃખિત અવાજે બોલી, "જો, બહેન ! મને ઘણું દુઃખ થાય છે. તું હવે મને આવી રીતે સ્વામિની કહીને ન બોલાવ્યા કર. હવે તો હું પણ એ પરમ પિતાની પુત્રી છુ. એ રીતે જોતાં હું તારી બહેન થાઉં. બહેન, સીરા ! મને હવે તું તારા પોતાથી એટલી જુદી ન સમજ ...

" આ શું કહી રહ્યાં છો, બહેન ! હું તો શરૂઆતથી જ તમને મારું એક અંગ સમજતી રહી છું. પરાયાપણાની તો મેં કદી કલ્પના પણ નથી કરી. હવે ' સ્વામિની ' કહીને પોકારવાની વાત બાકી રહી તે વિષે કહું છું. તેમ બોલાવવાનું કારણ એ છે, કે હું આપની ધર્મ–બહેન હોવા છતાં આપની દાસી છું. મારે આપનું સન્માન કરવું જ જોઈએ. આપણા પ્રભુનો એવો આદેશ છે.

" તો તું માનશે નહિ ?

હસતાં–હસતાં સીરાએ લાડમાં શિર હલાવી દીધું, ત્યારે ફબીઓલાએ તેના ગાલ પર એક ધીમી ચમાટ અડકાડી હસી દીધું.

" હાં, તો આપ શું પૂછતાં હતાં, સ્વામિની ?

" જવાબ નહિ દઉં.

" કેમ ?

" પ્રથમ બોલાવતાં શીખ પછી જવાબ દઈશ. ' સ્વામિની, સ્વામિની નું રટન હવે મને સારું નથી લાગતું.

" હાં, તો આપ શું પૂછતાં હતાં, બહેન ! હસીને સીરાએ પોતાનો પ્રશ્ન બદલી નાખ્યો.

એક આનંદભર્યા હાસ્યથી ઓરડો ગૂંજી ઊઠયો. ફબીઓલા બોલી, " આજે મારો જીવ ચાહે છે કે હું તારે મોઢે તારી આત્મ-કથા સાંભળું. બહેન છોને ?

સીરા પોતાની વીતી ગયેલી જીવન-કથાનું રહસ્ય છૂપું રાખવા ઈચ્છતી હતી, પણ ફબીઓલાના પ્રેમ-પૂર્ણ આગ્રહ આગળ બિચારી ના પાડી શકી નહિ. ગંભીર મુખ ધારણ કરીને પોતાની જીવન-કથા સંભળાવવા લાગી : -

" બહેન, ફબીઓલા ! સીરિયા દેશમાં અંત્યોખ નામનું એક મહાન વૈભવશાળી શહેર છે. ત્યાં મારા પિતાજી રહેતા હતા. તેઓ ઘણા જ ધનવાન હતા. અમારું નિવાસ-સ્થાન ઘણું જ ભવ્ય અને સુંદર હતું. મારા પિતાજી સુખભોગની તૃષ્ણાવાળા હતા. તેઓ પ્રતિદિન પોતાના સંબંધીઓ અને અમીર બંધુઓને ભોજનમાં નોતરતા. એવી રીતે અમારા નિવાસ-સ્થાને ધામધૂમ લાગી રહેતી. પિતાજીને એમાં આનંદ આવતો હતો. પણ ..... પણ મારી પ્યારી મા ? કેટલી ભલી, કેટલી ઉદાર, કેટલી દયાળુ હતી ! પ્રભુની તેના પર કૃપા થઈ, અને તેના હૃદયમાં ખ્રિસ્ત-પ્રેમની જયોત પ્રગટી. પિતાજીને જણાવ્યા સિવાય તે છાનીમાની મંડળીમાં જવા લાગી. પણ એ વાત પિતાજીની આંખોથી ઘણા દિવસો સુધી છૂપી રહેવા ન પામી. માએ એક વાર તેમને સાફ-સાફ શબ્દોમાં જણાવી જ દીધું કે તે પ્રભુ ખ્રિસ્તની શિષ્યા બની છે અને મરતાં સુધી એમની જ સેવા-ભકિત કર્યા કરશે. એ વાત સાંભળીને પિતાજીને માઠું તો લાગ્યું, પણ કાંઈ બોલ્યા નહિ. કારણ કે તેઓ બિચારા આમ તો બહુ જ ભલા હતા. માનું ખ્રિસ્ત-ભકત થવું અને ખાસ કરીને સેવા ભકિતને માટે પ્રભુમંદિરમાં જવું એ એમને ગમતું નહિ ; તોપણ એમણે એ બાબતનો જીવતાં સુધી વિરોધ કર્યો નહિ.

" એ પ્રભુ-ભકત માતાને ઘેર હું જન્મી. માએ મારું નામ

મરિયમ રાખ્યું. મારાથી ત્રણ વર્ષ પહેલાં મારા એક માત્ર ભાઈ ઓરોનસિઉસનો જન્મ થયો હતો. અમારે ઘેર અમે કેવળ બે જ ભાઈ–બહેન હતાં. અમ બંનેને માએ ઘણાં લાડકોડથી પાળ્યાં, અને અમ બંનેને પ્રભુ–ખ્રિસ્તના ઉપદેશોનું શિક્ષણ આપ્યું. થોડા જ દિવસોમાં પ્રભુ ખ્રિસ્તનો પ્રેમ અને તેમના ઉપદેશો મારી નસેનસમાં સમાઈ ગયા. પણ હતૃભાગી ઓરોનસિઉસ ? માના તનતોડ પ્રયત્નો હોવા છતાં પણ તે મનસ્વી નવ–જુવાન જ નીકળ્યો. નાદાન બાલ્યકાળ હોવા છતાંયે સાંસારિક સુખ–સાહબી અને આનંદોપભોગનાં સ્વપ્નો જોવા લાગ્યો. પણ પ્રભુ–પ્રેમના એ કઠિન માર્ગ પર એવા આનંદ અને સુખોની એવી કાજળ–જાળ કયાંથી હોય ? એ તો કાંટાળો અને તલવારની ધાર પર ચાલવાનો પથ હતો. ઘણું કરીને એ જ કારણસર હતૃભાગી ઓરોનસિઉસે એ કલ્યાણકારી રાહનો ત્યાગ કરી દીધો અને સમ્રાટના ધર્મનો સ્વીકાર કરી લીધો. પણ હું તો મારી માની સાથે જ પ્રેમ–પંથને પગલે ચાલતી રહી. ખરેખર હું તો જીવન–ભર એ કલ્યાણિની માનો આભાર માનતી રહીશ. બહેન, ફબીઓલા ! આ તેના જ પ્રયત્નનું ફળ છે કે આજે મારા જીવનમાં એ મહાન આનંદ, એ પુનિત ઉલ્લાસ વરસી રહ્યા છે. મારી મા કેટલી ભલી હતી ! હું એના કેટકેટલાં વખાણ કરું ?

થોડી વાર અટકીને સીરા ફરીથી કહેવા લાગી, " પણ બિચારી, આશા–ઉમેદોની પહેલાં જ આ સંસારથી ચાલી નીકળી. જતી વખતે પોતાની બધી વ્યકિતગત સંપત્તિ મારા નામ પર લખી ગઈ.

" ફબીઓલા ! મારા પિતાજી ઘણા ખર્ચાળ ગૃહસ્થ હતા. પેદાશ કરતાં ઘણો જ અધિક તેમનો ખર્ચ હતો. ધીરે–ધીરે એમનું ધન ખૂટતું ગયું અને એમની જમીન–જાગીર વેચાતી ગઈ. થોડા જ દિવસોમાં તેઓ પૂરેપૂરા ભિખારી બની ગયા.

" એવા દિવસોમાં યૂરોતસ નામનો એક અજાણ્યો વૃદ્ધ અમારે

ઘેર આવ્યો. અમો બંનેમાંથી કોઈ પણ તેને ઓળખી ન શકયા. પણ મારા પિતાજી એમને જોઈને ગભરાઈ જ ગયા.

વૃદ્ધ યૂરોતસ પિતાજીના સગા ભાઈ હતા. અમારા કુટુંબ પરિવારના તેઓ જ પ્રથમ કરતા-કારવતા હતા. પોતાના જે ખાનદાન પરિવારને સુખ અને વૈભવના ઉચ્ચ શિખર પર છોડીને તેઓ પરદેશની સફરે ગયા હતા, તે જ ખાનદાનને પાછા આવ્યા પછી ગરીબાઈની અંધારી ગુફામાં પડીને રિબાઈ રહેલું જોયું. વળી તેમને એવું પણ માલૂમ પડયું કે અમારા પિતાજી શહેરના વ્યાજખાઉ શરાફો પાસેથી કાંઈક રકમ કરજે પણ લઈ ચૂકયા છે ત્યારે તો યૂરોતસને ઘણો જ ખેદ થયો. છતાં તેઓ પિતાજીને કેવળ આટલું જ બોલ્યા, ' ઘરની આ દશા જોઈને મને ઘણું દુઃખ થયું છે ; પણ જે થવાનું હતું તે થઈ ગયું. ભાઈ ! હવે તમે ઘરના કારભારથી છૂટા થઈ જાઓ. હવેથી હું જ કારોબાર સંભાળી લઈશ. અને મારાથી બનશે તેટલા પ્રયત્ને ઘરની હાલત સુધારવા પ્રયાસ કરીશ.

" તે જ દિવસથી પિતાજી ઘરના કામકાજથી અલગ થઈ ગયા અને કાકા યૂરોતસે ઘરનો તમામ ભાર સંભાળી લીધો. કેટલાંક વર્ષો પછી પિતાજીનો પણ સ્વર્ગવાસ થઈ ગયો. મૃત્યુ-શય્યા પર પડયા-પડયા ભાઈ ઓરોનસિઉસને કહી ગયા, ' બેટા ! હું જઈ રહ્યો છું, પણ ચિંતા ન કર ; જે કાકા યૂરોતસ તારી સાથે છે એમને જ આજથી તારા પિતા સમજજે. તેમની આજ્ઞાનુસાર જીવન વિતાવજે. એમ કહીને પિતાજીએ ભાઈ ઓરોનસિઉસનો હાથ કાકા યૂરોતસના હાથમાં મૂકયો.

" કાકા યૂરોતસ પણ કાંઈ ઓછા ઊતરે એવા નહોતા. પરદેશથી જે ધન કમાઈને લાવ્યા હતા તે થોડા જ દિવસમાં ખાઈ-પીને ઠેકાણે કરી દીધું, અને ધીરે-ધીરે ઘરની સ્થિતિ પહેલાંથી પણ ખરાબ થઈ ગઈ. ઉન્નતિને શિખરે પહોંચવાને બદલે અમારું કુટુંબ ગરીબાઈની અધિક ને અધિક ઊંડાઈમાં જઈ પડયું.

"શહેરના લેણદારોનું કરજ વધતું ગયું. થોડી ઘણી રહી ગયેલી જમીન–જાગીર વેચીને પણ ઋણથી મુકત થવાનું હતું. તે કારણથી ભાઈ ઓરોનસિઉસ અને કાકા યૂરોતસ બંને શહેર છોડી દઈને ભાગવાની તૈયારીઓ કરવા લાગ્યા. પરંતુ વિદેશ જવાને માટે પણ રૂપિયાની તો આવશ્યકતા તો હતી. જાય તો કેવી રીતે જાય ?

"માતાજીની અંતિમ ઈચ્છા હતી કે પિતાજીના મૃત્યુ પછી હું ભાઈ ઓરોનસિઉસથી જુદી રહું અને તેમની આપેલી પોતાની જ અંગત મિલકત કોઈને ન દઉં. તેમની એ ઈચ્છાનું પાલન કરતાં મેં પિતાજીના મૃત્યુ પછીથી જ ભાઈ ઓરોનસિઉસ અને કાકા યૂરોતસથી જુદા રહેવાનું શરૂ કરી દીધું હતું. મારી પાસે સારી જેવી પૂંજી હતી, તેથી મારું જીવન સંતોષ અને આનંદથી વીતી રહ્યું હતું.

"પણ ભાઈ ઓરોનસિઉસને એ વાત ખટકયા કરતી હતી. જેમ જેમ તેઓની ગરીબાઈ વધતી ગઈ, તેમ તેમ મારા ધન પર તેઓની દાનત બગડતી ગઈ. લાખો ઉપાય કરવા છતાં પણ તેઓ મને ભૂલી ન શકયા અને આખરે મને જાનથી મારી નાખવાનો નિશ્ચય કરી બેઠા. મારા ધનને પચાવી પાડવાનો આ સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. કદાપિ જો કાકા યૂરોતસે એને રોકી રાખ્યો ન હોત, તો ઓરોનસિઉસનો એ વિચાર કાર્યરૂપમાં આકાર પામી ગયો હોત. પૈસા ઘણી જ ખરાબ વસ્તુ છે, બહેન ! આંખોવાળાને આંધળા અને મનુષ્યને પશુ બનાવી દે છે. તેથી જ તો આપણા ખ્યારા પ્રભુએ કહ્યું છે, કે ઈશ્વરના રાજયમાં ધનવાનને પ્રવેશવા કરતાં ઊંટને સોયના નાકામાં થઈને નીકળી જવું ઘણું જ સહેલ છે.

ઉત્સુકતાથી ફબીઓલાએ પૂછયું, "પછી શું થયું ?

"કાકા યૂરોતસના સમજાવવાથી ઓરોનસિઉસે મારો જીવ તો ન લીધો, પણ તેની નજર મારા ધન પર એવી ને એવી જ ચોંટી રહી.

બહેન ફબીઓલા ! મંડળીમાંથી મને પરમ-પ્રસાદ મળ્યો હતો, તેને મેં એક પાતળા રૂમાલમાં બાંધીને પટારામાં રાખી મૂક્યો હતો. પટારાને તાળું વાસ્યું હતું. એક દિવસ હું બહાર ગઈ કે પાછળથી ઓરોનસિઉસે ઘર ઉઘાડીને મારા પટારાનું તાળું ખોલી નાખ્યું અને છાનામાના તે પરમ-પ્રસાદ જેના પર હું મારા જીવ કરતાં પણ અધિક પ્રેમ કરતી હતી તેને ચોરી લીધો. ઘેર પાછા આવીને જેવો મેં પટારો ખોલ્યો તેવો જ મારો જીવ બળીને ખાખ થઈ ગયો. મારા હૃદયને ભયંકર આઘાત લાગ્યો. મારા જીવનના એ અમૂલ્ય ,ભંડાર ખોઈને હું હૈયાફાટ રડવા લાગી. જયારે મારાં આંસુ થંભ્યાં ત્યારે મેં જોયું તો પટારાના એક ખૂણામાં નાનો સરખો એક પત્ર પડયો છે. પત્ર વાંચતાં જ મારા જીવમાં જીવ આવ્યો. પત્રમાં લખ્યું હતું – ' તમારી ચીજ તમારા ભાઈની પાસે સુરક્ષિત પડી છે. તમે ચાહો ત્યારે તેને પાછી લઈ જઈ શકો છો.

કંઈક ઘોર ઉત્સુકતાથી ફબીઓલાએ ફરીથી પૂછયું, " પછી શું થયું ?

" પત્ર વાંચતાં જ હું ઓરોનસિઉસના ઘરની બાજુએ દોડી અને તેના ચરણોમાં પડીને ધ્રુસેક ધ્રુસકે રડતી-રડતી કહેવા લાગી, ' ભાઈ! મારી હાલત પર દયા ખાઓ. મેં તમારું શું બગાડયું છે ? મારા જીવનનો તે અમૂલ્ય ઝરો ઝૂંટવી લઈને આખરે તમને શું મળવાનું છે ? હું તમારી નાની બહેન છું, પણ આજે તમારી પાસે એક ભિખારણ બનીને આવી છું. મારી ચીજ મને આપી દો. ભાઈ ! મારી હાલત પર દયા ખાઓ ..... મારી હાલત પર .....

" મારું હૈયાપૂર રુદન જોઈને ઓરોનસિઉસનું હૃદય પીગળી ગયું અને તેને ઈચ્છા થઈ કે તે મારો પરમ-પ્રસાદ પાછો દઈ દે. પણ જેવો બિચારો ઓરડીની તરફ ફર્યો કે કાકા યૂરોતસે આંખોના ઈશારાથી તેને અટકાવી દીધો, અને મારી પાસે આવીને એક લાંબો પત્ર મારા

હાથમાં મૂકી દઈને બોલ્યા, ' પુત્રી ! જો તું તારા પરમ–પ્રસાદ પર આટલો બધો પ્રેમ કરે છે, તો આ પત્ર પર તારી સહી કરી દે, તને તારી ચીજ મળી જશે.

" અને એ પત્રમાં શું લખ્યું હતું ? વધતી જતી ઉગ્ર વ્યાકુળતા સહિત ફબીઓલાએ પૂછયું.

" મારી સમસ્ત મિલકત અને છેવટમાં મારી પાસે રહી ગયેલા રૂપિયાની માંગણી તેમાં કરવામાં આવી હતી.

" પછી તેં શું કર્યું ?

" એ જ, જે મારે કરવું જોઈતું હતું તે.

આશ્ચર્ય પામતાં ફબીઓલાએ પૂછયું, " તો શું તેં તારી બધી મિલકત અને તારું બધું ધન લુંટાવી દીધું ?

સીરાએ હાસ્ય ઝરતા વદને જવાબ દીધો, " બહેન ! ભકતનું હૃદય આપ ધીરે–ધીરે સમજશો. પરમ–પ્રસાદ મને મારા જીવથી પણ અધિક વહાલો હતો. ભલા, એ થોડીક સંપત્તિને માટે હું એને તે કેમ કરીને લુંટાવા દઉં ?

એક ઠંડો નિસાસો નાખીને ફબીઓલા પાછળની બાજુએ હટી અને સીરાએ કહ્યું, " મેં પત્ર પર મારી સહી કરી દીધી અને મારો ખોવાઈ ગયેલો પરમ–પ્રસાદ પાછો લઈ લીધો. ધીરે–ધીરે મારી તમામ મિલકત કાકા યૂરોતસે લઈ લીધી. આ બનાવ બન્યા અગાઉ તેઓ મારા પર ઘણી જ ચાહના રાખતા હતા. પરંતુ ત્યાર પછી તેમની આંખો પણ બદલાઈ ગઈ. ભાઈ અને કાકા બંનેનો વ્યવહાર એવો તો બદલાયો, કે બહેન ! હું દિંગ થઈ ગઈ. હવે તેઓ પોતે પોતા પર મને એક ભાર જેવી સમજવા લાગ્યા હતા, અને ..... અને એક દિવસ મારી એ એક–માત્ર સંપત્તિ, મારા પરમ–પ્રસાદને છાતીએ લગાડીને મારા વડીલોનું ઘર મારે છોડી દેવું પડયું.

"અને તેં ત્યાંથી બીજું કાંઈ જ ન લીધું ? ઘણા ખેદ-મિશ્રિત આશ્ચર્યથી ફબીઓલાએ પૂછયું.

કેવળ યરૂશાલેમ સુધીનું ભાડું લઈ કાકા અને ઓરોનસિઉસથી વિદાય થઈને હું એક નાવમાં બેસી ગઈ. પણ, બહેન ! ધનહીન હોવા છતાંયે હું આનંદિત હતી. એવું કહીને સીરાએ એક શાંત શ્વાસ લીધો અને ભકત-દાસીએ આગળ ચલાવ્યું, " તે પુણ્યભૂમિ, કે જે ભૂમિના કણેકણ તે પરમ પુણ્યાત્માનાં રકત-બિંદુઓનો સ્પર્શ પામીને સદાને માટે પુનિત થઈ ગયાં હતાં, તે તરફ જવાને માટે કિનારાથી વહાણ છૂટયું.

" પણ સીરા ! તને એટલે બધે દૂર, યરૂશાલેમ જવાની વાત શા માટે સૂઝી ?

ભાવનાના અતિશય વેગથી સીરાની આંખો સજળ બની ગઈ હતી. તે આંસુ લૂછતાં લૂછતાં બોલી, " યરૂશાલેમ ? તે તો પરમપવિત્ર સ્થાન છે. પ્રભુ ખ્રિસ્તના અમૃત ઝરતા ચરણોનાં મધુર ચુંબનો ચૂમી-ચૂમીને તે સદાને માટે તીર્થ સ્થાન બની ચૂકયું છે. ફબીઓલા ! તેની એકેએક રજ અમને પોકારી-પોકારીને તે અમર પ્રેમ-ગાથાનાં ગીત ગાઈ સંભળાવે છે, કે જે ગીત આજથી આશરે ત્રણસો વર્ષ પહેલાં યરૂશાલેમ નગરીએ કાનોકાન સાંભળ્યાં હતાં. કાલવરી પર્વતની વાત, દેવબાલા ! આપ આટલાં જલદી ભૂલી ગયાં !

ફબીઓલાની પાંપણો ભરાઈ આવી. કરુણ સ્વરથી તે ફકત આટલું જ બોલી, " યરૂશાલેમ પહોંચ્યા પછી શું થયું ?

શીતળ નિઃશ્વાસ લેતાં-લેતાં સીરાએ આગળ શું બન્યું તે કહેવા માંડયું, " બહેન, ફબીઓલા ! સીરાના ભાગ્યમાં યરૂશાલેમની પુણ્યભૂમિ કયાંથી ? તે પવિત્ર નગરી, જે પોતાની મૂંગી વાણીમાં યાત્રીઓને દિવસ-રાત પોતાની તરફ બોલાવતી રહે છે, ત્યાં અમારું

વહાણ પહોંચી જ ન શકયું. રસ્તામાં જ તોફાનોએ અમને ઘેરી લીધાં. મહાન સાગર, ડામાડોળ થતી નાની નૈયા અને તેને ચલાવનારા પણ અયોગ્ય જ હતા. સાગરના એક કરાળ મોજાએ અમને એવા ફેંકયા કે નાવ સાયપ્રસને કિનારે જઈ અડયું. કેટલાક યાત્રાળુઓ તો કિનારા પર પહોંચ્યા પહેલાં જ અમર નિંદ્રામાં સૂઈ ગયા. પણ હું ? હું કોઈ પણ રીતે બચી જવા પામી. છતાં મારું નામ પણ બીજા કાળકરાળ–મુખમાં પહોંચી ગયેલા યાત્રીઓની સાથે જ સંભળાવી દેવામાં આવ્યું.

" નાવમાં બેશુદ્ધ પડેલી જોઈને કોઈક મને પોતાને ઘેર ઉપાડી ગયું. પણ મને તો એ વાતની ત્યારે જ ખબર પડી કે જયારે સીરાના નામથી હું એક ગુલામોના સોદાગરને ત્યાં વેચી દેવામાં આવેલી. કેટલાક દિવસો પછી તે ગુલામોના વેપારીએ મને આપના સ્વર્ગીય પિતાશ્રી ફબિઉસના હાથમાં વેચી દીધી. તેઓ મને રોમ લઈ આવ્યા. એવી રીતે આપ જેવાં દયાળુ સ્વામિનીનાં દર્શનનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું.

સીરાના છેલ્લા શબ્દો સાંભળીને ફબીઓલાને પેલા દિવસો યાદ આવ્યા, કે જે દિવસે તેણે નિર્દોષ સીરા પર પોતાની કાતિલ કટારી ફેંકી હતી. તે દિવસની યાદ આવતાં જ ભકત–દાસીની પાસે રોમન તરુણીનું મસ્તક નમી પડયું.

પોતાના પ્રભુની પાસે તે મનોમન બોલી, " કૃપાળુ પ્રભુ ! પાપિણી ફબીઓલાને ક્ષમા કરો.

પ્રકરણ ૩૯મું

વિદાયનો સંદેશ દઈને .....

બાવરા વસંતના પગોનો મીઠો–મીઠો ઝમકાર ફબીઓલાના

કાનોમાં પડવા લાગ્યો હતો. હવાની લહરીઓ રૂમઝૂમ કરતી ચાલી આવતી અને વિયોગિનીના પ્યાર–ભર્યા અંતરનો સ્પર્શ કરીને ચાલી જતી. અંતરિયાળ છોડી ગયેલાં સ્વામિની પાવન સ્મૃતિમાં રોમન તરુણીની પાંપણો ભિંજાઈ જતી. તેની દુનિયા જ બદલાઈ ગઈ હતી.

આનંદના આવેગમાં પગલાં ભરતાં–ભરતાં પ્રફુલ્લિત હૃદયે ફબીઓલાએ દીવાનખાનામાં પ્રવેશ કર્યો અને સીરાની પાસે જઈને કહેવા લાગી, " બહેન, મરિયમ ! વસંત આવી પહોંચી. કમ્પાનિયાનો નિવાસ–નિકેતન બિચારો આપણ બંનેની રાહ જોઈ રહ્યો હશે, અને પેલો સરોવરનો કિનારો આપણને ઝંખતો હશે. સીરા ! તેના પર બેસીને તું મને પ્રભુ–પ્રેમની વાતો સંભળાવતી હતી, તે મને બહુ જ યાદ આવે છે ; અને મારી ઈચ્છા થાય છે કે આપણ બંને ફરીથી ત્યાં જઈએ. લીલીછમ ગિરિમાળાથી ઘેરાયેલા એ નાના સરખા ગામડામાં બહુ જ આનંદ આવશે. અને હવે તો મારી દુનિયા પણ બદલાઈ ગઈ છે. સીરા! મારાં સ્વપ્નો હવે સહારો ચાહે છે. ચાલો, ચાલો, કાંઈક દિવસોને માટે ગામડે જઈએ. ત્યાં ગયા પછી તારી તંદરસ્તી પણ સુધરી જશે.

ફબીઓલાના છેલ્લા શબ્દો સાંભળીને મરિયમ આસ્તેથી હસી પડી. ફબીઓલાને એવું લાગ્યું કે સીરાના હાસ્યમાં જાણે કોઈ રહસ્ય છુપાયેલું હોય ! પણ તેણે તેના પર વિશેષ ધ્યાન દીધું નહિ. એક જ દિવસમાં બધી તૈયારી કરી લેવામાં આવી. વૃદ્ધ વૈદ્ય દાઉનીસિઉસ અને દાસીઓને સાથે લઈને ફબીઓલા બીજે જ દિવસે કમ્પાનિયા જવાને માટે ચાલી નીકળી. સૂર્યાસ્તની પહેલાં જ ભકત–મંડળી ફબિઉસ–નિકેતન પર આવી પહોંચી.

ગામડાનું જીવન ફબીઓલાને આ વખતે બહુ જ પ્રિય લાગ્યું. દિવસનો અર્ધો સમય તો વાચન–મનન અને પ્રભુના નામનાં મધુર સંકીર્તનોમાં વીતી જતો. કોઈક વાર તો ખ્રિસ્ત–ધર્મના સિદ્ધાંતો પર

વાતો નીકળી પડતી અને બાબા દીઉનિસિઉસ ઘણા ભક્તિ–ભાવથી પ્રભુ ઈસુના ઉપદેશો સમજાવતા. ફબીઓલા પ્રેમ–ભીના હૃદયે તે સાંભળ્યા કરતી. પ્રભુના નામના અમૃત–રસમાં નિકેતનના કણેકણ તરબોળ થઈ ગયા હતા. ઉપવનમાં કિલ્લોલતાં પક્ષીઓ પણ પ્રભુ ઈસુનાં જય–ગાન ગાવા લાગ્યાં હતાં, અને સરોવરની પેલી તરંગાવલિઓ ? તેમની ઉલ્લાસ ભરી પ્રફુલ્લિતતાનું તો કોઈ ઠેકાણું નહોતું.

ઈસ્ટરનો શુભ દિન નિકટ આવી પહોંચ્યો હતો. જળસંસ્કાર (બાપ્તિસ્મા)ની તૈયારી પણ કરવાની હતી, તેથી ભક્તોની મંડળી પાછી રોમ પહોંચી ગઈ. રોમનાં એકેએક પ્રભુ–મંદિર સમ્રાટની ખૂની આંખોનાં નિશાન બની ચૂકયાં હતાં. શહેરની બહાર ઘણે જ દૂર માત્ર એક નાની સરખી ગુફા બચી ગઈ હતી. તેથી ફબીઓલા અને એની દાસીઓના જળ–સંસ્કાર (બાપ્તિસ્મા)નો પ્રબંધ ત્યાં જ કરવામાં આવ્યો.

બીજે જ દિવસે ઈસ્ટરનું પર્વ હતું. ફબીઓલા આખી રાત આનંદ–મગ્ન થઈને જાગતી રહી. સીરા પણ સૂઈ ન શકી. પ્રભુ–પ્રેમથી ભરેલાં ગીતોનું ગૂંજન આખી રાત તેના કાનમાં ગૂંજતું રહ્યું. બહુ જ દૂર જવાનું હતું, તેથી મળસકાથી આગળ જ બાબા દીઉનીસિઉસે ફબીઓલા અને તેની પ્રભુ–ભકત દાસીઓને સાથે લીધી અને રોમ નગરીને સૂતી મૂકીને આગળ વધ્યાં.

રસ્તો લાંબો હતો. ભકત–મંડળી હસતી–રમતી ચાલી જતી હતી. પ્રેમ–ભીની બાવરી સખી–મંડળીનું સ્વાગત કરવા દયાવાન દિનકર પણ આવી પહોંચ્યા હતા. એકાએક બાબાએ બધાંને ચાલતાં અટકાવી દઈને કહ્યું, " બસ, અહીં જ આપણી ગુફા છે.

અહીં જ સપાટ ભૂમિની નીચે એક નાનો સરખો સુંદર સંસાર વસ્યો હશે. ફબીઓલા એવી કલ્પના પણ ન કરી શકી. માર્ગેથી થોડે આઘે

જઈને બાબાએ ધીરેથી એક પથ્થર ઉપાડયો અને નીચેની બાજુએ જતી પગથિયો પર પગ મૂકયો. ફબીઓલા અને એની દાસીઓ પણ તેમની પાછળ ચાલી નીકળી.

પગથિયાની નીચે એક નાની સરખી દુનિયા વસેલી હતી. સાંકડી ગલીઓને પાર કરીને ભકત–મંડળી પ્રભુ–મંદિરમાં આવી પહોંચી. પ્રભુ–ખ્રિસ્ત, માતા મરિયમ અને બીજા ધર્માત્માઓનાં ચિત્રોથી મંદિરને શણગારવામાં આવ્યું હતું. ત્યાં પ્રભુ–ખ્રિસ્તના મહા–ધર્માધ્યક્ષ ભકિતમાં લીન હતાં. ફબીઓલા, યૂફોસીન અને ગ્રીક દાસીનો ત્યાં જ જળ–સંસ્કાર (બાપ્તિસ્મા) કરવામાં આવ્યો. જળ–સંસ્કાર (બાપ્તિસ્મા) પછી તે બધાંને ધોયેલાં ઉજળાં વસ્ત્ર દેવામાં આવ્યાં. તે ઉજળાં વસ્ત્ર લઈને રોમન તરુણી ગદગદિત થઈ ઊઠી. જાણે કે એને ધર્મ અને દુનિયા બંનેની દોલત મળી ગઈ હોય ! ભકત–મંડળી આખો દિવસ ગુફામાં જ રહી. પણ વખતને જતાં વાર કયાં લાગે છે ? વાત–વાતમાં જ સાંજ થઈ ગઈ અને થોડી વારમાં જ નિશા–રાણીના પગનાં નૂપુર સંભળાવા લાગ્યાં. જયારે ઘેરું અંધારું થઈ ગયુ, ત્યારે ભકત–મંડળી ગુફામાંથી નીકળી અને ફબિઉસ–નિકેતનની બાજુએ ચાલી નીકળી.

કાળું–ઘોર અંધારું ચારે બાજુએ વ્યાપી ગયું હતું. આનંદમાં રૂમઝૂમ રૂમઝૂમ કરતી ચાલી જતી એ પ્રેમ–પૂજારિણીઓનાં બરફ સમાન શ્વેત વસ્ત્રો હવામાં ઊડી રહ્યાં હતાં. ઘેર પહોંચતાં ઘણી વાર થઈ ગઈ હતી. ફબીઓલાએ પોતાની યૌવન–સુલભ ચપળતાથી દરવાજો ખોલ્યો ત્યારે દીપક મૂંગો મૂંગો બળી રહ્યો હતો, અને મરિયમ હસી રહી હતી. આનંદમાં ભરપૂર બનેલી ફબીઓલા દોડીને આગળ ગઈ અને સીરાને ગળે વીંટળાઈ વળી.

સીરાના ગળાની સાથે લપેટાતાં જ ફબીઓલા ચિંતાતુર બની

ગઈ. સીરાનો શ્વાસ ઘણી ઝડપથી ચાલી રહ્યો હતો. ફબીઓલા તરત બહાર નીકળી અને ગ્રીક બહેનને બોલાવીને કહેવા લાગી, "સવાર થતાં જ આગ્નેસને ઘેર જજે અને બાબા દીઉનીસિઉસને તારી સાથે લઈ આવજે. કહેજે કે મરિયમની સ્થિતિ સારી નથી.

* * * * * * *

સવાર થતાં જ મરિયમે ફબીઓલાને પોતાની પાસે બોલાવી, અને બાળકની માફક હસતાં–હસતાં બોલી, "બહેન ! એક વાત પૂછું ?

સીરા તરફ ધ્યાનથી જોતાં ફબીઓલા ગભરાઈ ગઈ. એક રાતમાં જ મરિયમની હાલત ખરાબ થઈ ગઈ હતી. કંઈક ભાવિના અનિષ્ટની આશંકાથી તેનું હૃદય ધડકવા લાગ્યું. છતાં પોતાની સ્થિતિને છુપાવતાં તે બોલી, " કહો, બહેન ! શી વાત છે ?

ફબીઓલાના વિખરાયેલા વાળો પર હાથ ફેરવતી–ફેરવતી સીરા બોલી, " હેં, ફબીઓલા ! તમને છોડીને જો હું ક્યાંય જવા ચાહું તો તમે મને જવા દેશોને ?

'છોડીને જવા ચાહું' એ ત્રણ શબ્દો રોમન તરુણીના હૃદયમાં તીરની પેઠે લાગી ગયા. તોપણ અજાણ જેવી બનીને બોલી, "મરિયમ! તારી આ મશ્કરી મને નથી ગમતી.

ગંભીર થઈને મરિયમે ઉત્તર દીધો, " નહિ બહેન ! એ મશ્કરીની વાત નથી. હવે હું ખરેખર તમારાથી વિદાય લેવાની છું. ઈશ્વરે મને જે પુનિત કાર્યને માટે મોકલી હતી તે હવે પૂરું થઈ ગયું છે. તમારા શરીર પર આ સુંદર શ્વેત વસ્ત્ર જોવા ચાહતી હતી. દયાવાન પ્રભુએ ગરીબ દાસીની એ અંતિમ અભિલાષા પણ પૂરી કરી દીધી. ફબીઓલા ! મારું હૃદય આજ આનંદના ઝુલામાં ઝૂલી રહ્યું છે. હવે તો

બસ વિદાય દો.

ફબીઓલા પર જાણે વીજળી પડી હોય તેમ તેની જીભ જડાઈ ગઈ. પણ પછી ધીરે રહીને હળવેથી બોલી, " નહિ, નહિ ; એવી અશુભ વાત ન બોલ, સીરા !

" બાવરી ! તું એને અશુભ કહે છે ? મારા જીવનની તો આ શુભ ઘડીઓ છે. ફબીઓલા ! પ્રભુ–ભકત થઈને તમે પણ મૃત્યુથી આટલાં બધાં બીઓ છો ? તમને સમજાવ્યું હતું ને !– ' મૃત્યુ એ ભયની વસ્તુ નથી, આદર અને માનની વસ્તુ છે. બાવરી ભકતા ! જીવનનું બંધન તો કેવળ ભમાવતું જ રહે છે. સદાના પવિત્ર ચરણો સુધી પહોંચવાને માટે મૃત્યુ જ જીવન–યાત્રીનો એક–માત્ર આશરો છે. મૃત્યુ, જીવનનાં તમામ બંધનોને તોડીને ભકતને એ ચરણો સુધી પહોંચાડી દે છે, જેનો દુ:ખમય વિજોગ પ્રેમીઓને જીવન–ભર રડાવ્યા કરે છે. પણ મૃત્યુ–જેતા ? આનંદના રસ–સરોવરે સદાકાળ ઝૂલ્યા કરે છે. મૃત્યુ પછી સર્વનું એ જ મંજુલ ક્રીડા–સ્થાન બની રહે છે. પ્રભુના આહ્લાદક સહવાસનું અંતિમ સ્થાન બની રહે છે.

" પણ, એટલી જલદી ?

" નહિ, ફબીઓલા ! એટલી જલદી નથી. જયાં સુધી તમારા તન પર આ હિમ–શ્વેત વસ્ત્ર રહેશે ત્યાં સુધી નહિ.

દરવાજો ખુલ્યો અને બાબા દીઉનીસિઉસ અંદર દાખલ થયા. બીમારની દશા ખરેખર ખરાબ થઈ ગઈ હતી. સીરાને જોતાં જ બાબાનું હૃદય ધડકી ગયું. જે વાતથી તેઓ ડરતા હતા, આખરે તે જ વાત બની ગઈ. ફુલભીઉસનું ચપ્પુ હાડકામાં જઈને વાગ્યું હતું અને ત્યાં ઘાવ પડી ગયો હતો. દવા દઈને બાબા દીઉનીસિઉસ ચાલ્યા ગયા, એથી ફબીઓલાનો ભય અતિશય વધી ગયો.

ફબીઓલા મરિયમની શય્યા પાસે આખો દિવસ સૂમસામ

બેસી રહી. ઘણા પ્યાર સહિત ફબીઓલાના હાથ ચૂમીને સીરા બોલી, " મારી બહેન ! ચિંતા ન કરો. આપણે ફરીથી મળીશું. મારા ચાલી ગયા પછી મારું આ શરીર ખ્રિસ્ત–ધર્મના નિયમ અનુસાર કબરમાં સુવાડી દેજો.

ઘણો પ્રયત્ન કરવા છતાં પણ ફબીઓલા પોતે પોતાને સંભાળી ન શકી. તેની આંખોમાંથી ધીમી અશ્રુધારા ડળક–ડળક વહેવા લાગી. જીવન–પથના એ સાથી જેઓને બિચારીએ અંતરતમ ભાવથી ચાહ્યાં હતાં, તેઓ એક પછી એક વિદાય થઈ ગયાં. પિતા ફબિઉસ, પ્યારા સેબસ્તિયન, મનહર આગ્નેસ ... અને હવે સીરા–હોઠો પર પ્રભુ–પ્રેમનો પ્યાલો ધરવાવાળી એ સ્નેહમયી સીરા પણ ત્યાગ કરીને જઈ રહી હતી. રહી–રહીને તેની છાતીમાં ઠોકર લાગતી, પણ ફરિયાદ સંભળાવે તે કોને ? સાંભળનારી તો રિસાઈને જતી રહી હતી.

ફબીઓલાના ખભા પર હાથ રાખીને મરિયમ પ્રેમના ભરપૂર ઉમળકાથી બોલી. " બહેન ! તમે ચિંતા ન કરો. પૂર્વ તરફથી નજીકના સમયમાં જે એક યાત્રી આવશે અને તમારે માટે શુભ સમાચાર લાવશે.

એ સાત દિવસ અને સાત રાતો ફબીઓલાની આંખામાંથી કેવી રીતે પસાર થઈ, તે તો નીલ–ગગન સિવાય બીજું કોઈ નહિ બતાવી શકે. મરિયમની હાલત દિવસે–દિવસે બગડતી ગઈ, અને ..... અને આગળ ના રવિવારને દિવસે જયારે સવાર થતાં જ બાબા દીઉનીસિઉસે તેના શયન–ખંડનો દરવાજો ખોલ્યો ત્યારે ગ્રીક તરુણી રાહ જોતી–જોતી બહાર ઊભી હતી. એ ગ્રીક દાસીની અશ્રુ–ભીની આંખો જોઈને બાબાને પૂછવાની આવશ્યકતા પણ ન લાગી. પ્રાર્થના–સામગ્રીનો ઝોળો ઉપાડીને બિચારા ચૂપચાપ અંદર ચાલ્યા ગયા.

પ્રભુ–પ્રાર્થના પછી વૃદ્ધ દીઉનીસિઉસ જયારે સીરાના શરીર

પર પવિત્ર તેલથી વધસ્તંભનું ચિહ્ન બનાવવા લાગ્યા, ત્યારે દિવ્ય–વાણી સંભળાઈ. અને પ્રભુની તરફ આકાશમાં તાકી રહેલી ,ફબીઓલાની શાંત પાંપણોને માર્ગે અશ્રુ–બિંદુ ઢળી આવ્યાં.

જીવનના અંતિમ સમયે પોતાની પ્યારી સ્વામિનીના સુંદર સુકુમાર હાથ ચૂમતી–ચૂમતી મરિયમ બોલી, " પ્રિય સ્વામિની ! હું હવે મારા સ્વામીને ઘેર જઈ રહી છું. અને જુઓ ! પોતાના બંને હાથ જોડીને ઘણા જ મંદ સ્વરથી વિનય–પૂર્વક બોલી, " અગર જો સેવા–કાર્યમાં આ ગરીબ દાસીથી કદી કાંઈક ભૂલ થઈ ગઈ હોય તો ક્ષમા કરજો.

પ્રકરણ ૪૦મું

સંન્યાસીના વેશમાં .....

પણ સમય તો સદા બદલાતો રહે છે.

દસ વર્ષ પછી રોમના ભાગ્યે પણ પલટો ખાધો. ઈ.સ. ૩૧૨માં રોમના સેનાપતિ મકસેનસિઉસે સમ્રાટ કોન્સ્ટાન્ટીનની વિરુદ્ધ બળવાની ઘોષણા કરી દીધી, અને તેના પર અત્યાચારી હોવાનો આરોપ મૂકીને રોમના સિંહાસને બેસી ગયો. વળતો હુમલો કરવા સમ્રાટ કોન્સ્ટાન્ટીન ચાળીસ–પચાસ હજાર સૈનિકોને સાથે લઈને રોમ ઉપર ચડી આવ્યો. પણ રસ્તામાં જયારે તેને ખબર મળી, કે બળવાખોર મકસેનસિઉસની સેના બે લાખથી પણ વધારે છે, ત્યારે તેનું હૃદય કાંપવા લાગ્યું. ઉત્સાહમાં ફરફરતા ધ્વજો ધીરે–ધીરે નીચે નમવા લાગ્યા. વિજયની તમામ આશાઓ એક પછી એક નાશ પામવા લાગી. આવડા મોટા સામ્રાજયનો પ્રશ્ન હતો. કોન્સ્ટાન્ટીનની આંખો અચાનક આકાશની

તરફ ઊંચી થઈ અને ..... અને એક અતિ સુંદર વધસ્તંભ આકાશમાં ચમકી રહેલો જાણે કે તેના જોવામાં આવ્યો. વધસ્તંભની નીચે સોનેરી અક્ષરોમાં જાણે કે લખેલું હતું, " પ્રભુ ખ્રિસ્તના વધસ્તંભનું ચિહ્ન ધ્વજો પર રાખીને યુદ્ધ કર. વિજય પ્રાપ્ત થશે.

" ખ્રિસ્તનો વધસ્તંભ–ચિહ્ન ? પણ મારા પૂર્વજો તો સદા એનો વિરોધ કરતા આવેલા છે, એનો નાશ કરી નાખવાનો પ્રયત્ન કરતા આવેલા છે, તો પછી હું એને કેમ ધારણ કરું ? મારા ધ્વજોમાં એ વધસ્તંભ–ચિહ્નને શા માટે લગાવી દઉં ? પણ બીજો ઉપાય પણ શો છે ? મકસેનસિઉસની બે લાખ સેનાના મુકાબલામાં મારી સેના હારી જશે. રોમ હંમેશને માટે હાથમાંથી ચાલ્યું જશે. મારા પછીના મારા વંશજો મને કાયર કહીને પોકારશે ..... કાયર કહીને પોકારશે ..... કાયર ..... કાયર ..... એવું વિચારીને એક રુદનપૂર્ણ હૃદય–ભેદી આર્ત–નાદની સાથે તેણે પોતાની આંખો પોતાના ઝભ્ભામાં ઢાંકી દીધી. ઘણી વાર સુધી એ બિચારો એવા ધર્મ–સંકટમાં પડીને દ્રવતો રહ્યો. પણ જયારે તેની આંખો પાછી આકાશ તરફ મંડાઈ, ત્યારે તેનામાં આશાની એક સોનેરી કિરણાવલી ચમકી રહી. કોન્સ્ટાન્ટીને તરત આજ્ઞા દીધી, કે ' સેનાના સમસ્ત ધ્વજો પર વધસ્તંભ–ચિહ્ન બનાવી દેવામાં આવે.

જોતજોતામાં એકેએક ધ્વજ પર વધસ્તંભનું નિશાન બનાવી દેવામાં આવ્યું અને વિજયની આશા બાંધીને કોન્સ્ટાન્ટીન આગળ વધ્યો. શત્રુ સેનાને મુકાબલે એનું સૈન્ય ઘણું જ થોડું હતું, પણ એના ઉત્સાહનો અત્યારે સાગર ઊછળી રહ્યો હતો.

એ જ ટાઈબર નદી કે જેમાં સમ્રાટ મકસીમિયન પ્રભુ–ભકતોનાં શબ ફેંકાવી દેતો હતો, તેને કિનારે કોન્સ્ટાન્ટીન અને મકસેનસિઉસની ફોજો ભેટી. બંને બાજુએ રણશિંગાં ફુંકાવા લાગ્યાં, અને ચમકારા કરતી સમશેરો મ્યાનમાંથી નીકળી પડી. બહુ જ ભારે યુદ્ધ થયું. મકસેનસિઉસ

લડતો–લડતો ટાઈબર નદીમાં જઈ પડયો, અને તેના તોફાની જીવનનો એવી રીતે ત્યાં જ કરુણ અંત આવી ગયો.

જાણે કે આકાશવાણી ખરી પડી. સમ્રાટ કોન્સ્ટાન્ટીન વધસ્તંભના અપાર મહિમાથી આકર્ષાયા વિના ન રહી શકયો રોમમાં વિજય પ્રવેશ કરતાં જ તેણે ખ્રિસ્ત–ભકતો પર વર્ષો થયાં લાદવામાં આવેલાં તમામ બંધનો કાઢી નાખ્યાં. તેઓને ધર્મ–પાલનમાં બધી જાતની સગવડતા કરી દેવામાં આવી. તેમની જપ્ત કરાયેલી મિલકતો પણ પાછી અપાવી દેવામાં આવી. આવી રીતે પૂરે પૂરાં દસ વર્ષોના ઘોર અત્યાચારો પછી રોમમાં સુખ અને શાંતિના દિવસો પાછા શરૂ થયા.

પ્રતિબંધ ઊઠતાં જ પ્રભુ–મંદિરોનાં દ્વારો ઊઘડી ગયાં અને વર્ષો પછી રોમમાં પ્રભુ–પ્રેમનાં મધુર ગીતો ફરીથી સંભળાવા લાગ્યાં. શહીદોની કબરો પર પહેલી જ વાર પુષ્પાંજલિઓ દેખાવા લાગી.

* * * * * * *

રોમમાં ધર્મ–પાલનની સંપૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં, ફબીઓલા વીતી ગયેલા ચિરસ્મરણીય દિવસોની યાદમાં ફૂલો ચડાવવા વારંવાર કમ્પાન્નિયા જતી. ગુલામ દાસીનું સ્નેહભર્યું સાહચર્ય, જેણે કમ્પાનિયાના જીવનને એટલું મધુર બનાવી દીધું હતું, કે તેને તે જીવન–ભર ભૂલી ન શકી. જયારે–જયારે વસંતઋતુ આવતી અને કમ્પાનિયાની હરિયાળી પર્વત–માળા પ્રભુ–ભકત ફબીઓલાને પોતાની મૌન ભાષામાં બોલાવવા લાગતી, ત્યારે તે પોતાની ખ્રિસ્ત–ભકત બહેનોને લઈને ત્યાં ચાલી નીકળતી.

કાંઈક વર્ષો પછી ઈ.સ. ૩૨૦માં –

વસંતનું આગમન થવાનું જ હતું, તે વખતે ફબીઓલા કમ્પાનિયા તરફ જવાની તૈયારીમાં ગુંથાઈ ગઈ હતી. સાંજનો સમય

હતો, ત્યારે કબરસ્તાનનો રખેવાળ દોડતો–દોડતો આવ્યો અને ફબીઓલાને " જય–ખ્રિસ્ત કહેતાં જ બોલ્યો, " બહેન, ફબીઓલા ! આપ વર્ષોથી જે યાત્રાળુની રાહ જોઈ રહ્યાં હતાં તે ઘણું કરીને રોમમાં આવી ગયાં છે.

મરિયમનો પેલો અંતિમ સંદેશ, ' પૂર્વમાંથી એક યાત્રાળુ આવશે અને તે તારે માટે શુભ સમાચાર લાવશે ની વાત ફબીઓલાના હૃદયમાં અત્યાર સુધી સજાગ હતી. તેથી તે ઉત્સાહથી બોલી, " તે કયાં છે ?

" હમણાં તો તે કયાંક ફરવા ગયા છે.

કબરસ્તાનના રખેવાળનો ઉત્તર સાંભળીને ફબીઓલાને બહુ જ દુઃખ થયું. તે રિસામણું મુખ કરીને બોલી, " પણ ભાઈ ! તેઓ કયાં ચાલ્યા ગયા ? તમે તેમને જવા કેમ દીધા ? બરાબર તેઓ જ હતા ને ?

" હું સમજું છું ત્યાં સુધી તો તેઓ જ હતા. સવારે મેં તેમને સાધુઓનાં જેવાં કપડાં પહેરીને કચેરીની પાસે ફરતા જોયા હતા. લગભગ પચાસ જેટલી ઉંમર હશે. વધી ગયેલા (ભૂરા) સફેદ વાળ અને ચહેરા પર દુઃખની ઊઠી આવેલી રેખાઓ સ્પષ્ટ જણાતી હતી. તેઓ બિચારા કાંઈક પૂછતા–પૂછતા ફરતા હતા. તેમની પાસે જઈને મેં પૂછયું ત્યારે તે બોલ્યા, " હું દેવબાલા આગ્નેસની કબરે જવા ચાહું છું. એ વાત સાંભળીને હું તેમને આગ્નેસની કબર પર લઈ ગયો. શહીદ આગ્નેસની કબર પર માથું ટેકવીને બિચારા યાત્રી હૈયાફાટ રડવા લાગ્યા. બહેન ! સંગેમરમરનો પથ્થર તેમનાં આંસુઓથી ભિંજાઈ ગયો. ઘણી વાર પછી બિચારાનાં ડૂસકાં બંધ થયાં. છેવટે આંખો લૂછતાં–લૂછતાં ઊઠયા અને પોતાની આંગળીમાંથી હીરાની એક અતિ સુંદર વીંટી કાઢીને સદ્‌ગત દેવબાલા આગ્નેસની કબર પર મૂકી દીધી.

" અને ત્યાર પછી ? અસીમ ઉત્સુકતા સહિત ફબીઓલાએ

પૂછ્યું.

" અને ત્યાર પછી તેઓ ઘણું જ લક્ષ દઈને મારા તરફ જોવા લાગ્યા જાણે કે મને ઓળખવાની મથામણ કરતા હોય નહિ ? ફબીઓલા ! યાત્રાળુ તો મને પણ પરિચિત જેવા લાગ્યા.

" અને બીજું કાંઈ જ બોલ્યા નહિ ?

" બસ, આટલું જ બોલ્યા–ભાઈ ! સિરિયા દેશની ગુલામ દાસી મરિયમની કબર ક્યાં છે, તે તમે જાણો છો ?

" અને ત્યાર પછી ?

" સીરાના બલિદાનની બધી કથા સંભળાવીને જયારે મેં સાધ્વી મરિયમની કબર તરફ આંગળી ચીંધી ત્યારે તે આધેડ સંન્યાસી ઊઠયા અને મરિયમની કબર પર પડીને ફરીથી એવી જ રીતે રુદન કરવા લાગ્યા. તેમનું દર્દ–ભીનું રુદન જોઈને, ફબીઓલા ! મારું હૃદય પણ વીંધાઈ ગયું.

" અને ત્યાર પછી ?

" કલાકો સુધી બિચારા રડતા બેસી રહ્યા. પછી જયારે સાંજ પડી, ત્યારે પવિત્ર સાધ્વી મરિયમની કબરને ચૂમીને આંખોમાં આંસુ સાથે કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા.

ફબીઓલાના મુખ પર ઉદાસીનતા છવાઈ ગઈ. ઘણા દુ:ખ–ભર્યા સ્વરમાં તે બોલી, " ભાઈ, તોરકવાતુસ ! એ તો એ જ હતા – પૂર્વના એ જ યાત્રી. પણ, તમે તેમને જવા કેમ દીધા ? હવે કહો, હું પાગલ થઈને તેમને ક્યાં ક્યાં ઢૂંઢું ?

"ગભરાઓ નહિ, બહેન ! જરૂર પાછા ફરશે. બિચારા બહુ જ દુ:ખી હતા.

પ્રકરણ ૪૧મું

પોતાનાં જ પાપોની આગમાં .....

બીજે જ દિવસે –

સવારનો સમય હતો. સંન્યાસીના વેશમાં એક યાત્રાળુ રોમની ગલીઓમાં ભ્રમણ કરતા–કરતા ફરી રહ્યા હતા. સડકની પાળે એક જગાએ તેમને લોકોનું એક નાનું સરખું ટોળું જોવામાં આવ્યું. ભીડની પાસે જઈને સંન્યાસીએ જોયું તો આધેડ સરખી અવસ્થાના એક આદમીને ઘણા જુવાન છોકરાઓ ઘેરીને ઊભા હતા, અને તે બિચારાને જાત–જાતની કડવી વાતો સંભળાવી રહ્યા હતા.

એકે કહ્યું, " હવે ખબર પડશે, કોરભીનુસ ! બધી કપ્તાની સોંસરી નીકળી જશે.

બીજો બોલ્યો, " ખ્રિસ્તીઓ પણ વર્ષોથી તારા પર તાકીને બેઠા છે. હવે જોજે, તારું હાડકે–હાડકું ભાંગી નાખે છે કે નહિ !

ત્રીજાએ આગળ આવીને કોરભીનુસના કાળા કોટની કિનારી ફાડી નાખી અને તેનું ટીખળ કરતાં કહેવા લાગ્યો, " અરે, તેઓ તો કપ્તાન છે હો! આપણા પર નજર લગાવીને બેઠા છે. ચાવી જશે, ચાવી ! સાંભળ્યું છે, કે કોરડાઓ મારવામાં એ ભાઈસાહેબને ઘણો આનંદ થતો હતો. પણ હવે તેને જ કોરડા ખાવાનો વખત આવ્યો છે. અરે, અરે ! હું વિચાર કરું છું તો મારી આંખોમાંથી આંસુઓનો ઢગલો થઈ જાય છે, કે હવે તેના વિશાળ અધ્યક્ષ નિકેતનનું શું થશે ?

એક બીજો જ બોલી ઊઠયો, " મેં તો સાંભળ્યું છે કે ખ્રિસ્તીઓએ ખૂની જાનવરોને માટે પોતાના માણસોને ઠેઠ આફ્રિકા સુધી મોકલી દીધા છે. છેવટે તેમણે પણ, તેમની તરસ તો છીપાવવી જોઈએને ?

આટ–આટલું ટીખળ થવા છતાં કોરભીનુસ ગભરાયો નહિ. બધી વાતોનો એક જ જવાબ દેતાં કહેતો હતો, " હું નથી ડરતો. જે થવાનું હોય તે થવા દો. જે દિવસે કાંઈ જોખમ જોઈશ, તે દિવસે તરત ખ્રિસ્તી બની જઈશ. બસ, એ તો પાંચ મિનિટનું કામ છે. મારાં બધાં પાપો ધોવાઈ જશે.

" પાપ તો ધોવાઈ જશે, પણ કોરભીનુસ ! પંક્રાસિઉસની પેલી વાત યાદ છેને ! લગભગ પચાસ વર્ષના એક સાધુએ ગંભીર થઈને ઉત્તર દીધો.

એક અપરિચિત સાધુના મુખથી પંક્રાસિઉસની વાત સાંભળીને કોરભીનુસને ભારે આશ્ચર્ય થયું. તેથી તે તેને ધ્યાન–પૂર્વક જોવા લાગ્યો. જાણે કે તેને ઓળખી કાઢવાની મહેનત કરતો હોય ! સાધુનો અવાજ તો પરિચિત લાગ્યો, પણ તેનો વેશ–પલટો ? અવાજ તો તેના જેવો જ છે. પણ તે તો જાસૂસ હતો. આ સાધુની સાથે તેને શો સંબંધ ? કોઈ પાગલ હશે. એવો વિચાર આવતાં કોરભીનુસે સાધુની તરફ તોછડાઈથી જોયું અને કોલોઝિયમની તરફ ચાલતો થયો.

* * * * * * *

સાંભળ્યું છે કે જયારે કીડીનું મોત આવવાનું હોય છે, ત્યારે તેને પાંખો નીકળી આવે છે. રસ્તાની બાજુએ એક મોટું પાંજરું રાખી મૂકવામાં આવ્યું હતું. પાંજરામાં એક ચિત્તો સૂતેલો હતો. તેની બાજુમાં થઈને જતાં–જતાં કોરભીનુસે પાંજરામાં પોતાની સોટી ખોસી દીધી. અને ચિત્તાને જગાડી દીધો. ઊંઘમાંથી જાગેલો ભૂખ્યો ડાંસ ચિત્તો ઘુરઘુરાટ કરતો પાંજરાના દરવાજાની તરફ ધસ્યો, પણ દરવાજો તો બંધ હતો; તે કારણથી પ્રયત્ન કરવા છતાં પણ બહાર ન નીકળી શકયો. તેને ઘણો ગુસ્સે કરીને આનંદ લૂંટવાની ઈચ્છાથી કોરભીનુસે પોતાની સોટી બીજી

વાર તેના શરીરમાં ઘોંચી દીધી, અને ખડખડાટ હસીને બોલ્યો, " મને ખાઈશ ?

મૂર્ખ કોરભીનુસને શી ખબર કે મશ્કરીમાં કાઢેલા એ શબ્દો એકદમ ઝડપથી ખરા સત્યના રૂપમાં બદલાઈ જશે ? જો કદાપિ તે એવા ભયંકર પરિણામની કલ્પના પણ કરત તો બનવા સંભવ છે કે તે પાંજરાની બાજુમાં થઈને પણ ન નીકળત.

લાકડી પેટમાં લાગતાં જ ચિત્તો દરવાજાની તરફ ધસ્યો અને પૂરા બળથી જેવો તેણે ધક્કો માર્યો કે પાંજરાનું બારણું તૂટીને નીચે જઈ પડયું. પછી તો શું પૂછવું ? બહાર નીકળતાં જ ચિત્તાએ કોરભીનુસના ગળા પર જોરથી પંજો માર્યો અને તેને જમીન પર પટકી દીધો. જમીન પર પડતાં જ ચિત્તો ક્રોધથી ઘૂરકતો–ઘૂરકતો કોરભીનુસની છાતી પર બેસી ગયો, અને .....

..... અને રોમની શેરીઓમાં ભમતો–ફરતો પરદેશી સાધુ જયારે પાંજરાની પાસેથી જવા લાગ્યો, ત્યારે તે એ દેખાવ જોઈને સમસમી ગયો–કે–રસ્તાની બાજુએ એક આદમી લોહીથી તરબોળ થઈને બેશુદ્ધ પડયો છે. તેણે પાસે જઈને જોયું તો કોરભીનુસના અંગેઅંગમાંથી લોહી વહી રહ્યું હતું. ખાંધ પરથી પોતાની ઝોળી ઉતારીને સંન્યાસીને ઝટ જમીન પર મૂકી દીધી અને કોરભીનુસનું માથું પોતાના ખોળામાં લઈ લીધું. પોતાના જૂના સાથીને આવી દીન–દશામાં જોઈને સંન્યાસીની પાંપણો ભરાઈ આવી. તેને ઈચ્છા થઈ આવી કે પોતાનો જીવ દઈને પણ તે હતભાગી કોરભીનુસનો જીવ બચાવી લે. પણ હવે મોડું થઈ ગયું હતું. શરીરનું બધું લોહી વહી ગયું હતું. કોરભીનુસની હાલત જોઈને સંન્યાસી સમજી ગયો : તેની છેલ્લી ઘડી આવી પહોંચી છે.

બેશુદ્ધપણાની દશામાં ટળવળતાં–ટળવળતાં કોરભીનુસે ક્ષણ–ભરને માટે આંખો ખોલી અને બોલ્યો, " હાય ! મારાં પાપ મને

કેટલાં સતાવી રહ્યાં છે ? એવું કહેતાંની સાથે જ હતૃભાગી કોરભીનુસે સદાને માટે આંખો મીંચી લીધી.

પ્રકરણ ૪૨મું

સ્વર્ગની તરફ .....

દયામય દિનકર હોઠો પર લાલ કસુંબી હાસ્ય કરતો–કરતો પર્વતનાં શિખરો પર આવી પહોંચ્યો હતો. તે સમયે સંન્યાસીએ પોતાની ઝોળી ઉપાડી અને રડતી આંખોથી સ્વર્ગવાસી સાધ્વી આગ્નેસની કબરને પ્રણામ કરીને શહેરનો રસ્તો લીધો.

બગીચાના દરવાજાથી ' ફબિઉસ–નિકેતન ના આંગણા સુધી જતી મનોહર કેડીની બંને બાજુએ વસંત નાચી રહી હતી. એ કેડી આ યાત્રીને બહુ જ પ્રિય લાગતી હતી. તેથી સંન્યાસી કેડીએ–કેડીએ આગળ વધ્યો.

દુધ સમાન શ્વેત વસ્ત્રો તેના સેવા–નીતરતા જીવનનો પરિચય દઈ રહ્યાં હતાં. પ્રભુ–પ્રેમથી ખીચોખીચ ભરાઈ ગયેલા ભકત–સેવિકાના અંતર–પટ પર તેની પહોળી–પહોળી મૌન આંખો અજવાળું પાથરી રહી હતી. સૌથી છેલ્લું એ સંન્યાસીનું ધ્યાન પ્રભુખ્રિસ્તની પેલી નાની સુંદર તસવીર પર પડયું, કે જે તસવીર સુવર્ણની સાંકળી સાથે જોડાઈને એ તપસ્વિનીની છાતી પર ઝૂલી રહી હતી. એવી પરમ સાધ્વી સમાન જણાતી ફબીઓલાને જોતાં જ સંન્યાસીને એવું લાગ્યું કે જાણે તે હવે દેવપુત્રી બની ચૂકી છે.

તપસ્વિની આંગણામાં બેસીને ધર્મ–પત્રો વાંચી રહી હતી. સંન્યાસીને પોતાની તરફ આવતા જોઈને તે ખુરશી પરથી ઊઠી અને

આગળ વધીને બોલી, " શ્રદ્ધાળુ તપસ્વી, જય ખ્રિસ્ત.

" જય ખ્રિસ્ત. ફબીઓલાની પાસે પહોંચતાં જ સંન્યાસીએ પોતાની આંખો નીચે નમાવી લીધી, અને ઘણા જ વિનયપૂર્ણ સ્વરમાં બોલ્યો, "શ્રદ્ધાવાન બહેન ! આપ મને તપસ્વી કહીને ન બોલાવો. હું તો ઘણો જ ભયંકર પાપી છું. સાચું પૂછો તો આપનાં જેવાં પુનિત આત્માની નજર સામે ઊભા રહેવાને માટે પણ હું બિલકુલ યોગ્ય નથી. પણ, શું કરું ? આપના નીતિ–ભરપૂર વ્યકિતત્વે મને આપના શરણે આવવાને નિરુપાય બનાવી દીધો છે.

ધ્યાનથી દેખતાં જ તાપસીએ યાત્રીને ઓળખી લીધો. તેની આંખોમાં આનંદનો ભાવ ઊતરી આવ્યો. અતિશય મમતા–ભર્યા સ્વરમાં તે બોલી, " ભાઈ, ઓરોનસિઉસ !

" હા, બહેન ! હતૃભાગી ઓરોનસિઉસ.

" નહિ, ભાઈ ! એવું ન કહો. હવે તો તમે હતૃભાગી નથી રહ્યા. હમણાં તો તમારા પર પ્રભુ ઈસુની કૃપા થઈ ચૂકી છે.

" હા, બહેન ! પ્રભુની કૃપા મારા પર થઈ, પણ તે વખતે જયારે આ પાપી હાથ, નિર્દોષ પુનિત આત્માના રકતથી લાલ ..... એવું કહેતાં જ સંન્યાસીની નીચી નમી પડેલી આંખોમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં.

" ભાઈ, ઓરોનસિઉસ ! તમે આટલા બધા દુઃખિત કેમ થઈ રહ્યા છો ? તે તો અતિશય ભાગ્યવાન હતી. પ્રભુ ખ્રિસ્તને માટે જીવ દેવાનું સદ્‌ભાગ્ય તેને પ્રાપ્ત થયું. ભાઈ, ઓરોનસિઉસ ! ભલા, આ સંસારમાં કેટલાં મનુષ્યોને આવું પરમ કલ્યાણ પ્રાપ્ત થવા પામે છે ? અને ભાઈ ! સદા યાદ રાખજો, કે જેમ એક દીવો પોતે બળીને જ બીજા હોલવાઈ ગયેલા લાખો દીપકોને સળગાવી શકે છે, તેમ આગ્નેસે પોતાનો પ્રાણ દઈને કોણ જાણે કેટ–કેટલાં મનુષ્યોને માટે પ્રેમ–પથનાં દ્વાર ખોલી દીધાં હશે !

" હા, બહેન ! એકેએક વસ્તુ સમજવા છતાં પણ હું સમજણ નહોતો પામ્યો. એ વાતની યાદ આવતાં જ મારું હૃદય કલ્પાંત કરીને રડી પડે છે. જો કદાચને તે આજ જીવિત હોત તો મારી નાની બહેન બનાવીને, કોને ખબર છે કે હું તેને કેટલી ચાહતો હોત ? એવું કહીને સંન્યાસી બચ્ચાની માફક ઘુસકે ઘુસકે રોવા લાગ્યો.

ફબીઓલાએ આગળ આવીને એને માંચી પર બેસાડી દીધો અને બોલી, " ઓરોનસિઉસ ! તમારું દુઃખ હું સમજું છું, પણ, ભાઈ ! શું કરશો? ઈશ્વરની ઈચ્છાને કોઈ મિથ્યા કરી શકતું નથી. મારા તરફ તો જુઓ ! આગ્નેસના ગયા પછી બહેન મરિયમ પણ મને એકલી મૂકી દઈને પોતાના સ્વામીને ઘેર ચાલી ગઈ. ત્યારથી અત્યાર સુધીમાં વીસ વર્ષ વીતી ગયાં છે. એકલી બેઠી–બેઠી રોયા કરું છું, પણ કોઈ દિલાસો સરખો નથી દેતું ; અને હમણાં પણ કોને ખબર છે ? કૃપાળુ પ્રભુ કોણ જાણે કયારે કૃપા કરશે ? રકતબિંદુઓથી સુશોભિત થયેલા તેમના ચરણ–કમળની સેવામાં કયારે જોડશે ?

સંન્યાસીનું હિબકવું ધીરે–ધીરે બંધ થયું. આંખો ઊંચી રાખીને ઘણા જ હૃદયભેદક અવાજે તે બોલ્યો, " બહેન ! મારા જેવો દુષ્કર્મી આ સંસારમાં કોઈ નહિ હોય. શીલવંતી આગ્નેસની પછી આ પાપી હાથોએ બિચારી મારી નિર્દોષ બહેન મરિયમનો પણ જીવ લઈ લીધો. એ બિચારીને હું જિંદગીભર સતાવતો રહ્યો. એમ બોલતાં–બોલતાં સંન્યાસીની આંખોમાંથી ફરી આંસુ દડવા લાગ્યાં.

ફુલભીઉસને એવી રીતે રડતો જોઈને ફબીઓલાએ મનમાં ને મનમાં વિચાર્યું, " ફુલભીઉસ કેટલો બદલાઈ ગયો ! પ્રભુ–કૃપામાં કેટલું બળ છે ! અને તેને દિલાસો દેતાં બોલી, " પણ, ભાઈ ફુલભીઉસ ! તમે આટલા બધા કેવી રીતે બદલાઈ ગયા ?

" દયામય પ્રભુ ખ્રિસ્તની કૃપાથી.

" પણ કેવી રીતે ?

" શું પૂછો છો, બહેન ! ઘણી જ દુઃખભરી વાત છે. સાંભળીને શું કરશો ?

" એવું ન બોલો, ફુલભીઉસ ! હવે આપણ બંને એક જ પંથનાં બે યાત્રીઓ છીએ. એક બીજાનાં દુઃખદર્દો સમજવાં અને તેને દૂર હટાવી દેવાના પ્રયત્નો કરવા એ આપણી ફરજ છે.

ફબીઓલાનો પ્રેમ–પૂર્ણ આગ્રહ જોઈને ફુલભીઉસ નિરુત્તર રહ્યો. પણ ઘણા વિચાર કર્યા પછી તે બોલ્યો, " બહેન, ફબીઓલા ! રોમથી ભાગીને અમે બંને સાઈપ્રસ પહોંચ્યાં. પ્રભુ–ભકતોની વિરુદ્ધ ત્યાં પણ એવું જ દમન–ચક્ર ચાલી રહ્યું હતું. કાકા યૂરોતસ મને ફરજ પાડવા લાગ્યા, કે જે કામ છોડી દઈને હું અહીંથી ભાગી નીકળ્યો હતો, એ જ પ્રભુ–ભકતોને ફસાવવાનું કામ હું ફરીથી અપનાવી લઉં.

" અને ત્યાર પછી ? આતુર ભાવે ફબીઓલાએ પૂછયું.

" મારું હૃદય પાપોની આગમાં પ્રથમથી જ બળી રહ્યું હતું એટલે મેં સાફ ના પાડી દીધી.

" ત્યાર પછી શું થયું ?

" ત્યાર પછી એક દિવસ કાકા યૂરોતસ મને નદીના તટ પર લઈ ગયા અને ત્યાં પહોંચ્યા પછી તેમણે મને દગાથી ઝેર પીવાડી દીધું.

ઝેરનું નામ સાંભળતાં જ ફબીઓલા ગભરાઈ ગઈ. થોડી વાર મૌન રહીને સંન્યાસીએ ફરીથી કહેવા માંડયું, " ઝેર ગળાની નીચે ઊતરતાં જ હું મૂર્છાગત થઈ ગયો અને બેહોશ બની ગયો. પણ જયારે આંખો ખૂલી ત્યારે હું એક નાની સરખી બંધ ગુફામાં ભોંય પર આડે પડખે પડયો હતો. દીવાના ધીમા–ધીમા પ્રકાશમાં એક વૃદ્ધ સંત મારી સેવા–ચાકરી કરી રહ્યા હતા. તેઓની સફેદ લાંબી દાઢી જોઈને જ હું ચમકી જઈ બેઠો થઈ ગયો, અને ગભરાઈને બોલ્યો, ' યૂરોતસ !

યૂરોતસ ! મને ફરીથી પથારીમાં સુવાડી દઈને વૃદ્ધ સંત ઘણા પ્યારથી કહેવા લાગ્યા, ' બેટા ! તારા એ સાથીને હવે ભૂલી જા. તારા નવા સાથી હવે પ્રભુ ખ્રિસ્ત છે.

"વહાલાં બહેન ! એ મારા બાબા કેટલા મહાન હતા ! સેવા અને સાધનામાં જ એમનું બધું જીવન વીત્યું હતું. સંત અન્તોનીની સાથે વર્ષો સુધી મિસર દેશમાં રહીને તેઓ ગાઝા આવ્યા હતા. ગાઝા આવીને તેમણે પ્રભુ–પ્રેમનો ખૂબ પ્રચાર કર્યો. દુઃખી અને રોગીઓની સેવા કરવી, બસ, એજ એમના જીવનનો એક–માત્ર ઉદ્દેશ હતો. પોતાના શિષ્યોની સાથે તેઓ ગાઝાની બહાર એક નાની સરખી ગુફામાં વસતા હતા. તેમની જ કૃપાથી મને ફરીથી જીવનદાન મળ્યું અને તેમણે જ મને પહેલી વાર પ્રેમના પાઠ ભણાવ્યા. મારા હોઠોને ખ્રિસ્ત–ચરણોનું પ્રેમામૃત લાગતાં જ મારું જીવન બદલાઈ ગયું. બસ, એટલું કહેતાંમાં યાત્રીનાં પોપચાં પરથી અશ્રુધારા વહેવા લાગી.

ફબીઓલાની આંખો પણ સજળ બની રહી હતી. તે પાંપણો લૂછતાં લૂછતાં બોલી, " ભાઈ ! તમે ખરેખર ભાગ્યવાન છો.

ક્ષણ–ભર અટકીને પથિક ફરીથી કહેવા લાગ્યો, " બહેન, ફબીઓલા ! રોમથી ભાગી નીકળતી વખતે મારા પર એફ્રાઈમ નામના યહૂદીનું ઘણું ભારે કરજ હતું. પ્રભુ ખ્રિસ્તને શરણે આવ્યા પછી મેં નિશ્ચય કરી લીધો, કે હું કોઈ પણ રીતે પ્રયત્ન કરીને મારું એ કરજ ચૂકવી દઈશ. એ જ હેતુને લક્ષમાં રાખીને હું ગાઝાથી રોમ આવ્યો હતો.

" પણ, ભાઈ ! તમારી પાસે તો એક પણ પૈસો નહોતોને ? તો પછી તમે ગાઝાથી કેવી રીતે અહીં આવી પહોંચ્યા ?

" બહેન ! મારે રોમમાં તો આવવું જ હતું. પાસે એક પૈસો પણ નહોતો. હવે રોમમાં તો કેવી રીતે જવાય ? સાગર કિનારે પડેલી નૌકાઓ તરફ હું આંટા મારી રહ્યો હતો. બરાબર સાંજને સમયે એક વહાણ રોમ

તરફ જવાને માટે તૈયાર થઈ ઊભું હતું. પ્રભુ ઈસુની પ્રેરણા મળતાં હું તે નાવના નાવિક પાસે ગયો અને તેને કરગરીને કહેવા લાગ્યો, " હે મુરબ્બી ! મને આપના વહાણમાં રોમ તરફ લઈ જાઓને ? તેમણે મને કહ્યું, " વહાણનું નૂર લાવો અને વહાણમાં સવાર થઈ જાઓ. મેં બે હાથ જોડીને કહ્યું, " હે માલમ ! મારી પાસે એક પૈસો પણ નથી, અને રોમમાં જરૂરી કામસર મારે જવું જ છે ; તો કૃપા કરીને મને તમારા વહાણમાં મજૂરીનું અઘરામાં અઘરું કામ આપો ; હું મારું તન તોડી નાખીને તે કામ કરતો રહીશ. માલમને દયા આવવાથી વહાણમાં કામ કરવાની શરતે મને વહાણમાં લીધો. અને સૂર્યાસ્ત સમયે વહાણ કિનારાથી ઊપડયું. ભારે જહેમત ઉઠાવીને મેં વહાણમાં કામ કરવા માંડયું. તેથી રાજી થઈ જઈને રોમના કિનારા પર આવતાં જ નાખવાએ મને વહાણમાંથી ઊતરીને રોમમાં જવાની રજા આપી.

" એવી રીતે હું રોમમાં આવ્યો તો ખરો, પણ મારી ગરીબાઈની હાલત હું સારી રીતે જાણતો હતો. બહેન ! અને સાથોસાથ એવું પણ જાણતો હતો, કે મારું કરજ પાછલાં પંદર વર્ષોમાં વ્યાજ સહિત ચારગણું થઈ ગયું હશે, તેથી નાણાં દઈને તો એ કરજને ઉતારી દેવાનું સર્વથા અસંભવિત હતું.

" તો પછી ?

" બહેન ! હું પૂરી રીતે તંદુરસ્ત હતો. કામકાજ પણ જાન મારીને કરી શકતો હતો. તેથી મેં વિચાર કરી રાખ્યો હતો, કે રોમ જઈને હું એફાઈમનો ગુલામ બની જઈશ, અને જીવન–ભર ગુલામી કરીને તેનું ઋણ અદા કરી દઈશ. પણ માનનીય બહેન ! આજે જયારે હું એફાઈમની દુકાને જઈ પહોંચ્યો, ત્યારે તેના પુત્રે મને જણાવ્યું, કે તમે ઘણા દિવસો પહેલાં મારું ઋણ તમારાં નાણાં ભરીને પૂરેપૂરું ઉતારી દીધું છે. તેની એ વાત સાંભળીને મને ઘણું આશ્ચર્ય થયું. ત્યાંથી બારોબાર હું આપના

શરણમાં આવ્યો છું. આપે મારું કરજ ચૂકવ્યું છે. પૈસા તો મારી પાસે નથી – કેવળ આ એક શરીર જ બાકી છે. પ્યારાં બહેન ! આ શરીર હવે આપની સામે હાજર છે.

ફબીઓલાનું હૃદય ભાવ–રસથી ઓતપ્રોત થઈ રહ્યુ હતું. સંન્યાસીની આત્મકથા સમાપ્ત થતાં જ તેણે આસમાની આકાશની તરફ પોતાની મૌન આંખો ઊંચી કરી અને હાથ જોડીને બોલી, " પ્રભુ ઈસુ! તમે કેટલા દયાળુ છો ?

ભકત–યાત્રીનો હાથ પકડીને ફબીઓલા તેને અંદરના ઓરડામાં લઈ ગઈ અને દીવાલની સામે લટકતા સોનેરી પડદાને હટાવીને બોલી, " ભાઈ, ઓરોનસિઉસ ! આને ઓળખી શકો છોને ?

દીવાલની અંદર બનાવેલા એક સુંદર કબાટમાં મખમલના એક લાલ ટુકડા પર ત્રણ ચીજો રાખી મૂકવામાં આવી હતી–કટાર, રૂમાલ, અને ચપ્પુ. તેની સામે જોતાં જ યાત્રીએ નમ્રપણે પોતાનું શિર નીચે ઢાળી દીધું.

* * * * * * *

ફબીઓલાથી વિદાય લઈને ઓરોનસિઉસ ગાઝા પહોંચ્યો. જીવનના અંતિમ દિવસો સુધી સંન્યાસીએ એ જ સરોવરનાં કલ–કલ કરતાં શીતળ જળને કિનારે પડાવ નાખ્યો, અને પ્રભુ–પ્રેમની જય–ગાથા પ્રસારતાં પ્રસારતાં પ્યારા સ્વામી ખ્રિસ્ત ઈસુની પુણ્ય સ્મૃતિમાં જીવનના છેલ્લા દિવસો શાંતિ સહિત વ્યતીત કર્યા.

આ તરફ ફબીઓલા પણ દિવસ–રાત પ્રભુ ઈસુનાં ગરીબ અને દુઃખી પુત્રોની સેવામાં લાગુ રહેતી. જયારે કોઈ વાર વીતી ગયેલા દિવસોની યાદ આવતી ત્યારે તે આકાશની તરફ આંખો ઊંચી કરીને કહેતી, " પ્રભુ ઈસુ ! તમે કેટલા કૃપાળુ છો ?

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનાં પુસ્તક પ્રકાશનો

પુસ્તકનું નામ	કિંમત
ધર્મનું તત્ત્વજ્ઞાન	૪૦–૦૦
પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી	૩૦–૦૦
ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાનાં તત્ત્વો	૩૫–૦૦
શાસ્ત્ર પ્રતિદર્શક કોષ	૪૫–૦૦
પવિત્ર શાસ્ત્રનો વિશેષનામકોષ	૪૫–૦૦
વિલિયમ કેરી	૧૨–૦૦
જેમ્સ હડસન ટેલર	૧૦–૦૦
ડી.એલ. મૂડી	૧૦–૦૦
ડેવિડ બાઉમન	૨૦–૦૦
પરિવર્તન પામેલાં પાત્રો	૨૦–૦૦
ડેવિડ બ્રેઈનર્ડ	૩–૦૦
ઈશ્વરનાં શૂરવીરો	૭–૦૦
યોનેકો	૧૫–૦૦
જયોર્જ મૂલર	૧૫–૦૦
સ્ત્રી પુરુષ સંબંધ	૨૦–૦૦
ચિરાયેલો પડદો	૨૦–૦૦
વધસ્તંભ એ જ સ્વર્ગ	૨૦–૦૦
પંડિતા રમાબાઈની સાક્ષી	૭–૦૦
ક્રોસ કથાનાં પાત્રો	૧૦–૦૦
બાઈબલનો અવાજ સાંભળો આજ	૮–૦૦
આઝાદીનો લડવૈયો	૧૨–૦૦
શબ્ર ગુફાનો શહીદ	૧૦–૦૦
દુઃખ દ્વારા શિક્ષણ	૫–૦૦
બહાદુર ગોવાળિયો	૧૨–૦૦
મને પ્રાર્થના કરતાં શીખવો	૧૫–૦૦
ઈસુના પગલે પગલે	૨૦–૦૦
જોષ જોવાનું પાપ	૧૫–૦૦
પ્રભુ ઈસુનું જીવન કેવી રીતે પ્રાપ્ત કરવું ?	૫–૦૦
વહાલાં ફૂલડાં	૬–૦૦
ફૂલડાંની ફોરમ	૭–૦૦
નકલંક અવતાર	૫–૦૦

પુસ્તકનું નામ	કિંમત
સભાશિક્ષક	૩૦–૦૦
રૂથનો સંદેશો	૨૫–૦૦
સાધુ સુંદરસિંગ	૭–૦૦
વાસ્તવિકતા તથા ધર્મ	૫–૦૦
ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ	૫૦–૦૦
ગુજરાતની ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ	૨૫–૦૦
વધસ્તંભ અને ચપ્પુ	૩૫–૦૦
ટેલિફોન ડીરેકટરી	૩૫–૦૦
ફૂલની ટોપલી	૫–૦૦
ધી રોબ	૨૦–૦૦
ફવો વાડિસ ?	૩૦–૦૦
બેનહર	૧૦–૦૦
નિર્મળા	૧૦–૦૦
બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૯	૭૪–૦૦
ઈશ્વરનો સાક્ષાત્કાર	૧૦–૦૦
ઈશ્વર મારા ધંધાના માલિક છે.	૧૫–૦૦
આદિવાસી ગીતમાલા	૨૦–૦૦
પુલ્પિટ હેલ્પસ ભાગ ૧	૨૦–૦૦
પુલ્પિટ હેલ્પસ ભાગ ૨	૩૦–૦૦
હૃદયપલટો વિશ્વપલટો	૧૦–૦૦
બાઈબલ માહિતી કોષ ભાગ ૧	૨૫–૦૦
બાઈબલ માહિતી કોષ ભાગ ૨	૨૫–૦૦
ભલો ભરવાડ	૫–૦૦
આપણાં મધૂરાં ગીતોનો અધૂરો ઈતિહાસ	૫૦–૦૦
અજાયબ ભવિષ્ય વચનો	૧૦–૦૦
સચિત્ર બાઈબલ અભ્યાસ માગદર્શિકા	૧૫–૦૦
સેવન્થ ડે એડવેનિસ્ટ કોણ છે ?	૫–૦૦
પૂર્વની ત્રણ માગી પત્નીઓ	૬–૦૦
વેસ્લીઅન પ્રણાલી મુજબનું ભક્તિમય જીવન	૧૨–૦૦
ફબીઓલા	
અનેક માતાની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ	
બાઈબલ અભ્યાસ ભાગ–૧૦	
ભજનસંગ્રહ	